॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્. શ્રીગોપાળાનંદસ્વામી કૃત

મહારાજની લીલા





યોગીરાજ શ્રીગોપાળાનંદસ્વામી કૃત

મહારાજની લીલા

યોગીરાજ શ્રીગોપાળાનંદસ્વામી કૃત

મહારાજની લીલા

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશન તિથિ : સંવત ૨૦૬૭, આસો સુદ પૂનમ, તા.૧૧/૧૦/૨૦૧૧

છઠ્ઠી આવૃત્તિ : સંવત ૨૦૭૧, આસો સુદ દશેરા, તા.૨૨/૧૦/૨૦૧૫


પ્રત : ૩૦૦૦ **કુલ પ્રત : ૧૮૦૦૦**

કિંમત : રૂા.૭૫/-


ISBN : 978-93-83456-02-4



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર, ૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ
  ફોન : (૦૨૬૫) ૨૪૬૨૬૨૮, ૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે.
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, આંબા તલાવડી.
  રમેશભાઈ જેતાણી : મો.૯૬૦૧૨ ૯૧૨૫૨



સદ્. શ્રીગોપાળાનંદસ્વામી



ભગવાન શ્રીસ્વામિનારાયણ

<u>શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્</u>

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

....

ગામ:............................તા.:.........................જિ.:............................

શ્રીહરિની મરજીનું મૂર્તિમંત સ્વરૂપ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી કૃત **'મહારાજની લીલા'** ગ્રંથ અતિ અમૂલ્ય ખજાનારૂપ છે. જેમાં સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનના અમિત પ્રતાપનું, તેમની દિવ્ય લીલાનું તથા એકાંતિક ધર્મનું સુસ્પષ્ટ વર્ણન કરેલ છે. આ ગ્રંથનું વાંચન-શ્રવણ કરવાથી આપ તથા આપના સ્નેહીજનોમાં સુખ, શાંતિ અને આનંદમાં અવશ્ય ઉમેરો થશે જ. માટે આ ગ્રંથનો વધુ ને વધુ લાભ લઈ આપ પ્રભુના કૃપાપાત્ર બની સર્વે દુઃખો તથા વિઘ્નોને તરો અને અખંડ સુખિયા રહો એવી શુભકામના સાથે આપશ્રીને સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

તારીખ :............................ ....

પ્રસ્તાવના

आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः ।
इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणः सदा ॥

આવા ધ્યેય સ્વરૂપ સર્વોપરી નારાયણનું અખંડ ચિંતવન થાય તેથી વિશેષ જીવનનો કોઈ લાભ નથી. શ્રીહરિજી મહારાજનું એક સર્વોપરી વિધાન છે કે, "ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી." (વચ.પ્ર.૧)

આ કઠણમાં કઠણ સાધન તથા મોટામાં મોટી પ્રાપ્તિને સિદ્ધ કરવાનો સહેલામાં સહેલો ઉપાય છે –

શ્રીહરિનાં લીલા-ચરિત્રોનું વાંચન-શ્રવણ તથા ચિંતન-મનન કરવું. મહારાજની લીલાના માધ્યમે મહારાજની મૂર્તિમાં સહેજે જ મન રહે છે. એટલે જ સંપ્રદાયના સુજ્ઞ સંતો-ભક્તો મોટી ઉંમરે મહારાજની લીલામય રહેતા હોય છે. લીલા-ચરિત્રોથી શ્રીહરિ તથા સંતો-ભક્તોમાં મહિમા, જ્ઞાન અને વૈરાગ્યનું સહજતાથી પોષણ થાય છે. સંતો-ભક્તોમાં આત્મીયતા પણ તેનાથી પુષ્ટ બને છે.

આ બધાથી વિશેષ લીલા-ચરિત્ર અને સંતો-ભક્તોમાં સ્નેહનું પ્રયોજન મહારાજે ગ.પ્ર.ના ત્રીજા વચનામૃતમાં આવું બતાવ્યું છે જે, 'જેને અખંડ ભગવાનની મૂર્તિ દેખાતી હોય તેણે પણ ભગવાનની નાની-મોટી લીલા સંભારી રાખવી તથા સંતો-ભક્તો સાથે હેત રાખવું, જેથી કદાચ અંતકાળે મૂર્તિ ભુલાઈ ગઈ હોય તોપણ જો લીલા-ચરિત્ર કે સંતો-ભક્તો યાદ આવી જાય, તો તેને યોગે ભગવાન યાદ આવતાં જીવ અક્ષરધામને પામી જાય.'

આમ લીલા-ચરિત્રો મોક્ષમાર્ગના પ્રારંભથી લઈને પુરુષોત્તમની પ્રાપ્તિ સુધી અતિ ઉપયોગી છે. એટલે જ અનાદિ મુક્તરાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી

જેવા પરમ વિજ્ઞાની સંત પણ શ્રીહરિનાં ચરિત્રોની વાતો કાયમ કરતા-કરાવતા રહેતા.

આ પ્રસ્તુત ગ્રંથમાં સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ સર્વોપરી શ્રીહરિનાં અનુપમ ચરિત્રોનો સંગ્રહ કરેલો છે. તેને વાંચવા-વિચારવાથી જીવાત્માના આત્યંતિક કલ્યાણનું સર્વાંગી પોષણ થાય છે. સદ્.શ્રીરામાનંદસ્વામીના પ્રથમ ગુરુ જે આત્માનંદસ્વામી, તેમના આખ્યાનથી લઈને સ્વામિનારાયણ ભગવાનની શુદ્ધ સર્વોપરિતા સુધીના અનેક વિષયોનું આ ગ્રંથમાં સુંદર સંકલન જોવા મળે છે. જેમણે સર્વોપરી શ્રીહરિને સાક્ષાત્ જોયા-જાણ્યા અને અનુભવ્યા છે એવા આ નંદ સંતોની વાતો સ્વામિનારાયણ ભગવાનને યથાર્થ સમજવા માટે જેટલી પ્રમાણભૂત ગણાય તેટલી ત્યાર પછીના કોઈની પણ વાતો એવી પ્રમાણરૂપ ન જ કહેવાય. માટે **સદ્.શ્રીગોપાળાનંદસ્વામી કૃત આ 'મહારાજની લીલાની વાતો'** શ્રીહરિના સ્વરૂપને સમજવા માટે અતિ પ્રમાણરૂપ છે.

હા, આ ગ્રંથમાં અમુક વાતો ગોપાળાનંદસ્વામી સંબંધિત પણ છે. તે વાતો તે પ્રસંગના સાક્ષી એવા તેમના શિષ્ય સંતો દ્વારા સંગ્રહાયેલી જણાય છે. એકંદરે આ ગ્રંથમાં રહેલી તમામ વાતો પરમ સત્ય અને પરમ પ્રમાણભૂત છે. આ ગ્રંથની મૂળ હસ્તલિખિત પ્રત અમને જેમણે જૂના ગ્રંથોને સાચવ્યા હતા એવા પુસ્તકપ્રેમી ગઢપુરના મહાન સંત પ.પૂ.કોઠારી શ્રીહરિનારાયણ-દાસજી સ્વામીના શિષ્ય પ.પૂ.શ્રીબળદેવચરણદાસજી સ્વામીના શિષ્ય **પ.પૂ. શાસ્ત્રી શ્રીનીલકંઠસ્વરૂપદાસજી સ્વામી** પાસેથી મળી છે. તેમજ આ ગ્રંથની બીજી હસ્તલિખિત પ્રત અમને વડતાલના વિદ્વાન સંત પ.પૂ.સદ્.શાસ્ત્રીશ્રી હરિજીવનદાસજી સ્વામી સંગ્રહિત ગ્રંથોની **સાધુસમાજની લાઈબ્રેરી** (વડતાલ) માંથી પણ મળી છે. આ પ્રત પ.પૂ. શા.શ્રીનૌતમપ્રકાશદાસજી સ્વામી તથા પ.પૂ.શા.શ્રીગોપાળચરણદાસજી સ્વામી તેમજ વડતાલના સાધુ-સમાજના પૂરા સહકારથી અમને પ્રાપ્ત થઈ છે.

આ ગ્રંથમાં જ્યાં જરૂર જણાણી ત્યાં મૂળ હસ્તપ્રતના બેઠા શબ્દો તથા ક્યાંક પ્રાદેશિક શબ્દોની ટિપ્પણી પણ મૂકી છે. જે વાંચકોની વિશ્વસનીયતામાં

તથા અર્થ સમજવાની સરળતામાં સહાયરૂપ થશે. આ ગ્રંથના રચયિતા સદ્. શ્રીગોપાળાનંદસ્વામીનું જીવન તો સર્વ કોઈને સુવિદિત જ છે તેથી આ ગ્રંથમાં છાપેલ નથી. તેમ છતાં કોઈ જિજ્ઞાસુને જાણવું હોય તો શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત 'ગોપાળાનંદસ્વામીની વાતો' ગ્રંથમાંથી વાંચી લેવા વિનંતી.

સંપ્રદાયમાં પ્રથમવાર પ્રકાશિત થઈ રહેલ આ **મહારાજની લીલા** ગ્રંથથી મુમુક્ષુ આત્માઓને મોક્ષમાર્ગમાં બહુ મોટો ફાયદો થશે. તેમજ સર્વોપરી શ્રીહરિ, સદ્.શ્રીગોપાળાનંદસ્વામી અને અન્ય તમામ સંતો-ભક્તો અમારા ઉપર રાજી થશે એવી અપેક્ષા સાથે...

લિ. સ્વામી પ્રાણજીવનદાસ-કુંડળધામના
ભાવભીના જય સ્વામિનારાયણ



અભિનંદન

જેમને સ્વામિનારાયણ સંપ્રદાયના વિકાસમાં અભિરુચિ છે તથા જેમને સંપ્રદાયના સાહિત્ય પ્રકાશનમાં ખાસ રસ છે. જેમને કથા-કીર્તન, ભજન અને સંત-સમાગમનું અંગ છે અને સંતો દ્વારા થતી જીવોના આત્યંતિક કલ્યાણની સેવાકીય પ્રવૃત્તિને જેઓ પોતાની ફરજ સમજે છે એવા શ્રીસ્વામિનારાયણ નોર્ધન ન્યૂજર્સી સત્સંગ મંડળ - અમેરિકાએ આ ગ્રંથના પ્રકાશનમાં ઉદાર દિલે આર્થિક સહાય આપી છે. તે માટે સેવાભાવી તથા સત્સંગપ્રેમી એવા પ.ભ.શ્રી જીવરાજભાઈ વસાણી, રમેશભાઈ સાવલિયા, હરેશભાઈ સાવલિયા, મધુભાઈ પટેલ, અમિતભાઈ કાબરિયા, ગૌરવ પટેલ અને વામનભાઈ ધોરાજિયા વગેરે તમામ સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન...

અનુક્રમણિકા



॥ શ્રીસહજાનંદસ્વામિને નમો નમઃ ॥

યોગીરાજ શ્રીગોપાળાનંદસ્વામી કૃત

મહારાજની લીલા

॥ અથ મહારાજની લીલાની વાતુ લિખ્યતે ॥

૧. વિશ્વંભર ભટ્ટ(આત્માનંદસ્વામી[૧])નું વિચરણ

દક્ષિણના એક **ગોપાલ** બ્રહ્મચારી **ગોપનાથ** આવ્યા. ને ત્યાં ગોપનાથ મહાદેવ પધરાવ્યા. તિયાં તેના શિષ્ય **આનંદ** બ્રહ્મચારી થયા, ને તેના શિષ્ય **બીજા આનંદ** બ્રહ્મચારી થયા, ને તેના શિષ્ય બીજા ગોપાલ બ્રહ્મચારી થયા. તે સદ્‌ગુરુનો અવતાર હતા. ને તેના શિષ્ય **વિશ્વંભર** ભટ્ટ શ્રાવણ માસમાં પાલીતાણેથી પૂજા કરવા સારુ ગોપનાથ જતા હતા. તે વિશ્વંભર ભટ્ટને તે ગોપાલ બ્રહ્મચારીનો જોગ થયો. ને ગોપાલ બ્રહ્મચારીનો ઉપદેશ વિશ્વંભર ભટ્ટને લાગ્યો ને તે થકી સિદ્ધ દશાને પામ્યા. ને પછી વિશ્વંભર ભટ્ટ ત્યાંથી ચાલ્યા, તે તેમના યજમાન **આસોદર**માં હતા, ત્યાં આવ્યા ને ત્યાં રહેણાક કરી. પછી **ઓઢા ખુમાણ**ને ને તેમને હેત થયું, એટલે તે **મેલીકારમાં**[૨] ભેગા જાતા.

❁ વિશ્વંભર ભટ્ટે વીંછીમાંથી સોનામહોર કરી :

પછી ઘોડે ચઢીને ચાલ્યા જાતા હોય ને પછવાડે **વાર**[૩] આવે, ત્યારે વિશ્વંભર ભટ્ટ કહે જે, “તમે આ વારને પાછી વાળો, નહિ તો હું વાળું.” એમ કહીને પોતે વારને પાછી વાળીને પછી **આઘેરા**[૪] ચાલ્યા. એટલામાં વીંછી ઘણાક ચાલ્યા જતા હતા. એટલામાં ઓઢા ખુમાણે પૂછ્યું જે, “આ શું ચાલ્યા જાય છે ?” ત્યારે વિશ્વંભર ભટ્ટ કહે જે, “શાહુકારનું ધન જાય છે. તે લેવું હોય તો લ્યો.” ત્યારે

૧.રામાનંદસ્વામીના પ્રથમ ગુરુ ૨.લૂંટફાટમાં ૩.ગુનેગારને પકડવા જતા માણસો ૪.આગળ

'ઓઢા ખુમાણે કહ્યું જે, "તમે લ્યો." ત્યારે ભટ્ટે **પાવરો**[1] વીંછીનો ભરી લીધો. ને એક જગ્યાએ પાણી આવ્યું, ત્યાં સૌ દાતણ કરવા સારુ ઊતર્યા. ને ત્યાં પછેડી પાથરીને પાવરો ઠલવ્યો, એટલે સોનામહોરનો ઢગલો થઈ ગયો. ત્યારે કાઠીઓએ કહ્યું કે, "આમાંથી ભાગ સૌ લેશું." એ સાંભળીને ભટ્ટે પછેડી ઉડાડી તે તમામ સોનામહોરના પાછા હતા તેવા જ વીંછી થઈને પેલા કાઠીઓ પર પડ્યા. ને સર્વેને એકેકો બબ્બે કરડ્યા. પછી ત્યાંથી આસોદર આવ્યા.

❀ વાલબાઈને ત્યાગી કર્યા :

તે **આસોદર**માં તેના યજમાનની દીકરી **વાલબાઈ** કરીને હતી. તે ભગવાનને ગોતતી હતી. તેવામાં કોઈએ કહ્યું કે, '**ભેખમાં**[2] ભગવાન છે, માટે જો ભેખની ચાકરી કરે તો ભગવાન **મેળવે.**[3] પછી **માનગર** અતીત કરીને વિશ્વંભર ભટ્ટનો શિષ્ય હતો. તેને તે બાઈ હંમેશાં જઈને જમાડી આવે. ને કોઈ દિવસ તે માનગર આવીને જમી જાય.

પછી થોડા દિવસ તે માનગર રોટલા જમ્યા. ને પછી બાઈને પૂછ્યું કે, "તું મને શા સારુ રોટલા જમાડે છે ?" ત્યારે બાઈએ જવાબ દીધો જે, "મહારાજ, હું જાણું છું કે ભેખમાં ભગવાન હોય છે, તે જો સાધુ-સંતની ચાકરી કરીએ તો (તે) ભગવાનને ભેટાડે." પછી તે માનગરે કહ્યું જે, "તારો ગોર વિશ્વંભર ભટ્ટ છે, તે જ **ઈશ્વરનો**[4] અવતાર છે." ત્યારે તેને સાચું મનાણું.

પછી વિશ્વંભર ભટ્ટ તે બાઈને ઘેર ભિક્ષા કરવા ગયા. તેવામાં તે બાઈ તેને પગે પડી, ને કહ્યું જે, "મને ભગવાન મેળાવો, ને તમે ઈશ્વરનો અવતાર છો !" ત્યારે વિશ્વંભર ભટ્ટ કહે જે, "પગ મેલી દે, અમે બ્રાહ્મણ તો ઈશ્વર જ હોઈએ." એવું કહ્યું તોપણ તે બાઈએ તેના પગ મૂક્યા નહિ. એવું જોઈ વિશ્વંભર ભટ્ટે તેના કપાળમાં અંગૂઠો

૧.ઘોડાને ખાદ્ય ખવરાવવા માટે મોઢે બંધાતો ચામડાનો થેલો -- તોબરો ૨.સાધુ-સંતમાં
૩. મેળવી આપે. ૪.કોઈ સમર્થ કારણિક પુરુષનો

દાબ્યો, એટલે તેને ખટચક્રની સમાધિ થઈ. ત્યારે તે ભટ્ટે પૂછ્યું જે, "આ વાલબાઈને કાંઈ થાય છે ?" ત્યારે તેની મા કહે જે, "આજે જ કાંઈ થયું છે." ત્યારે ભટ્ટે કહ્યું કે, "તેને સુવાડી મૂકો." પછી તેને સુવાડી મૂકી.

પછી ત્રણ દિવસ થયા ત્યારે ભટ્ટ પાછા ભિક્ષા કરવા સારુ આવ્યા. ત્યારે તેને કહ્યું જે, "વાલબાઈને હજી સુધી સુવાણ નથી થઈ." પછી ભટ્ટ કહે, 'જોઉં.' એમ કહીને ભટ્ટે પાછો અંગૂઠો દાબીને સમાધિમાંથી ખેંચી તે બાઈ બેઠી થઈ.

તેને થોડા દિવસ થઈ ગયા. ને તેને સાસરેથી કોઈ તેડવા આવનાર હતા. એવામાં વાલબાઈએ કહ્યું, "મહારાજ, મારું મોત આવ્યું. મને મારે સાસરેથી તેડવા આવનાર છે ને મારે સાસરે જાવું નથી ને સંસાર ભોગવવો નથી." તે સાંભળી વિશ્વંભરભટ્ટ કહે જે, "ચાલ ત્યારે આપણે કાશીએ જઈએ." એમ કહી બન્ને જણ ત્યાંથી ચાલ્યાં, તે લાઠીએ આવ્યાં.

ને ભગવાં કરીને વિશ્વંભર ભટ્ટનું 'આત્માનંદસ્વામી' એવું નામ ઠરાવીને બન્ને જણ ચાલ્યાં તે **કાશીએ** ગયાં. ત્યાં એક બાઈ નાઘેરની **હરબાઈ** કરીને વૈરાગ્યવાન હતી. તે તમામ ભેખમાં ભમતી ભમતી કાશીમાં આવી ને વાલબાઈના ભેગી થઈ. પછી બન્ને જણ ઉતારા પર ગયાં. તે વખત આત્માનંદસ્વામી ભિક્ષા કરવા ગયા હતા. (પછી) તે હરબાઈ વાલબાઈને કહે જે, 'ક્યાં રહેવું ?' ત્યારે તે કહે જે, 'રહેવું તો ગિરનારની છાયામાં.' ત્યારે વાલબાઈ કહે જે, 'તમારે ક્યાં રહેવું ?' ત્યારે કહે જે, 'અમારે પણ ગિરનારની છાયામાં રે'વું.' ત્યારે કહે જે, 'આંહીં કેમ ફરો છો ? ભગવાન સારુ કે પુરુષ સારુ ?' ત્યારે હરબાઈ કહે જે, 'પુરુષ સારુ નહિ, પણ ભગવાન સારુ ફરું છું. હાલના વખતમાં ભેખ કે સાધુ એ સર્વે તો કામી, ક્રોધી, લોભી એવા છે; પણ ખરા સંત ક્યાંય મળતા નથી. પણ જો ખરા સંત મળે તો

તે થકી ભગવાન પણ મળે એવું ધારીને સર્વે દેશમાં તથા ધામમાં ફરું છઉં, પણ ખરા સંત ક્યાંય મળતા નથી.'

ત્યારે વાલબાઈ કહે જે, 'મારી ભેગા રહો, હું તમને ખરા સંત બતાવું ને ભગવાન પણ મળશે.' એવું સાંભળીને હરબાઈ ત્યાં રહ્યાં. તેટલામાં ઘડી બેઘડીમાં આત્માનંદસ્વામી ભિક્ષા કરી ગામમાંથી ઉતારા પર આવ્યા. ત્યારે હરબાઈને આત્માનંદસ્વામીનું દર્શન થયું. ત્યારે ધારણા થઈ ને (પછી) એ બાઈએ પણ ભગવાં કર્યાં.

❋ ગોકુળ-મથુરામાં વૈરાગીને તેમની ભૂલ ઓળખાવી :

તે ત્રણેય જણ ત્યાંથી ચાલ્યાં તે **ગોકુળ-મથુરા**માં આવ્યાં. ત્યાં **અભ્યાગતની**[૧] જગ્યામાં ઉતારો કર્યો. તે જગ્યામાં લોકોને રસોઈ આપવાનો વારો ન આવે, ત્યારે પાકું સીધું આપીને જાય. ને એમ ભલામણ કરે કે, 'જ્યારે વારો આવે ત્યારે રસોઈ કરીને તમે જમજો તથા અભ્યાગતને પણ જમાડજો.' પણ તે જગ્યાવાળા એમ કરે નહિ. અભ્યાગતને દાળ-રોટલા આપીને કાઢી મૂકે ને પોતે સારું સારું કરીને ખાય. પછી લોકોમાં બહુ અપકીર્તિ થવા લાગી કે, 'અભ્યાગતની જગ્યા બગડી.' તેવામાં આત્માનંદસ્વામી તથા બે ડોસીઓ એ ત્રણેય જણ તે જગ્યામાં આવી ઊતર્યાં. ને આત્માનંદસ્વામીએ પગે ગોળના પાટા બાંધ્યા ને માખ્યો બમણવા માંડી.

પછી તે જગ્યાના સાધુએ આવીને તે જ પ્રમાણે કાચું સીધું આપ્યું ને રજા આપી કે, 'તમે જાઓ.' તોપણ આત્માનંદસ્વામી ઊઠ્યા નહિ. પછી સાંજે મંદિરમાં સાધુ આવીને કહે, 'તમે કેમ હજી જતા નથી ?' પછી આત્માનંદસ્વામી કહે, 'હું માંદો છઉં, તે હું ઊઠનાર નથી.' પછી વેરાગીઓએ હાથ ઝાલીને ઉઠાડવા માંડ્યા. પછી આત્માનંદસ્વામીએ બૂમ નાખી, એટલે **માનતે**[૨] સાંભળી. પછી માનત કહે, 'એને રહેવા દ્યો, મર પડ્યો.'

૧.યાત્રાળુ તથા વટેમાર્ગુની ૨.મહંતજીએ

તે જ દિવસે માલપૂવા તથા દૂધપાકની રસોઈ હતી. તે છાની બનાવેલી. તે સૌના ભાણામાં પીરસ્યા. પછી માનત આવીને આત્માનંદ સ્વામીને અત્યંત આગ્રહ કરીને જમવા તેડી ગયો. પછી એમને પણ દૂધપાક ને માલપૂવા મેલ્યા. ત્યારે આત્માનંદસ્વામી કહે, 'એ શું છે?' ત્યારે કહે, 'દૂધપાક છે.' ત્યારે આત્માનંદસ્વામી કહે, 'આમાં તો જીવડાં છે.' એવું સાંભળી સર્વેએ જોયું તો ઘણાંક જીવડાં દૂધપાકનાં વાસણોમાં જોવામાં આવ્યાં. ત્યારે તમામ જણાએ દૂધપાક જમીનમાં દાટી દીધો ને સર્વે રાત્રીએ **વાળુ**[1] વિના સૂઈ રહ્યા. ને સવારે વહેલા ઊઠીને ચાલ્યા ગયા. પછી સવારે જગ્યાવાળાને ખબર પડી ને બોલ્યા જે, 'એ કોઈ મોટા પુરુષ તો ખરા, એમણે આપણામાં ખોટ હતી તે ટાળવાને સારુ ને આપણને શિક્ષાને સારુ આ પરચો કરી બતાવ્યો.'

ને પછી ત્યાંથી **વડનગર** ને **વિસનગર**માં આઠ-દસ નાગરના ઘરોમાં સત્સંગ થયો. ત્યાંથી **અમદાવાદ** આવ્યાં. ને ત્યાં તેમણે નાગરોનાં આઠ-દસ ઘરોમાં સત્સંગ કરાવ્યો. ને ત્યાંથી ચાલ્યાં તે ગામ **મછિયાવ** આવ્યાં. તેમાં ભરવાડોને તથા ત્યાંના દરબારમાં બાઈને સત્સંગ થયો. ત્યાંથી ચાલ્યા તે **રાજકોટ** તથા આસપાસનાં ગામોમાં સત્સંગ થયો તથા **ત્રાંબા** આખું ગામ સત્સંગી થયું. ને ત્યાં જુક્તાનંદ, મુક્તાનંદ બે સાધુ કર્યા. તેમાં જુક્તાનંદ સમાધિવાળા થયા ને મુક્તાનંદ અનુવૃત્તિવાળા થયા. તે ત્યાંથી પાંચે જણ ચાલ્યાં, તે **સત્રાહા** ગામમાં આવ્યાં. ને ત્યાં રામાનંદસ્વામી એક **ફેરો**[2] આત્માનંદસ્વામી ભેગા થઈને **શ્રીરંગક્ષેત્ર**માં ગયા. ત્યાં દીક્ષા પામીને પાછા આત્માનંદસ્વામીને પાસે આવતા હતા. તે કાનમમાં થઈને આવ્યા(ચાલ્યા).

❀ *રામાનંદસ્વામીએ રામદાસજીને ત્યાગી કર્યા :*

તે કાનમમાં એક **સારંગ** કરીને ગામ છે. ત્યાં ભાઈ રામદાસજી હળ હાંકતા હતા. ત્યારે રામાનંદસ્વામીએ પૂછ્યું કે, 'અમારી ભેળા

૧.સાંજનું ભોજન - ડીનર ૨.વખત

આવશો ?' ત્યારે તેમણે અકસ્માત કહ્યું જે, 'હા, ચાલીશ.' એમ કહીને તુરત હળ મેલીને રામાનંદસ્વામી ભેગા ચાલી નીકળ્યા.

પછી રામાનંદસ્વામીએ એમને સાધુ કરીને ભાઈ રામદાસજી એવું નામ પાડ્યું. તે ફરતાં ફરતાં તળાજે આવ્યા. ત્યાં રામાનુજની **જગ્યામાં**[1] રહ્યા ને ત્યાં સર્વ ગ્રંથ ભણી લીધા. પછી રામાનંદસ્વામીના મનમાં એમ થયું જે, 'હવે રજા આપે તો ઠીક, આપણી મેળે ચાલી નીકળવું એ કાંઈ ઠીક નહીં.' એવામાં એ બાવે ઘર **માળવા**[2] માંડ્યું. ત્યારે રામાનંદસ્વામીને બોલાવીને કહ્યું કે, 'વળીઓ આપો.' ત્યારે રામાનંદ સ્વામીએ અણિયોવાળાં પીછાં આપવાં માંડ્યાં. ત્યારે બાવે કહ્યું જે, 'વળીઓ આમ કેમ દ્યો છો ? થડ દ્યો.' તોય પણ રામાનંદસ્વામીએ તે જ પ્રમાણે પીછાં દેવાં માંડ્યાં. પછી બાવો ધખ્યો કે, 'આવી અવળી ક્રિયા કરવી હોય તો મારી જગ્યામાંથી ચાલી નીકળો.' પછી ત્યાંથી ચાલી નીકળ્યા; તે ફરતાં ફરતાં **ગિરનાર** થઈને **સત્રાહા**માં આવ્યા.

❁ ધ્રાફા ગામનો મેળો ભાંગ્યો :

ત્યાં આત્માનંદસ્વામી વિગેરે પાંચ જણ ને બે ડોસીઓ એ સાતેય જણ ત્યાંથી ચાલ્યાં, તે **મેખાટીંબી**એ ગયાં. ને ત્યાં આયરો સત્સંગી હતા ત્યાં રહ્યાં. ને **ધ્રાફા**માં માર્ગીનો મેળો થાતો હતો, તે મેખાટીંબીમાં આયરો ઉપર કંકોતરીઓ આવી. પછી આયર કહે, 'અમારા ગુરુને કંકોતરી આપો.' પછી આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામીને કંકોતરી આપી. પછી આત્માનંદસ્વામી ને રામાનંદસ્વામી કહે, 'અમે સૌ આવીએ ?' (ત્યારે આયરો) કહે, 'હા, તમે સૌ આવજો.'

પછી મેળામાં જાવાનો દિવસ આવ્યો. ત્યારે રામાનંદસ્વામીને હિરકોરનાં ધોતિયાં તથા લાંબી ચાળનું અંગરખું તથા માથે નગરનું ઊંચી કિંમતનું ધોતિયું વિગેરે ભારે પોશાક પહેરાવી કેડે ઢાલ, તલવાર ને હાથમાં **સાંગ્ય**[3] દીધી. ને આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામીને

૧.રામાનુજ સંપ્રદાયના સ્થાનમાં ૨.ઉપરની છત તૈયાર કરવા ૩.બરછી જેવું એક હથિયાર

ઘોડે ચડાવ્યા. ને બીજા પચ્ચીસ સવાર ભેગા થઈને ધ્રાફામાં મેળો કરવા ગયા. ત્યાં સૌને ખબર પડી કે ભરમી બાવો આવે છે, ત્યારે સૌ માર્ગીઓ કહે, 'હવે તો મેળો ભાંગશે.' પછી તેણે આત્માનંદસ્વામી ને રામાનંદસ્વામીને સામું માણસ મોકલીને કહેવરાવ્યું કે, 'તમને કોણે તેડાવ્યા છે ? વગર તેડ્યા આવો છો, વાસ્તે પાછા ભાગી જાઓ.' ત્યારે આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામી કહે કે, "અમે પાછા ખસવાવાળા નહિ. 'સોએ સમા ને એકે પારોઠા' એવા છીએ, વાસ્તે પાછા નહિ જાઈએ." એમ કહીને ગામમાં ગયા. ને બરછી ઉગામીને કહે કે, 'પ્રશ્ન પૂછો.' એમ કહેતાં સૌ ભાગી ગયા. ને કહે, 'લાવો અમને જમવા દ્યો.'

ત્યારે મેળાવાળા બોલ્યા જે, 'તમને કેણે તેડાવ્યા છે ?' ત્યારે આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામી કહે જે, 'જો આ કંકોતરી રહી.' ત્યારે મેળાવાળા કહે જે, 'આ તો આયરોની ઉપર કંકોતરી છે.' ત્યારે આત્માનંદસ્વામી કહે જે, 'એ અમારા સેવકો છે, માટે એમણે કંકોતરી અમને આપી છે, વાસ્તે અમને જમવા દ્યો.' પણ મેળાવાળાએ જમવા ન દીધાં. ત્યારે આત્માનંદસ્વામી કહે જે, 'ત્યારે તું પણ મેળો કરજે.' એમ કહી પાછા ગામ બહાર નીકળીને પાછી ગામ સામી નજર કરી, એટલે ગામના ચોકમાં પૃથ્વીમાંથી એક શેડ્ય નીકળી. તેમાંથી ગોળીઓ જેવી કાંકરીઓ એવા જોરથી નીકળવા માંડી કે, આખા ગામનાં માણસો નાસી-ભાગી ગયાં, ને કેટલાંક નાશ પામી ગયાં, ઘર-ખોરડાં કેટલાંક ભાંગી ગિયાં, ને મેળો **અધ્ધર**[૧] રહ્યો ને ધૂળધાણી કરી નાખ્યું. એ પ્રમાણે ધ્રાફામાં મેળો ભાંગ્યો.

❁ વિઠ્ઠલજીનાં સ્તનમાં દૂધ મૂક્યું :

પછી ત્યાંથી ચાલ્યાં તે લોઢવામાં આવ્યાં. ને ત્યાં વિઠ્ઠલજી બ્રાહ્મણ તથા લખુચારણ સત્સંગી થયાં હતાં. તે લખુચારણને ત્યાં રહ્યાં. પછી

૧.અધૂરો

વિઠ્ઠલજીને મળ્યાં. તે વિઠ્ઠલજીને એક છોકરો, ત્રણ માસનો મૂકીને તેની સ્ત્રી દેહ મૂકી ગઈ. એ દુઃખની વાત આત્માનંદસ્વામી પાસે કહી. ત્યારે આત્માનંદસ્વામી કહે, 'તું છોકરાને ધવરાવ.' ત્યારે વિઠ્ઠલજી કહે, 'મહારાજ, એ કેમ થાય ?!' પછી આત્માનંદસ્વામીએ વિઠ્ઠલજીની છાતી ઉપર હાથ ફેરવ્યો, એટલે બે સ્તન થયાં. પછી સ્વામી કહે, 'છોકરો અનાજ ખાવા શીખશે એટલે આળસી જાશે ને પુરુષ જેવો થઈશ.' એમ કહીને કહે, 'હમણાં છોકરાને મોટો કર. ને છોકરો દસ વર્ષનો થાશે ત્યારે સાધુ કરશું.' પછી છોકરો મોટો થયો એટલે છોકરાનું નામ 'બાલાનંદ' અને વિઠ્ઠલજીનું નામ 'વિઠ્ઠલાનંદ' પાડ્યું. ને બેયને સાધુ કરીને લખુચારણને સોંપ્યા.

❁ શેરડીના ખેતરવાળાને ઐશ્વર્ય દેખાડ્યું :

પછી નાઘેરમાં ગામ **રામપર** આવ્યાં ને ત્યાં સત્સંગ કરાવ્યો. એ વિગેરે ઘણેક ઠેકાણે સત્સંગ કરાવ્યો. પછી માવજી વાણિયો તથા ડોસો કુંભાર એ બે નાઘેરમાં આત્માનંદસ્વામીને તેડવા ગયા. તે તેડીને પાછા આવતા હતા. ત્યાં રસ્તામાં નાના તથા મોટા માંડવા ગામમાં આવ્યા. તે વખતે તેમની સાથે જુક્તાનંદ તથા મુક્તાનંદ તથા રામાનંદ સ્વામી તથા રામદાસજીભાઈ તથા વાલબાઈ, હરબાઈ ડોસીઓ તથા આત્માનંદસ્વામી તથા માવજી વાણિયો તથા ડોસો કુંભાર તે સર્વે ચાલ્યાં આવતાં હતાં. તે માંડવામાં આવ્યાં. ત્યાં સર્વેને શેરડી ચૂસવાનું મન થયું. પછી એ નવે જણ એક વાઢ ફરતો હતો ત્યાં ગયાં. ત્યાં શેરડીનો ઢગલો પડ્યો હતો. ત્યાં પૂછ્યા વિના શેરડી ચૂસવા મંડી ગયાં. પછી વાઢનો ધણી કહે, 'આ કેનો ગુરુ છે ? તે આમ પૂછ્યા વિના શેરડી ચૂસે છે ને નુકસાન કરે છે.' ત્યારે કહે કે, 'આત્માનંદસ્વામી મારું નામ છે. ને આ વાઢનો ધણી હું છઉં ને આ પૃથ્વીનો ધણી હું છઉં; બીજા કેને પૂછવું હતું ?'

તેવામાં એ વાઢમાં રહેનારો એક અતીત આવ્યો. તે બોલ્યો કે,

'મહારાજ ! આબરૂ સોતા આ વાઢ બહાર નીકળો. નકર તમારી ભેખની આબરૂ નહિ રહે.' એમ કહીને પરાણે બહાર કાઢ્યા. ત્યારે આત્માનંદ સ્વામીએ ચાલતી વખતે કહ્યું જે, "હવે શેરડી પીલજે, ને ગોળ કરજે. તું તો શું પણ તારો બાપ આવે તોપણ ગોળ નહિ થાય." એમ કહીને ચાલતાં થયાં. તે આગળ એક નેરું(નદી) આવ્યું. ત્યાં સર્વે નાવા રોકાણાં. ને વાઢમાં ચિચોડો ફેરવવા માંડ્યો, પણ રસ કુંડીમાં પડે નહિ ને બા'ર પડવા માંડ્યો. પછી પેલા અતીતે આવીને ધૂપ-દીપ કરીને ઘણી મહેનત કરી ને છેવટમાં અતીતે પોતાની જીભ કાપીને ચિચોડાને ચોડી, પણ રસ કુંડીમાં પડે નહીં.

પછી અતીતે વાઢના ધણીને કહ્યું કે, 'એ ભેખની પાસે કોઈ મેલા મંતર નો'તા, પણ એ કોઈ મોટા પુરુષ હતા. તે એનું બોલ્યું ખરું પડશે; માટે હવે એને પાછા લાવો તો રસ કુંડીમાં ઊતરે ને ગોળ થાય, નહિ તો નહિ થાય.' પછી વાઢનો ધણી ઘોડે ચઢીને ગયો ને જ્યાં આત્માનંદસ્વામી હતા, ત્યાં જઈ તેણે મોઢામાં ખાસડું લઈ પગે લાગીને બોલ્યો કે, "મહારાજ ! તમે મોટા પુરુષ છો તે તમારે આમ ઘટે નહિ." એ વિગેરે ઘણીક **તરેહથી**[1] સ્તુતિ કરી ને કહે કે, 'મારા વાઢ સુધી પધારો.'

પછી આત્માનંદસ્વામી કહે, 'જા, અમે નહિ આવીએ; તું તારી મેળે પીલી ખા.' પછી તે પસ્તાવો કરી ઘણો દલગીર થયો. પછી સ્વામી કહે, 'અમારે હવે શેરડી ખાવી નથી, પણ આ પત્તર ભરી-ભરીને ઘી આપ. પછી એ ઘી આ બધાના ગળામાં ઊતરશે, એટલે તારી કુંડીમાં રસ ઊતરશે. માટે સારું ઘી લાવ પણ જો નરસું હશે તો નાખી દેશું. માટે સારું ઘી લાવજે.' પછી વાઢનો ધણી **શ્રીકાર**[2] ઘી લાવ્યો. પછી આત્માનંદસ્વામી કહે, 'હવે ચોખા રાંધો.' પછી તે કણબીએ સારો ગોળ આપ્યો, એવામાં કણબીને નિશ્ચય થયો કે, આ તો કોઈ મોટા પુરુષ છે. એમ જાણીને આત્માનંદસ્વામીને હાથ

૧.ઘણાક પ્રકારની ૨.શ્રેષ્ઠ પ્રકારનું

જોડીને બોલ્યો જે, 'હે મહારાજ ! તમે તો મોટા પુરુષ છો, તમે કાંઈ ગોળ- ઘી સારું આવ્યા નો'તા, પણ મારા કલ્યાણને અર્થે આંહીં આવ્યા છો.' એમ કહ્યું ને પછી આસ્તા થઈ.

(પછી આત્માનંદસ્વામી વગેરે) થોડા-થોડા ચોખા, ગોળ ને ઘી જમ્યાં; બાકીનું ઘી-ગોળ વધ્યું તે પાછું આપ્યું. ને કુંડીમાં રસ ઊતર્યો. પછી એ કણબી આત્માનંદસ્વામીને કહે જે, 'મારે ત્યાં ચાર માસ રહેવું એવો કોલ આપો.' પણ કોલ ન આપ્યો. ને એક માસ સુધી ત્યાં રહેવાને સારુ હા પાડી.' પછી એ કણબીએ એક ઓરડો કરાવ્યો ને સાત જણને સારુ સાત ઢોલિયા તથા ગાદલાં, ગોદડાં પણ કરાવ્યાં ને કોઈ કોઈ વખત પનર-પનર, વીસ-વીસ દિવસ રહેતાં.

❃ આત્માનંદસ્વામીનો દેહત્યાગ :

પછી ફરતાં ફરતાં પાછા સત્રાહામાં આવ્યાં ને ત્યાં સવારે નદીએ નાવા ગયાં. ત્યારે આત્માનંદસ્વામી કહે કે, 'મારો દેહ વૃદ્ધ થયો ને મને **એકસો ને પચ્ચીસ** વર્ષ થયાં, વાસ્તે દેહનો કાંઈ નિર્ધાર નથી.' ત્યારે વાલબાઈ ને હરબાઈ બે ડોશીઓ કહે, 'તમારા દેહનો નિર્ધાર નહીં, ત્યારે અમારે શું કરવું ?' ત્યારે આત્માનંદસ્વામી કહે જે, 'તમારે આ રામાનંદસ્વામીની આજ્ઞામાં રહેવું.' ને વળી એમ કહ્યું જે, "હું તથા જુક્તાનંદ, મુક્તાનંદ એ ત્રણેય જણ નાઘેરમાં જઈએ છીએ; તે દેહ પડી જાય અથવા તો દેહ રહે તોપણ હવે તમારે અમારી વાંસે આવવું નહીં." એમ કહીને નાઘેરમાં લોઢવે એ ત્રણેય જણ ગયા ને રામાનંદસ્વામી તથા રામદાસજીભાઈ તથા હરબાઈ, વાલબાઈ તે સત્રાહામાં રહ્યાં.

આત્માનંદસ્વામી લોઢવામાં રહેતા હતા. ત્યાંથી પચ્ચીસ ગાઉને છેટે એક **રામપર** નામે ગામ છે. ત્યાનાં હરિભક્તને સમાધિમાં કહે જે, "તું તારું ગાડું લઈને મને તેડવા આવ." એટલે તે હરિભક્ત ગાડું લઈને તેડવા આવ્યો. એટલે આત્માનંદસ્વામી એ ગાડામાં બેસીને

રામપર ગયા. ને જુક્તાનંદ, મુક્તાનંદને ત્યાં રહેવાની આજ્ઞા કરીને પોતે રામપર ગયા. ને રાજુલાના બાબરિયો કાઠી તથા રાજગર એ બે જણને તેડાવ્યા ને ધાતરવડીમાં સવારે નાવા ગયા. ને નાહીને તમરને છાંયે બેઠા ને બાબરિયા તથા રાજગરને કહ્યું જે, "અમને એકસો ને પચ્ચીસ વર્ષ થયાં છે, તો હવે અમારા દેહનો નિર્ધાર નથી, માટે કદી દેહ પડી જાય તો બાળશો નહીં, તેમ દાટશો નહીં; પણ આ જગ્યામાં આ નદીના કાંઠા ઉપર આ તમરનું ઝાડ છે ત્યાં મૂકી જાજ્યો." એમ કહી એ બેને પોતાના પગ ઝલાવ્યા ને નક્કી કર્યું ને પછી સવારે દેહ મૂકી દીધો.

પછી તેમના કહેવા પ્રમાણે ધાતરવડીને કાંઠે ગાજતે વાજતે એ આત્માનંદસ્વામીના દેહને તમરનાં ઝાડ તળે મૂકી આવ્યા. પછી આત્માનંદસ્વામીએ દેહ મૂક્યા પછી જુક્તાનંદ, મુક્તાનંદને લોઢવામાં આવીને કહ્યું કે, 'તમારે ધામમાં આવવું છે ?' તે સાંભળી તેણે હા કહી. ને બીજા લોકોને ભલામણ કરી કે, 'અમારો દેહ પડી જાય તો અમારા દેહને બાળશો નહીં, તેમ દાટશો પણ નહીં; ને આ પર્વતમાં મૂકી આવજો.' પછી તેણે સમાધિ કરીને દેહ છોડી દીધો ને ધામમાં ગયા. ને તેમનો દેહ તે ગામના માણસો પર્વતમાં મૂકી આવ્યા.

એ સર્વે વાત રામાનંદસ્વામી તથા રામદાસજીભાઈ તથા હરબાઈ, વાલબાઈ સત્રાહામા હતા ત્યાં (તેમણે) સાંભળી; પણ આત્માનંદ સ્વામીની આજ્ઞા નો'તી એટલે ત્યાં તો જવાય નહીં. પછી ત્યાં ન ગયાં. ને ડોસીઓએ કહ્યું કે, 'હવે આપણે કેમ કરવું ?' ત્યારે રામાનંદસ્વામી કહે કે, 'સ્વામીની આજ્ઞા પ્રમાણે ચાલવું; વાસ્તે અમે તમને એમ કહીએ છીએ કે, તમે ડોસીઓ છો વાસ્તે તમારે પુરુષને વાતો કરવી નહીં ને સ્ત્રીઓને વાતો કરો.' એમ રામાનંદસ્વામીએ કહ્યું, ત્યારે ડોસીઓ બોલ્યાં જે, 'પુરુષ અમને શું કરનાર છે ? અમે પિસ્તાળીશ વરસ થયાં આત્માનંદસ્વામી ભેગાં રહ્યાં ને સાત વરસ સુધી તમારી ભેગાં રહ્યાં; તો હવે અમારે કાંઈ પુરુષની ગણતી નથી. વાસ્તે પુરુષ અમને શું કરનાર છે ?'

ત્યારે રામાનંદસ્વામી કહે કે, "અમારું વચન માનવું હોય તો અમારી ભેગાં રહો ને ન માનો તો તમે નોખાં રહો." ત્યારે એક તરફ બે બાઈઓ રહેતી હતિયો ને રામાનંદસ્વામી તથા રામદાસજીભાઈ એ બન્ને જણ પણ ત્યાંથી ચાલી નીકળ્યા. ને ભગવાં ઉતારીને રામાનુજનો વેશ ધારણ કર્યો ને પછી દેશોમાં ફરતાં ફરતાં લોજ, માંગરોળ, સરધાર, ધોરાજી વગેરેમાં સાત સદાવ્રત બાંધ્યાં. એ પ્રમાણે રામાનંદસ્વામી તથા રામદાસજીભાઈ એ સાત વરસ સુધી આત્માનંદસ્વામી ભેગા રહ્યા ને ડોશીઓ પિસ્તાળીસ વરસ સુધી આત્માનંદસ્વામી ભેગી રહી.

॥ મહારાજની લીલા ॥૧॥

૨. ભગવાનના સંબંધમાં આવે તેના ભાગ્યનું વર્ણન તથા મહારાજને નહિ ગમતી ત્રણ બાબત

એક સમે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ **સોમબાઈ**વાળે ઓરડે દક્ષિણાદે મુખારવિંદે ઉંબરાના થડમાં વિરાજમાન થયા હતા. તે વખત ચૈતન્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી એ આદિ સર્વે સાધુ (ની સભા) ભરાઈને મહારાજ પાસે બેઠા હતા. તે વખત મહારાજનો થાળ આવ્યો, તે જમવા મંડ્યા. તે જમતાં જમતાં એક બાવળ હતો તે બાવળના સામી નજર કરીને પાછા જમવા મંડ્યા, ને પાછી ફરીને નજર કરીને વળી જમવા મંડ્યા. ને પાછી ત્રીજી વખત નજર કરી.

એમ ત્રણ વખત મહારાજે તે **બાવળ**ના સામી નજર કરીને જોયું ને બોલ્યા જે, "આ સમે આ બાવળનાં જેવાં મોટાં ભાગ્ય છે, તેવાં કોઈનાં નથી." ને **લીંબડા** સામું જોઈને બોલ્યા જે, "આ લીંબડાનાં પણ મોટાં ભાગ્ય છે. ને આ દરબારમાં **મનુષ્ય** રહે છે, તેનાં પણ મોટાં ભાગ્ય છે. ને આ દરબારમાં જે **ગાય, ભેંશ, બળદ, ઘોડા** આદિક પશુ તે સર્વેનાં મોટાં ભાગ્ય છે. ને આ ગામના હરિજન છે, તેનાં પણ મોટાં ભાગ્ય છે. ને આ ગામમાં બીજા મનુષ્ય છે તેનાં પણ મોટાં

ભાગ્ય છે. ને આ દેશમાં જે મનુષ્ય રહે છે, તેનાં પણ મોટાં ભાગ્ય છે. ને બદરિકાશ્રમમાં નરનારાયણ તથા મુક્ત છે, તે પણ એમ કહે છે જે, 'આ સમે **એમનાં**[૧] પણ મોટાં ભાગ્ય છે.' ને શ્વેતદ્વીપના મુક્ત છે તે પણ એમ કહે છે જે, 'આ સમે એમનાં પણ મોટાં ભાગ્ય છે.' અને વૈકુંઠના મુક્ત છે તે પણ એમ કહે છે જે, 'આ સમે તેમનાં પણ મોટાં ભાગ્ય છે.' ને ગોલોકના મુક્ત છે તે પણ એમ કહે છે જે, 'આ સમે એમનાં પણ મોટાં ભાગ્ય છે.' ને અક્ષરધામના મુક્ત છે તે પણ કહે છે જે, 'આ સમે એમનાં પણ મોટાં ભાગ્ય છે." ત્યારે સર્વે સંતે પૂછ્યું જે, 'મહારાજ ! એમનાં મોટાં ભાગ્ય તે શાણે કરીને છે ? તે વાત કહો.'

પછી મહારાજ બોલ્યા જે, "અક્ષરના મુક્ત છે તે એમ કહે છે જે, આપણે તો ઘણો દાખડો કરીને ભગવાનના ધામને પામ્યા છીએ. ને આજ તો હવે થોડે દાખડે કરીને આ ધામને પામે છે; એ જ એમનાં મોટાં ભાગ્ય છે. અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ – એ આદિક કૈંક ધામના મુક્ત એમ કહે છે જે, 'ઘણે દાખડે કરીને પણ ન પમાય એવાં જે ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ આદિક જે ધામ તે થકી પર જે અક્ષરધામ તેને અનંત કોટી બ્રહ્માંડાધિપતિ ઈશ્વરેશ **અપહતપાપ્મત્વ**[૨], સત્યસંકલ્પત્વાદિ અનંત કલ્યાણગુણે યુક્ત અપાર મુક્ત, નિત્ય(મુક્ત), બ્રહ્માદિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા આ ભક્તિ-ધર્મના પુત્ર શ્રીજીમહારાજ તેમના સંબંધવાળા જે ભક્ત તે શ્રીજીમહારાજની કૃપાથી થોડે દાખડે કરીને પામે છે. માટે આ સમે એ ભક્તોનાં મોટાં ભાગ્ય છે.' ને દેવ-દૈત્ય પણ કહે છે ને એમ સમજે છે જે, 'આ બ્રહ્માંડમાં ભગવાન પધાર્યા છે, ને મોટાં મોટાં કાર્ય કરે છે. તેથી આ બ્રહ્માંડનાં તથા આપણાં મોટાં ભાગ્ય છે.'

ને બીજા દેશના લોકો પણ એમ જાણે છે જે, 'સ્વામિનારાયણ ભગવાન ગઢડામાં બિરાજે છે, ને **ગઢડું સ્વામિનારાયણનું કહેવાય છે**,

૧.આગળ મહારાજે જેનાં ભાગ્ય વર્ણવ્યાં તેનાં ૨.નિર્દોષપણું

એનાં પણ મોટાં ભાગ્ય છે.' ને બીજા ગામના લોકો પણ એમ જાણે છે જે, 'સ્વામિનારાયણ ભગવાન ગઢડામાં બિરાજે છે,' એમ જે જાણે છે તેનાં પણ મોટાં ભાગ્ય છે. ને આ ગામના મનુષ્ય કુસંગી છે તેનાં પણ મોટાં ભાગ્ય છે જે, અમારાં એને દર્શન થાય છે. ને આ ગામના હરિજનનાં પણ મોટાં ભાગ્ય છે જે, અમારી મહિમાએ સહિત ભક્તિ કરે છે ને નિત્ય અમારો સંબંધ છે.

ને આ દરબારમાં રહે છે તેનાં પણ મોટાં ભાગ્ય છે જે, જે માણસો અમારી સેવા કરે છે તથા જે કાંઈ વસ્તુ અમારા ઉપયોગમાં આવે છે, વાસ્તે એનાં પણ મોટાં ભાગ્ય છે. ને આ ગાય-ભેંસોનું દૂધ અમારા થાળમાં અમારા જમવામાં આવે છે, વાસ્તે તેનાં પણ મોટાં ભાગ્ય છે. ને ઘોડાનાં પણ મોટાં ભાગ્ય છે જે, અમારે ચડવાના કામમાં આવે છે, વાસ્તે તેનાં પણ મોટાં ભાગ્ય છે. ને આ બળદોનાં પણ મોટાં ભાગ્ય છે જે, આ અમારી ગાડીના ખપમાં આવે છે તથા ખેતરના કામમાં આવે છે. ને તે ખેતરનું અનાજ તથા ફળ-ફૂલ-શાક વિગેરે અમારા ઉપયોગમાં આવે છે, તેથી તેનાં પણ મોટાં ભાગ્ય છે.

ને આ લીંબડાનાં પણ મોટાં ભાગ્ય છે જે, એને છાંયે અમે બેસીએ છીએ, ને કેટલીક વખત તેની હેઠળ સભાઓ કરી છે, ને કેટલીક વખત એની હેઠે થાળ જમ્યા છીએ વિગેરે (પ્રકારે) તેની છાયા તળે બેસી અમે ઘણા રાજી થયા છીએ; વાસ્તે તેનાં પણ મોટાં ભાગ્ય છે. અને આ બાવળનાં પણ મોટાં ભાગ્ય છે જે, એનાં દાતણ અમે હંમેશાં કરીએ છીએ. ને જે જે અમારી સેવા કરે છે ને અમારા ખપમાં આવે છે તેનાં તો અતિ મોટાં ભાગ્ય છે."

❋ મહારાજને આ ત્રણ બાબત ગમતી નથી :

એ પ્રમાણે વાત કરીને બોલ્યા જે, "અમને ત્રણ વાત ગમતી નથી. તે કઈ ? તો (૧) એક તો મનને વિશે અકડતા રાખે, એટલે કોઈને નમી શકે નહીં; એવો હોય તે અમને ન ગમે. (૨) બીજું પોતાની જાણે મોટો

થવાનું કરે, તે પણ અમને ન ગમે. (૩) સાધુ-સંત, હરિભક્ત એમનો કોઈ દ્રોહ કરે તે અમને ન ગમે."

એ પ્રમાણે મહારાજ થાળ જમી રહ્યા ને ચળું કર્યું. ને થાળ નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામીને આપ્યો. તે થાળ લઈને મુક્તાનંદ સ્વામીને આસને આવ્યા. ને થાળની પ્રસાદી જમતાં જમતાં મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "આજ મહારાજે થાળ જમતાં જમતાં કાંઈ વાત કરી હતી ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "આજ તો મહારાજે વાત ઘણી સારી કહી." ત્યારે મુક્તાનંદસ્વામી કહે કે, "એ વાત કહો." ત્યારે ઉપરની વાત નિત્યાનંદસ્વામીએ કહી દેખાડી. તે સાંભળી મુક્તાનંદસ્વામી બહુ રાજી થયા ને કહ્યું જે, "એ વાત મહારાજે બહુ સારી કરી." ॥ મહારાજની લીલા ॥૨॥

૩. અખંડ સુખનો ઉપાય

એક વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીની પાસે ડેલાના થડમાં ઓટો હતો, તે ઓટા ઉપર દક્ષણાદે મુખારવિંદે થાળ જમવા બેઠા હતા. તે જમી રહ્યા પછી મુખવાસ જમતાં જમતાં ચાલ્યા, તે વાસુદેવનારાયણના ઓરડે ઢોલિયો બિછાવ્યો હતો; તે ઉપર ઉગમણે મુખાવરવિંદે બિરાજમાન થયા. તે વખતે **નરસિંહાનંદસ્વામી** વગેરે સાધુ બેઠા હતા. ને મહારાજનાં ઉઘાડે શરીરે દર્શન કરીને સાધુ સુખ લેતા હતા. તે જોઈને મહારાજને નરસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ ! આવું ને આવું હંમેશાં દર્શનનું ને મૂર્તિનું સુખ રહે ખરું ?' ત્યારે મહારાજ કહે જે, "જીવમાં ત્રણ ગુણ છે : તે રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણ. તે જ્યારે જીવને વિશે આવે છે ત્યારે અંતઃકરણ ફેરવી નાંખે છે ને મૂર્તિનું સુખ રહેતું નથી, ને તેની સમજણને ચૂંથી નાખે છે. તે ગુણ કારણ શરીરને વિશે રહે છે તે કારણ શરીર કેવું છે ? તો કોઈ રીતે ટાળ્યું ટળે એવું નથી, ને કરોડ બ્રહ્મહત્યા જેવું છે, તે એને સુખ આવવા દેતું નથી."

તે ઉપર મહારાજે ઈન્દ્રની વાત કરી જે, "ઈન્દ્રને એક બ્રહ્મહત્યા વળગી હતી. તે કાંઈ સુખ આવવા દેતી ન હતી. તેથી તે શરીરે ઘણો કૃશ થઈ ગયો. પછી તેને નારદજી મળ્યા. તેણે પૂછ્યું કે, 'હે ઈન્દ્ર ! તું આટલો બધો દૂબળો કેમ છે ?' ત્યારે ઈન્દ્રે કહ્યું જે, 'મારે દુઃખ છે તેવું દુઃખ બીજા કોઈને નથી.' ત્યારે નારદજી કહે કે, 'તારે દુઃખ હોય તે કહે.' ત્યારે ઈન્દ્રે કહ્યું જે, 'મને બ્રહ્મહત્યા વળગી છે, તે ક્યાંય સુખ આવવા દેતી નથી.' ત્યારે નારદજી કહે કે, 'તને મારું માનવામાં આવે તો હું એક ઉપાય કહું, પણ તુંને મનાય એવું નથી.' ત્યારે તે કહે જે, 'મારે સુખ થાય એવું કહેશો તો શા સારુ નહિ મનાય ! એ તો મનાશે જ.' ત્યારે નારદજી કહે કે, 'તારા નાના ભાઈને તું હૃદયમાં ધાર.' ત્યારે તે ઈન્દ્રે માથું ડોલાવ્યું ને હસ્યો ને બોલ્યો જે, 'તમે મારી ઠેકડી કરી.' ત્યારે નારદજીએ કહ્યું જે, 'મેં તુંને કહ્યું નોતું ? જે તુંને નહિ મનાય !' ત્યારે ઈન્દ્ર કહે કે, 'મહારાજ ! કોઈ મોટા મોટા દેવ છે તેનું કહ્યું હોત તો ઠીક હતું. પણ આ તો બાળ છે, ને તેને કાંઈ ખબર નથી તો તે શું મારી બ્રહ્મહત્યા ટાળશે ?'

ત્યારે નારદજી કચવાઈને ચાલી નીકળ્યા. પછી બ્રહ્મહત્યા આવીને ઈન્દ્રની છાતી ઉપર ચડી બેઠી. ત્યારે ઈન્દ્રને એમ થયું જે, નારદજીએ મને જે વચન કહ્યું હતું તે સાચું છે કે ઠેકડી કરી છે ? એમ સમજીને પોતાના ભાઈ જે વામનજી નાનો બાળક તેની સ્મૃતિ કરી. ત્યારે બ્રહ્મહત્યા છેટે રહી. ત્યારે ઈન્દ્રને નારદજીનો ભરોસો આવ્યો. ને વામનજીની મૂર્તિને સમીપે રાખવા માંડી ને એની સ્મૃતિ રાખવા માંડી ત્યારે બ્રહ્મહત્યા છેટે રહી. તે જોઈને ઈન્દ્રને વિચાર થયો જે, નારદજીએ કહ્યું હતું કે, એ મૂર્તિને જીવમાં ધારજે. ત્યારે ઈન્દ્રે જીવમાં ધારવાનો અભ્યાસ કર્યો. ત્યારે મૂર્તિ નિરંતર જીવને વિશે રહેવા માંડી. ત્યારે બ્રહ્મહત્યા નાશ પામી.

તેમ જ અભ્યાસ કરતાં કરતાં મૂર્તિ અખંડ જીવમાં રહે તો કારણ શરીર છે તે નાશ પામે. તે વિના કોટી ઉપાય કરે તોપણ કારણ શરીર

નાશ ન પામે. માટે તમારે **જો સુખ જોઈતું હોય તો મૂર્તિ જીવને વિશે ધારો. ને ધારતાં ધારતાં મૂર્તિ જીવમાં રહેશે, ત્યારે કારણ શરીર નાશ પામી જાશે. ને ભગવાન અખંડ જીવમાં રહેશે, ત્યારે તમને ઘણું સુખ આવશે.** ને કોઈ દાડો એ સુખ ટળશે નહીં ને નિરંતર સુખ સુખ જ રહેશે." ॥ મહારાજની લીલા ॥૩॥

૪. તમે ભગવાન કેમ થઈ બેઠા ?

એક વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના **મોટીબાના** ઓરડાની ઓસરીમાં સાંજ વખતે સભા કરીને ઉગમણે મુખારવિંદે ઢોલિયો બિછાવીને તે ઉપર બિરાજમાન હતા. તે સમે એક **બ્રાહ્મણ** આવ્યો. તે સામુદ્રિક શાસ્ત્ર વિગેરે ભણેલો હતો. તે મહારાજ પાસે સભામાં આવ્યો. પછી મહારાજ કહે, "આવો, અહીં બેસો." પછી તે બ્રાહ્મણ ઢોલિયાના થડમાં બેઠો. ને બોલવા માંડ્યો જે, "**તમે ભગવાન કેમ થયા ?** હું જાણું છું કે, તમે હિંદુસ્તાની બ્રાહ્મણ છો ને હરિપ્રસાદજીના દીકરા છો; ને ભગવાન થઈને કેમ બેઠા છો ?" એ વિગેરે ઘણુંક બોલ્યો.

તેને મહારાજ સાંભળી રહ્યા ને પછી બોલ્યા જે, "અમે ઘરેથી નીકળ્યા, ને ભારે-ભારે રજવાડાં આવ્યાં તે જોયાં, પણ કોઈ ગાદી ખાલી દેખી નહીં. તેમ કરતાં આ દેશમાં આવ્યા. ને આ દેશમાં પણ મોટાં-મોટાં રાજાના સ્થાનો જોયાં, પણ કોઈ ગાદી ખાલી દેખી નહીં. ને એમ કરતાં અહીં આવ્યા, ત્યારે પણ કોઈ ગાદી ખાલી દેખી નહીં. તે પછી **ભગવાનની ગાદી ખાલી** દેખી, તે અમે ભગવાનની ગાદીએ બેઠા."

એમ કહીને મહારાજે તેનાં સામાં ચરણારવિંદ રાખ્યાં. ત્યારે તે ચરણારવિંદમાંથી સોળ ચિહ્ન ભગવાનનાં દેખાણાં ! ત્યારે તે બ્રાહ્મણને એમ થયું જે, 'આવાં ચિહ્નો તો ભગવાનને હોય ! ભગવાન સિવાય બીજા કોઈને આવાં ચિહ્ન હોય નહીં.' તેટલામાં મહારાજનાં ચરણોમાંથી ટાઢો હિમ જેવો તેજનો સમૂહ નીકળ્યો. તે બ્રહ્માંડમાં ભરાઈ જાય તેટલું તેજ તે બ્રાહ્મણને દેખાણું.

તેવામાં મહારાજની મૂર્તિ અક્ષરધામમાં દેખાણી ને બધા અવતાર મહારાજની સેવામાં દેખાણા. ને અપરિમિત મુક્ત દેખાણા એવું ચાર ઘડી સુધી રહ્યું. તે બ્રાહ્મણ શંકરનો ઉપાસક હતો, તે અપરિમિત શંકર મહારાજની સેવામાં છે; તેવું તે બ્રાહ્મણના જોવામાં આવ્યું. ને તે બ્રાહ્મણને તે શંકરે કહ્યું જે, **"આ પુરુષોત્તમનારાયણ સર્વ અવતારના અવતારી છે. માટે તું એનો આશરો કરીને એ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કર; એટલે તને અક્ષરધામની પ્રાપ્તિ થાય."**

પછી એ બ્રાહ્મણ પાછો સમાધિમાંથી દેહમાં આવ્યો ને મહારાજની સ્તુતિ કરવા લાગ્યો જે, "મહારાજ ! તમે તો સર્વ અવતારના કારણ ને અનંત કોટી બ્રહ્માંડના શિવ તેના તમે કારણ; તે મેં તમારો અપરાધ કર્યો ને જેમ તેમ બોલ્યો, માટે દયા કરીને મારો અપરાધ ક્ષમા કરો ! ને મને તમારે શરણે રાખીને મને તમારો આશ્રિત કરીને મારા અપરાધ સામું તમારે જોવું નહીં." એમ કહીને મહારાજનાં ચરણમાં પડ્યો. ત્યારે મહારાજે તેને વર્તમાન ધરાવીને પોતાનો આશ્રિત કર્યો. એવી રીતે મહારાજના સ્વરૂપનો નિશ્ચય એ બ્રાહ્મણને પાકો થયો.

॥ મહારાજની લીલા ॥૪॥

૫. મહારાજે કૈલાસમાંથી બીલીપત્ર મંગાવી આપ્યાં

એક વખત **ઉમરેઠ**ના હરિભક્તનો સંઘ **આંહીં ગઢડા**માં મહારાજનાં દર્શન કરવા સારુ આવતો હતો. તે ભેળો એક બ્રાહ્મણ શંકરનો ઉપાસક હતો, તે પણ આવતો હતો. તે રસ્તામાં આવતાં આવતાં એક જગ્યાએ નાહીને સર્વે પૂજા કરતા હતા, તેવામાં એ બ્રાહ્મણ પણ પૂજા કરવા

બેઠો. તેવામાં જ્યાં જુવે તો બીલીપત્રનો પડિયો ક્યાંક પડી રહ્યો, તેથી પૂજા અધૂરી રહી; તેટલા સારુ રસ્તામાં બે ઉપવાસ થયા ને બધા સંઘ સહિત આંહીં આવ્યો.

તે વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના સોમબાઈના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજ્યા હતા. તે વખત સર્વે સાધુ તથા હરિજનની સભા ભરાઈને બેઠી હતી ને બાઈઓ સર્વે છેટે બેઠી હતી. એ રીતે સભા બેઠી હતી. તેવામાં આ ઉમરેઠનો સંઘ આવ્યો. તે મહારાજને દંડવત કરી પગે લાગ્યા. ત્યારે મહારાજે તેમના ખબર પૂછ્યા ને ઉતારો ચીંધ્યો, તે ઉતારે ગયા. ત્યાર પછી કાંઈ જોતું-કરતું સરસામાન મોકલતા હતા.

ત્યારપછી મહારાજે સંઘવાળાને પૂછવા માંડ્યું જે, 'તમારે કાંઈ જોઈએ છે ? જે જોઈએ તે માંગી લેજ્યો, મૂંઝાશો નહિ.' તે સાંભળી એક હરિભક્ત બોલ્યો જે, "હે મહારાજ ! અમારી ભેગો એક શંકરનો ઉપાસક બ્રાહ્મણ છે. તે રસ્તામાં પૂજા કરતાં બીલીપત્ર ક્યાંયે પડ્યાં રહ્યાં, ને રસ્તામાં કોઈ ઠેકાણે મલ્યા નથી; માટે તેની પૂજા અધૂરી રહી છે. તેને આજ ત્રણ ઉપવાસ થયા છે. વાસ્તે તેને બીલીપત્ર હોય તો તેની પૂજા પૂરી થાય, તો તે જમે." ત્યારે મહારાજ બોલ્યા જે, 'આટલામાં કોઈ સમાધિવાળો છે ? જો હોય તો કૈલાસમાંથી બીલીપત્ર લાવે.' ત્યારે ઉમરેઠના જ બ્રાહ્મણ નંદલાલ કરીને સમાધિવાળા હતા. તેને તત્કાળ સમાધિ થઈ, તે કૈલાસમાં ગયો.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'નાનાભગતને બોલાવો.' ત્યારે નાનાભગતને બોલાવ્યા, તે આવીને હાથ જોડીને મહારાજ આગળ ઊભા રહ્યા. ત્યારે મહારાજે કહ્યું, "જે સારી ઘોડી બહુ ચાલનારી હોય તેને તૈયાર કરીને તમે પણ તૈયાર થઈને આવો." પછી મહારાજના કહેવા પ્રમાણે તૈયાર થઈને આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, 'તમે **અમરેલીએ** જાઓ ને ત્યાંથી બીલીપત્ર લઈને તાકીદથી આવજ્યો.' પછી તે અમરેલી તરફ ચાલ્યા. તે બીજે દિવસ લઈને આવ્યા ને મહારાજને બીલીપત્રનો

પડિયો આપ્યો. તે મહારાજે એ બ્રાહ્મણને બોલાવીને બીલીપત્રનો પડિયો આપ્યો. તે બ્રાહ્મણ પૂજા કરીને પછી જમ્યો.

પછી ઉમરેઠના હરિભક્ત હતા તેમણે મહારાજને ભારે રસોઈ આપી, તે મહારાજે જમીને સર્વે સાધુને જમાડ્યા. ને પછી મહારાજની પૂજા કરવા આવ્યા ત્યારે ભારે ભારે ઘરેણાં-વસ્ત્ર લાવ્યા હતા, તે મહારાજને પહેરાવ્યાં ને મહારાજની આરતી ઉતારી. તે સમે મહારાજે પ્રસન્ન થઈને કહ્યું જે, 'તમારે કાંઈ જોઈએ તો કેજ્યો.' ને વળી બીજે દિવસ પણ તે જ ગામના બીજા હરિભક્તે રસોઈ આપી, પછી તે પણ મહારાજની પૂજા કરવા આવ્યા. ને તેણે ભારે ભારે ઝરિયાની વસ્ત્ર પહેરાવ્યાં ને સોનેરી ભારે ભારે ઘરેણાં પહેરાવ્યાં, ને કેસર-ચંદનની આડ્ય કરીને બે તોરા ધરાવ્યા ને મહારાજની આરતી ઉતારી, ને સર્વે સાધુની કેસર-ચંદને પૂજા કરીને વસ્ત્ર ઓઢાડ્યાં ને ફૂલના હાર સર્વેને પહેરાવ્યા. ને પૂજા કરી રહ્યા પછી મહારાજની આગળ સર્વે બેઠા. એ રીતે ત્રણ દિવસ સુધી પૂજા થઈ.

ચોથે દિવસે મહારાજે તેમને પૂછ્યું કે, "તમારે કાંઈ જોઈએ તે કે'જો." ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ ! અમારે કાંઈ જોઈતું નથી. બધું સાનુકૂળ છે પણ મહારાજ એક દુઃખ છે." ત્યારે મહારાજ ઉતાવળા થઈને કહે જે, "શું દુઃખ છે ?" ત્યારે તેમણે કહ્યું જે, 'આ નંદલાલને સમાધિ થઈ છે, તેને અમારે સાચવવો પડે છે; તે દુઃખ છે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'સમાધિ ક્યારથી થઈ છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'મહારાજ ! અમે આવ્યા તે જ દિવસે તેને તમે કૈલાસમાં બીલીપત્ર લેવા મોકલ્યો છે, ત્યારથી તેને સમાધિ થઈ છે.'

ત્યારે મહારાજ કહે, 'એને સાંજે આંહીં સભામાં લાવજ્યો.' પછી તેને સાંજે સભામાં લઈ આવ્યા, ત્યારે સભા સર્વે ઊભી થઈ. ત્યારે મહારાજે કહ્યું જે, "ઊભા થાઓ મા, એ તો સમાધિવાળાને આંહીં લાવે છે." ત્યારે તેને લાવીને મહારાજની પાસે સુવરાવ્યો. ત્યારે મહારાજે કહ્યું, 'કોઈ સમાધિવાળો છે ? તો આ જે ધામમાં ગયા હોય ત્યાંથી

ગોતીને આંહીં પાછો લાવે !'

ત્યારે સભામાં સચ્ચિદાનંદસ્વામી બેઠા હતા. તે તત્કાળ સમાધિ કરીને ધામમાં ગયા, ને ત્યાં સર્વે ઠેકાણે જોયું, પણ તે ત્યાં ન મળે. ત્યારે પાછા સમાધિમાંથી મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, 'મહારાજ એ તો અક્ષરધામમાં નથી.' ત્યારે મહારાજે કહ્યું જે, 'ચૌદ લોકમાં જે જે સ્થાનક છે તે બધાં જોઈ આવો ને એ જ્યાં હોય ત્યાંથી તેને લેતા આવજો.' ત્યારે તે પણ જોઈને આવ્યા ને મહારાજને કહ્યું જે,'એ તો ક્યાંય છે નહીં.' ત્યારે મહારાજે કહ્યું જે, 'અષ્ટ આવરણે જુક્ત એવું બ્રહ્માંડ તેને સર્વે ઠેકાણે જુવો.' ત્યારે તેમણે સર્વે ઠેકાણે જોયું, પણ તે હાથ ન આવ્યો. ત્યારે મહારાજ આગળ જઈને કહ્યું જે, 'મહારાજ ! એ તો હાથ ન આવ્યો.'

ત્યારે મહારાજે કહ્યું જે, 'અનંત કોટિ બ્રહ્માંડ છે, તે અનંત રૂપે કરીને તેને તમે જુવો.' ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'મહારાજ ! તમારા નામના પ્રતાપે કરીને મારે સમાધિએ કરીને એક બ્રહ્માંડમાં ગતિ છે પણ બીજી ગતિ નથી; તે કેમ કરીને જોવું ?' ત્યારે મહારાજે કહ્યું જે, "સર્વ અવતારના કારણ સર્વોપરી ભગવાન જે સહજાનંદ સ્વામી મુને મળ્યા, તેને પ્રતાપે કરીને મારામાં એવું ઐશ્વર્ય આવે જે હું સર્વે બ્રહ્માંડને જોઉં' એવો સંકલ્પ કરો." ત્યારે તેમણે તે સંકલ્પ કર્યો. ત્યારે તત્કાળ અનંત રૂપે થયા ને અનંત સ્વરૂપે કરીને અનંત બ્રહ્માંડને જોયાં ને પાછા સર્વે સ્વરૂપે આવીને પોતાને વિશે સમાઈ ગયા.

પછી મહારાજ પાસે પાછા આવ્યા ને કહ્યું જે, 'હે મહારાજ ! એ તો હાથ ન આવ્યો.' ત્યારે મહારાજે કહ્યું, 'અક્ષરધામમાં જાઓ.' ત્યારે તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! અક્ષરધામમાં તો જઈ આવ્યો છું.' ત્યારે મહારાજ કહે, 'ફરીને જાઓ.' ત્યારે પાછા ફરીને ગયા ને અક્ષરધામમાં સર્વે મુક્તને કહ્યું જે, 'આ તો ક્યાંય હાથ આવતો નથી.' ત્યારે તે મુક્તે કહ્યું જે, 'તમે પાછા મહારાજ પાસે જાઓ ત્યારે તમારે હાથ આવશે.' પછી આવતાં આવતાં કૈલાસ સોંસરા નીકળ્યા. ત્યારે તે

નંદલાલ ભૂલો પડ્યો થકો દોડાદોડ કરતો હતો, પણ માર્ગ જડતો ન હતો. તેવામાં સચ્ચિદાનંદસ્વામી ત્યાં નીકળ્યા, એટલે તેની પછવાડે ચાલ્યો તે તત્કાળ આ દેહમાં આવ્યો. ને મહારાજને પગે લાગીને કૈલાસમાંથી બીલીપત્રનો પડિયો લાવ્યા હતા તે મહારાજની આગળ મૂક્યો.

ત્યારે મહારાજે કહ્યું જે, 'ક્યાં ગયો હતો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'મહારાજ તમે કહ્યું નહોતું ? જે કૈલાસમાંથી બીલીપત્ર લેવા જા. પછી હું ગયો ને આ બીલીપત્ર લાવ્યો.' ત્યારે મહારાજે કહ્યું જે, 'ચાર દિવસ સુધી વાર કેમ લાગી ? તારો વિશ્વાસ રાખ્યો હોત તો આ બ્રાહ્મણ મરી જાત. ત્રણ ઉપવાસ થયા હતા ને ચાર બીજા થાત એટલે સાત ઉપવાસે તો બ્રાહ્મણ નક્કી મરી જાત, પણ બીજે ઠેકાણેથી બીલીપત્ર લાવીને જમાડ્યો.' ત્યારે નંદલાલ કહે જે, 'હું તો ભૂલો પડી ગયો હતો. તે દોડાદોડ તો ઘણી કરી પણ ભૂલો પડ્યો તે મારગ જડતો ન હતો, એટલે શું કરું ?' ત્યારે મહારાજ કે, 'કેમ કરીને આવ્યો ?' ત્યારે નંદલાલ કહે કે, 'કોઈક સાધુ અક્ષરધામમાં ગયા હતા તે પાછા તમારી પાસે આવતાં કૈલાસ સોંસરા નીકળ્યા, તેને મેં દેખ્યા એટલે તેની વાંસે-વાંસે થઈને આ દેહમાં આવ્યો ને આ પડિયો લાવ્યો.'

ત્યારે મહારાજે ઉમરેઠના શંકરના ઉપાસક બ્રાહ્મણને પડિયો આપ્યો ને કહ્યું જે, 'તમે કોઈ દા'ડો કૈલાસમાં જાઓ છો ?' ત્યારે તેણે કહ્યું કે, 'મહારાજ ! મને તો કૈલાસની ખબરે નથી.' ત્યારે મહારાજે કહ્યું જે, 'શિવનું ધામ છે ને જે શિવની ભક્તિ કરે ને દેહ મૂકે ત્યારે ત્યાં જાય. માટે તમને કોઈ દિવસ દર્શન થાય છે કે નથી થાતાં ?' ત્યારે તેણે કહ્યું જે, 'મહારાજ ! મને તો કાંઈ થાતું નથી.' ત્યારે મહારાજે કહ્યું જે, 'આ નંદલાલ તો કોઈ દા'ડો શિવનું નામ લેતો નથી. ને શિવની પૂજા કરતો નથી ને માળા પણ ફેરવતો નથી ને તે કૈલાસમાં ચાર દિવસ સુધી રહી આવ્યો.' ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, 'મહારાજ, એ બધી વાત તો તમારો પ્રતાપ છે.' એમ કહીને ઘણું આશ્ચર્ય પામતો હતો. ને મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! મને તમારો આશ્રિત કરો.'

ત્યારે મહારાજે તેને વર્તમાન ધરાવ્યાં ને પોતાનો આશ્રિત કર્યો. પછી તે બ્રાહ્મણે મહારાજની ભારે પૂજા કરી ને એ સંઘ આવ્યો હતો તેણે પણ મહારાજની વારાફરતી રસોઈ આદિ દઈને વારાફરતી પૂજા કરી. તે જોઈ મહારાજ ઘણું રાજી થયા. પછી રજા માંગીને તે સર્વે ઘેર ગયા. ।। મહારાજની લીલા ।।૫।।

૬. રામપ્રતાપભાઈની રીસ અને મનામણાં

એક વખત મહારાજ અક્ષરઓરડીએ ઢોલિયો ઢળાવીને પોઢ્યા હતા. ને પછી જાગ્યા ને બે ઘડી બેઠા. ને પછી દાતણ કર્યું, ને કોગળા કરીને મુખારવિંદ ધોઈને ગંગાજળિયે નાહવા પધાર્યા. તે બ્રહ્મચારીએ સારી પેઠે શરીર ચોળીને નવરાવ્યા. ને પછી ખેસ પહેરવા આપ્યો. તે ખેસ પહેરીને ચાખડી ઉપર ચઢીને ચાલ્યા તે અક્ષરઓરડીએ આવ્યા. ને પછી મહારાજે પૂજા કરી ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ત્યાં નિત્યાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામી એ સહુ આવ્યા. તેમને જોઈને મહારાજે કહ્યું કે, ‘ચાલો કથા કરાવીએ.’

પછી મહારાજ ચાખડી પહેરીને ચાલ્યા. તે ચાખડીના ચટકારા બોલતા આવે ને મહારાજ ચાલ્યા આવે. તે ઉગમણે ઓરડે આવીને બિછાણાં નંખાવીને પોતે ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર બિરાજમાન થયા ને કહે જે, **‘પ્રાગજી દવેને બોલાવો, કથા કરે.’** ત્યારે **નિત્યાનંદ** સ્વામી કહે કે, ‘મહારાજ ! પ્રાગજી દવેને ક્યાં ગોતવા જાશે ? લ્યો, હું કથા કરું.’ ત્યારે સ્વામીને ચાકળો નાખી દઈને આગળ બાજોઠ મૂકીને તે પર પુસ્તક મૂક્યું; ત્યારે સ્વામીએ કથાનો પ્રારંભ કરવા માંડ્યો. તે મંગલાચરણ કરીને બે-ત્રણ શ્લોકો વાંચ્યા. ત્યાં **ઘેલો ધાધલ** તેમને ઘરેથી આવ્યા. ને મહારાજને પગે લાગ્યા ને બોલ્યા જે, ‘હે મહારાજ ! તમે મારે ઘેર પધારો. કારણ કે ખાણ ખોદીને તૈયાર કરી છે, ને જુવારનો ઢગલો તૈયાર કર્યો છે, ને બીજો સામાન પણ તૈયાર કર્યો છે; વાસ્તે તમે પધારો.’

પછી મહારાજ પધાર્યા, તે આથમણા બારના ઓરડાએ મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા; ને નિત્યાનંદસ્વામી કથા કરવા બેઠા ને ખાણમાં જુવાર નાખવાનું કામ ચાલ્યું. તેવામાં રામપ્રતાપભાઈ કેડ બાંધી તૈયાર થઈને આવ્યા. તે મહારાજને છેટેથી પગે લાગીને ચાલતા થયા. પછી મહારાજે જાણ્યું કે, રામપ્રતાપભાઈ તૈયાર થઈને ક્યાંક જાય છે ! એટલે પછવાડે મનુષ્ય મોકલ્યો. ત્યારે માણસ પાછો આવીને કહે કે, 'મહારાજ ! એ તો લક્ષ્મીવાડીએ ગયા નથી, પણ ઉગમણી વાવવાળી વાડી તરફ જાય છે.' પછી પાછું ફરીને માણસ મોકલીને ખબર કઢાવી. તે માણસે આવીને કહ્યું કે, 'મહારાજ, એ તો દેહાખાચરનું ગાડું નીકળ્યું તેની ઉપર રામપ્રતાપભાઈને બેસાર્યા. ને ઉગમણી વાવવાળી વાડી તરફ ચાલ્યા જાય છે.' ત્યારે મહારાજ કહે, 'પાછા જાઓ જોઈએ. એ ઉગમણી વાવવાળી વાડીએ રોકાય છે કે તે ક્યાંય જાય છે ?' ત્યારે પાછું ત્રીજી વખત માણસ ખબર કાઢવા સારુ ગયો. તે આવીને મહારાજને કહે જે, 'મહારાજ, એ તો વાડીએ રોકાણા નથી; પણ ઉગામેડીને રસ્તે ચાલતા થયા છે.'

એ સાંભળીને મહારાજ દરબારમાં પધાર્યા ને ઉગમણા બારના ઓરડે બિરાજમાન થયા. ને લાડુબાઈ તથા જીવુબાઈ તથા દાદાખાચર એ ત્રણેયને પુછાવ્યું કે, 'રામપ્રતાપજીભાઈની કાંઈ ખબર છે, એ ક્યાં ગયા ?' ત્યારે તેમણે કહ્યું જે, 'અમને ખબર નથી.' ત્યારે મહારાજ ત્યાંથી ઊઠીને ચાલ્યા. તે અક્ષરઓરડી તરફ જતા હતા. તે સામા રઘુવીરજી મહારાજ આવતા હતા. તે જ્યાં ઉત્તરાદા બારના ઓરડાનો આથમણો છેલ્લો **કરો**[૧] જે રસ્તાની ચાલમાં પડે છે, તે કરા મધ્યે **આડસરની**[૨] નીચે બેય ભેગા થયા.

પછી મહારાજે રઘુવીરજી મહારાજનું બાવડું ઝાલ્યું ને પૂછ્યું કે, 'રામપ્રતાપભાઈ ક્યાં ગયા તેની તમને કાંઈ ખબર છે ?' ત્યારે તેમણે કહ્યું કે, 'મહારાજ ! અમને કાંઈ ખબર નથી.' પછી મહારાજ કહે જે,

૧.મકાનની સાઇડની દીવાલ-જેના ઉપર મોભ મુકેલ હોય ૨.મોભ

'આપણે દેશની વહેંચણી કરી તેમાં અમદાવાદનો દેશ તેમને ભાગ્યે આવ્યો અને આ દેશ તમારે ભાગ્ય આવ્યો; માટે એ રિસાઈ ગયા છે. માટે જો તમારી મરજી હોય તો એને આ ગામમાં અરધ ભાગ આપશું ?' ત્યારે રઘુવીરજી મહારાજ કહે જે, 'મહારાજ ! જેમ તમારી મરજી હોય તેમ કરો. એ બાબતમાં અમારે કાંઈ નથી.'

પછી મહારાજ રઘુવીરજી મહારાજની પત્ની આગળ ગયા ને પૂછ્યું કે, 'રામપ્રતાપજીભાઈ ગયા તેની તમને કાંઈ ખબર છે ?' ત્યારે તેમણે કહ્યું કે, 'ના મહારાજ ! મને કાંઈ ખબર નથી.' ત્યારે મહારાજ કહે જે, 'આપણે દેશની વહેંચણી કરી તેમાં આ દેશ તમારે ભાગ્યે આવ્યો ને અમદાવાદ દેશ તેમને ભાગ્યે આવ્યો; માટે રિસાઈ ગયા છે. માટે આ ગામમાં એ અરધ ભાગ માગે છે. માટે એને અરધ ભાગ આપશું ? તમારી શી મરજી છે ? જે હોય તે કહો.' ત્યારે તે બોલ્યાં કે, 'મહારાજ ! જેમ તમારી મરજીમાં આવે તેમ કરો. એમાં અમને કાંઈ ખબર **નથી.**[૧] તમે કરો તે ખરું.' એ સાંભળીને મહારાજ ઘણા રાજી થયા. ને મહારાજ પાછા આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

પછી દાદા ખાચરને બોલાવ્યા ને રામપ્રતાપભાઈને વાંસે પાછા તેડવા જવાનો મનસૂબો કર્યો. ને બધા ઘોડા તૈયાર કરીને લાવ્યા. તે મહારાજ માણકી ઘોડી ઉપર સવાર થયા ને દાદા ખાચર વગેરે પાંચ-સાત સ્વારો મહારાજની સાથે ચાલ્યા. કોઈ માણસને કહેતા ગયા કે, 'મુક્તાનંદસ્વામીને ખબર કરજો કે આવી રીતે મહારાજ ગયા છે. ને તમે પણ પછવાડે ગાડી લઈને તાકીદથી આવજો.' એમ કહીને મહારાજ રસ્તે ચાલતા થયા. ને પછવાડે મુક્તાનંદસ્વામીને ખબર થવાથી તે પણ ગાડી જોડાવીને તુરત ચાલી નીકળ્યા. તે મહારાજ વાવે ખોટી થયા ત્યાં મુક્તાનંદસ્વામી ગાડીમાં બેસીને ત્યાં ભેગા થઈ ગયા, ને ત્યાંથી સૌ ચાલ્યા તે ઉગામેડીએ ગયા.

૧.હરકત નથી અથવા ખબર ન પડે.

ત્યાં ગામના થડમાં રસ્તાના કાંઠા ઉપર કૂવો આવે છે તે જગ્યાએ ઊભા રહ્યા. ને મહારાજ કહે જે, 'આપણે ખબર કઢાવીને પછી ગામમાં જઈએ.' પછી એક માણસને ખબર કાઢવા મોકલ્યું. તે ખબર કાઢીને આવ્યું ને મહારાજને કહ્યું જે, 'રામપ્રતાપભાઈ ગામમાં છે ને રસોઈ કરે છે.' પછી મહારાજ કહે, 'ઠીક ત્યારે, આપણે આ ઝાડ તળે ઊતરીએ. એ રસોઈ કરીને જમી રે'શે ત્યારે આપણે ત્યાં જાશું.' એમ કહીને મારગથી ડાબા હાથ ઉપર ખેતરમાં ઝાડ તળે ઊતર્યા ને ત્યાં ઘોડાના **ઘાસિયા**[૧] પાથરીને સર્વે બેઠા; અને મુક્તાનંદસ્વામી પણ ગાડીમાંથી ઊતરીને મહારાજ પાસે બેઠા. તે બે ઘડી બેઠા. ને તેવામાં રામપ્રતાપજીભાઈ જમીને તૈયાર થઈ રસ્તે ચાલતા થયા. તે વાતની સર્વને ખબર પડી, તે મુક્તાનંદસ્વામી ગાડી જોડાવીને ચાલ્યા. તે બીજે રસ્તે થઈને મુક્તાનંદસ્વામી રામપ્રતાપભાઈની આગળ નીકળી ગયા; ને ગાડીમાંથી ઊતરીને પાછા વળીને રામપ્રતાપભાઈને દંડવત કર્યા.

ત્યારે રામપ્રતાપભાઈ સ્વામીને ઝાલીને બથમાં ઘાલીને મળ્યા, ને સ્વામીએ રામપ્રતાપભાઈને બથમાં ઘાલીને ગાડીમાં બેસાર્યા ને ગાડી પાછી હાંકી. તેટલામાં મહારાજ તથા દાદો ખાચર વિગેરે સર્વે સવારો ગાડીને સામા મળ્યા; તે સહુ પાછા વળ્યા ને સહુ ગઢડે દાદા ખાચરના દરબારમાં આવ્યા. તે મહારાજ ઉગમણે બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને રામપ્રતાપભાઈ પોતાને ઉતારે ગયા. ત્યારે મુક્તાનંદસ્વામીને મહારાજે પૂછ્યું જે, "તમે ગાડીમાં ભેગા બેઠા હતા ત્યારે તમે રામપ્રતાપભાઈને પૂછ્યું કે, 'તમે કેમ રિસાઈને જાતા હતા ?" ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, 'મહારાજ, મેં તો કાંઈ પૂછ્યું નથી, મેં તો એમનો રાજીપો ભાળ્યો એટલે ગાડીમાં બેસાર્યા; પણ મેં કાંઈ પૂછ્યું નથી.'

બીજો દિવસ થયો. તે દિવસ ઊગતી વખતે પરમહંસ ગાવણું કરવા આવ્યા. ને પ્રેમાનંદસ્વામી છેટે હતા ત્યાંથી મહારાજે આંગળીને

૧.ઘોડાની પીઠ ઉપર નાખવાની પાતળી ગાદી

સાને કરીને પાસે બોલાવ્યા. ને પ્રેમાનંદસ્વામીના કાનમાં કહ્યું જે, 'રામપ્રતાપભાઈને પૂછો જે, એ કેમ કાલે રિસાઈને જાતા હતા ? એ બધી વાત પૂછી જોજો.' પછી પ્રેમાનંદસ્વામી સરોદો લઈને રામપ્રતાપ- ભાઈ પાસે જઈને ગાવણું કરવા મંડ્યા, તે રામપ્રતાપભાઈ પણ ગાવા લાગ્યા. તે બન્નેએ ખૂબ ગાવણું કર્યું. પછી પ્રેમાનંદસ્વામી ઉપર રામપ્રતાપભાઈ ખૂબ રાજી થયા. તે વખતે સ્વામીએ જાણ્યું જે, 'આ વખતે રામપ્રતાપભાઈ ખુશીમાં છે, માટે મહારાજે કહ્યું છે તે પૂછી જોઉં.'

પછી પ્રેમાનંદસ્વામીએ પૂછ્યું જે, 'કાલે તમે કેમ રિસાઈને જાતા હતા ? તે વાત કહો.' ત્યારે તેમણે કહ્યું જે, 'હું આવા ભગવાનના ગુણ ગાતો ને મહારાજ કહે જે, 'રામપ્રતાપભાઈ તો બહુ ગાય છે, તે રાતે અમને ઊંઘ આવતી નથી. એમ કહીને ના પડાવી. તેથી અમને રીસ ચડી, તે અમે રિસાઈને જાતા હતા.' એમ પ્રેમાનંદસ્વામી પાસે કહ્યું. તે પ્રેમાનંદસ્વામીએ મહારાજને કહ્યું.

ત્યારે મહારાજ ત્યાંથી ઊઠીને રામપ્રતાપભાઈને ઉતારે ગયા ને રામપ્રતાપભાઈને કહ્યું જે, 'અમે તમને ગાવણું કરવાની કેદી ના કહી હતી ?' ત્યારે રામપ્રતાપભાઈ કહે, 'તમે દેવાને ને વીરાને નો'તા કહેવા મોકલ્યા જે, ગાવણું કરે નહીં !' ત્યારે મહારાજ કહે, 'દેવાને ને વીરાને બોલાવો.' પછી બંનેને બોલાવીને કહ્યું જે, 'અમે તમને કેદી રામપ્રતાપભાઈને ગાવણું કરવાની ના કહેવરાવી હતી ?' ત્યારે દેવો ને વીરો કહે જે, 'મહારાજ ! એ રાત ને દિવસ ગાવણું કરે, તે અમને ઊંઘ ન આવે તેથી તમારું નામ લઈને કહ્યું હતું. અમે કહીએ તો તો માને નહીં, એટલા સારુ તમારું નામ લઈને કહ્યું હતું.' પછી મહારાજ કહે જે, 'જુવો રામપ્રતાપભાઈ, એ અમે કાંઈ કહ્યું નથી.' તે સાંભળીને રામપ્રતાપભાઈ દેવાને તથા વીરાને ખૂબ ક્રોધ કરીને ખીજ્યા. ને કહે જે, 'કાં તો એ દેવો અને વીરો આંહીં રહે, કાં તો અમે આંહીં રહીએ; પણ બંને ભેગા નહીં.' તે સાંભળી મહારાજ કહે, 'ત્યારે તો એ દેવો અને વીરો જાય.' એમ કહી એ બેને રજા આપીને મહારાજ ઊઠ્યા.

પછી દેવાને ને વીરાને પાછા બોલાવીને છાનું કહ્યું કે, 'આઘા જાશો નહીં, માંડવધારમાં રે'જો.' પછી બે-ત્રણ દિવસ થયા ત્યારે રામપ્રતાપભાઈ ઘેલે ખળખળિયે નાવા ગયા. ત્યાં કોઈ માણસ કાંઈ અશુદ્ધ ક્રિયા કરતો હશે. તે જોઈ એમ વિચાર થયો કે, 'એ દેવો ને વીરો મહારાજની સેવા કરતા હતા તેને મેં આંહીંથી કઢાવ્યા. ને હવે સંસારમાં જઈને ગમે તેવી અશુદ્ધ ક્રિયા કરશે એ ઠીક નહીં.' એમ જાણીને દરબારમાં આવ્યા ને મહારાજને હાથ જોડીને કહ્યું જે, 'મહારાજ, દેવાને ને વીરાને પાછા બોલાવો.' ત્યારે મહારાજ કહે, 'એ તો ગયા તે હવે ક્યાંથી આવે ?' પછી રામપ્રતાપજીભાઈ કહે જે, 'એ તો ગમે તેમ કરો, પણ એ આવ્યા પછી હું જમીશ.'

પછી મહારાજે માંડવધારથી એ દેવા તથા વીરાને બોલાવ્યા. એ ગઢડે આવ્યા ત્યારે રામપ્રતાપભાઈ તેને બથમાં ઘાલીને મળ્યા ને બહુ રાજી થયા. પછી તે દેવે તથા વીરે થાળ કરાવીને મહારાજને તથા રામપ્રતાપભાઈને જમાડ્યા ને સર્વે સાધુને રસોઈ આપી. ને દેવે તથા વીરે એક જોડ ચરણારવિંદ રામપ્રતાપભાઈને આપ્યાં ને પગે લાગ્યા.

॥ મહારાજની લીલા ॥૬॥

૭. પ્રગટમાં પ્રતીતિ આવવી કઠણ છે

મહારાજ અક્ષરઓરડીએ રહેતા. તે એક દિવસ **જીવો ખાચર** આવીને મહારાજને કહે જે, 'હે મહારાજ ! મારે નિત્યે(સાધુનાં) દર્શન કરવાનું **નીમ** છે. તે તમે આંહીં રહો છો તે મારાથી હંમેશાં આંહીં અવાતું નથી; માટે બે સાધુને અમારા દરબારમાં રહેવાની આજ્ઞા કરો, તો તે ત્યાં રહે તો અમારે હંમેશાં દર્શન થાય તો ઘણું સારું.' પછી મહારાજે સ્વરૂપાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી એ બે સાધુને આજ્ઞા કરી કે, 'તમે જીવા ખાચરના દરબારમાં રહો.' તે આજ્ઞાને માથે ચડાવીને એ બંને સાધુ જીવા ખાચરના દરબારમાં ગયા.

પછી જીવો ખાચર સવારમાં નાહી પૂજા કરી સાધુનાં દર્શન કરીને

પછી કાંઈ કામકાજ હોય તે કરે, એવું તેને હંમેશાં નીમ હતું. તે વખતમાં મહારાજ દાદા ખાચરના દરબારમાં છાના રહેતા હતા. ત્યારે જીવા ખાચરના દરબારમાંથી મુક્તાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામીને મહારાજને દર્શને આવવું હોય ત્યારે તે સાધુ ભિક્ષા કરવા ઝોળીએ નીકળે, ત્યારે દાદા ખાચરના દરબારમાં આવે ત્યારે દર્શન થાય ને કોઈ વખત મહારાજની મરજી ન હોય તો ન થાય. પછી એક દિવસ ઝોળીએ આવ્યા ત્યારે હંમેશાંની પેઠે 'નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !' એમ બોલ્યા. ત્યારે મહારાજ કહે જે, 'એ સાધુને બોલાવો.' પછી સાધુ જઈને પગે લાગ્યા.

પછી મહારાજ કહે જે, 'તમે કાલે કીર્તન બોલ્યા હતા તે આજ પણ બોલો.' ત્યારે મુક્તાનંદસ્વામી કહે, 'મહારાજ, એ કીર્તન કાલ બોલ્યા તે તો અમને કંઠે નથી. કાલ તો ખરડો વાંચીને બોલ્યા હતા, પણ આજ ખરડો અમારી પાસે નથી. ઓલ્યા દરબારમાં અમારે ઉતારે છે તે કાલે લેતા આવશું તે પછી બોલશું.' એમ કહીને સાધુ તો ગયા. તે જ રાતે સાધુ સૂતા હતા ત્યાં મહારાજ વિમાન ને સાથે બીજી કેટલીક સવારી લઈને લુવારના છોકરાને તેડવા ગયા; એવું સ્વરૂપાનંદસ્વામીને દેખાણું.

સવારે જીવો ખાચર દર્શને આવ્યા ત્યારે સાધુએ જીવા ખાચરને પૂછ્યું કે, 'આજ રાત્રીએ કોણે દેહ મૂક્યો ?' ત્યારે જીવો ખાચર કહે જે, 'મહારાજ, લુવારનો છોકરો એક જ હતો. તેના પછવાડે આઠ માણસ **ગુજરતા**,[1] તે ગુજરી ગયો.' ત્યારે સ્વરૂપાનંદસ્વામી કહે જે, 'અહો હો ! એનાં બડાં ભાગ્ય !' પછી જીવો ખાચર કહે, 'શું મહારાજ બડાં ભાગ્ય ?' ત્યારે સાધુ કહે, 'આજ રાત્રે મહારાજ વિમાન તથા રથ તથા હાથી-ઘોડા-પાલખીઓ લઈને તે લુવારના છોકરાને તેડવા ગયા હતા.' તે વાત જીવા ખાચરને મનાણી નહિ, ને મુક્તાનંદસ્વામીને પણ માનવામાં ન આવ્યું. ત્યારે બીજે દિવસ મુક્તાનંદસ્વામીને પણ એ જ રીતે મહારાજનું દર્શન થયું. તેમાં પણ જે પ્રમાણે સ્વરૂપાનંદસ્વામીએ

૧.નભતા; પાલન-પોષણ પામતા

દેખ્યું હતું તે જ પ્રમાણે મુક્તાનંદસ્વામીને જણાણું.

પછી સવારે મુક્તાનંદસ્વામી ઊઠ્યા ને સ્વરૂપાનંદસ્વામીને દંડવત કરી પગે લાગતા હતા. ત્યાં જીવો ખાચર કહે જે, 'મહારાજ, શું છે ?' ત્યારે મુક્તાનંદસ્વામી કહે કે, 'કાલે સ્વરૂપાનંદસ્વામી જે વાત કહેતા હતા તે લુવારના છોકરાને (મહારાજ) મોટી સવારી સહિત તેડવા ગયા હતા, તે વાત મને મનાઈ નો'તી; પણ આજ મને પણ એ જ પ્રમાણે દર્શન થયું, તેથી મેં સ્વામીને દંડવત કર્યા.' એ સાંભળીને જીવો ખાચર કહે, 'મને પણ નો'તું મનાણું, પણ એ વાત ખરી છે.' એમ ધારીને એને પણ એમ થયું જે, 'એ વાત તો ખરી છે, મને નો'તું મનાતું તે મારામાં ભૂલ છે.' પછી જીવા ખાચરે દંડવત કર્યા ને પગે લાગ્યા ને કહ્યું જે, 'મહારાજ મને કહેતા તે સાચું હશે.'

પછી જીવા ખાચરને ત્રીજી રાત્રે એ જ પ્રમાણે દર્શન થયાં, એટલે જીવા ખાચરને પણ બરાબર સમજાણું કે, જે સાધુ કે'તા હતા તે વાત ખરી છે. તે વાતનો પાક્કો નિશ્ચય થયો. તે પછી સવારે જીવો ખાચર પણ ઊઠીને પગે લાગ્યા ને ત્રણેને એ જ પ્રમાણે દર્શન થયાં એટલે ત્રણે જણ ઘણા રાજી થયા.

પછી સાધુએ સવારે ઝોળીએ નીકળવાનો વિચાર કર્યો. ત્યારે જીવો ખાચર કહે જે, 'મહારાજ, ઝોળીએ શા સારુ જાઓ છો ? હું તેડી આવ્યો છઉં, માટે આંહીંથી સીધું સામાન લ્યો ને જમો; તમારે ઝોળીએ જાવું નહીં.' પણ સાધુને ઝોળીનો **મષ**[૧] કરીને મહારાજનાં દર્શન કરવા જાવું, તેથી સાધુએ ન માન્યું ને ઝોળીએ નીકળ્યા. તે દાદા ખાચરના દરબારમાં આવ્યા ને 'નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !' કહ્યું. તે વખત મહારાજ થાળ જમતા હતા તે મહારાજે સાંભળ્યું. પછી મહારાજે સાધુને બોલાવવા સારુ માણસ મોકલ્યો. તે સાધુ આવ્યા ને મહારાજ જમતા હતા તે મહારાજની પાસે આવીને સાધુ બેઠા. ને પછી મહારાજ જમી રહ્યા ત્યારે સાધુને થાળ આપ્યો. ને પછી મહારાજે ચળું

૧.નિમિત્ત; બહાને

કર્યું ને પછી જળપાન કરી મુખવાસ જમ્યા ને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ને પછી સાધુઓ તે થાળની પ્રસાદી જમવા બેઠા. તે જમી રહ્યા પછી મહારાજની પાસે બેઠા.

પછી મહારાજ કહે, 'કીર્તન બોલો.' પછી સાધુ કીર્તન બોલ્યા. તે સાંભળીને મહારાજ બોલ્યા જે, "અમે અહીં છાના રહીએ છીએ ને તમે પ્રગટનાં કીર્તન બોલો છો ને ગાવો છો એ ઠીક નહીં. માટે હવે તમારે **પ્રોક્ષનાં**[૧] કીર્તન બોલવાં." ત્યારે સાધુ કહે જે, 'ઠીક મહારાજ !' એમ કહી સાધુ ગયા ને મહારાજ પોઢ્યા. પછી પોઢીને જાગ્યા ને મુખારવિંદ ધોઈને જળપાન કરી બેઠા હતા.

❁ અમારો વિચાર તો ગુજરાતમાં સમૈયો કરવાનો છે :

ત્યાં **પંચાળાથી ઝીણોભાઈ** આવ્યા તે મહારાજને દંડવત કરી પગે લાગીને બોલ્યા જે, 'મહારાજ, મારી ઉપર દયા કરો !' ત્યારે મહારાજ કહે, 'શું દયા કરું ?' ત્યારે ઝીણોભાઈ કહે, "મારે સમૈયો કરાવવો છે. તે તમે સમૈયો કરો ને તેમાં જે કાંઈ ખરચ થાશે તે હું આપીશ." ત્યારે મહારાજ કહે જે, 'અમે તો દાદા ખાચરને ઘરે રહ્યા છીએ, માટે તમે દાદા ખાચરને કહો ને અમે તો એ કહે તેમ કરીએ છીએ.'

પછી ઝીણાભાઈએ દાદા ખાચરને પૂછ્યું કે, 'મહારાજ સમૈયો કરે તેનો ખરચ હું આપું ?' પછી દાદો ખાચર કહે, 'ના, એમ તો ન થાય. મહારાજ સમૈયો કરશે, ને તેનો ખરચ થાશે તે આંહીંથી આપશું.' પછી ઝીણોભાઈ કહે, 'એમ થાય નહીં, તમારે ઘરે તો હંમેશાં (મહારાજ ને સંતો) રહે છે તો મને આટલું કરવા દ્યો.'

પછી દાદો ખાચર કે, 'જીવુબાઈને પૂછીએ ને એ કહે તેમ કરીએ.' પછી જીવુબાઈને પૂછ્યું ત્યારે તેમણે પણ ના પાડી. પછી લાડુબાઈને પૂછ્યું કે, 'કેમ લાડુબાઈ, આ ઝીણોભાઈ સમૈયો કરવાનું કહે છે ને ખરચ આપવાનું કહે છે; તેનું શું કરવું ?' ત્યારે લાડુબાઈ

૧.પરોક્ષભાવનાં

કહે જે, "એ વાત તો થાય જ નહીં, ઝીણોભાઈ તો આપણા મહેમાન છે ને એની પાસેથી ખરચ લેવાય જ નહીં.' પછી ઝીણોભાઈ કહે, "મહારાજ હંમેશાં તમારે ઘરે રહે છે ને મહારાજની તમે ઘણી સેવા કરો છો, તો આટલું મને કરવા દ્યો." તોપણ તેમણે માન્યું નહીં. પછી **આખર**[1] ઘણીક તાણ કરતાં સૌએ હા પાડી.

પછી મહારાજે કહ્યું જે, 'કાનમ, ગુજરાત, દંઢાવ્ય, ચરોતર, સુરત, અમદાવાદ વિગેરે સર્વે દેશમાં કંકોતરીઓ લખો.' પછી તમામ ઠેકાણે કંકોતરી લખી ને હરજીવન દવે તથા લક્ષ્મીરામ તથા બેચર વિગેરે ચાર-પાંચ બ્રાહ્મણોને કંકોતરીઓ આપીને દેશમાં મોકલ્યા. તે બ્રાહ્મણો આંહીંથી ચાલ્યા તે કારિયાણીએ ગયા ને ત્યાં રાત રહ્યા. ત્યાં સચ્ચિદાનંદસ્વામી તથા નીલકંઠાનંદસ્વામી કારિયાણીએ મળ્યા. તેણે પૂછ્યું જે, 'તમે ક્યાં જાવ છો ?' ત્યારે તે બ્રાહ્મણોએ બધી વાત કહી દેખાડી. ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે જે, 'તમે સવારે ચાલો ત્યારે અમારે **મોઢે થાતા**[2] જાજ્યો.' ત્યારે બ્રાહ્મણો કહે, "અમે સવારે ચાલવાના હોઈએ ને તમે કદાપિ સમાધિમાં હો તો અમારે ખોટી થઈ રહેવું પડે, માટે અમે તો વહેલા તમારી રજા વગર ચાલશું." પછી સ્વામી કહે, 'એમ નહીં, મોઢે થયા વિના જાશો નહીં.' એમ કહ્યું.

ને **અહીંયાં**[3] મહારાજે સર્વે હરિભક્ત તથા ઝીણાભાઈ તથા દાદા ખાચર તથા જીવુબાઈ તથા લાડુબાઈ તથા મોટા-મોટા સાધુ વિગેરે સર્વેને બોલાવીને કહ્યું કે, "આપણે આંહીં સમૈયો કરશું તો ગુજરાત વિગેરે દૂર દેશાવરના હરિભક્તને આવવું પડશે, એટલે તેને ઘણું દુ:ખ પડશે; માટે અમારો વિચાર તો ગુજરાતમાં સમૈયો કરવાનો છે. તમારી સર્વેની શી મરજી છે ? જે હોય તે કહો." ત્યારે સર્વે મળીને વિચાર કર્યો કે, 'મહારાજ, ગુજરાતમાં સમૈયો કરવો એ અમારા ધ્યાનમાં આવતું નથી. ને અહીંના હરિભક્તને **તાણ પડશે**[4], માટે ત્યાંના હરિભક્તને તાણ પડે તેની તમને ચિંતા થઈ પડી છે ને આંહીંના

૧.છેવટે ૨.અમને મળીને ૩.ગઢડામાં ૪.વિરહ થશે

હરિભક્તને ત્યાં આવવું પડે ને અમને તાણ પડે તેની તમને ચિંતા નથી ! ઠીક મહારાજ ! તમારે એમ જ જોઈએ.' એમ કહીને સર્વે રીસ ચડાવીને ઊઠી નીકળ્યાં.

પછી પાછા ફરીને મહારાજે સૌને ભેગા કર્યાં ને વળી પાછા સમજાવવા માંડ્યા; ને મહારાજ કહે, 'હવે **આ ફેરે**[1] તો અમને તમે સર્વે રાજી થઈને રજા આપો, ને પછી બીજી ફેરો તમે કે'શો એમ કરશું, પણ આ ફેર તો અમને ત્યાં સમૈયો કરવા જવા દ્યો, તો અમે બહુ રાજી થાઈએ.' પછી સૌએ વિચાર્યું કે, 'મહારાજને બહુ તાણ રહે છે ને ત્યાં જવાની મહારાજની બહુ મરજી છે; તે સર્વે આપણે રાજી-ખુશીથી મહારાજને રજા આપો.' પછી મહારાજને કહે, "મહારાજ ! તમારા જેવા અમે થાતા નથી, કદી તમારા જેવા થઈએ, તો તો તમને આંહીંથી જવા ન દઈએ; પણ મહારાજ ! તમે દૂર દેશથી આંહીં આવીને અમારી સંભાળ લીધી ને અમારા કલ્યાણને સારુ અહીં આવ્યા છો. માટે અમે તમને કુરાજી કરીએ તે ઠીક નહીં, માટે પધારો ને વે'લા આવજો." ને કેટલાકે કહ્યું જે, 'હે મહારાજ ! હવે રાજી થયા ?'

મહારાજ કહે, 'હા, આજ તો અમે બહુ રાજી થયા.' એમ કહીને દાદા ખાચરને તથા ઝીણાભાઈને હૃદયને વિષે ચરણારવિંદ દીધાં. પછી ગુજરાત તરફ ચાલવાને સારુ તૈયારી કરી. પછી તે જ દિવસે તત્કાળ તૈયારી કરવાનો વિચાર કરી ઘોડા, ગાડાં, રથ, વેલો - એ બધું **સાબદું**[2] કરીને મહારાજ, દાદા ખાચર તથા લાડુબાઈ તથા ઝીણોભાઈ તથા કેટલાક મોટા-મોટા પરમહંસ, બ્રહ્મચારી તથા સાધુ-પાળા, હરિભક્ત - એ સર્વે સમૈયા ઉપર મહારાજની સાથે સાંજ **ઉપર**[3] ચાલ્યા. તે ગામના કેટલાક હરિભક્તો **આઘા**[4] સુધી વળાવવા આવ્યા, તે વળાવીને પાછા વળ્યા. પછી સર્વે ઓલી(ઉગમણી) તરફ ચાલ્યા, તે ઉગામેડીએ જઈને રાત રહ્યા.

પછી દાદો ખાચર કહે, 'મહારાજ, આપણે આંહીં રાત રહ્યા

૧.આ વખતે ૨.તૈયાર ૩.વખતે ૪.દૂર

છીએ, પણ ઓલ્યા બ્રાહ્મણ કંકોતરીઓ લઈને ગયા છે. તે આજ કારિયાણીએ રાત છે, તે સવારે વહેલા ચાલી નીસરશે. માટે જો આપણે વહેલા જઈએ તો તે બ્રાહ્મણને પાછા વાળીએ, નીકર એ સવારે ચાલ્યા જશે.' એ સાંભળી મહારાજ કહે, 'આપણે આંહીંથી વહેલા ચાલીશું, પણ સામી રાતનું ચાલવું નહીં.' એમ કહીને એક ખેતરમાં ઉતારો કર્યો ને ત્યાં સર્વે કાંઈ થોડું-થોડું જમીને સૂતા ને મહારાજ પણ ગાદલું પાથરીને એક ગાડામાં પોઢ્યા, તે અરધી રાત સુધી પોઢ્યા.

તેવામાં એક બહુ રૂપાળો શ્વેત વસ્ત્ર પે'રેલો એક પુરુષ આકાશમાંથી સડેડાટ ઊતર્યો ને મહારાજને પગે પડ્યો. તે મહારાજ તથા સર્વે હરિભક્ત જાગી ઊઠ્યા, ને જુવે છે તો કોઈ શ્વેત પુરુષ સડેડાટ આવીને મહારાજને પગે લાગ્યો. ને આગળ બેસી સ્તુતિ તથા વાતો કરવા લાગ્યો. તે જોઈ સર્વે બીવા લાગ્યા ને વિસ્મિત થયા ને અકળાઈ ગયા. ત્યારે મહારાજ કહે, 'કોઈ બીશો નહીં ને અકળાશો નહીં.'

પછી તે પુરુષ ઘડીવાર બેસીને પછી પાછો સડેડાટ આકાશ માર્ગે ચાલતો થયો. તે તેમાંથી અધર જતાં ઘણો પ્રકાશ થયો ને અધર જતાં તારા જેવું નીકળીને ઊડતાં ઊડતાં સઉ આકાશમાં ગયું. તે સૌ જોઈ રહ્યા. પછી સૌએ મહારાજને પૂછ્યું જે, 'હે મહારાજ ! એ શું થયું ? ને એ શું હતું ?' ત્યારે મહારાજ કહે, 'એ તો ચંદ્રમા તથા તારામંડળ એ સર્વે અમારાં દર્શન કરવા આવ્યાં હતાં.' પછી મહારાજ તથા સૌ હરિજન જાગ્યા, ત્યાં મહારાજે કેટલીક વાતો કરી.

❀ પૂછ્યા વિના લેવું એ તો ચોરી કહેવાય :

પછી પાછલી ચાર ઘડી રાત્રી રહી ત્યારે મહારાજ ત્યાંથી ચાલ્યા. તે દિવસ ઊગ્યામાં કારિયાણીએ ગયા. ત્યાં તો પેલા કંકોતરીવાળા બ્રાહ્મણ સચ્ચિદાનંદસ્વામી આગળ વહેલા જઈને કહે કે, 'હવે અમે જઈએ છીએ, તે અમને રજા આપો.' ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે કે, 'ઘડીક ખોટી થાઓ ને દિવસ ઊગે ત્યારે ચાલજો.' પછી તે બ્રાહ્મણ

રહ્યા. ને દિવસ ઊગ્યા વખત ચાલવાનો વિચાર કરે છે, ત્યાં મહારાજ ગયા ને પછી બ્રાહ્મણ સર્વેને પાછા વાળીને પોતે ત્યાં રહ્યા.

તે દિવસે વસ્તા ખાચરને ત્યાં થાળ જમ્યા. ને પોતા સાથે સર્વે હરિજન હતા તે પણ વસ્તા ખાચરને ઘરે જમ્યા. ને રાતે પણ તે જ પ્રમાણે જમ્યા. પછી મહારાજને પોઢવાનો વખત થયો ત્યારે સર્વેને ભલામણ કરવામાં આવી કે, 'સર્વે વહેલા ઊઠજો.' ત્યારે વસ્તા ખાચર કહે જે, 'મહારાજ ! વહેલા તો નહિ ચાલવા દઈએ. છાશ **પીને**[૧] ચાલજો.' ત્યારે મહારાજ કહે, 'અમે રોકાશું નહીં, અમારે તાકીદથી જવું છે; માટે નહીં રોકાઈએ.' ત્યારે વસ્તા ખાચર કહે, 'વહેલા રોટલા કરાવશું ?' ત્યારે મહારાજ કહે, 'જેટલા સવાર છે તેટલા તમારે ત્યાં છાશ પીશું ને બીજા બધાં માણસો રાઘવ પટેલને ત્યાં છાશ પીશે.' ત્યારે સૌએ એ પ્રમાણે કબૂલ કર્યું.

પછી મહારાજ પોઢ્યા. ને સવારે વહેલા જાગ્યા ને પછી સૌને ઉઠાડ્યા; ને મહારાજે દાતણ વિગેરે સર્વે ક્રિયા કરી. ને સર્વે હરિજન વસ્તા ખાચરને પાણિયારેથી દાતણ લઈને તળાવે ના'વા ગયા. ત્યાં વેરેભાઈએ કહ્યું જે, 'આજ તો આપણે વર્તમાનમાં **ફેર પડ્યો.**[૨]' ત્યારે સઉ કહે, 'શું ફેર પડ્યો ?' ત્યારે વેરોભાઈ કહે, "મહારાજે કહ્યું છે જે, **'કોઈની પૂછ્યા વિના કાંઈ જણસ**[૩] **લેવી નહીં'** ને આપણે આ દાતણ વસ્તા ખાચરને પાણિયારેથી પૂછ્યા વિના લીધાં. તે આપણે મહારાજનું વચન લોપ્યું, એ વર્તમાનમાં ફેર પડ્યો."

ત્યારે સર્વે વેરાભાઈને કહેવા લાગ્યા જે, 'આ વાત હવે આપણે આટલા જાણીએ છીએ, પણ બીજા કોઈને કહેશો નહીં. કારણ કે, મહારાજને ખબર પડશે તો મહારાજ પ્રકરણ ફેરવશે ને આમાંથી કાંઈનું કાંઈ થાશે ને મહારાજ બહુ ધખશે. જુઓને, મહારાજ આપણ સર્વેને ઉત્સાહ સહિત તેડી જાય છે. ને આમાં કોઈ કહેશો તો મહારાજ **ધખશે**[૪] ને ઉદાસ થાશે; વાસ્તે કાંઈ કહેશો નહીં.'

૧.સવારનો નાસ્તો કરીને ૨.ધર્મ લોપાયો ૩.વસ્તુ ૪.વઢશે

પછી વેરોભાઈ કહે, 'ભાઈ, એ તો કહ્યા વિના નહીં ચાલે.' પછી હરિભક્તે ઘણું કહેવા માંડ્યું ત્યારે વેરોભાઈ કહે, 'નહીં કહું.' પછી નાહીને સર્વે ઉતારે આવ્યા. ત્યારે મહારાજ પાસે વેરાભાઈએ કહ્યું જે, 'મહારાજ ! મારે તો વર્તમાનમાં ફેર પડ્યો.' ત્યારે સહુ કહે જે, 'બોલો મા.' ત્યારે વેરોભાઈ બોલતાં આળસી ગયા. ત્યારે પડખેથી બીજા હરિભક્તો બોલ્યા જે, 'મહારાજ ! એ તો અમથો બોલે છે, પણ કાંઈ વર્તમાનમાં ફેર નથી પડ્યો.'

ત્યારે મહારાજ કહે, 'એને બોલવાની શીદ ના પાડો છો ? તમારે વર્તમાન પાળવાં નહીં ને બીજાને પાળવાં દેવાં નહીં.' પછી વેરોભાઈ બોલ્યા કે, 'હે મહારાજ ! વસ્તા ખાચરને પાણિયારેથી પૂછ્યા વિના આ સર્વેએ તથા મેં દાતણ લીધાં.'

પછી મહારાજ કહે, **'પૂછ્યા વિના લેવું એ તો ચોરી કરી કહેવાય. ત્યારે તો આપણા સંપ્રદાય પ્રમાણે તમારા વર્તમાનમાં ફેર પડ્યો કહેવાય.'** ત્યારે વેરોભાઈ હાથ જોડીને સ્તુતિ કરીને બોલ્યા જે, 'હવે મહારાજ ! તમે જે પ્રાયશ્ચિત કહો તે પ્રાયશ્ચિત કરું.' ત્યારે મહારાજ કહે, 'આંહીંથી પાછા ગઢડે જાઓ, ને રસ્તામાં જે કોઈ સાધુ મળે તેને દસ દંડવત કરી આ વાત કરી દેખાડજો, ને જે કોઈ હરિભક્ત મળે તેને પાંચ દંડવત પ્રણામ કરીને આ વાત કહી દેખાડજો. ને સાધુ તથા હરિભક્ત દંડવત કરવાની ના કહે તો એમ કહેજો જે, મહારાજે મને પ્રાયશ્ચિત કરાવ્યું છે, માટે દંડવત કરવા દ્યો.'

પછી વેરોભાઈ પાછા ગઢડા તરફ ચાલ્યા. ને ત્યાં કારિયાણીમાં સર્વે સાધુ, બ્રહ્મચારી તથા પાળા, ગૃહસ્થ જે સૌ હતા તેને મહારાજે કહ્યું જે, 'પંક્તિ થાઓ. જમવાનો વખત થયો છે.' ત્યારે રાઘવ પટેલને ત્યાંથી રોટલા, ગોળ, ઘી, દૂધ, દહીં – એ સર્વે આવ્યું. તે સર્વેને પંગત કરીને જમાડ્યું. ત્યારે મહારાજ કહે, 'રાઘવ પટેલને ઘરેથી તો આ બધું આવ્યું તે સર્વે જમી રહ્યા; માટે હવે તમારે ઘરેથી પણ લાવો.' ત્યારે વસ્તો ખાચર કહે જે, 'મહારાજ ! મારે તો હજી ગોલાં સૂતાં હશે. તે

ઊઠશે ને ચૂલા સળગાવશે, પછી રોટલા મોડા થાશે.' ત્યારે મહારાજ કહે, 'ઉતાવળ કરાવો.'

❁ ઊતરીને બદલે કેરી લીધી તેનો સુંદર સાર :

પછી મહારાજને બ્રહ્મચારી તેડવા આવ્યા. તે મહારાજ જમવા પધાર્યા. તે વસ્તા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ થાળ જમવા બેઠા હતા. તે મહારાજ જમ્યા ને મુખવાસ જમતાં જમતાં ઓસરીની કોરે ઉભડક બેઠા હતા. તેવામાં કોઈ હરિભક્તે કેરીનો ટોપલો લાવીને મહારાજ આગળ મૂક્યો. તેના સમાચાર મહારાજે પૂછ્યા ને **માલીકોરથી**[1] એક કેરી લઈને વસ્તા ખાચરના દીકરા જોઈતા ખાચરને આપવા માંડી. તે વખત જોઈતા ખાચરની ઉંમર નાની હતી. તેની કોટમાં સોનાની નવસો રૂપૈયાની કિંમતવાળી **ઊતરી**[2] હતી. તે પહેરીને બેઠેલા હતા. તેને મહારાજે કેરી આપવા માંડી, તે જોઈતો ખાચર લેવા આવ્યા. તે મહારાજ કહે, 'ના ના, નહિ આપીએ.' એમ કહીને હસાવ્યા. ત્યારે જોઈતો ખાચર તો પાછા બેઠા.

ને ઘડીકવાર થઈ ત્યારે મહારાજે વળી પાછા એક કેરી હાથમાં લઈને ફરીથી જોઈતા ખાચરને બોલાવ્યા, તે મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ કહે, 'આ તમારી કોટમાં ઊતરી છે, તે અમને આપો તો આ એક કેરી તમને આપીએ.' ત્યારે જોઈતા ખાચરે ઊતરી કાઢીને મહારાજને આપી ને મહારાજના હાથમાંથી કેરી લઈ ગયા.

પછી મહારાજ સર્વેને બોલાવીને કહે, "આ જોઈતા ખાચરે અમને કેરીને બદલે ઊતરી આપી છે. તે જુઓ, આ ઊતરીમાં કેટલીક કેરીઓ રહી છે. ગુજરાતમાંથી ગાડલાં જોડાવે તો આંહીં સુધી પહોંચે એટલી કેરી આવે પણ બાળકને કાંઈ આ સોનાનો કે રૂપાનો મહિમા નથી; માટે આ સોનાની સાંકળીને મૂકી દઈને એક કેરી લીધી. તેમ જ **આ સંસારમાં જે મનુષ્ય છે તે સર્વે ભગવાનને મૂકી દઈને આ સંસારમાં**

૧.ટોપલામાંથી ૨.સાંકળી - ડોકમાં પહેરવાનું ઘરેણું

જે અલ્પ ને ખોટાં પદાર્થ છે તેને વિશે આ બાળકની પેઠે લોભાઈ જાય છે." પછી મહારાજ ઢોલિયા ઉપર બેઠા. ને ઘડીક વાર થઈ એટલે રસોઈ તૈયાર થઈ. તે વસ્તો ખાચર સહુ અસવારને જમવા તેડી ગયા. તે સૌને જમાડ્યા. ને પછી સૌ સંઘને સાબદો કરીને ચાલ્યા.

❋ શ્રીહરિએ સુંદરિયાણામાં કરેલી લીલા :

તે ત્યાંથી મહારાજ સુંદરિયાણે આવ્યા. ને તે ગામના હરિભક્ત સર્વે મહારાજ સામા આવ્યા, ને વાજતે-ગાજતે મહારાજને ગામમાં લાવ્યા. ને ડોસા ખાચરના દરબારમાં ઉતારો કર્યો. ને તેના ફળીમાં લીંબડા હેઠે ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને આગળ સાધુ તથા હરિભક્ત એ સર્વેની સભા ભરાઈને બેઠી હતી.

તે વખતમાં સુંદરિયાણાના ભગા શેઠનો દીકરો પીતાંબર મહારાજ સામો આવીને ઊભો હતો. તેના સામું મહારાજે જોયું ને બોલ્યા જે, 'આ વખતે આ છોકરાનું અંતઃકરણ બહુ ચોખું છે, તે કોઈ મોટા સાધુ હોય તેના જેવું અંતઃકરણ ચોખ્ખું છે.' પછી મહારાજ ના'વા બેઠા. તે ફળીમાં બાજોઠ નાંખ્યો હતો તે ઉપર નાવા બેઠા. તે વખત મોજડિયું ઉતારી નાખી હતી. તે મોજડિયું છાની માની ભગા શેઠના પીતામ્બરે પોતાના કેડિયામાં છાતી ઉપર સંતાડ્યાની પેઠે રાખી હતી.

પછી મહારાજ નાહીને ચાખડીઓ પેરીને વના શેઠના ઘરે જમવા પધાર્યા. તે જમી રહ્યા પછી મુખવાસ જમીને બીજા સંઘના માણસોને પણ જમાડ્યા. ને પછી ત્યાંથી ચાલવા મનસૂબો કર્યો. ને મહારાજ કહે, 'અમારી મોજડિયું લાવો.' પછી સૌ ગોતવા મંડ્યા, પણ હાથ ન આવે. પછી એ પીતામ્બરે પોતાનાં કેડિયામાંથી મોજડિયું કાઢીને મહારાજની આગળ મૂકી, તે પેરીને દરબારમાં પધાર્યા. પછી લીંબડા હેઠળ સભા કરીને સાંજ સુધી ત્યાં રહ્યા. ને પછી મહારાજ કહે, "આંહીં તો પવન નથી ને સાંકડ જેવું જણાય છે; માટે કોઈ જગ્યાએ સારો પવન હોય તો ચાલો."

પછી હરિભક્તે કહ્યું જે, 'મહારાજ ! તળાવની પાળે સારો પવન છે, ને **પગતાણ્ય**[૧] છે ને જમીન પણ સુંદર છે.' પછી મહારાજ કહે, 'ત્યાં ચાલો.' પછી સૌ ગામના તથા સંઘના હરિભક્ત, સાધુ, બ્રહ્મચારી સર્વે તળાવની પાળે ગયા. ને ત્યાં ઢોલિયો બિછાવ્યો, તે ઉપર મહારાજ બિરાજમાન થયા. ને બીજાં બિછાનાં પાથરી તે ઉપર હરિજન વિગેરે સર્વે બેઠા. તે રાતના દશ વાગતાં સુધી સર્વે બેઠા. પછી મહારાજ કહે, 'હવે સૌ ગામમાં જાઓ, ને આંહીં ચોકીમાં માણસો રાખજ્યો.'

પછી કેટલાક માણસો તો ગામમાં ગયા ને બીજા જે ગામના હરિભક્ત તે ચોકીમાં રહ્યા. ને મહારાજ ત્યાં પોઢ્યા. સવારે ઊઠીને ચાલવાની તૈયારી કરી, ત્યારે સર્વે હરિભક્ત વળાવવા નીકળ્યા. પછી મહારાજ કહે જે, 'પાછા વળો,' પણ પાછા વળે નહીં. પછી મહારાજે બે-ચાર વખત કહ્યું, ત્યારે સૌ પાછા વળ્યા.

❀ વેજળકાની બાઈએ શ્રીહરિ તથા સંતો-ભક્તોને જમાડ્યાં :

મહારાજ ચાલ્યા તે રસ્તામાં એમ બોલ્યા જે, 'આજ આપણે ધોળકે જઈને રોટલા ખાવા છે.' ત્યારે ભેગા કાઠીના સવારો હતા, તે બોલ્યા જે, 'મહારાજ ! ધોળકો તો બહુ આઘો છે. તે ધોળકે જાતાં તો મરી જાઈએ; માટે ઓરા છાશું પીશું.' પછી મહારાજ કહે, 'આંઈ કાંઈ જમો એવું નથી.' ત્યારે સુરોભગત કહે, 'મહારાજ ! કાંઈક કરો પણ ધોળકું તો આઘું છે. તે સૌ દુઃખી થાશે, માટે આંઈ રસ્તામાં કાં'ક જમવાનું કરો.'

પછી મહારાજ કહે, 'આ માણકી ઘોડીની **કાનહોરી**[૨] ઉપર લગામ મૂકીએ. તે જો આ ગામમાં સત્સંગ તો નથી, પણ જો છાશ પાવી હશે તો ઘોડી ગામમાં જાશે. ને જો નહીં પાવી હોય તો પાધરી ચાલી જાશે." પછી ઘોડીને કાને લગામ મૂકી, તે વેજળકા ગામમાં ગઈ. તે ગામમાં કોઈ હરિભક્ત તો નો'તા, પણ એક પટેલ બહુ જબરો હતો; તેને ઘેરે ગયા.તો પટેલ ઘરે નો'તો,ને પટેલની સ્ત્રી હતી.

૧.પહોળાશ; જગ્યાની મોકળાશ ૨.બે કાન વચ્ચે.

તેણે આદર-સત્કાર કરી ઘોડા ગમાણે બંધાવ્યા ને મહારાજને ઢોલિયો બિછાવી આપ્યો, તે ઉપર મહારાજ બેઠા. ને બૂંગણ પાથરી આપ્યું, તે પર સાધુ-હરિભક્ત બેઠા. ને પટેલની સ્ત્રીએ રોટલા ઘડી નાંખીને સર્વેને રોટલા, ઘી, ગોળ, દૂધ, દહીં વિગેરે જમાડ્યું.

પછી મહારાજ ઘણા રાજી થયા ને સોમલા ખાચરને કહે, "આ બાઈના છોકરાના હાથમાં કાંઈક આપો." પછી સોમલે ખાચરે દશ રૂપૈયા આપવા માંડ્યા, પણ બાઈએ લીધા નહીં. પછી મહારાજ ઘણું ખુશી થયા, ને એ છોકરાને માથે હાથ મૂક્યો. ને ત્યાંથી ચાલ્યા તે ધોળકે ગયા. એ ગામના હરિભક્તને ખબર પડ્યા. તે સર્વે હરિભક્ત સામા આવ્યા. ને ગાજતે વાજતે મહારાજને ગામમાં પધરાવ્યા. તે દિવસ ત્યાં રાત રહ્યા.

❀ મહારાજે સંઘને ધોળી શેરડી જમાડી :

પછી સવારે ત્યાંથી ચાલ્યા, તે રસ્તામાં ચાલતાં ચાલતાં એક ગામ આવ્યું. ત્યાં ધોળી શેરડીના વાઢ ઘણા હતાં, ને ત્યાં ચિચોડા ફરતા હતા. તે ચિચોડાનો સ્વર જુદી જાતનો હતો. તે સાંભળીને કાઠીઓ બોલ્યા જે, 'મહારાજ ! આ શું થાય છે ? ને આ શું છે ?' ત્યારે મહારાજ કહે, 'એ તો ધોળી શેરડીના વાઢ છે, ને ચિચોડો ફરે છે.' ત્યારે કાઠીઓએ પૂછ્યું જે, 'મહારાજ ! માણહ ઈ જાણતા સે કે ધોળી શેરડીના વાઢ છે તે ધોળી શેરડી કેવી હશે ?' ત્યારે મહારાજ કહે, 'કાંઈક વરતી ફરી લાગે છે, ને શેરડી ખાધાનું મન થયું છે કે શું ?' પછી સુરોભગત કહે, 'ના મહારાજ, આપણા દેશમાં તો ધોળી શેરડી નથી. તે કેવી હશે ? ને વળી જમાડો તો જમીએ પણ ખરા !' પછી મહારાજ કે, 'લો, મંગાવીએ.'

પછી મહારાજે ભગુજીને તથા બે પાળાને મોકલ્યા. ત્યારે ભગુજીએ વાઢના ધણી આગળ જઈને કહ્યું જે, 'કાઠિયાવાડના દરબાર છે ને સ્વામિનારાયણ મહારાજ ભેગા છે. તે કહે છે જે, "અમારા

દેશમાં ધોળી શેરડી નથી, માટે ધોળી શેરડી તેમને ખાવી છે; માટે આ પૈસા લો ને શેરડી આપો." ત્યારે વાઢનો ધણી કહે કે, 'કાઠિયાવાડના દરબારો ને સ્વામિનારાયણ મહારાજ અમારે ત્યાં ક્યાંથી હોય ?' એમ કહીને પૈસા લેવાની ના કહી. ને ગાડામાં શેરડી ભરીને મહારાજ પાસે આવ્યો ને ગાડું ઠલવ્યું. તે જોઈ મહારાજ ઘણા રાજી થયા. ને પછી મહારાજ, કાઠીઓ ને સર્વે સાધુ, બ્રહ્મચારી, પાળાએ ભેગા થઈને શેરડી ખાધી.

❀ મહારાજે જેતલપુરમાં સમૈયો કર્યો :

પછી ત્યાંથી ચાલ્યા, તે જેતલપુર ગયા. ત્યાં માણસોને ખબર પડી, તેથી ગામના હરિભક્ત સર્વે સામા આવ્યા. ને વાજતે ગાજતે મહારાજને ગામમાં પધરાવ્યા ને ઉતારો કર્યો. ને પછી મહારાજ જ્યાં સુધી ત્યાં રે'તા, ત્યાં સુધી થાળ ગંગામાના હાથનો જમતા. ને મોહોલમાં ઉતારો રાખતા ને ત્યાં સભાઓ કરતા.

પછી એક હરિભક્ત રસોઈ દેવા આવ્યો. તેને મહારાજ કહે, 'આપણે કાઠિયાવાડી રસોઈ કરીએ.' ત્યારે તે હરિભક્ત કહે જે, 'મહારાજ ! મારે તો પાકી રસોઈ આપવી છે.' ત્યારે મહારાજ કહે, 'પાકી રસોઈ લઈએ, ને અમારી કાઠિયાવાડી રસોઈની ખબર છે ? બાજરાના ને ઘઉંના રોટલા ને કઢી ને માલીકોર થોડુંક ઘી - એ પ્રમાણે કાઠિયાવાડનો ચાલ છે.' પછી તે હરિભક્ત કહે જે, 'મહારાજ ! જેમ તમારી મરજી હોય તેમ કરો.'

પછી રસોઈની તૈયારી થઈ ને મહારાજ થાળ જમવા ગંગામાના રસોડે પધાર્યા. ને પછી ત્યાંથી થાળ જમીને આવ્યા. એટલે બીજા માણસોની ત્યાં રસોઈ ત્યાર થઈ, ને સૌ જમવા ઊઠ્યા ને પંગત થઈ. તેવામાં સૌને અકેકી તાંસળીમાં કઢી ને બાજરાનો રોટલો ને તેની ઉપર ઘી – એ પ્રમાણે સર્વેને આપ્યું. તે સર્વે જમ્યા.

પછી મહારાજે સભા કરીને સર્વેને સમૈયો કરવાનું કહ્યું. ને બધા

દેશોમાં ખબર કરાવ્યા હતા, તે હરિભક્તો સૌ ભેગાં થયાં ને ઘણાંક માણસો ભેગાં થયાં. ને સભાઓ થાય છે ને મહારાજ વાતો કરે, એ પ્રમાણે થાય. ને કોઈ કોઈ રસોઈ આપે છે ને ઘણાક હરિભક્ત મહારાજની પૂજા કરે છે. ને ભારે ભારે વસ્ત્ર-આભૂષણ લાવી મહારાજને ઓઢાડે છે, પેરાવે છે ને પૂજા કરી આરતીઓ ઉતારે છે. ને ઘણાંક માણસો કીર્તન બોલે છે, ને કેટલાક તરે-તરે વારનાં વાજિંત્ર વજાડે છે. એ પ્રમાણે ઘણાંક માણસો ભેગા થઈને ધામધૂમ કરે છે ને મહારાજનાં દર્શન કરીને અપાર સુખ લે છે. એ પ્રમાણે ઘણો સારો સમૈયો કર્યો.

પછી એક વખત મેમદાવાદવાળા દુર્લભરામ બ્રાહ્મણ ઘોડી પાવા તળાવે ગયા હતા. તે વળતાં દુર્લભરામને તે ઘોડી જ્યાં મહારાજ સભા કરીને બેઠા હતા, ત્યાં લાવવી હતી; પણ મહારાજ પાસે ઘોડી આવે નહીં. ને જ્યાં બરાબર લાવવાનું કરે, ત્યાં ઘોડી જોર કરીને પાછી ખેંચી જાય. એમ મહારાજ જોતા હતા. એવું ત્રણ વખત થયું. ત્યારે મહારાજે વાત કરી જે, 'દુર્લભરામમાં બળ હશે તો દુર્લભરામ ઘોડીને આંહીં લાવશે, ને જો ઘોડીમાં બળ હશે તો ઘોડી ગામમાં ઢસડી જાશે. એ જ પ્રમાણે **આ જગતમાં મનુષ્યના જીવમાં જો ભગવાનની ભક્તિનું બળ હશે તો ભગવાનના ધામમાં જાશે ને જો માયાનું બળ હશે તો નરક-ચોરાશીમાં નાખશે, તે ફેરા ખાધા કરશે.'**

❁ મહારાજે વાદીના દૃષ્ટાંતે આપેલો સુંદર ઉપદેશ :

પછી મહારાજ બીજે દિવસે સભા કરીને બિરાજમાન થયા હતા. તેમાં હરિજનને વાતો કરીને ઉપદેશ કરતા હતા. તેમાં એક દષ્ટાંત આપ્યું જે, "એક વાદી હતો તે તેની પાસે એક સર્પનો કરંડિયો તથા એક વાંદરું તથા એક બકરું – એ પ્રમાણે ત્રણ પશુ હતાં. તે લઈને ચાલ્યો જાય છે, ત્યાં એક નદી આવી. તે નદી ઊતરવી, પછી તેણે સર્પનો કરંડિયો માથે મૂક્યો ને વાંદરાને ખાંધે બેસાર્યો, ને બકરાને હાથમાં ઝાલીને ચાલ્યો જાય છે. તેટલામાં નદીના મધ્ય ભાગમાં ગયો.

ત્યાં છાંટા આવવા લાગ્યા, તે સર્પના કરંડિયાનું ઢાંકણું વાંદરે લઈને માથે મૂક્યું; તે સર્પ ઉઘાડો થઈ રહ્યો, એટલે સર્પે વાંદરા ઉપર **તલફ નાખી**[૧] તે વાંદરું નદીમાં પડ્યું. તેની વાંસે સર્પ પણ પડ્યો. તેવામાં વાદીનો હાથ મોળો પડી ગયો, તેથી બકરું પણ પાણીમાં ગયું. એ રીતે ત્રણે પશુ પાણીમાં પડીને તણાઈ ગયાં. તેની પેઠે આ જગતમાં મનુષ્યની પણ એવી અવળી સમજણ છે ને અવળા સ્વભાવ છે. માટે તેને નરક-ચોરાશીનાં ને જમપુરીનાં ને ગર્ભવાસનાં દુઃખ ભોગવવાં પડે છે. એ બધું વાંદરાની પેઠે અવળા સ્વભાવથી જ થાય છે. **ભગવાનને તો વાદીની પેઠે સૌને સામે કાંઠે ઉતારીને પોતાના ધામમાં લઈ જાવા છે પણ જીવની અવળાઈ છે તે તેને નડે છે.**" એ પ્રમાણે કેટલીક વાતો રાતના બાર વાગતાં સુધી કરીને પોઢવા જતા હતા.

❁ મહુધાના બ્રહ્મરાક્ષસને બદરિકાશ્રમમાં મોકલ્યો :

એવામાં **ગઢડાનો નાથો** ભાવસાર ઘણો રમૂજી હતો. તેની પાસે મહારાજ કેટલાક મતપંથની દેશીઓ કઢાવતા ને રમૂજ કરાવતા હતા. તે વખત રાતના બાર વાગવાનો સમય હતો ને મહારાજ પોઢવા ઊઠ્યા કે તુરત કોઈએ ઓચિંતાની રાડ નાંખી. ત્યારે મહારાજ કહે, 'નાથા, અત્યારે રાડ્યો ને રમૂજ કરવી રહેવા દે; હવે સૂવાનો વખત થયો છે.' ત્યારે નાથો ભાવસાર કહે, 'મહારાજ, હું નથી બોલ્યો. તે તો કોઈકે રાડ નાંખી છે.'

ત્યારે બીજા તે ગામના હરિભક્તોમાંથી એક જણ કહે જે, 'મહારાજ, અહીંયાં એક બ્રાહ્મણ રહે છે. તેને એક બ્રહ્મરાક્ષસ વળગ્યો છે. તેણે જ રાડ નાંખી.' પછી મહારાજ કહે, 'એને અહીંયાં લાવો.' પછી તે બ્રાહ્મણને લાવ્યા, ને મહારાજ હાકલ કરીને બોલ્યા કે, 'અલ્યા દુષ્ટ ! કોણ છો ? ને આને શા સારુ વળગ્યો છે ? તે જવાબ દે ? અને ભૂત કેમ થયો ? અને જાતો રહે નહિ તો મરી જાઈશ !'

૧.ખિજાઈને ફૂંફાડો માર્યો.

પછી બ્રાહ્મણ કહે, "હું બ્રહ્મરાક્ષસ છું ને મહુધામાં રહું છું. તે મહુધાના પાદરમાં ઝાડ હેઠે અમે ત્રણ જણ રમતા હતા, તેમાં ઝાડની ડાળ પડી એટલે અમે ત્રણે જણ મરણ પામ્યા. તેમાં બે જણ તો ક્યાંક વયા ગયા ને મારે તો એ જ ગામને વિશે હેત હતું. તે હું તો તે ગામના પાદરમાં વડનું ઝાડ છે, ત્યાં રહેતો હતો. તેવામાં આ બ્રાહ્મણ આવીને કુવાડી વતે ડાળખું કાપવા આવ્યો. તે હું બેઠો હતો, તે જગ્યાએ આવીને કુવાડીનો ઘા કર્યો. તે મારા માથામાં વાગ્યો, તેથી હું તેને વળગ્યો છું. માટે હું તો જીવ લઈને જઈશ." તે સાંભળી મહારાજે સોટી મારી તે સોટીનું ફૂમકું તૂટી ગયું, તે સાધુએ લઈ લીધું. ને બોલ્યા જે, 'અલ્યા, જીવ લેનાર તું કોણ છો ? અહીંથી ભાગી જા.' ત્યારે બ્રહ્મરાક્ષસ કહે, 'હું ક્યાં જાઉં ?' ત્યારે મહારાજ કહે, 'તારે ગમે ત્યાં જા, પણ આ બ્રાહ્મણના દેહમાંથી નીકળ.'

પછી તે બ્રહ્મરાક્ષસ બોલ્યો જે, 'મને ક્યાંક રહેવાની જગ્યા બતાવો.' ત્યારે મહારાજ કહે, 'અમારામાં રે'.' ત્યારે બ્રહ્મરાક્ષસ કહે, 'મહારાજ ! હું તો બળી મરું.' ત્યારે મહારાજ કહે, 'આ સાધુમાં રે'.' ત્યારે તે કહે, 'મહારાજ, આ સાધુમાં પણ ન રહેવાય.' ત્યારે મહારાજ કહે, 'તું ક્યાં રહીશ ?' ત્યારે તે કહે, 'આ દરવાજામાં રહું ને કહો તો આ ગઢમાં રહું.'

ત્યારે મહારાજ કહે, 'પાટીદારો, આ બ્રહ્મરાક્ષસ કહે છે કે, 'હું આ દરવાજામાં તથા ગઢમાં રહું.' ત્યારે પાટીદારો બોલ્યા જે, 'મહારાજ, અમારી સ્ત્રીઓને તથા છોકરાંને ને અમારે આખો દિવસ જવું-આવવું પડે, માટે એને તો આંહીં રાખશો જ મા.' ત્યારે મહારાજ બ્રહ્મરાક્ષસને કહે, 'ભાઈ, એ તો પાટીદાર ના પાડે છે, માટે તું હવે ક્યાં રહીશ ?' ત્યારે બ્રહ્મરાક્ષસ કહે, 'આ ડોસીઓ જે વર્તમાન ન પાળતાં હોય તેનામાં રહું.' પછી મહારાજ કહે, "ડોસીઓ સહુ સાંભળો છો ? આ બ્રહ્મરાક્ષસ કહે છે જે, 'ડોસીઓમાં જે વર્તમાન ન પાળતાં હોય, તેનામાં રહું, માટે ત્યાં આવે છે." ત્યારે ડોસીઓ કહે, 'ના મહારાજ, આંહીં મોકલશો

નહીં, હવેથી સૌ વર્તમાન બરાબર પાળશું.'

પછી મહારાજ બ્રહ્મરાક્ષસને કહે, 'ડોસીઓ તો ના કહે છે, માટે તું બદરિકાશ્રમમાં જા.' પછી તેને બદરિકાશ્રમમાં મોકલ્યો. એ રીતે ત્યાં ભારે ચમત્કાર બતાવ્યો, તથા ઘણી વાતો કરીને હરિજનને સુખ આપ્યું. ને પછી ત્યાંથી વડતાલ તરફ ચાલવાનો વિચાર કર્યો અને તૈયાર થઈને સર્વે હરિજન સાથે નીકળ્યા ને ગામના તથા સમૈયામાં આવેલા માણસો વાજતે ગાજતે તમામ નીકળ્યાં. તે વળાવીને સર્વે પાછાં વળ્યાં.

ને મહારાજ ત્યાંથી ચાલ્યા તે વડતાલમાં આવ્યા. ત્યાં ગામના માણસો હરિજન વગેરે તમામને ખબર પડી, તે સૌ સામા આવ્યા ને વાજતે ગાજતે સૌ ગામમાં તેડી ગયા ને જોબન પગીને ત્યાં ઊતર્યા. તે વાતની ખબર સાંભળી ત્યારે આસપાસના હરિભક્ત સૌ દર્શને આવ્યા. તેને મહારાજ વાતો કરીને સર્વેને આનંદ પમાડતા હતા.

❁ *ભગવાનનાં દર્શન છોડી બીજું જોવું નહીં :*

પછી મહારાજ, સાધુ તથા હરિભક્ત સર્વે ગોમતીએ પધાર્યા. ને ત્યાં બેઠક છે, ત્યાં મહારાજ બિરાજ્યા અને મહારાજના મુખારવિંદની આગળ સાધુ, બ્રહ્મચારી, પાળા વગેરે (બેઠા ને) આસપાસનાં (ગામનાં) તથા મોટા શહેરોના હરિજન, પાટીદારો વગેરે શાહુકાર આવીને બેઠા. ને મહારાજ વાતો કરતા હતા તેમાં એમ બોલ્યા જે, 'આ સભા ભરાઈને બેઠી છે તેમાં કોઈ સ્ત્રી અથવા પશુ અથવા કોઈ નાગા ને ગાંડા જેવા માણસ આવે, તો તેની સામું ન જોવું; પણ નીચી દૃષ્ટિ કરીને જોવું !

એમ વાત કરે છે ત્યાં આઠ-દશ નાગડા વૈરાગીનું ટોળું આવ્યું. તે સભામાં આવતા હતા. તેને મહારાજ કહે, 'આવો.' ત્યારે એ એકકોર બેઠા ને બોલ્યા કે, 'સ્વામિનારાયણ મહારાજ ! પક્કાં સીધાં દે.' એમ કહીને બેઠા. તેટલામાં ભાદરાના એક રત્નો ભગત સભામાં

બેઠા હતા, તેને સમાધિ થઈ. તે ત્યાંથી ઊઠતાંક ને ભૂહ દઈને મહારાજ આગળ આવીને પડ્યા.

તે વખતે જોરાભાઈ પાટીદાર સભામાં બેઠા હતા, તેની પાસે સૌ સાંભળે તેમ મહારાજ વાતો કરવા મંડ્યા જે, 'જુઓ, આવા સમાધિવાળા છે, તેને પણ સ્ત્રીઓની અષ્ટ પ્રકારે ના કહેલી છે. ને કાષ્ઠાદિકની અથવા ચિત્રની સ્ત્રી હોય તોપણ તેના સામું જોવું નહીં – એમ કહેલું છે. ને આ બાવાઓને તો નાગા ફરવું, ઢોલિયા ને ગાદલામાં સૂવું, કેફ કરવા, સ્ત્રીઓ પાસે પગ ચંપાવવા ને પક્કાં સીધાં જમવા; કો' આમાં એકે સાધુતાનું લક્ષણ છે ? શું આમાં ધર્મ રહે ? આ બાવાઓને ને ધર્મને તો ઝાઝું છેટું છે. પણ જો એ લૂગડાં પહેરે તો એને સીધાં અપાવીએ.' એ વિગેરે કેટલીક વાતો કરી.

પછી તેણે લૂગડાં પહેર્યાં, ને તેને મહારાજે સીધાં અપાવ્યાં. પછી મહારાજે સર્વેને કહ્યું કે, 'અમે તો તમને કહ્યું હતું જે, કોઈ આવે તો તેની સામું જોશો નહીં એમ કહ્યું હતું તોપણ તમે એ નાગા આવ્યા હતા તેની સામું જોયું, માટે તેમાં શું જોવાનું હતું ?' એમ કહી સર્વેને ઠપકો દીધો ને વાતો કરતા હતા.

❁ વાંદરા પાસે માળા ફેરવાવી તથા ચોપાઈ બોલાવી :

તેવામાં એક વાંદરો ઠેકતો ઠેકતો ઝાડ ઉપર આવીને બેઠો. તે જોઈને કાઠીઓ માંહેમાંહે બોલવા લાગ્યા કે, 'આ ભણે વાંદરો કેવો છે ?' ત્યારે બીજા કાઠીઓ કહે, 'ભણું રામાવતારમાં તો આથી મોટા હશે ! જુઓને, નળ ને નીલ ને અંગદ, હનુમાન તે એવા મોટા મોટા વાંદરા હતા. તેણે કેવાં કેવાં કામ કર્યાં છે !' ત્યારે બીજા કાઠી કહે, 'ભણું વાંદરા તે શું કરે ? જો વાંદરો કામ કરતો હોય તો આ રહ્યું.'

તે વાત મહારાજે સાંભળી ત્યારે મહારાજ કહે, 'શું છે ?' ત્યારે કાઠી કહે, 'મહારાજ, આ વાંદરાએ રામાવતારમાં હાથમાં આયુધ ધરીને રાવણના સેન સામે લડાઈ કરી હતી, એ વાતનું કેમ હશે ?' ત્યારે

મહારાજ કહે, 'ખરું.' ત્યારે કાઠી કહે, 'મહારાજ, એ તો કાંઈ મનાતું નથી, આ વાંદરો તે શું કામ કરે ? જો કામ કરે તો તેને બોલાવો.'

પછી મહારાજે હાથની સાન કરી, તે વાંદરો ઝાડ ઉપરથી હેઠો આવ્યો ને મહારાજ પાસે બેઠો. પછી મહારાજે તેના હાથમાં માળા આપી, તે માળા ફેરવવા માંડી તથા રામકથાની ચોપાઈઓ બોલવા માંડ્યો. તે જોઈ સર્વે સભા વિસ્મિત થઈ ગઈ ને સૌને આશ્ચર્ય થયું. પછી તેમાં કોઈએ કહ્યું જે, 'આ તો નાનો છે ને મોટા મોટા પર્વત ઉપાડે, તે કેમ હશે ?' એમ કોઈએ શંકા કરી. તેટલામાં સૌને એમ દેખાયું કે, તેના હાથમાં એક મોટો પર્વત છે ને તે અધર ચાલ્યો જાય છે. એવું સૌના દેખવામાં આવ્યું. તે જોઈ સર્વે સ્તબ્ધ બની ગયા, ને મહારાજનું અલૌકિક ચરિત્ર જોઈને ઘણો આનંદ પામતા હતા.

ત્યારે મહારાજ કહે, 'તમે આટલાં વરસ અમારી ભેગા રહ્યા ને આથી પણ મોટાં-મોટાં ચરિત્ર જોયાં તોપણ તમને અમારી ખબર ન પડી ! ને આ શાસ્ત્રના શબ્દને વિશે તમને વિશ્વાસ જ નથી !' એવી રીતે ઘણી વાતો કરીને ઉતારે પધાર્યા.

પછી ઘણાક હરિભક્ત મહારાજનાં દર્શન કરવા આવેલા હતા, તે સૌએ પોતપોતાની **સત્તા**[૧] પ્રમાણે કોઈ તો મહારાજને થાળ કરીને ભારે ભારે ભોજન જમાડે, કોઈ તો સાથેના તમામ માણસોને જમાડે. એ પ્રમાણે જુદી જુદી સત્તા પ્રમાણે સૌ મહારાજને રાજી કરવા માંડ્યા.

❁ ગરીબના બેલી શ્રીહરિ :

તેમાં એક ગરીબ હરિભક્ત હતો. જેની પાસે બિલકુલ સત્તા નહીં ને ખાવાને બરોબર અનાજ પણ મળતું નહીં. તેને મહારાજને જમાડવા સારુ બહુ સંકલ્પ વખતોવખત થાય પણ શું કરે ! બિચારો દુર્બળ એટલે કાંઈ ખરચ કરવાનું બને નહીં, તેથી ઘણો દિલગીર રહ્યા કરે.

એક વખત તે હરિભક્ત રસોઈ કરતો હતો. તેમાં કોદરાના રોટલા

૧.ધન-સંપત્તિરૂપી શક્તિ

અને મઠનું શાક એ પ્રમાણે કરતો હતો. તે મહારાજે જાણ્યું જે, 'આ હરિભક્તને બહુ ભાવ છે, ને એની પાસે કાંઈ ખરચ કરવાની સત્તા નથી; માટે આપણે ત્યાં જઈએ.' એમ કરીને મહારાજ તેને ઘેર ગયા તેવો જ એ હરિભક્ત વિસ્મિત થઈ ગયો જે, આ શું ! મેં બોલાવ્યા નથી ને મહારાજ મારે ઘેર પધાર્યા..! એમ વિચારીને હાથ જોડીને બોલ્યો જે, 'મહારાજ ! મારાં ધન્ય ભાગ્ય જે આજ તમે પુરુષોત્તમ ભગવાન મારે ઘેર પધાર્યા; તેથી હું બહુ રાજી થયો.' એમ ગદ્‌ગદ કંઠ થકી મહારાજની ઘણી સ્તુતિ કરી.

પછી મહારાજ કહે, 'અમને ભૂખ લાગી છે તે જે જમવાનું હોય તે લાવ. તારો ઘણા દિવસનો સંકલ્પ છે તે આજ પૂરો કરીએ.' એમ કહીને પેલા હરિભક્ત પાસેથી કોદરાનો રોટલો તથા મઠનું શાક લઈને જમવા મંડ્યા. પણ હરિભક્ત ઘણો શરમાઈ ગયો કે, 'મહારાજ મારે ઘરે આ કોદરાનો રોટલો ને મઠનું શાક જમવા બેઠા.' ને એમ જણાણું કે મહારાજ અતિ પ્રસન્ન થકા જમતા જાય છે ને સર્વે હરિભક્તને પ્રસાદી આપતા જાય છે; એવું જોઈ તે બહુ રાજી થયો. પછી મહારાજ ત્યાંથી જમીને પાછા ઉતારે પધાર્યા ને ત્યાં પંદર-વીસ દિવસ રહ્યા. ને ત્યાં મોટી મોટી સભાઓ કરી હરિભક્તને વાતો કરીને હરિભક્તને આનંદ આપતા હતા.

પછી એક વખત દાદો ખાચર તથા જીવુબાઈ ને લાડુબાઈ ને સર્વે ભેગાં થઈને મહારાજને કહ્યું જે, 'મહારાજ, હવે ગઢપુર પધારો તો ઘણું સારું ! તમે તો ગુજરાતમાં ઘણા દિવસ રહ્યા ને આપણે ઘર મૂક્યાં તેને પણ ઘણા દિવસ થયા; માટે હવે તો ઘરે જાઈએ તો ઠીક.'

પછી મહારાજ તરત તૈયારી કરીને ચાલ્યા તે વરતાલનાં હરિભક્ત તથા બીજાં ગામનાં ત્યાં દર્શને આવેલાં તે સૌ મહારાજને વળાવવા સારુ ઘણે દૂર સુધી આવ્યાં. મહારાજ પાછા વળવાનું કહે તોપણ વળે નહિ; એમ ઘણે છેટે સુધી આવ્યાં. પછી મહારાજે ઊભા રહી એ સર્વેને

પાછાં વાળ્યાં ને પછી મહારાજ ગઢપુર તરફ ચાલ્યા. તે રસ્તામાં મુકામ કરતાં કરતાં ગઢડે આવ્યા. તે ગઢપુરનાં હરિજન સૌ સામાં ગયાં ને વાજતે ગાજતે મહારાજને પધરાવ્યા. તે મહારાજ આવીને દરબારમાં ઊતર્યા. ॥ મહારાજની લીલા ॥૭॥

૮. મહારાજે ચોરાશી કરાવી અને રૂપિયા ઘટ્યા

મહારાજ **વરતાલથી** આવ્યા ને બે ચાર દિવસ થયા હતા. ને પછી એક દિવસ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પ્રભાત સમે ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા હતા. તે વખત સૌ હરિભક્ત તથા દાદો ખાચર, જીવુબાઈ, લાડુબાઈ વિગેરે બેઠાં હતાં. તેને મહારાજ કહે, 'સોમલો ખાચર ક્યાં છે ? જ્યાં હોય ત્યાંથી કોઈને કહો તે બોલાવી લાવે.' પછી સોમલા ખાચરને બોલાવ્યા. ને સૌને ભેગાં કરીને કહ્યું જે, 'આપણે ત્રણશે (૩૦૦) રૂપિયા વરતાલથી લાવ્યા છીએ, તે અમે ક્યાં સાચવશું ? માટે એની ચોરાશી આપવાનો (કરાવવાનો) મનસૂબો થયો છે.' ત્યારે સૌએ એ વાતની હા કહી. પછી મહારાજ કહે, 'લાધા ઠક્કરને બોલાવો.'

પછી લાધા ઠક્કરને બોલાવ્યા ને કહ્યું જે, 'અમારી પાસે ત્રણશે રૂપિયા છે, તેની ચોરાશી કરવી છે. માટે તેટલામાં બરોબર થઈ રહે તેમ કરવું, પણ અરધો રૂપૈયો વધે કે ઘટે એમ કરવું નહીં.' પછી લાધો ઠક્કર કહે જે, 'ઠીક મહારાજ !' એમ કહીને ગયા, તે ગામમાંથી સર-સામાન જે જોઈતો તે લાવ્યા ને ચોરાશીનો પ્રારંભ કર્યો. ને બ્રાહ્મણને નોતરાં આપ્યાં તે બ્રાહ્મણ આવ્યા. પછી જેટલી જાતના બ્રાહ્મણ હતા તે સર્વેને મહારાજે નાત્ય દીઠ નોખાં નોખાં સીધાં આપ્યાં ને પોતે પાસે ઊભા રહ્યા ને બ્રાહ્મણ વિગેરે સૌ રાંધવા માંડ્યા. ત્યારે મહારાજ મયારામ ભટ્ટને કહે જે, 'તમે આ બ્રાહ્મણોના ચોકામાં ખબર કાઢો ને કોઈને કાંઈ જોતું-કરતું હોય તો પૂછો.'

પછી મયારામ ભટ્ટ ચોકા તપાસવા ગયા. ત્યાં પેલવેલો રાજગરનો

ચોકો આવ્યો. ત્યાં મયારામ ભટ્ટે જઈને જોયું, ત્યાં તો રાજગરોએ ચોરણા પે'રેલા ને કડિયાં પે'રેલાં તથા માથે લૂગડાં બાંધેલાં ને ચોફાળ ઓઢેલા ને પગરખાં પહેરેલાં; એવી રીતે સર્વે લૂગડાં પહેરીને રાંધતા દેખીને મયારામ ભટ્ટ તો મહારાજ પાસે જઈને મહારાજને કહે જે, 'મહારાજ ! આજ તો ગજબ થઈ ગયો !'

ત્યારે મહારાજ કહે, 'શું ?' ત્યારે મયારામ ભટ્ટ કહે, 'અહીંયાં તો એક બ્રાહ્મણનો ચોકો છે, તેમાં તો બ્રાહ્મણો તમામ લૂગડાં તથા પગરખાં પહેરીને રાંધે છે.' ત્યારે મહારાજ કહે, 'આ દેશમાં તો એમ જ ચાલ છે; પણ એ કોણ છે તે તમે જાણો છો ? એ તો રાજગર એટલે રાજાના ગોર. રાજા મોટા એટલે એના ગોર પણ મોટા. જુવો, એ વિના બીજા કોઈએ એ પ્રમાણે કર્યું છે ? બીજા તો નાના છે ને આ તો રાજાના ગોર છે. માટે મોટાના ગોરને એમ જ હોય.'

પછી મયારામ ભટ્ટ કહે કે, 'શું મહારાજ ! તમે પણ એમ બોલો છો ?' ત્યારે મહારાજ કહે, 'અમે શું કરીએ ? તમે જાવો ને સમજાવો; જો તમારાથી સમજે તો.' પછી મયારામ ભટ્ટ પાછા રાજગરના ચોકામાં જઈને કહેવા માંડ્યા જે, 'તમે બ્રાહ્મણ કહેવાઓ, તે આ પ્રમાણે લૂગડાં-જોડાં પહેરીને રાંધો તે ઠીક ન કહેવાય. એક અબોટિયું પહેરવું જોઈએ.' વિગેરે ઘણી રીતે સમજાવ્યા. ત્યારે બધાં લૂગડાં-જોડાં ઉતારી નાખ્યાં ને ચોરણા ઉતારીને ઓઢવાના ચોફાળ પેર્યા, પણ ચોફાળ જાડા ને મોટા એટલે કેડે રહે નહીં, તે સારુ તેને ચોરણાની નાડીઓ ખૂબ જોરથી કેડે બાંધી ત્યારે ચોફાળ પેરાણા.

તે જોઈ મયારામ ભટ્ટ કહે જે, 'મહારાજ ! આ તો બહુ ભૂંડો ચાલ કહેવાય. અમે ઘણો ઉપદેશ કર્યો ત્યારે આઠ હાથનો ચોરણો કાઢીને ચોવીસ હાથનો ચોફાળ પહેરીને તે ઉપર નાડીઓ બાંધી.' પછી મહારાજ કહે, 'અમે તમને કહેતા હતા જે, અહીંનો ચાલ જ આવો છે.' પછી સર્વે બ્રાહ્મણો રાંધીને જમી જમી તૃપ્ત થયા.

પછી મહારાજે લાધા ઠક્કરને કહ્યું જે, 'લાધા ઠક્કર ! હિસાબ લાવો ! હિસાબ લાવો !' એ પ્રમાણે ચાર વખત કહ્યું. ત્યારે લાધા ઠક્કર હિસાબ લાવ્યા. ને હિસાબ કર્યો ત્યારે ચારસો રૂપિયા થયા. પછી મહારાજ કહે, 'શું કહો છો ! ચારસો રૂપિયા થયા ?' પછી મહારાજ કહે જે, 'અમે તમને ત્રણસો રૂપૈયાની રજા આપી હતી. તેમાં અરધો વધે નહીં અને અરધો ઘટે નહીં, એમ કહ્યું હતું ને આ શું ! ચારશે રૂપૈયા થયા ? **અરધો રૂપૈયો અમારે દેવું હોય કે અમારી પાસે હોય તો અમને ઊંઘ ન આવે, ને કથા સાંભળવાનું સુખ ન આવે,** ને આ સો રૂપૈયા અમારે ક્યાંથી આપવા ?'

એમ કહી લાધા ઠક્કરને ધખ્યા ને પછી સભામાં ચાલ્યા. તે કથા વંચાવવા માંડી. તેવામાં બોટાદના અદો શેઠ મહારાજનાં દર્શન કરવા આવ્યા. તે મહારાજને સો રૂપૈયા ભેટ મૂકીને પગે લાગ્યા. તે જોઈ મહારાજ ઘણા ખુશી થયા ને મહારાજે તેમની બરદાશ સારી રીતે રખાવી ને ઉતારો અપાવ્યો. પછી મહારાજ કહે, 'લાધા ઠક્કરને બોલાવો.' પછી લાધા ઠક્કર આવ્યા. તેને રૂપૈયા સો આપ્યા ને મહારાજ કહે, **'આવું કોઈ દિવસ કરશો નહીં.'** ॥ મહારાજની લીલા ॥૮॥

૯. શ્રીહરિ તથા સંતો-ભક્તો ઘેલા નદીમાંથી પાણા લાવ્યા

શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં પોઢ્યા હતા. ને પછી જાગ્યા ને કોગળા કરીને પછી દાતણ કર્યું. ને પછી બિરાજ્યા અને જરા વાર રહીને બોલ્યા જે, 'અમારે **બહિર્ભૂમિ**[૧] જવું છે.' ત્યારે મિયાંજી પાણીનો કળશિયો લઈને આગળ ચાલ્યા ને મહારાજ દિશાએ[૧] જઈને આવ્યા ને હાથ ધોઈને નાવા બેઠા. તે સર્વ અંગ ચોળીને બ્રહ્મચારીએ નવરાવ્યા. નાહીને પછી સુંદર શ્વેત ખેસ પહેરી ચાખડી ઉપર ચડી અક્ષરભુવનમાં પધાર્યા. ને પછી સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કરીને ચાખડિયું પહેરીને ઉગમણા

૧.ઝાડે; ટોઈલેટ

બારના ઓરડે પધાર્યા. ને ઉગમણું મુખારવિંદ રાખીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશ-દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયને વિશે કોઈક હરિભક્ત આવ્યા. તેમણે શ્રીજીમહારાજને ફૂલનો હાર પહેરાવ્યો. પછી સવિત્રાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, 'હે મહારાજ ! મંદિર ચણાય છે, માટે તમે ઘેલે પધારો તો હરિજન તથા સાધુ સર્વ પાણા લાવે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'ચાલો !' પછી મહારાજ ખોપાળાને દરવાજે થઈને ઉગમણે આરે સરખી **વેકરમાં**[૧] વિરાજમાન થયા. ને સાધુ તથા હરિજન સર્વે પાણા ભાંગી ભાંગીને **વહેવા**[૨] માંડ્યા. ને એક પથ્થર મોટો હતો તેને સાધુ તથા પાળા ભાંગવા માંડ્યા,પણ ભાંગ્યો નહીં. ત્યારે કુંડલી ગામનો હરિભક્ત લુહાર ભોજો પડખે ઊભો હતો. તેને એમ સંકલ્પ થયો જે, 'મને હાથમાં ઘણ આપે તો પથ્થર ભાંગું.' ને પછી તેણે માંગ્યો પણ ન આપ્યો. ને પાળાઓએ ઘણો દાખડો કર્યો, પણ પથ્થર ભાંગ્યો નહીં.

ત્યારે શ્રીજીમહારાજે તે લુહારને આંગળીની સાને કરીને પોતાની પાસે બોલાવ્યો, ત્યારે તે ગયો. પછી મહારાજે કહ્યું જે, 'તું ઘણ લઈને ભાંગ્ય.' ત્યારે તે બોલ્યો જે, 'મને ઘણ આપતા નથી.' પછી મહારાજે સાધુ-પાળાઓને કહ્યું જે, 'એમને ઘણ આપો; તે લુહાર છે, માટે ઘા કર્યામાં વધુ જાણે.' ત્યારે લુહારે પાણો ફેરવીને હાથમાં ઘણ લીધો ને ઉપાડીને એક ઘા કર્યો; તે પથ્થરના ચાર કટકા થઈ ગયા. ને મહારાજ તે જોઈ ઘણા રાજી થયા. ને પછી બથમાં ઘાલીને તે લુહારને મળ્યા. એ રીતે સૂર્ય આથમ્યા સુધી ત્યાં રહ્યા ને દર્શન દીધાં.

પછી કામ બંધ રખાવીને એક સારી સુંદર **છીપર**[૩] પોતે મસ્તકે લઈને મંદિર તરફ ચાલ્યા. તે જોઈને સાધુ તથા પાર્ષદ અને હરિજનો મોટા મોટા પથ્થર ઊંચકી ચાલ્યા. ને નિત્યાનંદસ્વામીએ ત્રણ સાડા ત્રણ મણનો પથ્થર માથે લીધો. તે જોઈને ગામ પિઠવાજાળના હરિભક્ત

૧.રેતીમાં ૨.લાવવા ૩.પાતળી તથા પહોળી શિલા – પથ્થર

લુહાર દેવશીને સંકલ્પ થયો જે, 'સ્વામીએ આવો જબરો પથ્થર લીધો છે, પણ મંદિર સુધી નહિ ઉપાડી શકે.' પછી પોતાના ગામનો એક કણબી મેપો પટેલ હતો. તેને દેવશી ભક્તે કહ્યું જે, 'તમે નાનો પથ્થર લ્યો; કારણ કે, **કદાપિ**[1] સ્વામી તે પથ્થર ઉપાડી નહિ શકે, માટે તે પથ્થર તમો ઉપાડજ્યો. ને આ નાનો પથ્થર સ્વામીને ઉપાડવા આપજો.'

એવી રીતે સૌ ત્યાંથી ચાલ્યા. ને ગામને દરવાજે આવતાં સ્વામીને શરીરે પરસેવો વળ્યો ને થાકી ગયા. ત્યારે તે કણબીએ પડખે ચડી સ્વામી પાસેથી પથ્થર લઈ લીધો ને પોતાનો પથ્થર સ્વામીને ઉપાડવા આપ્યો. ત્યારે મહારાજ તથા સ્વામી બહુ રાજી થયા. ને મંદિરથી તે ઘેલા નદી સુધી માણસોની પથ્થરે સહિત ઘાટી લેન થઈ હતી. એ રીતે મહારાજ પધાર્યા ને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઉગમણે મુખે બિરાજમાન થયા. ॥ મહારાજની લીલા ॥૯॥

૧૦. મમત્વવાળું એક માણસ તો જોઈએ

એક સમયને વિશે શ્રીજીમહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ થાંભલીને ઓઠીંગણ દઈને ચાકળા ઉપર બિરાજમાન થયા હતા. ને મંદિર ચણાવાનું કામ ચાલતું હતું. ત્યારે કારખાનાવાળા કડિયાએ કહ્યું જે, '**ગૂગળ**[2] ગાળવા સારુ ખાટલી જોઈએ છીએ.' ત્યારે કોઈએ કાને વાત ધરી નહીં. પછી મહારાજે લાડુબાઈના ઓરડામાંથી ખાટલી લીધી. તે જોઈને લાડુબાનાં સેવક મહારાજના હાથમાંથી ખાટલી લઈ લેવા સારુ ખાટલીએ બાઝ્યાં, તે અરસપરસ બહુ ખેંચાતાણ્ય કરી.

પછી મહારાજે પોતાના હાથમાંથી ખાટલી મેલી દીધી, તે સેવકે ઉંબરા સાથે પગ ભરાવેલ તેથી પડી ગઈ. પછી મહારાજ **પાટુ**[3] મારીને કહે, 'આ તો રાંડ લુચ્ચી છે.' એમ કહીને ખાટલી લઈ લીધી ને કારખાનાવાળાઓને આપી. તે વાતની લાડુબાને તથા મોટીબાને ખબર

૧.કદાચ. ૨.એક જાતનો ગુંદર જે ચીકાશ લાવવા માટે ચૂનામાં નખાય છે. ૩.પગની લાત

થઈ. ત્યારે લાડુબાએ તે બાઈને સારી પેઠે વઢીને રજા દેવા માંડી જે, 'તારું હવે અમારે કામ નથી.' ત્યારે મહારાજે કહ્યું જે, 'કાઢી મેલશો નહીં ને એવું મમતવાળું માણસ તો એક જોઈએ ત્યારે પદાર્થ સચવાય.' એમ કહીને તે બાઈને રાખી. ॥ મહારાજની લીલા ॥૧૦॥

૧૧. માંદા વૈરાગીને પ્રસાદી જમાડી કલ્યાણ કર્યું

ઠાકોરજીની સંધ્યા આરતી થયા પછી શ્રીજીમહારાજ અક્ષરઓરડીને વિશે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામી આદિ પરમહંસોની સભા ભરાઈને બેઠી હતી. તે રાત્રીના અગ્યાર વાગતાં સુધી સભા-પ્રસંગ ચાલ્યો. ત્યારે શ્રીજીમહારાજે સહુને ઊઠવાની આજ્ઞા કરી. ત્યારે સહુ ઊઠ્યા. તેટલામાં દર્શને આવતા દામોદરને ડેલી પાસે એક વૈરાગી મળ્યો. તેણે દામોદરને દીન વચનથી કહ્યું જે, 'હું માંદો છું, ને ક્ષુધા બહુ વ્યાપી છે.'

ત્યારે દામોદર તે સાંભળીને મોટીબા તથા લાડુબા પાસે જઈને બોલ્યા જે, 'મહારાજને જમવું છે, માટે જમવાનું કરો.' ત્યારે તુરત બાજરાનો રોટલો ને તાંદળજાની ભાજી તૈયાર કરીને દામોદરના હાથમાં આપી. તે લઈને વૈરાગીને આપવા જતા મહારાજે ભાળ્યો. ત્યારે પૂછ્યું જે, 'કોણ એ ?' ત્યારે જવાબ દીધો જે, 'હું દામોદર.' ત્યારે મહારાજે કહ્યું જે, 'હાથમાં શું છે ?' ત્યારે દામોદરે જવાબ દીધો જે, 'રોટલો લઈ જાઉં છું.'

પછી મહારાજે કહ્યું જે, 'લાવો, અમારે જમવું છે.' પછી ત્યાં જમવા બેઠા ને બોલ્યા જે, 'અત્યારે રોટલો ને ભાજી ક્યાંથી વારુ ?' ત્યારે તેણે કહ્યું જે, 'એક માંદો વૈરાગી ડેલીએ આવીને બેઠો છે. તે ભૂખ્યો હોવાથી તમારું નામ દેઈને રોટલો લાડુબા પાસે મેં કરાવ્યો.' ત્યારે મહારાજ ચોથિયું રોટલો જમીને બાકીનો રોટલો તથા ભાજી દામોદરને આપ્યાં ને બોલ્યા જે, 'જાઓ, તે વૈરાગીને ઝટ જમાડી દ્યો.' ત્યારે તે ત્યાં જઈને ખવરાવી આવ્યા.

ને વળી ફેર દામોદરને તેડીને (મહારાજ) વૈરાગીને દર્શન દેવા ગયા. ને પછી અક્ષરઓરડીએ પધાર્યા. ને **ચાર ઘડી**[1] રાત્રી ગયા પછી ખબર કઢાવી તો વૈરાગીએ દેહ છોડી દીધેલો. પછી દામોદરને કહ્યું જે, 'સવારે તેની દેહક્રિયા કરાવજો.' એમ કહીને પછી મહારાજ પોઢ્યા અને તે વૈરાગીને અક્ષરધામમાં લઈ ગયા. તે અલૌકિક આશ્ચર્ય તે જ રાતે દામોદરને શ્રીજીમહારાજે દેખાડ્યું ! ॥ મહારાજની લીલા ॥૧૧॥

૧૨. આનંદાનંદસ્વામીએ શ્રીહરિની સુંદર પૂજા કરી

શ્રીજીમહારાજ **નાનીબાવાળા** ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઉગમણે મુખારવિંદે સભા કરીને બિરાજમાન હતા. તે સમયને વિશે ગામ સુરતનો સંઘ આવ્યો. ત્યારે **સંઘાળુ**[2] હરિજન સર્વ આવી મહારાજને દંડવત પ્રણામ કરી બેઠા. ત્યારે શ્રીજીમહારાજે ખબર પૂછી ને ઉતારો કરાવ્યો.

અને બીજે દિવસે તે હરિભક્તોએ જલેબી-લાડુની રસોઈ આપી. ને મહારાજ સારુ ભેટ-સામગ્રી - કડાં, વેઢ, વીંટી, બાજુ, પોંચી, જરિયાની જામો, સુરવાળ, ખેસ, પાઘ વિગેરે ઘણા મૂલ્યવાળા પોશાક - લાવી મહારાજની પૂજા કરી. એવી રીતે આઠ દહાડા સુધી સુતરફેણી, બરફી વગેરે સારાં સારાં પકવાન કરાવી રસોઈઓ આપી. તેમજ ભારે મૂલવાળા ચંદન પોશાકથી મહારાજની પૂજા કરી ને પછી આરતી ઉતારી. અને પછી મહારાજ પાસે **શીખ**[3] માંગીને સંઘાળુ માણસ સહુ ચાલ્યા.

અને તે સંઘ ગયા પછી આનંદસ્વામીએ મહારાજને પ્રાર્થના કરી જે, 'મારે પૂજા કરવી છે !' ત્યારે મહારાજે કહ્યું જે, 'ઠીક, પૂજાસામગ્રી લાવો ને પૂજા કરો.' તે સમે મહારાજ તેને તે ઓરડે વિરાજમાન હતા ને સ્વામી પૂજા કરવા આવ્યા. તે વખત મહારાજે એક વસ્ત્ર પહેરેલું. ને સ્વામીએ છ-સાત ભાતનું ચંદન લાવી મહારાજને શરીરે તથા ભાલને વિશે ભાત પાડીને ચંદન ચરચ્યાં ને કુમકુમનો ચાંદલો કર્યો. ને પછી છાતી, ઉદર તથા બે ભુજ ને સાથળ, ગોઠણ, પિંડીયું ને ચરણારવિંદ

૧.રાતના ૭:૩૫ વાગ્યા પછી ૨. સંઘવાળા ૩.રજા

ઉપર એ રીતે મહારાજની પૂજા કરીને છ-સાત જાતનાં ચંદન જુદી જુદી ભાતથી ચરચ્યાં, જેથી શોભા બહુ આવી.

તે જોઈને આનંદસ્વામીએ ફરીને બધે શરીરે સારી પેઠે નિહાળીને જોયું. ને જે અંગ ચરચ્યાં વિના રહેલ ત્યાં ફરીથી ચરચ્યું ને તે ચંદન મધ્યે બધે શરીરે કુમકુમના ચાંદલા કર્યા. ને પછી સુંદર શ્વેત સૂક્ષ્મ જામો પહેરાવ્યો ને તે ઉપર ગુલાબી રંગ છાંટ્યો; જેથી જામો શરીરે ચોંટી ગયો ને ચંદનની બધી ભાત જામા સોંસરી દેખાવા લાગી. ને મસ્તકને વિશે ગુલાબ, ચંપા, ચમેલી આદિ સુંદર સુગંધીમાન પુષ્પની પાઘ ગૂંથીને ધરી. એવી શોભા જોઈને સભામાં બેઠેલા હરિજન, તેમાં કેટલાકનાં નાડી-પ્રાણ તણાઈ ગયાં ને કેટલાકને સમાધિ થઈ ગઈ ને જેને નાડી-પ્રાણ કે સમાધિ નહોતી થાતી તેને પણ નાડી-પ્રાણ ખેંચાઈને સમાધિ થઈ, ને મૂર્તિને વિશે જેને હેત નો'તું થાતું તેને પણ હેત થયું.

એવી રીતે શ્રીજીમહારાજે પાંચ-છ ઘડી દર્શન દીધાં. ને ત્યાર પછી **નાગમાલા**ના વંડામાં ના'વા પધાર્યા ને તે વંડા મધ્યે બાજોઠ ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. અને ચંદન ભરેલો જામો પહેર્યો હતો તે ઉતારીને પછી બધે શરીરે ચરચેલું ચંદન ઉતાર્યું. પછી બ્રહ્મચારીએ મહારાજને અંગો ચોળીને નવરાવ્યા ને નાહીને રૂમાલ વતી શરીર લો'યું, ને પીતાંબર પહેરી ચાખડી ઉપર ચડીને નાનીબાવાળે ઓરડે પધાર્યા.

તે વખતે મહારાજે એક પીતાંબર જ પહેરેલું ને ઉઘાડું મસ્તક ને ઉઘાડે શરીરે બિરાજ્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ સભા ભરાઈને બેઠી હતી. તે સમયે ગામ માંગરોળના ગોવર્ધનભાઈ આવ્યા. તેને જોઈને નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'ગોવર્ધનભાઈ ! તમે ક્યાં ગયા'તા ? આવો મોટો લાભ ને આનંદ તેમાં તમે રહી ગયા ! તે આનંદ તે શું ? તો મહારાજની આનંદસ્વામીએ પૂજા કરી. એવી શોભા તો કોઈ દા'ડો દીઠી ન હતી ! ને તેમાં તમો રહી ગયા ! એ તમારે બહુ મોટી ખોટ ગઈ; કેમ કે, એ સમયને વિશે તમે હોત તો ભારે લાભ થાત અને અમને તો તે શોભા જોઈ બહુ આનંદ આવ્યો.'

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **'એ ગોવર્ધનભાઈને તો મહારાજની મૂર્તિ એક કોપિનભર હોય તોપણ તેથી અધીકો આનંદ આવે છે.'** ત્યારે સ્વામી બોલ્યા કે, 'એવો કાંઈ આનંદ આવે ?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'એની વાત જુદી છે ને તમારી પણ વાત જુદી છે.' ॥ મહારાજની લીલા ॥૧૨॥

૧૩. ગામ ઠવીના પ્રેમી ભગા ભક્તે કરેલી પૂજા

એક સમયને વિશે મહારાજ દાદા ખાચરના દરબારમાં લીમડા તળે સભા કરીને વિરાજતા હતા. તેટલામાં ગામ **ઠવીના કોળી ભગો** ભક્ત આવ્યા. તેણે શ્રીજીમહારાજને પ્રણામ કરીને હાથ જોડીને કહ્યું જે, 'મારે ત્યાગી થાવું છે.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'તું ઘરમાં રહીશ તોપણ ત્યાગી જેવો રહીશ; કેમ કે, તારો જીવ બળિયો છે.' પછી તે ભક્ત ઘરે જઈને ઘરનું મનુષ્ય હતું તેને લખી આપીને ત્યાગી થયા, તે જીવત પરજંત(જીવનભર) નૈષ્ઠિકવ્રત પાળ્યું. તે ઘરે રહ્યા થકા એવી ટેક રાખીને ફરી શ્રીજીમહારાજનાં દર્શન માટે તે ભક્ત ગઢડે આવ્યા.

ત્યારે મહારાજ અક્ષરઓરડીમાં પોઢેલા તેથી દર્શન ન થયાં. ને વંડી ચણવાનું કામ ગણપતિની દેરી પાછળ ચાલતું, એટલે કારખાનાવાળા પાર્ષદોએ તે ભક્તને બોલાવ્યા ને કહ્યું જે, 'ગારાના પિંડા લેવરાવો.' ત્યારે તેણે લૂગડાં ઊંચાં ખોસીને ગારો કડિયાને આપવા માંડ્યો.

અને બે ઘડી પછી મહારાજ પોઢ્યા હતા તે જાગ્યા ને રતનજી પાણીની ઝારી લાવ્યા, તે મહારાજે કોગળા કરીને જળપાન કર્યું. ને પછી જરા વાર ઢોલિયા ઉપર બેઠા. ને ત્યાર પછી બહિર્ભૂમિ જઈ આવ્યા એટલે મિયાંજીએ હસ્ત ધોવરાવ્યા ને ગંગાજળિયાથી ઉગમણી તરફ કૂવા પાસે મહારાજ ઉગમણે મુખારવિંદે બાજોઠે ના'વા બેઠા. તે સારી પેઠે શરીર ચોળી બ્રહ્મચારીએ નવરાવ્યા. નાહીને રૂમાલ વતી શરીર લૂઈને હીરકોરી ધોતિયું કસોટો વાળીને પે'ર્યું ને ચાખડીએ ચડીને પાર્ષદે મસ્તકે બાંધવા સારુ સુંદર સૂક્ષ્મ ઝીણો ફેંટો આણ્યો તે

બાંધીને મહારાજ લીંબતરુ તળે આવ્યા ને લગાર ઊભા રહ્યા. તે કાંઈક વ્યાવહારિક કામ દાદા ખાચરને પૂછ્યું.

પછી વંડી ચણવાનું કામ ચાલતું હતું ત્યાં પધાર્યા. ત્યારે ભગાભક્તે મહારાજ સામું જોયું. ત્યારે કારખાનાવાળે કહ્યું જે, 'ભગત એમ શું જોઈ રહ્યા છો ? કડિયાને ગારો આપો.' તે સાંભળી ભક્ત ગારો આપવા મંડ્યા. ત્યારે ભગુજીએ કહ્યું જે, 'ભગત, તમારે દર્શન કરવા છે ?' ત્યારે તેણે હા કહી. ત્યારે ભગુજીએ કહ્યું કે, 'આવો, કરો દર્શન !'

પછી તે ગારાળે હાથે મહારાજનાં ચરણારવિંદ લેઈ લેઈને માથે ચડાવવા મંડ્યાં. ને પિંડીથી તે ઢીંચણ સુધી ભગાભક્તે ગારાળે હાથે દેહસુધ ન રહી એવા પ્રેમથી સ્પર્શ કર્યો. તે પ્રેમ જોઈ મહારાજ હસ્યા. ને ત્યાંથી અથમણા બારનો દક્ષણાદો ઓરડો તે આગળ આવ્યા. ત્યારે ઓરડામાંથી કોઈક ડોસી દર્શન કરવા આવ્યાં. ત્યારે તે ડોસીએ કહ્યું જે, 'મહારાજ, આવા ગારાળા પગ કોણે કર્યા ?' ત્યારે મહારાજ બોલ્યા જે, **'એક પ્રેમી ભક્તે અમારી પૂજા કરી છે !'**

એ શબ્દ સાંભળીને એ ઓરડામાંથી લાડુબા તથા મોટીબા આદિ સૌ હરિજન દર્શન કરવા આવ્યાં. તેમણે કહ્યું જે, 'મહારાજ ! આવી પૂજા કોણે કરી ?' ત્યારે પોતે બોલ્યા જે, 'આવી પૂજા પ્રેમે સહિત કોઈએ કરી નથી.' એમ કહીને મહારાજ સભામાં ચાલ્યા. ત્યારે તેમણે કહ્યું જે, 'મહારાજ ! ચરણારવિંદ ધોઈને ચાલો.'

ત્યારે મહારાજ બોલ્યા જે, 'એ ભક્તે ગદ્‌ગદ કંઠ થઈને ઘણા પ્રેમથી પૂજા કરેલી છે, માટે અમે તો આમ ને આમ પગ ધોયા વિના સભા પ્રત્યે જઈશું.' એમ કહ્યું. છતાં ડોસીઓએ બાજોઠ લાવીને ઉત્તરાદા બારના બે ઓરડા વચ્ચે બાજોઠ ઢાળ્યો, એટલે તે બાજોઠ ઉપર મહારાજ આવીને ઊભા રહ્યા; એટલે એક બાઈએ ચરણારવિંદ ઉપર પાણી રેડવા માંડ્યું ને એક બાઈએ ધોવા માંડ્યા. તે પાણીનો રેલો **જેર**[૧] ઉપર થઈને નીચે ઊતર્યો. એટલે ભગાભક્ત આવીને તે પાણી ખોબે

૧.પથ્થરથી બાંધેલી ઓસરીની ધાર

ખોબે પીવા મંડ્યા. ને પાણી ખોબામાંથી થઈ રહે ત્યારે માથે હાથ ભૂંસીને વળી પાણીનો ખોબો ભરે. એ રીતે તે ભક્તે કર્યાથી મહારાજ તે સામું જોઈને હસ્યા. તે સમે બાઈઓએ રૂમાલ વતી ચરણારવિંદ લૂઈ લીધાં, ને ચાખડિયું આગળ મૂકિયું. તે ચાખડિયો ઉપર ચડીને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા બેઠી હતી ત્યાં પધાર્યા, ને ઉગમણું મુખારવિંદ રાખીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા.

તે સમે એ ભગોભક્ત આવીને સભાને વિશે બેઠા. તે સામું જોઈને મહારાજ હસ્યા. ત્યારે સભામાં બેઠેલા હરિજનોએ એમ કહ્યું જે, 'ભગત ! તમે ગારાળા હાથે, પગે ને મસ્તકે છો તેથી મહારાજ રાજી થયા છે.' એટલે તે ભક્તને સ્મૃતિ આવી જે, 'ગારાળા હાથ-પગ છે,' પણ ત્યાં સુધી તો ઘણાક પ્રેમને લીધે તે ભક્તને ખબર નહિ જે 'મારા હાથ-પગ ગારાળા છે.' પછી મહારાજે સભાને ઊઠવાની આજ્ઞા કરી ને પોતે અક્ષરઓરડીમાં પધાર્યા. ॥ મહારાજની લીલા ॥૧૩॥

૧૪. મહારાજનું ધ્યાન કરો છો તેની સુગંધી આવે છે

સિદ્ધાનંદસ્વામી મહારાજનું ધ્યાન કરતા, તેથી એમને એમ થયું જે, આવી અત્તર, ચંદન, પુષ્પની સુગંધી ક્યાંથી આવતી હશે વારુ ?! ત્યારે એમણે પોતાના સંકલ્પથી સમાધાન કર્યું જે, 'આ દરબારમાં મહારાજની પૂજા થાય છે, તેની સુગંધી આવતી હશે !' એમ કરતાં કરતાં દરબારમાંથી સ્વામી પોતે લક્ષ્મીબાગે તથા રાધાબાગે ગયા તોય પણ સુગંધી આવવા મંડી. ત્યારે તે સંશય થકી માસ બે માસ પછી સિદ્ધાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીને પૂછ્યું જે, 'મુને સુગંધી આવે છે, તે શેની આવતી હશે ?' ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, **'તમે મહારાજનું ધ્યાન કરો છો તેની સુગંધી આવે છે.'** એમ કહ્યું, પણ સંશય મટ્યો નહીં. અને મહારાજ ઓતરાદા (બારના) ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે સભા કરીને વિરાજમાન હતા. તે સભા જોઈને સિદ્ધાનંદસ્વામી બેઠા. અને 'મુને સુગંધી આવે છે, તે

શેની આવતી હશે ?!' એવો પોતાને સંકલ્પ હતો.

તે અંતરજામીપણે તેમનો સંકલ્પ જાણીને મહારાજે તે ઉપર વાત કરી જે, **'અક્ષરધામમાં જે ભગવાનની દિવ્ય મૂર્તિ વિરાજે છે તે મૂર્તિની પાર્ષદો તથા અનંત અક્ષર મુક્ત ભારે ભારે અત્તર, ચંદન, પુષ્પથી પૂજા કરે છે. એવા જે દિવ્ય મૂર્તિ ભગવાન તે અનંત કોટી બ્રહ્માંડમાં જ્યાં પોતાની ઈચ્છા આવે ત્યાં અવતાર ધરે છે, તે મનુષ્યાકાર થાય છે. તે મનુષ્યરૂપ જે ભગવાન તેનું જે ધ્યાન કરે તે ધ્યાનને પ્રતાપે કરીને જે અક્ષરધામને વિશે જે પૂજા થાય છે તે પૂજાની સુગંધી અહીંયાં ધ્યાનના કરનારા ભક્તને આવે છે.'** આવી શ્રીમુખથી વાત સાંભળીને સિદ્ધાનંદ સ્વામીનો સંશય ટળી ગયો. ॥ મહારાજની લીલા ॥૧૪॥

૧૫. સિદ્ધાનંદસ્વામીએ મહારાજને અંજીર જમાડ્યા

સચ્ચિદાનંદસ્વામી ને સિદ્ધાનંદસ્વામી તે રાધાબાગે રહેતા. તે શ્રીજીમહારાજ ફળફૂલ જમે તેટલા સારુ ત્યાં વનસ્પતિ વાવીને ઝાડ ઉછેરતા. તે શા સારુ ? કે મહારાજ કેળાં તથા દ્રાક્ષ તથા કેરી, દાડમ, સીતાફળ, જામફળ વગેરે જમે ને પુષ્પમાં ગુલાબ, ચંપો, ચમેલી વિગેરેના હાર પહેરતા; તેટલા સારુ (તેઓ રાધાબાગે) રહેતા.

એક સમયને વિશે સિદ્ધાનંદસ્વામીએ બે અંજીર ને એક બોર તે કેળના પડિયામાં વીંટીને તે ઉપર ભીનું લૂગડું બાંધીને મૂક્યું જે, સાંજે મહારાજને જમાડશું. અને 'આ ફળ ક્યારે મહારાજને જમાડીએ ને ક્યારે સાંજ પડે !' એવી જમાડવાની આતુરતા. પછી સાંજે તે ફળ લાવીને મહારાજની આગળ આવ્યા.

તે વખતે શ્રીજીમહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજમાન હતા. પછી તે ફળ ગદ્‌ગદ કંઠ થઈને મહારાજ આગળ ધર્યાં. ત્યારે મહારાજ ઊભા થઈને બોલ્યા જે, 'સ્વામી ! શું લાવ્યા ?' ત્યારે કહે જે, 'અંજીર લાવ્યો છું, મહારાજ !' એટલે નાડી-પ્રાણ તણાઈ ગયા ને સ્થંભી ગયા.

તે મહારાજ આગળ ધરેલો પડિયો છોડી શક્યા નહીં ને મહારાજે હાથમાં પડિયો લઈને છોડ્યો અને તેમાંથી એક અંજીર લીધું. તે મહારાજ જમ્યા ને વખાણ્યું જે, 'બહુ સરસ.' તે જમીને અંજીરનું ડીટું સિદ્ધાનંદસ્વામીને આપવા માંડ્યું, પણ તે સ્વામીને ધ્યાનને લીધે લીધાની ખબર રહી નહીં; ત્યારે ચતુર્વિંશાનંદસ્વામી બોલ્યા જે, 'લાવો મહારાજ !' ત્યારે મહારાજ બોલ્યા જે, 'ના, સિદ્ધાનંદસ્વામીને આપવું છે.' ત્યારે ચતુર્વિંશાનંદસ્વામીએ કહ્યું જે, 'મહારાજ ! હું તેને આપીશ.'

પછી જ્યારે સ્વામીને સ્મૃતિ આવી ત્યારે અંજીરનું ડીટું ચતુર્વિંશાનંદસ્વામીએ સિદ્ધાનંદસ્વામીને આપ્યું; અને બીજું જે અંજીર હતું તે મહારાજે અરધું મુક્તાનંદસ્વામીને આપ્યું. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, 'મને રોગ ઉપર નડશે તો ?' ત્યારે મહારાજે કહ્યું જે, 'આ અંજીર નડે તેવું નથી.' ત્યારે તે અંજીર જમ્યા અને બહુ વખાણ્યું અને બાકીનું અરધું અંજીર મહારાજ જમ્યા અને તેનું જે ડીટું તે સિદ્ધાનંદસ્વામીને આપ્યું. તે સિદ્ધાનંદસ્વામીએ લીધું.

અને બોરડીનું જે એક બોર હતું તે કેળના પત્રમાં બાંધીને મહારાજે સિદ્ધાનંદસ્વામીને આપ્યું ને કહ્યું જે, 'આ બોર રામપ્રતાપજીભાઈને આપી આવો.' ત્યારે સ્વામી તે લઈને રામપ્રતાપભાઈ પાસે ગયા. ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે, 'આવો ચકીવાળા સ્વામી, તમે શું લાવ્યા ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મહારાજ સારુ આ એક બોર લાવ્યો હતો, તે મહારાજે તમારી સારુ મોકલ્યું છે.' તે બોર ભાઈએ જમીને બહુ વખાણ્યું ને સ્વામી ઉપર બહુ રાજી થયા. ॥ મહારાજની લીલા ॥૧૫॥

૧૬. દાદા ખાચર ! તમારે ત્યાં અમે નિરંતર રહેશું

એક વખત મહારાજ સવારના ચાર બજે રિસાઈને ચાલ્યા. ત્યારે દાદા ખાચરને ખબર પડી, એટલે દરબારમાંથી નીકળતા હાલમાં જે ગણપતિની દેરી છે તે પાછળ રસ્તામાં દોડીને પૂગ્યા ને મહારાજને પગે બાઝ્યા ને બથ ભરી. ત્યારે મહારાજે કેડે ઝાલીને ફેંકી દીધા ને

આગળ ચાલ્યા. ત્યારે આપણા વંડાનું નાકું જે ઘંટના ઓરડાથી ઉતરાદી તરફ બજારમાં પડે છે ત્યાં આગળ જઈને ફેર મહારાજને બાધ્યા, તોય ફગાવી દીધા ને ચાલ્યા. ત્યારે થોડેક છેટે જઈને ફરીથી બાધ્યા ને સારી પેઠે બાથ ભરી, પણ ઝાલ્યા રહ્યા નહીં ને ફંગોળી નાંખ્યા; વળી ચાલ્યા. એમ કરતાં હોળાયાના માર્ગે વોકળી સુધી દાદો ખાચર પગે બાઝે ને મહારાજ ફેંકી દે; પછી વોકળીને કાંઠે તો ખૂબ છેટે નાખી દીધા. ત્યારે દાદા ખાચરને બહુ વાગવાથી ત્યાં ઊભા રહ્યા ને રોવા લાગ્યા ને હૈયું ભરાઈ ગયું.

તે મહારાજ ચાલતાં ચાલતાં થોડે છેટે જઈને પાછું મુખારવિંદ કરીને જોયું, ત્યારે દાદા ખાચરને ઊભેલા દીઠા; અને થરથર કાંપતા જોઈને પોતાને દયા આવી. પછી પાછા વળીને છાતીમાં દાબીને બોલ્યા જે, 'હવે બીશો નહીં, **તમારે ત્યાં અમે નિરંતર રહેશું.**' એમ કહીને બેય જણા દરબારમાં આવ્યા. ને મહારાજ વાસુદેવનારાયણને ઓરડે બિરાજ્યા અને લાડુબા તથા મોટીબાને બોલાવીને બધી હકીકત કહી ને કહ્યું જે, **'અમો રહેવાના નો'તા, પણ દાદા ખાચરે બહુ પ્રયાસથી રાખ્યા ને જવા દીધા નહીં, જેથી હવે દાદા ખાચરને વશ થયા ને નિરંતર આ દરબારમાં રહેશું.'** એમ કહીને દાદા ખાચર ઉપર બહુ જ રાજી થયા.

॥ મહારાજની લીલા ॥૧૬॥

૧૭. શ્રીહરિએ સંન્યાસી બનવાની કરેલી લીલા

મહારાજ ઉત્તરાદી રૂપચોકીની આથમણી **હાથણી**[૧] પાસે પાટ નાખીને બેઠેલા ને સાધુ સર્વ તથા હરિભક્ત સર્વ બેઠા હતા. પછી મહારાજ બોલ્યા કે, 'હવે આપણે પરમહંસ થાવું ને પરમહંસ દીક્ષા લેવી.' એમ કહીને ઊભા થયા ને ખેસને વચ્ચેથી ફાડીને અલફી કરી ને બીજાં લૂગડાંની કોપિન કરી ને સુરવાળ કાઢીને સુરવાળમાં ઝીણું વસ્ત્ર પહેરેલું તે કાઢીને કોપિન પહેરી. પછી અલફી કોટમાં નાખીને

૧.મંદિરનાં પગથિયાંની બાજુમાં બેસવાની બેઠક

મહારાજ પાટ ઉપર બેઠા ને બોલ્યા જે, 'હવે અમારે ભિક્ષા કરવી છે માટે થાળ કરશો નહીં. ને ધાતુપાત્ર પણ અમારા નામથી રાખશો નહીં ને અમારી પૂજા કરવા આવો તે પણ ઘરેણાં, ધાતુવાળાં લૂગડાં લાવશો નહીં. અને અમારી પૂજા કરવી હોય તો ચંદન-પુષ્પાદિકે કરીને કરવી. ને પત્તર લાવો ને તૂંબડી લાવો ને ઝોળી લાવો.'

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'આજ તો જમ્યા છો માટે કાલે બધું લાવીશું.' ત્યારે મહારાજે કહ્યું કે, 'તૂંબડી લાવો.' ત્યારે રામદાસજીભાઈ ઠપકો દેવા લાગ્યા જે, 'આ તે તમે શું કર્યું ? ને આમ શું કરો છો ? મહારાજ, કાંઈ લોકમાં સારું દેખાય તેમ તો નથી કરતા.' પછી મહારાજ તો કાંઈ બોલ્યા નહીં એટલે સાધુ સર્વે ઊઠ્યા ને સારી સારી તૂંબડી રંગેલી લાવ્યા તે મહારાજ પાસે મૂકી. તેમાં એક જડભરત (જેવા) સાધુ હતા. તે વાંકી તૂંબડી લાવ્યા ને મહારાજ આગળ મૂકી. તે મહારાજે વાંકી તૂંબડી લીધી ને બોલ્યા કે, 'આ ઠીક છે, માટે બીજી તૂંબડીઓ લઈ જાવો.'

પછી મહારાજ ઉઘાડે મસ્તકે પાટ ઉપર બિરાજ્યા. ત્યાં સોમલા ખાચર દરબારમાંથી આવ્યા ને મહારાજને ઠપકો દેવા લાગ્યા જે, 'આ શું કર્યું મહારાજ ? આ તો ઠીક નહીં. કેમ કે દરબારમાં સૌ બાઈ તથા બીજા હરિજન પણ બહુ કકળાટ કરે છે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'જાઓ, અમે હવે દરબારમાં નહીં આવીએ.'

પછી સોમલા ખાચરને એમ થયું જે, 'આપણે બોલ્યા પણ મહારાજને ઠીક ન પડ્યું.' તેથી સોમલા ખાચર દરબારમાં જઈને આવ્યા અને મહારાજ આગળ બોલ્યા જે, "સૌ બાઈઓ રાજી થયાં છે ને હરિજન પણ રાજી થયા છે જે, મહારાજે પરમહંસ દીક્ષા લીધી તે બહુ સારું કર્યું ને આપણે મહારાજનાં ઘણી વાર દર્શન કર્યાં છે, પણ પરમહંસ દીક્ષા લીધેલ એવે વેશે ક્યારેય દર્શન કર્યાં નથી; માટે સૌ ઈચ્છે છે જે, મહારાજ અહીંયાં પધારે તો ઠીક. કેમ જે, સૌ દર્શન કરીએ." ત્યારે મહારાજ કહે, 'ચાલો.'

પછી દરબારમાં ગયા એટલે આથમણે બારણે દક્ષણાદે ઓરડે ઢોલિયો બિછાવી દીધો. ત્યારે ઢોલિયા ઉપર ન બેઠા ને ઓસરીમાં જમીન પર બેઠા. ત્યારે સૌ બાઈઓએ દર્શન કર્યાં ને સૌ કહેવા લાગ્યાં જે, 'મહારાજ ! બહુ સારું કર્યું ને અમે બહુ રાજી થયાં છીએ, પણ મહારાજ ! પરમહંસ-દીક્ષા છે તે ભિક્ષા કરીને જમાય ને આ દેશના જે લોક છે તે બહુ અપવિત્ર છે; કેમ જે, ના'ય નહીં, ધોવે નહીં અને સૂતકાદિક સદાચાર પાળે નહીં; ને દિશાએ જાય તે પાણી પણ લે નહીં ને તે હાથ ન ધોવે; અને છોકરાને બટકું રોટલો આલ્યો હોય તે **શેડા**[૧] તથા **બડખા**[૨] ને લાળે ભરેલો હોય તે ભિક્ષુકને આપે; માટે તમે પણ ભિક્ષા કરશો ત્યારે તમને પણ એ પ્રમાણે ભિક્ષા આપશે; એ અમને ઠીક લાગતું નથી.' ત્યારે મહારાજ બોલ્યા કે, 'દરબારમાં સૂતકાદિક પાળે છે કે નહીં ?' ત્યારે સૌએ હા પાડી.

પછી મહારાજ બોલ્યા જે, 'આટલા દરબારમાં જ ભિક્ષા કરશું.' ત્યારે લાડુબા ઊઠીને બાજરાનો રોટલો ને ગોરસ લાવ્યાં ને મૃત્તિકાની કથરોટ લાવ્યાં. તેમાં મહારાજે ગોરસ તથા બાજરાનો રોટલો ચોળીને તેમાં પાણીની તૂંબડી રેડવા મંડ્યા, એટલે બ્રહ્માનંદસ્વામીએ મહારાજનો હાથ ઝાલી લીધો, તોય પણ અરધી તૂંબડી તો મહારાજે રેડી દીધી. પછી મેળાવી એક કરીને જમ્યા, પછી ચળું કરીને બેઠા.

ત્યારે સાધુ ઝોળી માંગવા આવ્યા ને (બોલ્યા જે) 'નારાયણ હરે..! સચ્ચિદાનંદ પ્રભો..!' તે સમે કોઈક બાઈ બાજરાનો રોટલો તથા દહીંની તાંસળી તથા લાડુ લઈને ઝોળીમાં નાખવા આવ્યાં. ત્યારે એમને વિચાર થયો કે, શી રીતે નાખશું ને કઈ રીતે ઝોળીમાં રહેશે ? ત્યારે મહારાજ બોલ્યા જે, 'લાવો, અમે સાધુની ઝોળીમાં નાખીએ.' એટલે મહારાજે લાડુ તથા રોટલા ને ગોરસ તાંસળીમાં નાખીને એક ગોળો કરીને ઝોળીમાં નાખ્યો. પછી મહારાજ હસ્ત ધોઈને આથમણા બારણે ઓરડે બિરાજમાન થયા. ॥ મહારાજની લીલા ॥૧૭॥

૧.નાકનો મળ ૨.ગળાનો કફ

૧૮. પોતાને હાથે રોટલા કરીને જમવાનું પ્રકરણ

પ્રથમ ત્યાગી સર્વ બાઈયુંના હાથના રોટલા જમતા, ત્યારે મહારાજે કહ્યું જે, 'સહુ ત્યાગીઓ પોતપોતાને હાથે રોટલા કરીને જમો ને હવે બાઈયુંના હાથના ઘડેલ રોટલા જમવા નહીં.' ત્યારે સૌએ હા પાડી ને હાથે રોટલા કરીને જમવાનું પ્રકરણ ચાલ્યું. ત્યારે મહારાજે કહ્યું કે, 'બળતણ વીણીને કરો.'

ત્યારે સૌ હાથે બળતણ વીણી આવીને પોતપોતાના રોટલા કરીને જમે; એટલે લક્ષ્મીબાગે ધોળાં લૂગડાંવાળા, સાધુ વિગેરે સરવે રોટલા કરીને જમતા ને રહેતા. ત્યારે રોટલા ઘડતાં આવડે નહીં ને ઘડતાં ઘડતાં તૂટી પડે. તેમાં કોઈક અવળી પ્રકૃતિવાળા ડુંગરજી જેવા ધોળાં લૂગડાંવાળાએ કહ્યું કે, 'રાંડું ઊભી ઊભી દળે છે, તે રોટલા તૂટી પડે છે.'

એ શબ્દ લાડુબા તથા મોટીબા પાસે આવ્યો. ત્યારે તેમણે દળવાવાળા જે પોતાના સેવક તેમને બોલાવીને ભેળા કરી ઠપકો દેવા લાગ્યાં ને કહ્યું જે, 'આટલા દા'ડાથી આપણે સાધુને દળી-ઘડીને જમાડતાં અને સારી રીતે રાખ્યા. અને હવે તમે બધિયું જાડું દળીને આપો છો, તે આપણું કર્યું-કારવ્યું બધું વૃથા થાશે ને મહારાજ પણ આપણી ઉપર કુરાજી થાશે.' એ રીતે સર્વને ઠપકો દીધો.

એટલે તેમના સેવકે લોટની માટલીઓ દેખાડીને કહ્યું જે, 'આવો ઝીણો લોટ દળીને આપીએ છીએ અને કહે છે કે, જાડો લોટ આવે છે ! તેનું કારણ શું ? માટે તેની ખરી રીતે તપાસ કરાવો.' એવી રીતે તેમનાં સેવકોએ કહ્યું. તે સાંભળી લાડુબા તથા મોટીબા કાંઈ બોલ્યાં નહીં.

અને તે પછી બે દિવસ વીત્યા ત્યારે શ્રીજીમહારાજ આથમણા બારના ઓરડાની ઓસરીએ બિરાજેલા. એટલામાં એકાંતનો વખત જોઈને દળનારા બધાં સેવકો મહારાજ પાસે આવી દિલગીરીથી રોવા

લાગ્યાં ને કહ્યું જે, “અમે ઝીણું દળીને આપીએ છીએ તોય પણ પાળા બોલે છે કે, ‘રાંડું ઊભી ઊભી દળે છે, તે રોટલા તૂટી જાય છે.’ તે વાત સાંભળીને લાડુબા તથા મોટીબાએ અમોને બહુ ઠપકો દીધો.” એમ કહીને લોટની માટલિયું લાવીને મહારાજને બતાવી.

ત્યારે મહારાજે ચપટી ભરીને જોયો ને બોલ્યા જે, ‘સારો ઝીણો લોટ છે.’ પછી મહારાજે કહ્યું જે, ‘હવેથી તમારે દળી આપવું નહીં, એ સૌ પોતપોતાને હાથે દળશે.’ એટલે મહારાજે ત્યાંથી દળવા સારુ ઘંટિયું મંગાવીને મંદિર પછવાડે ગોખ તળે પ્રદક્ષિણા ઠેકાણે છાપરું કરાવીને સાત-આઠ ઘંટીઓની હાર ઉગમણી-આથમણી કરાવીને મહારાજે કહ્યું જે, ‘હવે પોતપોતાને હાથે ઝીણું દળીને ખાઓ.’ ત્યારથી દળવાનું પ્રકરણ ચાલ્યું.

પછી એક સમયે સચ્ચિદાનંદસ્વામી દળવા આવ્યા ત્યારે સિદ્ધાનંદ સ્વામીને કહ્યું જે, ‘આવ આવ સિદ્ધાનંદ ! આપણે દળીએ. મહારાજનાં દર્શન થાય છે ને આપણે દળાય.’ એમ કહીને સિદ્ધાનંદ સ્વામીને બોલાવ્યા.’ તે આવ્યા એટલે દળવા બેઠા. એ વખતે પાછલે પહોર ઉગમણા બારના ઓરડે સભા કરીને મહારાજ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને રામપ્રતાપભાઈ પણ બેઠા હતા. ને દિવસ થોડો રહ્યો ત્યાં સુધી વાતો કરી ને દર્શન દીધાં.

પછી સભા ઊઠ્યા વખતે મહારાજે કહ્યું જે, ‘સાધુ દળે છે ત્યાં ચાલો જોવા જઈએ.’ એમ કહીને સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદ સ્વામી દળતા હતા ત્યાં આવ્યા. તે જોઈને સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, ‘ઘંટીના ઘસરકે વાલો મારો આવિયા રે.’ ત્યારે તે સાંભળીને મહારાજ બોલ્યા જે, ‘સ્વામી ! તમે તો દળો; તમને કાવ્ય કરતાં નહીં આવડે; અમે કાવ્ય તો મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને પ્રેમાનંદ સ્વામી પાસે કરાવશું.’

એમ કહીને સચ્ચિદાનંદસ્વામી દળતા હતા તેમાંથી ચપટી ભરીને

લોટ જોયો ને જોઈને બોલ્યા કે, 'સમાધિવાળાને દળતાં સારું આવડે છે.' એમ કહીને સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી સામું જોઈને હસતા હતા. ત્યારે રામપ્રતાપજીભાઈએ પણ લોટ જોઈને કહ્યું જે, 'મહારાજ ! ચકીવાળા સાધુને દળતાં સારું આવડે છે.' એમ કહીને મહારાજ લાડુબાવાળે ઓરડે પધાર્યા. ॥ મહારાજની લીલા ॥૧૮॥

૧૯. સિદ્ધાનંદસ્વામી રીંગણા લાવ્યા

એક સમે મહારાજ ઉગમણા બારના ઓરડે સભા કરીને બિરાજેલા. તે સમે રાધાબાગેથી સિદ્ધાનંદસ્વામી આવી મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, 'સ્વામી ! શું લાવ્યા છો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મહારાજ ! તમારે સારુ વંતાક લાવ્યો છું.' એટલે મહારાજે વંતાક જોઈને વખાણીને કહ્યું જે, 'આ વંતાક રામપ્રતાપભાઈ સારુ લઈ જાઓ.'

એટલે એ વંતાક લઈને સ્વામી ભાઈને આપવા ગયા. ત્યારે ભાઈ જમતાં જમતાં બોલ્યા કે, 'આવો ચકીવાળા સ્વામી ! અમારે વાસ્તે શું લાવ્યા ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મહારાજ સારુ વંતાક લાવ્યો હતો, તે મહારાજે તમ સારુ મોકલ્યાં છે.' ત્યારે રામપ્રતાપભાઈ બહુ રાજી થયા ને કહ્યું જે, 'સ્વામી, આવો બેસો. અમારી પ્રસાદી લેશો ?' ત્યારે સ્વામી કહે, 'હા મહારાજ ! લઈશ.'

પછી રૂપાનો મોટો વાટકો ભરીને આપ્યો. તે સ્વામી જમ્યા ને ઊઠવાનું કર્યું. ત્યારે ભાઈ કહે, 'બેસો, અમારે એક વાત પૂછવી છે.' એમ કહીને બોલ્યા જે, 'તમે સમાધિવાળા છો ને અક્ષરધામમાં સમાધિ કરીને જાઓ છો ત્યાં મારા પિતા તથા મારાં નાની શું કરે છે ?' ત્યારે સિદ્ધાનંદસ્વામીએ કહ્યું જે, 'મહારાજનું હું ધ્યાન કરું છું, તે મહારાજની મૂર્તિ દેખીને જ વર્તી તણાય છે ત્યારે સમાધિ થાય છે, પણ અક્ષરધામમાં નથી જાતો.' એમ કહીને ઉતાવળા ઊઠ્યા જે, વળી બીજી વાત પૂછશે તો સમાધાન નહીં થાય. ॥ મહારાજની લીલા ॥૧૯॥

૨૦. મહારાજ માગીને જમ્યા તથા ચૈતન્યાનંદસ્વામીએ દર્શનીય પૂજા કરી

એક સમે મહારાજ ગામ ગયા હતા તે આવ્યા. ને દરબારમાં લીંબતરુથી ઉગમણા ને આથમણા બારનો દક્ષણાદો ઓરડો એ બે વચ્ચે ઘોડી ઊભી રાખી. ને ઘોડીએથી ઊતરતાં એક ચરણારવિંદ પેગડામાં ને એક ચરણારવિંદ જમીન ઉપર ને બોલ્યા જે, 'ભૂખ બહુ લાગી છે, માટે જમવું છે.' ત્યારે લાડુબાએ કહ્યું જે, 'મહારાજ ! તમે કહો તે જમવાનું કરીએ.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'જે હોય તે લાવો. હમણે જમવાનું કરવું નથી.' ત્યારે લાડુબાએ કહ્યું જે, 'મહારાજ ! તમે જમો તેવું કાંઈ નથી.' ત્યારે મહારાજે કહ્યું જે, 'જે હાજર હોય તે લાવો.'

એટલે લાડુબાએ રસોડામાં જઈને જોયું, તો એક રોટલો બાજરાનો હતો. તેમાંથી અરધો રોટલો ભાંગીને દેવતા ઉપર શેકવા મૂક્યો ને બાકીનો અરધો રોટલો ને ગોરસ ભરેલી તાંસળી તે લઈને તે ઓરડાની ઉત્તરાદી તરફ કરાની આથમણી દિશાએ ઓટા ઉપર દક્ષણાદે મુખારવિંદે મહારાજ બિરાજ્યા હતા ત્યાં લાવ્યાં.

તે જમી રહ્યા ને બોલ્યા જે, 'હવે કાંઈ છે ?' ત્યારે લાડુબાએ હા પાડી ને શેકેલો અરધો રોટલો ને પાપડ લાવ્યાં. તે પણ જમ્યા ને ફરીથી બોલ્યા જે, 'આટલે નહીં થાય. જમવાનું વધારે જોશે.' ત્યારે મોટીબા એમને રસોડેથી બે ઘઉંની રોટલી અને એક બાજરાનો રોટલો લાવ્યાં. પછી મહારાજ ઘઉંની રોટલી, પાપડ, ગોરસ અને બાજરાનો રોટલો જમતા હતા. એટલામાં ચૈતન્યાનંદસ્વામી ઝાલાવાડમાં ફરવા ગયા હતા, તે આવ્યા ને મહારાજને દંડવત કર્યો.

ત્યાં મહારાજ ઊભા થયા એટલે સ્વામી બોલ્યા જે, 'મહારાજ જમો, પછી આપણે મળશું.' ત્યારે મહારાજે કહ્યું જે, 'તમે ઝાઝા દિવસથી ગયા હતા તે આવો મળીએ.' પછી સ્વામી મળ્યા અને સ્વામીની સાથેના જે સાધુ હતા તે મહારાજને દંડવત કરી પગે લાગીને બેઠા.

પછી મહારાજ જમી રહ્યા, એટલે સ્વામીએ તાંસળીમાં વધેલી પ્રસાદી લેવા માંડી. ત્યારે મહારાજે તાંસળી ઝાલી રાખી ને બોલ્યા જે, 'તમને નહીં આલીએ.' ત્યાં દાદો ખાચર બોલ્યા જે, 'લાવો મહારાજ, મને આપો.' ત્યારે સ્વામીએ દાદા ખાચરને કહ્યું જે, 'તમે તો નિરંતર મહારાજની પ્રસાદી જમો છો અને અમારે તો ક્યારેક મહારાજની પ્રસાદીનો જોગ થાય. તેમાં તમે શા સારુ વચમાં લેવા પડો છો ?' ત્યારે સુરોભક્ત બોલ્યા જે, 'મહારાજ મને આપો, એટલે દાદા ખાચર અને ચૈતન્યાનંદસ્વામીનો કજિયો મટી જાય.' ત્યારે મહારાજ કે, 'સ્વામીને લેવા દો. કારણ કે ઝાઝે દહાડે આવ્યા છે, માટે સ્વામીને આપશું.' એમ કહીને સ્વામીને આપી.

પછી મહારાજ ચળું કરીને જળપાન કરીને મુખવાસ જમતાં ચાખડીએ ચડીને તે ઓરડાની ઓસરીએ થઈને હેઠા ઊતર્યા. ને લીંબડા તળે થઈને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણું મુખારવિંદ રાખીને વિરાજમાન થયા; એટલે ચૈતન્યાનંદસ્વામીએ કહ્યું જે, 'મહારાજ ! ઝાલાવાડના હરિજન આવ્યા છે. તેમને પૂજા કરવી છે.' ત્યારે મહારાજ કે, 'બોલાવો.'

એટલે એ હરિભક્તોએ મહારાજની પૂજા ભારે ભારે પોશાક વગેરે પૂજા-સામગ્રી, હેમનાં કડાં, વેઢ, વીંટી, બાજુ, પોંચી, તોડા વિગેરેથી કરી ને પછી આરતી ઉતારવા માંડી. ત્યારે આરતી ઉતારતાં ન આવડી એટલે ચૈતન્યાનંદસ્વામીએ મહારાજની આરતી ઉતારી. પછી હરિભક્તોએ બધા સાધુ, બ્રહ્મચારી, પાર્ષદોને જમાડી પૂજા કરીને લૂગડાં ઓઢાડ્યાં, તે સમે રામપ્રતાપજીભાઈની આગળ તે હરિભક્તોએ રૂપિયા મેલ્યા ને બીજાં લૂગડાં ઓઢાડ્યાં એ રીતે ચાર-પાંચ દિવસ રહ્યા. ને એ જ રીતે જેટલા દહાડા ત્યાં રહ્યા તેટલા દહાડા પૂજા કરી. પછી તે હરિભક્તો શીખ માંગીને ગયા.

પછી ચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! મારે પૂજા કરવી છે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'આવો પૂજા કરો.' એટલે સ્વામી

પૂજા કરવા આવ્યા. ત્યારે મહારાજે ભારે ભારે વસ્ત્ર પહેર્યાં હતાં તે ઉતાર્યાં, ને માથે એક પાઘ રાખી ને એક ખેસ પે'ર્યો. એ રીતે ઉઘાડી મૂર્તિની સ્વામી પૂજા કરવા માંડ્યા. તે પ્રથમ ભાલને વિષે ધોળા મળિયાગર ચંદનના **ખજૂરા**[1] પાડીને **ચર્ચા**[2] કરી. ને કંઠથી હેઠે, છાતી તથા બે ભુજા, ઉદર, ઘૂંટી, પિંડી, સાથળ અને બે ચરણારવિંદ ઉપર બધે શરીરે સારી પેઠે ચંદન ચર્ચીને ભાત પાડી. ને મૂરતિ સારી પેઠે નખશિખા પર્યંત નીરખીને પોતાના હૃદયને વિષે ઉતારતા હતા. ને પછી મહારાજની આરતી ઉતારી. ને પછી મહારાજ ઊભા થઈ બથમાં ઘાલી સ્વામીને મળ્યા.

તે સમે શ્રીજીમહારાજની મૂર્તિની બહુ શોભા આવી હતી. ને સૌએ બે-ચાર ઘડી સુધી સારી પેઠે દર્શન કર્યાં. એટલામાં બાઈઓને ખબર પડી જે, ચૈતન્યાનંદસ્વામીએ મહારાજની બહુ ભારે પૂજા કરી છે, તે સૌ (કહે), 'ચાલો દર્શન કરવા જાઈએ.' પછી સૌ ડોસીઓ દર્શન કરીને ગયાં. એટલે મહારાજ ના'વા પધાર્યા. મંદિર પછવાડે ગોખ તળે બાજોઠ ઉપર ના'વા બેઠા. ત્યારે ચૈતન્યાનંદસ્વામીએ પ્રથમ વાટકામાં ચંદન ઉતાર્યું, પછી ભીનું લૂગડું કરીને મહારાજને શરીરેથી ચંદન ઉતારી લીધું. પછી શરીર ચોળીને સ્વામીએ મહારાજને નવરાવ્યા. પછી મહારાજ ચાખડીએ ચડીને જમવા આથમણા બારને ઓરડે પધાર્યા. જમીને મુક્તાનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી ને નિત્યાનંદસ્વામીને પ્રસાદી આપી. ॥ મહારાજની લીલા ॥૨૦॥

૨૧. મહારાજ અડધી રાતે ઠૂમરો જમ્યા ને ભણનારાને જમાડ્યા

એક સમયને વિષે મહારાજ અક્ષરઓરડીમાં પોઢ્યા હતા. એટલે અધરાતે જાગ્યા ને બ્રહ્મચારીને જગાડ્યા ને બોલ્યા જે, 'જમવાનું કાંઈ હોય તો ખબર કાઢો, અમને ભૂખ લાગી છે.' ત્યારે બ્રહ્મચારીએ મોટીબાને પૂછ્યું જે, 'મહારાજને જમવું છે, માટે કાંઈ ખાવાનું હોય

૧.ખજૂરીનાં પાંદડાં જેવી ભાત ૨.અર્ચા; પૂજા.

તો આપો.' એટલે મોટીબાએ કહ્યું જે, 'જમવા જેવું કશું નથી, પણ મહારાજની સારુ રસોઈ કહો તો કરી આપીએ.' ત્યારે બ્રહ્મચારીએ લાડુબાને પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું જે, 'મહારાજ જમે એવું આંહીં તો કશું નથી.' એટલે બ્રહ્મચારીએ રાજબાઈને પૂછ્યું જે, 'મહારાજને જમવું છે માટે કાંઈ ખાવાનું હોય તો આપો.' ત્યારે તેમણે કહ્યું જે, 'ખાવાનું કશું નથી.'

એટલે બ્રહ્મચારી મહારાજ પાસે ગયા ને બોલ્યા જે, "મહારાજ ! જમવા જેવું તો તૈયાર કશું નથી; પણ લાડુબા વિગેરે કહે છે જે, 'મહારાજને સારુ રસોઈ કહો તો કરી આપીએ." ત્યારે મહારાજ બોલ્યા કે, 'જે હાજર હોય તે લાવો, નવું અત્યારે કશું કરવું નથી.' ત્યારે તે હકીકત બ્રહ્મચારીએ મોટીબા તથા લાડુબાને કહી. ત્યારે ગંગાબાએ તે વાત સાંભળીને કહ્યું કે, 'જુવારનો **ઠૂમરો**[૧] છે; જો મહારાજ જમે તો !' ત્યારે બ્રહ્મચારીએ મહારાજને સંભળાવ્યું કે, 'ગંગાબાને ત્યાં જુવારનો ઠૂમરો છે, તમે કહો તો લાવીએ.' ત્યારે મહારાજે કહ્યું જે, 'લાવો.' એટલે બ્રહ્મચારીએ ગંગાબાને કહ્યું જે, 'ઠૂમરો લાવો.'

ત્યારે ગંગાબાએ ઠૂમરો લીધો અને મોટીબાએ ગોરસ લીધું અને રાજબાઈએ ઘી લીધું. ત્યારે લાડુબા કહે, 'લ્યો, હું પાપડ શેકી લાવું.' એ રીતે ચારેય બાઈઓ મહારાજ સારુ જમવાનું લઈને મહારાજ પાસે ગઈ. એટલે મહારાજ અક્ષરઓરડીની ઓસરીમાં ઉત્તરાદે મુખારવિંદે જમવા બેઠા. ત્યારે ચારેય વસ્તુ ઠૂમરો, પાપડ, ઘી ને ગોરસ મહારાજ આગળ થાળમાં મેલ્યું. ત્યારે મહારાજ ઠૂમરો અને ઘી પ્રથમ જમ્યા, પછી ફરી ઘી લઈ ઠૂમરા સાથે મેળાવી જમ્યા. ને ત્યાર પછી ગોરસ ને ઠૂમરો તથા પાપડ જમ્યા.

પછી મહારાજ બોલ્યા જે, 'કાંઈ વધારે ઠૂમરો છે ?' ત્યારે ગંગામાએ કહ્યું જે, 'મહારાજ ! ઠૂમરો તો છે.' ત્યારે મહારાજ

૧.ભડકું – છાશમાં રાંધેલું જારનું દેશી ધાન

કહે, 'લાવો ને બે તાંસડા લાવો.' પછી તે લાવ્યા, એટલે મહારાજ કહે, 'સાધુને બોલાવો.' ત્યારે બ્રહ્મચારી તેડવા આવ્યા. તે ભણનારા વિદ્યાભ્યાસ કરતા તેને, તથા પ્રેમાનંદસ્વામી ગાવણાનો અભ્યાસ કરતા તેને, તથા જોગાનંદસ્વામી સરોદાનો અભ્યાસ કરતા તેને, તથા અખંડાનંદ સ્વામી અષ્ટાંગયોગનો અભ્યાસ કરતા તેને, તથા ભજનાનંદસ્વામી વૈદકનો અભ્યાસ કરતા; તે સર્વેને બ્રહ્મચારી બોલાવી લાવ્યા.

ત્યારે મહારાજે તે સર્વેને કહ્યું જે, 'તમે વિદ્યાભ્યાસ કરો છો, માટે ભૂખ્યા થયા હશો.' એમ કહીને ઠૂમરો હતો તે તાંસડામાં કાઢ્યો ને તેમાં ઘી નાંખ્યું. ત્યાર પછી તેમાં ગોરસ અને પાપડ નાંખ્યાં ને સારી પેઠે હલાવીને મેળવ્યું. તેમાંથી મહારાજ ચાર-પાંચ ગ્રાસ જમ્યા. જમીને કહ્યું જે, 'કેટલા સાધુ છે ?' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, 'સોળ સાધુ છે.' એટલે મહારાજે કહ્યું જે, 'આ બે તાંસ છે, તેમાં આઠ-આઠ સાધુ જમો.' ત્યારે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી ને ચૈતન્યાનંદ સ્વામી આદિ એક તાંસ મધ્યે આઠ-આઠ જણ જમવા બેઠા. ને જમી રહ્યા ત્યારે મહારાજે અક્ષરઓરડીના ફળીમાં ઢોલિયા ઉપર પોઢીને કહ્યું જે, 'અમને વાયરો નાંખો.' પછી મુક્તાનંદસ્વામી, ચૈતન્યાનંદ સ્વામી ને જોગાનંદસ્વામી એ ત્રણ સિવાયે વાયરો નાંખ્યો.

પછી જ્યારે મહારાજ પોઢી ગયા એટલે મુક્તાનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામી મહારાજનાં ચરણ દાબવા મંડ્યા. એ રીતે મહારાજ સવાર સુધી પોઢ્યા. ને મહારાજે જાગીને મુક્તાનંદસ્વામી સામું જોયું ને પછી ચૈતન્યાનંદસ્વામી ચરણ દાબતા હતા તે સામું જોયું ને મુક્તાનંદસ્વામીને કહ્યું જે, 'સ્વામી ! તમે તો મારા ગુરુ ને પગ દાબો છો તે સારું ન કહેવાય; માટે અપરાધ થયો.' તેમ કહીને મહારાજ ઢોલિયેથી નીચે ઊતરીને મુક્તાનંદસ્વામીને દંડવત કરવાનું કર્યું; એટલે સ્વામી બહુ દિલગીર થયા. ત્યારે મહારાજે કહ્યું જે, 'સ્વામી ! તમે બહુ દિલગીર ન થાઓ, અપરાધ તો મને થયો છે.' એમ કહીને મુક્તાનંદસ્વામી ઉપર બહુ રાજી થયા. ॥ મહારાજની લીલા ॥૨૧॥

૨૨. સર્વ સાધુને આ રીતે ભજન થાય છે

એક સમે શ્રીજી મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા હતા. ત્યાં નિષ્કુળાનંદસ્વામી આવીને મહારાજને પગે લાગીને બેઠા ને બોલ્યા જે, 'મહારાજ ! તમે ઘેલા નદીએ પધારો, તો આપણે જે મંદિર ચણવાનું કામ ચાલે છે તે સારુ પાણા કઢાવીએ.'

પછી મહારાજ નદીએ પધાર્યા ને ઉગમણે આરે મોટા પથ્થર ઉપર બેઠા. ને મુક્તાનંદસ્વામી આગળ બેઠા અને બીજા સાધુ, પાર્ષદ તથા હરિભક્ત સર્વે પથ્થર કાઢવા લાગ્યા. તે પથ્થર કાઢવાનું કામ બહુ ઝડપથી ચાલ્યું. અને ગામમાંથી ગરઢેરા મહારાજનાં દર્શન કરવા આવ્યા ને મહારાજ આગળ બેઠા.

ત્યારે મુક્તાનંદસ્વામીને મહારાજે આજ્ઞા કરી જે, 'વાતુ કરો !' ત્યારે મુક્તાનંદસ્વામીએ બહુ સારી વાત કરી; જેથી સર્વે ગરઢેરાને સારું લાગ્યું. પછી મહારાજે વાત કરી તે પણ અતિ સારી લાગી. ત્યારે મહારાજે સોમલા ખાચરને કહ્યું જે, "આ ગરઢેરાને પૂછો કે,'આ સાધુને કેવા જાણો છો ?" ત્યારે સોમલા ખાચરે બધા ગરઢેરાને પૂછ્યું. ત્યારે તે કાંઈ બોલ્યા નહીં. ને ગામ તોતણિયાળાનો એક ચારણ બોલ્યો જે, 'મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી એ તો મોટા સાધુ છે.'

ત્યારે મહારાજે કહ્યું જે, 'આ બીજા સાધુને કેવા સમજો છો ?' ત્યારે તેણે કહ્યું જે, 'એવા ધાન ખાયા તો ઘણા ભેળા થાય છે.' ત્યારે મહારાજ કહે, 'તમે સમજો છો એવા એ સાધુ નથી, એ તો બહુ મોટા છે.' એમ કહીને શાંતાનંદસ્વામીને કહ્યું જે, 'સિદ્ધાનંદસ્વામીને બોલાવો.' પછી સિદ્ધાનંદસ્વામીને હાથમાં કોદાળી ને પરસેવો વળ્યો હતો, તેવા ને તેવા તેડી લાવ્યા. ત્યારે જેમ મોરનું ગળું હાલે તેમ જ સ્વામીનું ગળું મહારાજનું ભજન કરવાથી હાલતું હતું. તે જોઈને કાઠી તથા ચારણને સ્વામીનો બહુ ભાર પડ્યો. ત્યારે તેમણે કહ્યું જે, 'મહારાજ ! આ તો બહુ મોટા સાધુ !' એટલે મહારાજે કહ્યું જે, **'સર્વે સાધુને આ રીતે ભજન**

થાય છે, અને સાધુ જે આ કામ કરે છે તે અમને રાજી કરવા સારુ કરે છે. ને તે કામકાજ કરતાં પણ નિરંતર અમારી સ્મૃતિ રાખે છે.'

એ રીતે એમની આગળ મહારાજે બહુ વાત કરી. પછી તેઓ કાઠી સૌ મહારાજને પગે લાગીને ઊઠ્યા. ત્યાર પછી ચાર-પાંચ ઘડી સુધી પથ્થર કાઢવાનું કામ ચલાવ્યું. ને પછી મહારાજ કહે, 'હવે કારખાનું બંધ રાખો.' પછી સર્વે સાધુ, પાર્ષદ તથા હરિજન સૌ એકેકો પથ્થર માથે ઊંચકી મહારાજ સાથે દરબારમાં આવ્યા.

॥ મહારાજની લીલા ॥૨૨॥

૨૩. દાદા ખાચરની અદ્‌ભુત આત્મીયતા

એક સમે સંધ્યા વખતે મહારાજ ઉત્તરાદા બારણાના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજ્યા હતા. પછી ધૂન કરવા ઊભા થયા. પછી જ્યારે ધૂન થઈ રહી ત્યારે મહારાજ ઊભા રહ્યા; એટલે સાધુ પાળા હરિભક્ત સર્વે મહારાજનાં ચરણનો સ્પર્શ કરી આગળ ઊભા રહ્યા. ત્યારે મહારાજ ઊભા થકા સર્વ સાધુને તે પૂછતા હતા જે, 'તમો સર્વ રાત્રીએ ક્યાં રહો છો ?'

ત્યારે તેમણે કહ્યું જે, 'મહારાજ ! ઘેલામાં રહીએ છીએ તથા પીપળાવાડીમાં રહીએ છીએ તથા લક્ષ્મીબાગે ને ક્યારેક હાટડામાં રહીએ છીએ; પણ જ્યારે ઘેલામાં રહીએ ત્યારે તો સુંવાળી વેકરને લીધે તથા વાયરાથી બહુ ઠીક પડે છે.' એટલે મહારાજે કહ્યું જે, 'ઉનાળામાં તો નદીમાં રહેવાય, પણ ચોમાસામાં તો ન રહેવાય.'

એમ વિચાર કરીને દાદા ખાચરને બોલાવ્યા ને કહ્યું જે, 'દાદા ખાચર ! સાધુને ક્યાંય રહેવાની જગ્યા નથી, ને જ્યાં-ત્યાં પડ્યા રહે છે; માટે કાંઈક રહેવાનું જોઈએ.' ત્યારે દાદો ખાચર બોલ્યા જે, 'આ ઓરડા ઉત્તરાદા બારના તથા દક્ષણાદા બારના તથા ઉગમણા બારના ને આથમણા બારના છે તેમાં સાધુ રહે.' એટલે મહારાજે કહ્યું જે, 'તમે

ક્યાં રહેશો ?' ત્યારે દાદા ખાચરે જવાબ દીધો જે, 'માંયલી જગ્યા છે ત્યાં રહેશું.' ત્યારે મહારાજે સાધુને પૂછ્યું જે, 'તમને આ જગ્યા ઠીક પડશે ?' ત્યારે સાધુએ કહ્યું જે, 'મહારાજ ! રહેવાનું તો ઠીક, પણ દાદા ખાચરને પાણી ભરવાનું જરા અડચણ જેવું થાશે.' એટલે મહારાજે સાધુ સર્વેને કહ્યું કે, 'રાતે વિચારજો. પછી જેમ તમને ઠીક પડે તેમ કરશું.' એમ કહીને મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા.

પછી ત્યાં જરાવાર ઢોલિયા ઉપર બેસીને પોઢી ગયા. ને સવારમાં ઊઠીને નિત્યવિધિ કરીને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. ને ત્યાંથી ચાખડીએ ચડી ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પધારી ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન થયા. ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા પાર્ષદ, હરિજનોની સભા ભરાઈને બેઠી. તે સમે મહારાજને હરિભક્તોએ હાર-તોરા પે'રાવ્યા.

ત્યારે મહારાજ બોલ્યા જે, 'પ્રાગજી દવેને બોલાવો, કથા કરાવીએ.' એટલે તે આવીને કથા કરવા માંડ્યા. તે ભાગવતનો અધ્યાય એક પૂરો થયો એટલે મહારાજ કે, 'હવે સમાપ્તિ કરો.' પછી તે શ્રીપતિં થયા પછી સાધુને મહારાજે કહ્યું જે, 'તમને કાલે કહ્યું હતું તેનો શો વિચાર કર્યો ?' એટલે સાધુએ કહ્યું જે, 'લક્ષ્મીબાગમાં રે'વાનું થાય તો સારું.' ત્યારે મહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે, 'એ ઠીક રહેવાની જગ્યા.'

પછી મહારાજે દાદા ખાચરને કહ્યું જે, 'ઘોડા ઉપર સામાન મંડાવી લાવો, આપણે લક્ષ્મીબાગે જઈએ.' ત્યારે ઘોડા લાવ્યા. તે મહારાજ સવાર થઈને સાધુ તથા પાર્ષદ તથા દાદા ખાચર વિગેરે હરિજન સર્વે લક્ષ્મીબાગ પ્રત્યે આવ્યા ને તે બાગમાં ગયા. ને માંયલા કૂવાથી લગાર ઉગમણો એક ખીજડો હતો. તે તળે સવારી સહિત લક્ષ્મીબાગમાં ઊભા રહ્યા ને બોલ્યા જે, 'સાધુને રે'વાની ધર્મશાળા કઈ જગ્યાએ કરશું ?' ત્યારે દાદા ખાચરે કહ્યું જે, 'મહારાજ, સાધુની જ્યાં મરજી હોય ત્યાં કરો.' એટલે સાધુએ કહ્યું જે, 'અમે કાંઈ જાણીએ નહીં; તમારી મરજી અનુસારે

કરો.' ત્યારે દાદા ખાચરે કહ્યું જે, 'મહારાજ ! નિત્યાનંદસ્વામીને પૂછીને કરીએ; કેમ કે તે વ્યવહારની રીતમાં બહુ કુશળ છે.'

ત્યારે સ્વામીએ હાલમાં જે મંદિર છે તેથી દક્ષણાદી તરફ મંદિરના થડમાં જગ્યા બતાવી. ત્યારે મહારાજે સાધુને કહ્યું જે, 'સ્વામી આગળ ચાલે ને તમે પાયો ગાળવાનાં નિશાન કરતા જાઓ.' પછી નિત્યાનંદસ્વામી આથમણા ચાલીને ઉગમણી તરફ હાલમાં જે જૂનો કરો છે ત્યાં સુધી આવ્યા. ને સ્વામી બોલ્યા જે, 'આ ધર્મશાળા કરવાનાં નિશાન કર્યાં ને જ્યારે મૂરત આવે ત્યારે પાયો ગળાવો.'

ત્યારે મહારાજે ઘોડી ઉપરથી ઊતરીને કહ્યું જે, 'લાવો કોદાળી.' પછી કોઈ ભક્ત કોદાળી લાવ્યા તેટલી ઘડી ઊભા રહ્યા. પછી મહારાજે હાથમાં કોદાળી લઈને સાત ફેરો ટચકા કરીને પાયો ગાળવાનું મૂરત કર્યું, ને બોલ્યા જે, 'આ તમારે મૂરત. હવે પાયો ગાળવા માંડો.'

પછી સાધુ બધા પાયો ખોદવા મંડ્યા. ત્યારે મહારાજને કહ્યું જે, 'પાણી જોઈશે.' ત્યારે મહારાજ કે', 'વાડીને ધોરિયેથી લાવો.' પછી પાણી ધોરિયેથી લાવ્યા, પણ ગારો કરવા સારુ પાવડો ન મળે; તે પાણી વાળવા પાવડો એક જ હતો તે લાવ્યા. ને મહારાજને કહ્યું જે, 'પાવડો તો એક જ છે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'હાથ એ પાવડા, હાથે ગારો કરો.' પછી સૌ ગારો કરવા મંડ્યા ને ઉગમણો કરો વેંત વેંત ચણ્યો. પછી દક્ષણાદી પછીતે ચણવા મંડ્યા; ત્યારે મહારાજ બોલ્યા જે, 'હવે રાખો.' એમ કહીને ઘોડીએ સવાર થઈને તે સાધુ-પાળા-હરિજન સહિત દરબારમાં પધાર્યા. ને થાળ જમીને અક્ષર-ઓરડીમાં પોઢી ગયા. ॥ મહારાજની લીલા ॥૨૩॥

૨૪. ગોપનાથના બ્રહ્મચારીનો મહારાજે મોક્ષ કર્યો

શ્રીજીમહારાજ વનમાંથી પંચતીર્થીમાં આવ્યા ત્યારે ગોપનાથ ગયા. ત્યારે ત્યાં નૃસિંહાનંદ કરીને એક બ્રહ્મચારી હતા. તેમણે મહારાજનું બહુ સન્માન કર્યું ને રાખ્યા. ને મહારાજ ત્યાં રહ્યા તેથી કરીને તે

બ્રહ્મચારીને મહારાજને વિષે બહુ હેત થયું. પણ ત્યાં થોડા દિવસ રહી મહારાજ ચાલી નીસર્યા તે ઘણાં વર્ષ વીતી ગયાં. પછી મહારાજની દેશાંતરમાં બહુ પ્રસિદ્ધિ થઈ. તે વખત મહારાજ ગઢપુરમાં બિરાજતા હતા. એટલે ગોપનાથના બ્રહ્મચારીને એમ થયું જે, 'મહારાજ આંહીં એકવાર પધાર્યા હતા ને હવે મહારાજની ઘણી પ્રસિદ્ધિ થઈ; માટે એક ફેરો મહારાજને તેડાવીએ.'

પછી તે બ્રહ્મચારીએ મહારાજને તેડાવવાનો પત્ર લખ્યો. તે મહારાજ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા ત્યાં તે પત્ર આવ્યો. એટલે મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામીને બોલાવીને કાગળ વાંચી સંભળાવ્યો. તે કાગળમાં ઉપમા તથા વિનંતી સારી લખેલ તેથી મહારાજ રાજી થયા; એટલે સાધુએ પૂછ્યું જે, 'આ શેનો કાગળ ?' ત્યારે મહારાજ વનમાંથી પંચતીર્થીમાં થઈને ગોપનાથ ગયા હતા તે વાત સાધુને કહી દેખાડી ને કહ્યું જે, 'અમારે વિષે તે બ્રહ્મચારીને બહુ હેત છે, માટે તેડાવ્યા છે; માટે આપણે જવું છે.' પણ મહારાજ ગયા નહિ, એટલે બે-ત્રણ કાગળ આવ્યા. ત્યારે ફેર જવાનો મનસૂબો કર્યો. ને સાધુને કહ્યું જે, 'સૌ સાબદા થાઓ, આપણે ગોપનાથ જવું છે.' એમ કહીને કરસનજી કોઠારી પાસેથી સાધુને બશેર-બશેર લોટ ભાતાં સારુ અપાવ્યો ને કહ્યું જે, 'સૌને સવારે ચાલવું છે.' એટલી વાત કરીને મહારાજ અક્ષરઓરડીમાં જઈને ઢોલિયા ઉપર પોઢ્યા.

સવારમાં ઊઠી નિત્યવિધિ કરીને સર્વે શ્વેત વસ્ત્રનું ધારણ કરીને તૈયાર થઈ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરિયે પધાર્યા ને બોલ્યા જે, 'ચાલો ચાલો, સૌ તૈયાર થાઓ.' ત્યારે સાધુ, પાળા તથા ઘોડેસવાર વિગેરે પાયદળ માણસ ઘણું થયું. તે જોઈને મહારાજ બોલ્યા જે, 'આ સર્વેનું ખરચ કોને માથે ?' ત્યારે મહાનુભાવાનંદસ્વામી આકળા થઈને બોલ્યા જે, 'ખરચ તો તમારે જ માથે તો !' એટલે મહારાજે કહ્યું જે, 'આપણે ગોપનાથ ગયાનું શું કામ છે ?' એમ કહીને જવાનું અળસાવી નાખ્યું.

પછી કરસનજી કોઠારી આવ્યા. તેણે મહારાજને કહ્યું જે, 'સાધુને લોટ આપ્યો હતો તે પાછો મંગાવો. કેમ જે, મહારાજ ! ગામતરાનું આળસ્યું.' પછી મહારાજે સાધુને કહ્યું જે, 'લોટ પાછો આપો.' તે જેણે લોટ લીધો હતો તે પાછો આપી ગયા. ત્યારે તેણે લોટ તોળી જોયો તો ઝાઝો ઓછો થયો; એટલે મહારાજને કહ્યું જે, 'લોટ પૂરો આવ્યો નહીં.' ત્યારે મહારાજે કહ્યું જે, 'સાધુ જમ્યા હશે ! માટે કાંઈ નહિ.' એટલે કરસનજી લોટ લઈને ગયા ને ગામ જવાનું આળસ્યું.

પછી જ્યારે ગોપનાથના બ્રહ્મચારીએ દેહ મૂક્યો ત્યારે મહારાજ ભારે સવારી સહિત તેડવા આવ્યા. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, 'મહારાજ ! તમને મેં તેડાવ્યા હતા, પણ આવ્યા નહીં; તે શાથી નહોતા આવ્યા ?' એટલે મહારાજે કહ્યું જે, 'ઝાઝું મનુષ્ય થઈ ગયું હતું. તેના ખરચના લીધાથી અમે નહોતા આવ્યા.' એટલે બ્રહ્મચારીએ કહ્યું જે, 'આંહીં જે પૈસા હતા તે કોના હતા ? પણ ન આવ્યા તે બહુ ખોટું થયું. કેમ જે, આ જે રૂપિયા છે તે તમે પધાર્યા હોત તો વવરાત. હવે શેં કામ આવશે ?' પછી મહારાજ તે બ્રહ્મચારીને તેડી ગયા.

॥ મહારાજની લીલા ॥૨૪॥

૨૫. મહારાજે ગઢપુરમાં મૂર્તિઓ ખરીદી

એક સમે મહારાજ ગઢપુરમાં બિરાજે. તે મહારાજને એવો વિચાર જે, મંદિર કરીને તેમાં મૂર્તિઓ પધરાવવી. એવા વિચારથી મહારાજ સભા કરીને બિરાજે. ત્યારે બોલ્યા જે, 'આપણે મૂર્તિઓ લેવી.' એમ બીજે ને ત્રીજે દિવસે સભામાં મહારાજ સંભાર્યા કરે.

તેવા સમામાં મુક્તાનંદસ્વામી **વડોદરેથી** આવ્યા. ત્યારે તેમણે મહારાજને કહ્યું જે, 'વડોદરેથી લક્ષ્મીનારાયણની મૂર્તિ અમે લાવતા હતા, પણ રસ્તામાં વરસાદ થવાથી ગાડું ચાલ્યું નહીં; માટે બોચાસણમાં મૂકતા આવ્યા છીએ.' ત્યારે મહારાજે કહ્યું જે, 'તે લક્ષ્મીનારાયણની મૂર્તિ તો વડતાલમાં પધરાવશું, અહીંયાં નથી લાવવી. ને સ્વામી !

આપણે મૂર્તિઓ ઝાઝી જોઈએ છીએ.' તેવામાં હસનભાઈ ગામ લાઠીએ ગયા હતા ત્યાં ત્રણ ગાડીઓ મૂર્તિઓની લઈને સલાટ વેચવા સારુ આવેલા. ત્યારે હસનભાઈએ તે મૂર્તિઓની ગાડી ત્રણ ગઢડે લાવવા સારુ એ સલાટને કહ્યું જે, 'અમારે મૂર્તિઓ રાખવી છે.' તેમ કહેવાથી તે ગાડાં ત્યાંથી ચાલ્યાં, તે વાટમાં ચારણનું સમઢિયાળું ત્યાં આવ્યાં.

એટલામાં મહારાજ **વરતાલ** સમૈયો કરવા પધાર્યા ને વાંસેથી તે ગાડાં **ગઢપુર**માં આવ્યાં. ત્યારે તે ગાડાંને રોક્યાં ને ગાડિયું આવ્યાના ખબર વરતાલે મહારાજને લખ્યા. ત્યારે ત્યાંથી મહારાજે આનંદસ્વામીને મૂર્તિઓ લેવા સારુ મોકલ્યા. ત્યારે તેણે ગઢપુર આવીને સલાટને બોલાવ્યા. ને તે સલાટને કહ્યું જે, 'તમારે મૂર્તિઓ આપવી છે ?' ત્યારે સલાટે કહ્યું જે, 'મહારાજ, મૂર્તિઓ વેચવા સારુ તો આજ પંદર દા'ડા થયા બેઠા છીએ.'

ત્યારે આનંદસ્વામીએ કહ્યું જે, 'લાવો મૂર્તિઓ દેખાડો.' ત્યારે તેમણે ત્રણે ગાડીમાંથી મૂર્તિઓ દેખાડી. તે આનંદસ્વામીએ જોઈને આઠ મૂર્તિઓ લેવાનો ઠેરાવ કર્યો. ત્યારે સલાટે કહ્યું જે, "મહારાજ, બધી મૂર્તિઓ રાખો. કેમ કે, એટલા સારુ તો અમે લાઠીએથી અહીં સુધી આવિયા છીએ. માટે બધીયે મૂર્તિઓ રાખવી હોય તો રાખો; પણ આઠ મૂર્તિઓ તો નહીં આપીએ." આમ કહી સલાટ ચાલ્યા. ત્યારે સ્વામીએ બહુ તાણ કરી પણ રહ્યા નહિ ને ગઢપુરથી ઉગામેડી ગયા.

ને મહારાજ વડતાલથી સમૈયો કરીને આવતાં ઉગામેડીએ ભેગા થયા. ત્યારે મહારાજે સલાટને કહ્યું જે, "ગાડીઓમાં શું છે ?" ત્યારે સલાટે કહ્યું જે, "મૂર્તિઓ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "કેટલી મૂર્તિઓ છે ?" ત્યારે સલાટે કહ્યું જે, "છવ્વીસ મૂર્તિઓ છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે લેવિયું છે, માટે ચાલો ગાડાં પાછાં વાળો." ત્યારે સલાટે કહ્યું જે, 'તમારા સાધુને મૂર્તિઓ આપતા હતા, પણ રાખી નહીં; માટે પાછા નહીં વળીએ.' એટલે મહારાજે કહ્યું જે, "અમારે તો બધી મૂર્તિઓ રાખવી છે,

માટે ચાલો." ત્યારે સલાટે કહ્યું જે, "મહારાજ ! તમે તમારા સાધુના કહેવાથી નહિ રાખો. માટે હવે પાછા તો નહિ આવીએ."

પછી મહારાજ ગઢડે પધાર્યા ને સલાટ તો ગઢડે ન આવ્યા. પછી મહારાજ ઘોડીએ ચડીને દરબારમાં આવ્યા ને ઘોડીએથી ઊતરતાં સૌ પગે લાગવા આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આનંદસ્વામી ને હસન ક્યાં છે ? તેણે મૂર્તિઓ કેમ રાખી નહિ ?" ત્યારે હસનભાઈ મહારાજનાં ચરણને સ્પર્શ કરતાં સુરવાળનું ડોરણું કાઢતાં પડ્યું મૂકીને મહારાજ આગળ હાથ જોડીને બોલ્યા જે, 'હું હાજર છું.' ત્યારે મહારાજે કહ્યું જે, "મૂર્તિઓ કેમ ન રાખી ?" ત્યારે હસનભાઈએ જવાબ દીધો જે, "મહારાજ ! હું નથી જાણતો, માટે આનંદસ્વામીને પૂછો."

પછી મહારાજ બોલ્યા જે, "તે સલાટ અમને ઉગામેડીએ મળ્યા હતા, ને એને અમે પાછા વાળવાનો બહુ દાખડો કર્યો પણ આવ્યા નહિ." ત્યારે હસનભાઈએ મહારાજને કહ્યું જે, 'તમે કહો તો સલાટને પાછા વાળી આવું.' ત્યારે મહારાજે કહ્યું જે, 'અમે તેને વાળવાનો બહુ દાખડો કર્યો તોય પાછા વળ્યા નહિ, તે તારાથી કેમ આવશે ?' ત્યારે હસનભાઈએ મહારાજને કહ્યું જે, "અમે વેપારીની રીત જાણીએ, માટે સો કળા કરીને પણ સલાટને પાછા લાવીશ." ત્યારે મહારાજ બોલ્યા જે, "આનંદસ્વામીની ઘોડી ઉપર બેસીને જાઓ ને સલાટને તેડી લાવો."

પછી હસનભાઈ તેડવા ગયા, તે ગામ ઝીંઝાવદર ગાડાં ભેળા થયાં. ને સલાટને કહ્યું જે, "સો રૂપૈયે દશ રૂપૈયા મારા દલાલીના ને તમારી બધી મૂર્તિઓ મારે વેચી દેવી." એમ કહીને સલાટને પાછા વાળ્યા ને ગઢડે આવી અયોધ્યાવાસીવાળા વંડામાં ગાડાં છોડાવ્યાં. ત્યારે મહારાજે પોતા પાસે તેડાવ્યા ને હસનભાઈને કહ્યું જે, "આ સલાટને સીધાં આપો." એટલે સલાટે કહ્યું જે, "મહારાજ ! અમે સીધાં નહીં લઈએ, અમારે સીધાં લીધાંની રીત નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે સીધાં લેજો, ના પાડો મા. કેમ કે, તમે સલાટ છો પણ મૂળ તમે બ્રાહ્મણ છો, માટે સીધાં લીધામાં શો બાધ છે ?" ત્યારે સલાટે કહ્યું

જે, "મહારાજ, અમારો માલ તમે રાખશો એટલે અમે સીધાં લેશું." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારો માલ અમે રાખશું, માટે સીધાં લ્યો." એમ કહીને સાકરનાં સીધાં અપાવ્યાં ને એ સીધાં જમીને વંડામાં સલાટ એક રાત રહ્યા.

અને બીજે દિવસે સવારમાં મહારાજે દરબારમાં મૂર્તિઓનાં ગાડાં મંગાવ્યાં. અને વાસુદેવના ઓરડામાં બધી મૂર્તિઓ ઉતરાવીને ઓરડામાં ઊભી કરિયું. એટલે મહારાજે મૂર્તિઓ ઉપર હાથ ફેરવી ચારે તરફ નિહાળીને જોયું ને બોલ્યા જે, "આમાંથી બાવીસ મૂર્તિઓ રાખશું ને ચાર મૂર્તિ નહિ રાખીએ. તેની વિગત જે, એક કાળભૈરવની ને ત્રણ મૂર્તિઓ વાઘેશ્વરની; એ ચાર મૂર્તિ નહિ રાખીએ. કેમ કે, એ અમારા ખપમાં ન આવે માટે, અને બીજી મૂર્તિઓનું મૂલ કરો." ત્યારે તેમણે મૂલ કર્યું જે, 'મૂર્તિઓ બાવીશના રૂપૈયા ચારસે ને ચાલીસ(૪૪૦) લેશું.' ત્યારે મહારાજ બોલ્યા જે, "એટલા રૂપૈયા મૂર્તિઓની કિંમત હોય નહિ, માટે ફેર વિચારીને કિંમત કરો." એમ ઘણી ખેંચ-તાણ કરી પણ સાટું બંધ બેઠું નહિ.

ત્યારે હસનભાઈએ હરજી ઠક્કરને કહ્યું જે, "રૂપૈયા સોએ રૂપૈયા દશ દલાલીના કર્યા છે, માટે તે સલાટ વધારે કિંમત કરે છે. માટે તે વાતની મહારાજને ઘેડ બેસારીને તથા સલાટને આમ તેમ સમજાવીને સાટું સુધારો." ત્યારે હરજી ઠક્કર ત્યાં જઈને મૂર્તિ બાવીસના રૂપૈયા ચારસે ને ચાલીસ આપવાનો ઠેરાવ કરી સમાધાન કર્યું ને મૂર્તિઓ લીધી. ને સુરત તથા ભુજ તથા ધોલેરા તથા ધોળકું ને ગઢપુરનાં મંદિરમાં પધરાવી. ॥ મહારાજની લીલા ॥૨૫॥

૨૬. મહારાજે ખળાં ઢંકાવ્યા તથા વરુણદેવ દર્શને આવ્યા

એક સમયને વિષે શ્રીજીમહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરી વચ્ચે સભા કરીને ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા હતા.

ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમે વરસાદ વરસવા મંડ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, 'ખળાંમાં દાણા જે જુવાર તથા બાજરો આદિ સર્વે જણસ બગડી જશે; માટે સર્વે સાધુ તથા ભગુજી આદિ પાળા સૌ ખળાંમાં દાણા ઢાંકવા જાઓ.' તે એક-બેવાર કહ્યું. ને ત્રણવાર મહારાજે સૌને કીધું જે, 'દાણા ઢાંકવા જાઓ,' પણ કોઈ ઊઠ્યું નહિ.

એટલે મહારાજ પંડે ઊઠ્યા ને મોજડી મંગાવી, તે ઓખાઈ મોજડી[૧] ભગુજી લાવ્યા. ત્યારે મહારાજે મોજડિયું પે'રીને પોતે મોજડિયુંની વાધરી બાંધિયું. ને કાળી કામળી ઓઢીને મહારાજ ચાલ્યા. ત્યારે સૌ પાછળ ચાલ્યું. ને મહારાજ ચાલે તે પાણીમાં મોજડીના ચબ-ચબ એવા શબ્દ થતા જાય. ને ઉતાવળા ચાલ્યા ને ભક્તિબાગથી આથમણી તરફ હાલમાં જે દરબારી ફૂલવાડી છે, ત્યાં દાણાનાં ખળાં હતાં. તે ત્યાં ગયા ને સૌને કહ્યું જે, "આ બાજરાનો પગર[૨] ભેળો કરીને તથા બીજી જણસો ઢાંકવા માંડો." ત્યારે સૌ બોલ્યા જે, "મહારાજ ! તમે આંહીં બિરાજો ને અમે ઢાંકવા મંડશું." એમ કહીને બે ગાડાં સામસામાં ભેળાં કરીને તે ઉપર જુવારની કડબ નાંખી ને ગાડાં તળે[૩] કમોદનું પરાળ[૪] પાથર્યું. તે ઉપર મહારાજ બિરાજ્યા.

તે સમે ઝીણો ઝીણો વરસાદ વરસતો હતો ને સાધુ વિગેરે સર્વે દાણા ઢાંકવા મંડ્યા. તે પ્રથમ દાદા ખાચરના ખળાનો સુધારો કરીને ઢાંક્યું, ને ત્યાર પછી મોટીબાનું ખળું ને પછી લાડુબાનું ખળું ઢાંક્યું. ત્યારે મહારાજ ગાડા હેઠથી ઊઠીને ગયા ને કહ્યું જે, "આ પાંચુબાનું ખળું પણ ઢાંકો." ને ઘેલા ધાધલનું ખળું ઢંકાવ્યું, ને ત્યાર પછી હરજી ઠક્કર, લાધા ઠક્કરનાં ખળાં ઢાંક્યાં; એટલે મહારાજ પાછા ગાડા તળે જ્યાં બેઠા હતા ત્યાં આવીને બેઠા. ને સર્વે સાધુ વિગેરે સૌ આવીને મહારાજ આગળ બેઠા.

૧.ઓખા પ્રદેશની પ્રસિદ્ધ પગરખાંની એક જાત ૨.દાણા છૂટા પાડવા પહોળા પાથરેલા ડૂંડાં ૩.નીચે ૪.ડાંગરનું ઘાસ

તે સમયે આકાશ માર્ગમાં ઘડેડાટ એવો જબરો શબ્દ થયો. તે જોઈને સૌને એમ થયું જે, આ શબ્દ શેનો હશે ? એટલામાં એક પક્ષી રૂપાળું આવીને મહારાજના સમીપમાં પડ્યું. એટલે પેલો જે આકાશમાં શબ્દ થયો હતો તે આળસી ગયો. ને તે પક્ષી સામા મહારાજે ચરણારવિંદ કર્યાં. એટલે તે પક્ષી આવીને મહારાજનાં ચરણ તળે સ્પર્શ કરવા મંડ્યું, એટલે મહારાજ જરા ચરણારવિંદનો તેને માથે ભાર દીએ ત્યારે પાંખો પો'ળી કરીને ઊડવાનું કરે એટલે મહારાજ પોતાનાં ચરણારવિંદ પોતા તરફ તાણી લે; ત્યારે પક્ષીની પાંખોમાંથી પાણીનાં બુંદ વછૂટે, જેમ ફુવારામાંથી પાણી છૂટે તેમ. ત્યારે વળી મહારાજ ચરણ વતે દબાવે ત્યારે પાંખો પો'ળી કરીને વળી ઊડવાનું કરે એટલે મહારાજ ચરણારવિંદ પાછાં તાણી લે. એવી રીતે ચાર-પાંચ વખત મહારાજે ચરણારવિંદ તાણી લીધાં ને તે પક્ષીની પાંખોમાંથી પાણી નીકળે.

પછી મહારાજે ચપટી વગાડી એટલે પક્ષી ઊડીને ગયું. તે થોડે છેટે આકાશ માર્ગે ગયું ત્યાં સુધી દેખવામાં આવ્યું ને પછી દેખવામાં આવ્યું નહીં. ત્યારે ભારે કડાકો થયો ને પછી હડેડાટ થયો. તે જેમ મેઘનો કડાકો થઈને હડેડાટ થાય છે તેમ થયો. ત્યારે સૌ સાધુ વિગેરેએ મહારાજને પૂછ્યું જે, "તમારાં ચરણારવિંદમાં શું આવીને પડ્યું હતું ? ને આ શેનો કડાકો થયો ?" એટલે મહારાજે કહ્યું જે, "વરુણદેવ આવ્યા હતા."

પછી મહારાજ સભાએ સહિત દરબારમાં પધાર્યા ને ઉત્તરાદા બારના ઓરડાની ઓસરી વચ્ચે કોરાં શ્વેત વસ્ત્ર પહેરીને બિરાજમાન થયા. ને બીજા જે હતા તેને સર્વેને મહારાજે કહ્યું જે, "સગડી કરીને બધા તાપો." ત્યારે એક સગડી કરીને મહારાજ આગળ લાવ્યા. તે મહારાજ તાપ્યા ને બીજા પણ સૌ તાપતા હતા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ બધાને તાપ્યે ટાઢ નહિ ઊડે." એમ કહીને કરસનજી કોઠારીને બોલાવ્યા ને કહ્યું જે, "ગોળ લાવો." ત્યારે તેમણે કહ્યું જે, "કેટલો ગોળ લાવું ?" ત્યારે મહારાજ કહે જે, "દોઢ-બે મણ ગોળ લાવો."

ત્યારે કરસનજી કોઠારીએ કહ્યું જે, "મહારાજ ! એટલા બધાને શું કરશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "આ સૌએ દાખડો બહુ કર્યો છે; માટે તેટલો ગોળ જોઈશે." એટલે કરસનજી કોઠારીએ દોઢ મણ ગોળ લાવીને મહારાજની આગળ મૂક્યો.

ત્યારે મહારાજે સૌને બોલાવીને જમાડવા મંડ્યા. તે સારી પેઠે જમાડ્યો. ને પછી સૌ જમી રહ્યા ત્યારે દશ શેર ગોળ વધ્યો; તે કરસનજી કોઠારી લેવા આવ્યા. ત્યારે મહારાજે ના પાડી કે લેવાય નહીં. ને અચિંત્યાનંદસ્વામીને બોલાવીને તે ગોળ આપ્યો ને કહ્યું જે, "માંદાને ખવડાવજો, ને માંદાની ખબર રાખજો." ॥ મહારાજની લીલા ॥૨૬॥

૨૭. મહારાજે દાદા ખાચરને કેરી જમાડી સમાધિમાં આશ્ચર્ય દેખાડ્યું

એક સમયે મહારાજ દરબારમાંથી મુક્તાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી સહિત **રાધાવાવે** પધાર્યા; તે વાવથી ઊગમણી તરફ ધોરિયાને કાંઠે એક આંબા તળે મંચ ઉપર આસન નાંખીને બિરાજમાન થયા. ને ઘડી એક થયા પછી સચ્ચિદાનંદસ્વામી ચાર કાચી કેરી લાવ્યા. તે મહારાજ આગળ ધરિયું. ત્યારે મહારાજે કહ્યું જે, "કેરીને ધોઈને સુધારો." પછી સ્વામીએ તે કેરી ધોઈને સુધારી ને માલીપા મીઠું નાખી, પાણીની ખટાઈ કાઢી નાખી નિચોવીને પછી મહારાજ આગળ ધરી.

ત્યારે મહારાજે કહ્યું જે, "આમાં ગળપણ હોય તો ઠીક." ત્યારે ગળપણ લેવા સારુ માણસ મોકલ્યું. દરબારમાંથી ગળપણ લઈને તે માણસ આવ્યું. એટલે તે સુધારેલ કેરીમાં ગળપણ મેળવ્યું ને લગારેક મહારાજ જમ્યા. જમીને બોલ્યા જે, "આ તો દાદો ખાચર જમે એવી છે." એમ કહીને દાદા ખાચરને બોલાવ્યા. તે માણસ તેડવા ગયું, એટલે દરબારમાંથી દાદો ખાચર ઉતાવળા ઉતાવળા આવ્યા.

ત્યારે મહારાજ કહે, "આ તમારે જમવા જેવો મોરબો છે." ત્યારે

દાદા ખાચરે કહ્યું જે, "હા મહારાજ ! મારે ખટાઈ ઉપર રુચિ છે." ત્યારે મહારાજ જમતા જાય ને દાદા ખાચરને જમાડતા જાય. તે ચાર કેરીનો મોરબો તે રીતે જમ્યા. જમીને જરા થોડીવાર પછી મહારાજને જમવાનો થાળ આવ્યો. તે મહારાજ જમવા બિરાજ્યા ને જમતાં જમતાં દાદા ખાચરને જમાડ્યા. ને મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી એ બધાને પ્રસાદી આપતા જાય અને જમતા જાય. એ રીતે મહારાજ સારી પેઠે જમ્યા. જમીને ચળું કરી ને કોગળા કરીને મુખવાસ જમ્યા. તે પછી મંચ ઉપર એક ઘડી બિરાજ્યા. તે સમયે થોડા માણસને લીધે મહારાજને બહુ સુખ આવ્યું; પછી મહારાજ મંચ ઉપર પોઢ્યા.

તે સમયે દાદો ખાચર મહારાજનાં ચરણારવિંદ દાબતા હતા, તે મહારાજને નિદ્રા આવી ગઈ. ને દાદા ખાચરનું માથું નિદ્રાને લીધે નમીને મહારાજનાં ચરણારવિંદને અડ્યું; એટલે દાદા ખાચરને નિદ્રામાં પ્રકાશ દેખાણો. તે પ્રકાશમાં ચાર સ્તંભ દેખાણા. તે સ્તંભ બહુ શોભાયમાન ને તેજોમય, દિવ્ય તથા રત્ને જડિત મણિમય ! એવા તે સ્તંભ વચ્ચે એક એવું મોટું સિંહાસન દેખાણું (કે) જેની ઉપમા પણ ન દેવાય, એવું મહાસુખમય સિંહાસન દેખાણું. ને તે સિંહાસન ઉપર સુંદર રૂપાળું મખમલનું ગાદલું. તે ઉપર મહારાજ દિવ્ય મૂર્તિ વિરાજમાન દેખાણા. ને બહુ શોભા ને એક એક રોમને વિશે કોટી કોટી સૂર્યનું તેજ ને શીતલતા ને સુંગધીપણું એવી અલૌકિક શોભાએ જુક્ત મહારાજનાં દર્શન થયાં. ને તે ભેળા અનંત અક્ષરમુક્ત તે ઘણી શોભાએ જુક્ત દેખાણા ને તે ભેળાં બાઈઓ પણ બહુ રૂપે યુક્ત દેખાણાં. તેમાં કોઈ ચતુર્ભુજ ને કોઈ અષ્ટભુજ ને કોઈ સહસ્રભુજરૂપે દેખાણા. ને એક આંબો પણ સારી શાખાએ જુક્ત ને શોભાયમાન કેરીએ યુક્ત મહા-સુગંધીમાન; એ રીતે સર્વેએ સહિત મહારાજની મૂર્તિ દેખાણી. જેથી દાદા ખાચરને બહુ સુખ આવ્યું.

પછી જ્યારે અંતરવરતિ થઈ ત્યારે ફક્ત મહારાજની મૂર્તિ દેખાણી ને બીજું કશું ન દેખાણું. એવું બે ઘડી દિવસ રહ્યો ત્યાં સુધી દાદા ખાચરને દેખાણું. પછી મહારાજ પોઢ્યા હતા તે જાગીને કોગળો કર્યો ને પછી જળપાન કર્યું. ને પછી દાદા ખાચરને જગાડ્યા. ત્યારે મહારાજે દાદા ખાચરને પૂછ્યું જે, "તમને કાંઈ દેખાણું ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા મહારાજ !" પછી દાદા ખાચરે જે આગળ લખ્યું છે તે પ્રમાણે પોતાને દેખવામાં આવ્યાની વાત મહારાજને કહી દેખાડી.

એટલે મહારાજે કહ્યું જે, **"મારો જન્મ છે ત્યાં તમારો જન્મ છે ને અમે છઈએ ત્યાં તમે છો. જેમ તમને અક્ષરધામને વિશે અમે દેખાણા તેમ તમે પણ ત્યાં છો. અને અમે આંહીં છઈએ તો તમે પણ આંહીં છો. આવી રીતે તમે સમજતા નથી તેટલા સારુ આ કહી એ વાત તમને દેખાણી."** ત્યારે દાદા ખાચરે હાથ જોડીને કહ્યું જે, "મહારાજ ! તમે કહ્યું તેમ નથી સમજાતું. હવે આજથી એ રીતે સમજીશું."

એ રીતે વાત પૂરી થઈ રહી. એટલામાં સચ્ચિદાનંદસ્વામી આઠ પાકી કેરી લઈને આવ્યા. તે મહારાજની આગળ મૂકી. ત્યારે મહારાજે કહ્યું જે, "આ કેરી સુધારો." ત્યારે ભગુજી સુધારી, ચીરીઓ કરીને લાવ્યા. તે મહારાજ અડધી ચીર જમતા જાય ને જમેલી અડધી ચીર દાદા ખાચરને આપતા જાય. એ રીતે ચાર કેરી મહારાજ જમ્યા ને ચાર કેરી દાદા ખાચરને જમાડી.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "બાપ-દીકરો બે જમ્યા પણ બીજા કોઈને ન આપી; માટે પંક્તિભેદ થયો. તે પંક્તિભેદનો બહુ દોષ કહ્યો છે." એમ બ્રહ્માનંદસ્વામીએ કહ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, 'અમે પંક્તિભેદ નથી કર્યો, આ ગોટલાં રાખ્યાં છે.' એમ કહીને ત્રણ ગોટલાં બ્રહ્માનંદસ્વામીને આપ્યાં ને ત્રણ ગોટલાં નિત્યાનંદસ્વામીને આપ્યાં. ને બે ગોટલિયું ચૈતન્યાનંદસ્વામીને આપી. ને કહ્યું જે, "મુક્તાનંદસ્વામી અમારા ગુરુ છે માટે એમને નહીં આપીએ."

એમ કહીને મહારાજ ઘોડીએ અસવાર થયા ને દાદો ખાચર ને સાધુ ગાડીમાં બેઠા. તે માર્ગમાં આવતા સાધુએ દાદા ખાચરને પૂછ્યું જે, "તમે છાની-છાની મહારાજની સાથે શી વાત કરી ?" ત્યારે દાદા ખાચરે પોતાને જે સ્વપ્નમાં દેખાણું હતું તે કહી દેખાડ્યું. તે વાત સાંભળીને સાધુ બહુ રાજી થયા. પછી મહારાજ દરબારમાં પધાર્યા.

॥ મહારાજની લીલા ॥૨૭॥

૨૮. મહારાજે રિસાવાની લીલા કરી

એક સમે મહારાજે એવું પ્રકરણ ચલાવેલ જે, 'એકાદશીની રાત્રીનું જાગરણ કરવું.' એવામાં એક સમે ગઢપુરમાં એકાદશીનું જાગરણ સૌ કરતાં હતાં. ને અલૈયા ખાચર વિગેરે ચાર જણ તે જ રાત્રીએ છાના સોગઠે રમવા મંડ્યા. એટલામાં મહારાજ અક્ષર- ઓરડીમાં પોઢ્યા હતા, તે જાગીને લઘુ કરવા બા'ર આવ્યા. ત્યારે અલૈયા ખાચર આદિ ચાર જણને સોગઠે રમતા દીઠા. પછી તેઓને સારી પેઠે ઠપકો દીધો ને બોલ્યા જે, "તમે સત્સંગી નથી." પછી ત્યાંથી તે રમતા હતા તે નાસી ગયા.

પછી મહારાજ પાછા અક્ષરઓરડીમાં પધાર્યા. ને પાછલી ચાર ઘડી રાત્રી બાકી રહી ત્યારે મહારાજ એકાદશીનું પારણું કર્યા વિના રિસાઈને ચાલ્યા ને સાથે **અલૈયોભગત**[૧] ચાલ્યા. તે રાધાવાવથી ઉગમણી તરફ બીડમાં એક બાવળિયો છત્રીને આકારે હતો તે તળે જઈને મહારાજ ઊભા. ને અલૈયાભગતને કહ્યું જે, "**માંચડો**[૨] લાવો." ત્યારે અલૈયાભગતે માંચડો લાવી ઢાળી આપ્યો. તે ઉપર મહારાજ પોઢ્યા.

પછી દિવસ ઊગ્યા સમયે મહારાજ જાગ્યા ને ઘડી બિરાજ્યા; ત્યાં મોટા મોટા દેવ દર્શને આવ્યા ને મહારાજની પ્રાર્થના ને સ્તુતિ બહુ કરી. પછી મહારાજે આજ્ઞા કરી જે, "હવે તમારાં સ્થાનક ઉપર જાઓ." એટલે તે ગયા. ત્યારે અલૈયેભક્તે પૂછ્યું જે, "આવા રૂપાળા

૧.ગામ કુંડળના અલૈયા કહર નામે હજૂરી પાર્ષદ હતા તે ૨.મોટો ખાટલો

ને સુંદર દેહવાળા કોણ આવ્યા હતા ?” ત્યારે મહારાજે કહ્યું જે, “એ બધા બ્રહ્માદિ દેવ અમારે દર્શને આવ્યા હતા. ને કાંઈક જમવાનું લાવ્યા હતા તે જમવાની બહુ તાણ કરી, પણ અમે જમ્યા નહીં ને કહ્યું જે, જાઓ. એટલે તે અમારાં દર્શન કરીને ગયા.”

ને પછી મહારાજે અલૈયાભગતને કહ્યું જે, “જાઓ, દરબારમાં પાંચુબા પાસેથી લોટ લઈ આવો.” પછી અલૈયાભગતે દરબારમાં આવી પાંચુબા પાસે લોટ માગ્યો ને બોલ્યા જે, “મહારાજે લોટ મંગાવ્યો છે તે આપો.” એટલે લાડુબા તથા મોટીબાને ખબર પડી. એટલે ઘઉંનો લોટ, વડી ને કોસલાં અને તાંસળીમાં ઘી અલૈયાભગતને આપ્યું. તે બધો સામાન લઈને મહારાજ પાસે આવ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે, “અલૈયાભગત શું લાવ્યા ?” ત્યારે કહ્યું જે, “લોટ, વડી, કોસલાં ને ઘી લાવ્યો.” એમ કહી મહારાજને આપ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, “આ કોસલાં તો કામમાં નહિ આવે.” એમ કહીને મહારાજે નાખી દીધાં. તે કોસલાં અલૈયાભગતે વીણી લીધાં. ત્યારે મહારાજે કહ્યું જે, ‘શું કરીશ ?’ ત્યારે અલૈયાભગતે કહ્યું જે, ‘ખાઈશ.’

એટલે મહારાજ બહુ કચવાણા ને બોલ્યા જે, “તું તો કુસંગી છો. માટે અમારા પાસેથી ભાગી જા; આંહીં રહીશ નહીં.” ત્યારે અલૈયો ભગત છેટે જઈને બેઠા. તેટલામાં દરબારમાંથી દાદો ખાચર આવ્યા. તેણે મહારાજને કહ્યું જે, “દરબારમાં સૌ કકળાટ કરે છે ને એકાદશીનાં પારણાં પણ કોઈએ કર્યાં નથી ને સૌ બેઠા છે; માટે તમે દરબારમાં પધારો.”

ત્યારે મહારાજે કહ્યું જે, “અમે દરબારમાં નહીં આવીએ.” એમ કહીને અલૈયાભગતને કહ્યું જે, “આવ આવ.” પછી અલૈયો ભગત વેગળેથી ઊઠીને આવ્યા ને દેવતા, છાણાં વિગેરે રસોઈનો સામાન તૈયાર કરી આપ્યો.

પછી મહારાજે બાટિયું કરીને ઘીમાં ઝબોળિયું ને તાંસળીમાં થોડુંક ઘી વધ્યું તેમાં વડીનું શાક કર્યું. તે શાક તૈયાર થયું એટલે મહારાજ

જમવા બેઠા. એટલામાં લાડુબા તથા મોટીબા વિગેરે રોટલા લઈને આવ્યાં. પછી મહારાજ તથા દાદો ખાચર જમ્યા ને બીજાને પ્રસાદી આપી. પછી મહારાજ જમી, ચળું કરીને મંચ ઉપર બેઠા. ત્યારે મોટીબા તથા લાડુબા ને દાદા ખાચરે દરબારમાં આવવાની બહુ તાણ કરી; પણ મહારાજ દરબારમાં આવવાની હા પાડે નહીં ને કહે જે, "અમે આંહીં નહીં રહીએ." ત્યારે બાયુંમાં કોણેક કહ્યું જે, "સોમાબાને લાવો, તો તેનું કહ્યું માને તો માને; પણ તે વિના બીજો ઉપાય નથી." એટલે સોમાબાને તેડી લાવ્યા.

પછી સોમાબાએ કહ્યું જે, "મહારાજ ! આ તમે શી હઠ ઝાલીને બેઠા છો ? ને દરબારમાં સૌ કકળાટ કરે છે ને ભૂખ્યાં બેઠાં છે." એવી ઘણી તાણ કરી. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે જાઓ, અમે આવશું." ત્યારે સોમાબાઈએ કહ્યું જે, "મહારાજ ! તમને મૂકીને તો નહીં જાઈએ." એટલે મહારાજ કહે, "ચાલો !" એમ કહીને ચાલ્યા, તે દરબારમાં પધાર્યા. એટલે સૌએ પારણાં કર્યાં ને સૌને ઉદાસી મટી ને રાજી થયાં. ॥ મહારાજની લીલા ॥૨૮॥

૨૯. મહારાજ પ્રબોધિનીના સમૈયે વડતાલ પધાર્યા

એક સમે મહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરી વચ્ચે સભા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ત્યારે મહારાજ સભા પ્રત્યે બોલ્યા જે, "કાલે સવારમાં વડતાલ પ્રબોધિનીને સમૈયે જવું છે. પણ ઘોડેસવાર ને પાળા એ રીતે જવું છે, પણ તે વિના બીજું કોઈ નહિ." એમ કહીને અક્ષરઓરડીને વિશે સુખસજ્યામાં પોઢવા પધાર્યા. ત્યારે લાડુબા મહારાજને પૂછવા ગયાં જે, "તમારી આજ્ઞા હોય તો હું વડતાલ આવું." ત્યારે મહારાજે કહ્યું જે, "આ સમૈયે તમે નહિ. આ સમૈયે તો સવાર ને પાળા એટલાને જ લઈ જવા છે." પછી મોટીબા તથા પાંચુબા પૂછવા આવ્યાં. તેને પણ એ જ જવાબ દીધો. ને અમૂલાબાઈએ સમૈયે જવાનું પૂછ્યું જે, "મહારાજ ! તમારી આજ્ઞા હોય તો હું પણ

સમૈયે આવું.” તો તેમને પણ મહારાજે ના કહી.

પછી મહારાજ પોઢી ગયા. ને સવારમાં ચાર ઘડી રાત્રી હતી ત્યાં મહારાજ જાગ્યા. જાગીને દાદા ખાચર તથા સોમલા ખાચરને બોલાવીને કહ્યું જે, “ઘોડે સામાન મંડાવીને તૈયાર થાઓ.” પછી તેઓ ઘોડા તૈયાર કરવા મંડ્યા અને મહારાજ પોતાનો જે નિત્યવિધિ તેને કરીને વડતાલ જવા સાબદા થયા. ત્યારે લાડુબાએ બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, “મહારાજને કહો જે, જમવાનું તૈયાર થયું છે. માટે જમીને ચાલો.”

પછી બ્રહ્મચારીએ મહારાજને જમવા બોલાવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, “જમવાનું તૈયાર થયું છે કે વાર છે ? ને જો વાર હશે તો જમવા નહિ રોકાઈએ.” ત્યારે બ્રહ્મચારીએ મહારાજને કહ્યું જે, “તૈયાર છે.” એટલે દાદા ખાચર તથા સોમલો ખાચર તથા સુરો ખાચર તથા ભગુજી તથા રતનજી આદિ પાળાઓને બોલાવીને મહારાજ આથમણા બારને ઓરડે જમવા પધાર્યા. એટલે સૌ પાળા તથા દાદા ખાચર આદિ સૌની જમવાની પંક્તિ કરીને મહારાજ તે પંક્તિ વચ્ચે બાજોઠ ઉપર જમવા બેઠા; એટલે થાળ આવ્યો.

તે મહારાજ સૌને પિરસાવીને પોતે જમતા જાય ને બીજાને પ્રસાદી આપતા જાય. પછી મહારાજ જમી રહ્યા ને ચળું કરી મુખવાસ જમીને સાબદા થવા મંડ્યા. એટલે મહારાજે સોમલા ખાચરને કહ્યું જે, “સુરવાળ લાવો.” પછી તે લાવ્યા. ત્યારે સુરવાળ પહેરીને હીરની નાડી ફૂમકાવાળી લટકતી પગની પિંડી સુધી રાખી ને કમરે સુંદર ખેસની ભેટ બાંધી ને હીરકોરી રૂમાલની બોકાની વાળી. તેવામાં મૂળોભગત ઘોડી સાજે સહિત તૈયાર કરી લાવ્યા. તે ઉપર મહારાજ સવાર થયા. એટલે સૌ સાથે આવનાર માણસો પણ તૈયાર થયા ને મહારાજ ચાલ્યા; એટલે બીજા માણસ જે વળાવવા આવેલા, તેમાં કેટલાકને ગામની ભાગોળેથી પાછા વાળ્યા. બાકીના જે રહેલ તેને રાધાબાગેથી પાછા વાળીને મહારાજ ચાલ્યા તે સારંગપુર પધાર્યા.

ત્યાં ઘડી ઊતર્યા ને પછી ચાલ્યા તે ગામ સુંદરિયાણે તળાવની પાળ ઉપર રાત રહ્યા. ને સવારમાં વહેલા ઊઠીને ચાલ્યા તે ગામ પચ્છમે તળાવની પાળ ઉપર ઊતર્યા, ને રાત રહ્યા. ને ગામમાંથી ઢોલિયો આવ્યો તે ઉપર મહારાજ વિરાજમાન થયા. તે રાત્રી દસ ઘડી ગયા પછી મહારાજ પોઢ્યા ને જરા વાર થઈ એટલે બીજા પણ સૂઈ ગયા. ને બાર વાગ્યા પછી સોમલા ખાચરને **પોરી**[૧] ભરવાનો વારો આવ્યો; એટલે તે મહારાજના ઢોલિયા આગળ આવીને બેઠા. ને મહારાજનું મુખારવિંદ ઉઘાડું, એટલે મહારાજના મુખારવિંદ સામું જોઈને જાગતા હતા. એટલામાં કોઈ **સુમાર**[૨] નહિ તેટલા નાનાં નાનાં છોકરાં આવ્યાં ને મહારાજના ઢોલિયા આગળ સૌ બેઠા. એટલે મહારાજ તે છોકરાઓનાં માથાં ઉપર હાથ મૂકીને બોલ્યા જે, "જાઓ, સત્સંગમાં જનમ ધરો, એટલે તમારા સૌનો મોક્ષ થશે." તે સોમલા ખાચરને ઘડીક દેખવામાં આવ્યું ને પછી ન આવ્યું. ત્યારે તેમને થયું જે, 'આ શું થયું ? ને કોણ આવ્યા હતા ?' તે વાત મહારાજને પૂછવી હતી, પણ મહારાજ પોઢી ગયા; એટલે પુછાણું નહિ.

પછી મહારાજ સવારમાં ઊઠીને ચાલ્યા, તે ભોગાવો ઊતરી સાભરને નજીક ગામ ગલિયાણાને આરે ઊતર્યા. ને સામે કાંઠે મુકામ કર્યો. તે સમે સોમલા ખાચરે તે ગામની વાડીએ જઈને વંતાક માગ્યાં. ત્યારે વાડીવાળે ના પાડી. ત્યારે કહ્યું જે, "વેચાતાં આપ." એમ કહીને એક વંતાકના બે આના આપવા મંડ્યા, તોપણ આપ્યાં નહિ. ત્યારે એક વંતાકનો પા રૂપૈયો ઠેરાવીને બે વંતાકનો અરધો રૂપૈયો આપ્યો ને વંતાક લાવ્યા. એટલે તે વંતાકનું શાક ને બાજરાની બાટી ને ભાત મહારાજ સારુ કર્યાં. ત્યારે મહારાજ જમવા બેઠા. તે બાટી ને વંતાકનું શાક પ્રથમ જમ્યા ને શાક બહુ વખાણ્યું ને કહ્યું જે, "શાક બહુ સરસ થયું છે." ત્યારે સોમલા ખાચરે કહ્યું જે, "રૂપૈયો અરધો આપ્યો છે !" એટલે મહારાજે કહ્યું જે, "બહુ મોંઘું !" એમ કહીને સોમલા ખાચર

૧.ચોકી-પહેરો ૨.ગણતરી; માપ

ઉપર મહારાજ રાજી થયા. પછી ભાત ને ગોરસ જમ્યા ને ચળું કરીને મુખવાસ જમ્યા. ને જરા વાર ઢોલિયા ઉપર વિરાજીને પોઢી ગયા.

ને સવારમાં ઊઠીને ચાલ્યા તે વડતાલ ગયા; એટલે સામૈયું થયું. સૌ ગાજતે વાજતે મંદિરમાં પધાર્યા. તે હાલમાં જે સજ્યાનો બંગલો છે તેની ઉગમણી તરફ તથા ઉત્તરાદી તરફ હવેલી હતી. તે ઉગમણી તરફની હવેલીની ઓસરીએ પાળા ઊતર્યા ને ઉત્તરાદી તરફની હવેલીની લેનમાં કાઠી ઊતર્યા ને વચલા બંગલામાં મહારાજનો ઉતારો કર્યો. તે મહારાજ બંગલામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. એટલે સોમલા ખાચરને પચ્છમે રાત્રીએ દેખાણું હતું તેની વિસ્મૃતિ થઈ ગઈ હતી. તે સૌ માણસ સ્થિર થયા પછી મહારાજને પૂછ્યું જે, "એ રાત્રીએ શું થયું હતું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "કૃષ્ણાવતારમાં માસી પૂતનાએ બાળક માર્યાં હતાં, તે છોકરાઓ આવ્યા હતા. એટલે અમે તે છોકરાઓને કહ્યું જે, 'જાઓ સત્સંગમાં જન્મ ધરો, એટલે તમારો મોક્ષ થાય." ॥ મહારાજની લીલા ॥૨૯॥

૩૦. સાધુને લાડુ ને ગાંઠિયાનું ફરાળ કરાવ્યું

એક સમે મહારાજ સજ્યામાંથી (ઊઠીને) એકાદશીને દિવસ બપોર પછી પાછલે ત્રીજે પહોરે ચાખડીએ ચડીને ગોપીનાથજી મહારાજના મંદિરના ઘુંમટનું કામ ચાલતું હતું, ત્યાં મંદિરને આથમણે પગથિયેથી ઘુંમટમાં ગયા. ત્યાં સાધુ નિઃસ્વાદાનંદસ્વામી, જુક્તાનંદ સ્વામી, ઋષભાનંદસ્વામી, અશોકાનંદસ્વામી, સુખાનંદસ્વામી ને ત્રિગુણાતીતાનંદસ્વામી આદિ સાધુ પંદર-સોળને આશરે કડિયા પાસે કામમાં હતા. ત્યારે મહારાજે પૂછ્યું જે, 'કડિયાને રોટલા જમાડ્યા ?' ત્યારે કડિયાએ કહ્યું જે, "એકટાણું જમ્યા છીએ." એટલે મહારાજે સાધુનું પૂછ્યું જે, "કેમ સાધુએ ફરાળ કર્યાં છે ?" ત્યારે કહ્યું જે, "ફરાળ તો કર્યાં નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "સાધુ દાખડો બહુ કરે છે, ને અત્યાર સુધી ફરાળ કરાવ્યાં નથી ?"

પછી ઝવેરભક્તને મહારાજે કહ્યું જે, "આ વાંકડા મોઢાવાળાનો વાંક છે." એટલે ઝવેરભક્તે કહ્યું જે, "મહારાજ, હું શું કરું ? ને મંદિરનું કામ ચાલે છે, તે કર્યાં વિના ચાલે નહીં." ત્યારે મહારાજે અચિંત્યાનંદસ્વામીને બોલાવ્યા. તે આવ્યા, એટલે તેને મહારાજ ઠપકો દેવા લાગ્યા ને કહ્યું જે, "આ અત્યાર સુધી સાધુને ફરાળ કરાવ્યાં નહિ ને ભૂખ્યા રાખ્યા !" ત્યારે સ્વામીએ કહ્યું જે, "મારી પાસે તો કશું નથી એટલે શેનું ફરાળ કરાવીએ ? અને માનજી ને કરસનજી અમને કાંઈ આલે ત્યારે કાંઈક ફરાળનો સામાન હોય, પણ તે વિના ક્યાંથી હોય ? તે અમને કાંઈ આલ્યું નહિ."

ત્યારે મહારાજે કહ્યું કે, "માનજી લુલાને બોલાવો." ત્યારે માનજી આવ્યા એટલે આ બાબતે માનજીને બહુ ઠબકો દીધો અને કહ્યું જે, "આ સાધુ ફરાળ વિના અત્યાર સુધી ભૂખ્યા છે તેની તુંને ગમ છે ?" ત્યારે માનજીએ કહ્યું કે, "મહારાજ, ફરાળ તો અત્યારે કશું નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "બીજું કાંઈ છે ?" ત્યારે માનજીએ કહ્યું જે, "ગઈ કાલે જોગીદાસ ખુમાણ આદિને જમાડ્યા હતા, તેમાંથી મોતિયા લાડુ વધ્યા છે તથા ગાંઠિયા છે."

ત્યારે મહારાજે કહ્યું જે, "લાવ." ત્યારે તે લાવ્યા ને હાલમાં મંદિરમાં જ્યાં પાટ છે ત્યાં સાધુને જમવા બેસાડીને મહારાજ વચમાં પીરસવા સારુ બેઠા. ત્યારે લાડુ લઈને સાધુને પીરસવાનું કહ્યું. એટલે સાધુએ કહ્યું જે, "મહારાજ ! એકાદશી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "મોતિયા લાડુ ને ગાંઠિયા જમો, એટલે ફરાળ કર્યું કહેવાય." એ રીતે સારી પેઠે સાધુને જમાડ્યા. ને જમાડીને મહારાજ સાધુ ઉપર બહુ રાજી થયા. પછી મહારાજ એક ઘડી બિરાજ્યા ને સાધુ કામ કરવા મંડ્યા. પછી મહારાજ ચાલ્યા તે મંદિરથી આથમણે ખૂણે જરાવાર ઊભા રહ્યા. ને ત્યાં ચણતરનું કામ કરેલ હતું, તે જોઈને દરબારમાં પધાર્યા.

॥ મહારાજની લીલા ॥૩૦॥

૩૧. મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી તે બહુ કઠણ છે

એક સમે શ્રીજીમહારાજ નિયમની એકાદશીને દિવસ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા બ્રહ્મચારી, પાર્ષદો તથા દેશદેશના હરિભક્ત સર્વે બેઠા હતા ને છેટે બાયું બેઠાં હતાં. ત્યારે તે સર્વે સામી દૃષ્ટિ કરીને મહારાજ બોલ્યા જે, **"આજ નીમ એકાદશી છે, માટે સૌ વિશેષ નિયમ લ્યો."** એટલે આગળ જે સદ્‌ગુરુ બેઠા હતા તે પ્રથમ લેવા મંડ્યા.

પછી મુક્તાનંદસ્વામીએ નીમ લીધું જે, "આ ગ્રંથ કરું છઉં તે પૂરો કરવો." ત્યારે મહારાજ રાજી થયા. અને બ્રહ્માનંદસ્વામીએ આઠ કીર્તન નવાં કરવાં એવું નીમ લીધું. ત્યારે ચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ ! તમારાં ચરિત્રની સ્મૃતિ રાખવી." એટલે પ્રેમાનંદ સ્વામીએ કહ્યું જે, "હું નિત્ય આઠ કીર્તન નવાં કરીશ." એ રીતે સૌ નીમ લેતાં હતાં. એટલામાં સિદ્ધાનંદસ્વામીને એમ સંકલ્પ થયો જે, "મારે અતિ કઠણમાં કઠણ નીમ લેવું જે, જેણે કરી મહારાજ ઘણા રાજી થાય."

પછી પાછા સર્વે નીમ લેવા મંડ્યા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ નીમ લીધું કે, આસનવાળીને બેસવું ને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એકતાર ભજન કરવું. ને જેવા સભામાં મહારાજ બિરાજે છે તેવી ને તેવી મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી. તે મહારાજ સભામાંથી થાળ જમવા જાય અથવા બીજી ક્રિયા કરવા જાય; તે ક્રિયા કરીને પાછા સભામાં પધારે ત્યારે દૃષ્ટિને અંતરમાંથી બહાર લાવી મૂર્તિ સામું જોવું, પણ તે વિના બીજાં પદાર્થ જોવાં નહિ; એ નીમ રાખ્યું.

ત્યારે મહારાજ પ્રસન્ન થતા બોલ્યા જે, "આ નીમ સર્વ નીમ કરતાં કઠણ; કેમ જે, **કાશીએ જઈને કાશીથી તે દ્વારકા સુધી દંડવત કરીને જાય તે કઠણ નહિ,** ને **જગન કરીને બધી પૃથ્વી યજ્ઞશાળા કરી**

નાંખે તે પણ કઠણ નહિ, ને ચાર વેદ કંઠે કરવા તે પણ કઠણ નહિ, ને દેહને સૂકવી નાંખવો તે પણ કઠણ નહીં; પણ તે કરતાં ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી તે બહુ કઠણ છે." એમ મહારાજે વાત કરી, તે સાંભળીને સિદ્ધાનંદસ્વામીને મનસૂબો થયો જે, 'મારે અખંડ ભગવાનની સ્મૃતિ રાખવી. ને આ સર્વેએ નીમ લીધાં તે તો ચાર મહિના સુધી રાખવાં પછી નહિ, પણ મહારાજે કહ્યું જે, ભગવાનની અખંડ સ્મૃતિ રાખવી. તે કેમ સમજવું ?'

तेघाटमहाराजेअंतरजामीपणेजांणीनेतेउपरवातकरिजेदीवसउग्याथितेदीवसआथम्यासुधिजोरेकरिनेअखंडस्मृतिराखेतोतेराखनारनेनीरंतरस्मृतिरहे

તે ઘાટ મહારાજે અંતરજામીપણે જાણીને તે ઉપર વાત કરી જે, **"દિવસ ઊગ્યાથી તે દિવસ આથમ્યા સુધી જોરે કરીને અખંડસ્મૃતિ રાખે, તો તે રાખનારને નિરંતર સ્મૃતિ રહે."** એટલે સિદ્ધાનંદસ્વામીને તે સંકલ્પ હતો તે મટી ગયો. ને પોતે એમ સંકલ્પ કર્યો જે, 'હવેથી મારે દિવસ ઊગ્યાથી આથમ્યા સુધી મૂર્તિની અખંડસ્મૃતિ રાખવી.'

પછી સ્વામી બીજે દિવસ સૂર્ય ઊગ્યાથી સ્મૃતિ અતિ ખટકાથી રાખવા મંડ્યા. ને લક્ષ્મીબાગે ગયા ત્યારે ભંડારીએ કહ્યું જે, "પાણી લઈને લોટ બાંધી આપો." એટલે સ્વામીએ પાણી લઈને લોટમાં રેડ્યું. તે મૂર્તિની સ્મૃતિ રાખવાને લીધે પાણી લોટમાં વધારે નખાણું. ત્યારે ભંડારીઓ વઢવા મંડ્યા ને કહ્યું જે, "આવા ને આવા જડભરત જેવા નર્યા ચાલ્યા આવે છે !" એટલે ઘંટીએ દળતા હતા તેણે બોલાવ્યા જે, "ભગત આંહીં આવો, દળવા બેસો." એટલે સ્વામી ઘંટીના ગાળા ઉપર મૂર્તિને ધારીને દળવા બેઠા. એટલે મૂર્તિ વૃત્તિને વિષે રહેવા લાગી. ત્યારે બહુ જોરે કરીને ઘંટીને તાણી. તેણે કરીને શરીરે પરસેવો વળ્યો; તે સામા જે દળવા બેઠા હતા તેણે પરસેવો લોઈ નાખ્યો.

પછી દળતાં દળતાં ઘઉં ખૂટી ગયા ત્યારે ગમાનભક્તે કહ્યું જે,

"ભગત, દાતણ કાપવા ચાલો." ત્યારે સ્વામીને એમ થયું જે, 'હવે મૂર્તિ રાખવી તે કઠણ છે. કેમ જે, બાવળિયાની **તીરખી**[1] કાપવા જશું તો મૂર્તિ ભૂલી જવાશે ને મૂર્તિ સામી દૃષ્ટિ રાખશું તો દાતણ નહીં કપાય !' ત્યારે ગમાનભક્તે કહ્યું જે, "આ બાવળની સોટીને કાપો." પછી તે કાપવા જતાં જરાક મૂર્તિ ભૂલી જવાણી. પછી એવો **ખટકો**[2] રાખ્યો જે, 'આજ સાંજ સુધી મૂર્તિની સ્મૃતિ રાખવાની હતી, પણ જરાક વિસ્મૃતિ થઈ ગઈ; માટે આજ આખી રાત સ્મૃતિ રાખવી.'

પછી રાત્રે નિદ્રા આવવા માંડી એટલે સચ્ચિદાનંદસ્વામીના પગ દાબવા મંડ્યા તે કલાક બે સુધી દાબ્યા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "હવે છૂટકો કર ને દાબતો આળસ, ઊઠ જા." એમ **કચવાઈને**[3] બોલ્યા. ત્યારે વિશ્વાત્માનંદસ્વામીએ કહ્યું જે, "ભગત, આંહીં આવ્ય." ત્યારે એમના પગ દાબવા મંડ્યા. તે ઝાઝી વાર સુધી પગ દાબ્યા, એટલે તેણે પણ જાકારો દીધો. ત્યારે સિદ્ધાનંદસ્વામીને એમ થયું જે, 'અત્યાર સુધી તો વરતિ રાખી, પણ હવે કેમ થાશે ?'

પછી ઊભા ઊભા મૂર્તિમાં વૃત્તિ રાખી તે દિવસ ઉદય થયા સુધી રાખી. ને મહારાજ સવારમાં અક્ષરઓરડીમાંથી ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પધાર્યા. એટલે સ્વામીએ મહારાજ સામું જોયું ત્યારે મહારાજે સિદ્ધાનંદસ્વામી સામું જોયું. એ રીતે એક ઘડી સુધી જોઈ રહ્યા. ત્યારથી સ્વામીના હૃદયને વિશે નિરંતર મૂર્તિ રહેવા લાગી ને અખંડ ભજન થવા મંડ્યું. ॥ મહારાજની લીલા ॥ ૩૧ ॥

૩૨. મહારાજને જમાડવા માટે લાડુબા-જીવુબાને તાણ-ખેંચ થઈ

મોટીબા તથા લાડુબાને ત્યાં મહારાજ થાળ જમતા. તેમાં ક્યારેક મોટીબાને ઘેરે વધુ જમાય ત્યારે લાડુબા કચવાવા મંડે અને લાડુબાને ત્યાં ક્યારેક વધુ જમાય ત્યારે મોટીબા કચવાય. એમ અરસ-પરસ **તાણા-**

૧.ડાળખી ૨.ઠરાવ, સાવધાની ૩.નારાજ થઈને ૪.રક-ઝક;રસાકસી

ખેંચ[૪] થવા મંડી. ત્યારે તે જોઈને મહારાજે કહ્યું જે, "હવેથી પંદર પંદર દા'ડાનો જમાડ્યાનો વારો કરો. એટલે કોઈને તાણ-ખેંચ થાય નહિ. પછી પંદર પંદર દિવસ અકેકે ઘેરે જમાડવા માંડ્યા, પણ એક મહિનામાં તિથિ વધે તથા ઘટે તેની પણ તાણ-ખેંચ થવા માંડી. એટલે મહારાજે કહ્યું જે, "તારે પંદર દિવસનું રહેવા દિયો ને આજથી દસ દસ દિવસ ગણીને જમાડવાનો ઠરાવ કરો. એટલે કોઈને તાણા-ખેંચ રહે નહિ." એ રીતે ઘણા દિવસ ચાલ્યું.

પછી એક સમે મહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ વચલે થાંભલે ચાકળો નાંખીને બિરાજમાન હતા. તે વખતે લાડુબાનો જમાડવાનો વારો ચાલતો. તેમાં મોટીબાનાં સેવક દૂધ કઢીને તેમાં સાકર તથા જાયફળ આદિ મસાલો નાંખી રૂપાની તાંસળીમાં લાવ્યાં; એટલે મહારાજે તાંસળી હાથમાં લઈને દૂધપાન કર્યું. તે દૂધનો ધોળો દોરો ઉપલા હોઠ ઉપર પડી રહ્યો. તે દોરો લાડુબાનાં સેવકે ભાળ્યો, ને તે વાત લાડુબાને કરી જે, "આપણા જમાડવાના વારામાં મોટીબાનાં સેવકે આજ મહારાજને દૂધ પાયું. તે કોણ જાણે કેટલા દિવસ થયાં, આપણા વારામાં દૂધ પાઈ જાતા હશે ? માટે આપણે ત્યાં મહારાજ સારી પેઠે જમી શકતા નથી."

એટલે લાડુબાએ તેને કહ્યું જે, "જાને તારામાં દૈવત ક્યાં છે ? તેનાં જટિયાં ઝાલીને તોડી નાંખને !" એટલે તે ગાળો ભાંડતાં ભાંડતાં બારણે ઓસરીમાં આવ્યાં, ને મોટીબાનાં સેવક પણ ગાળો ભાંડતાં ભાંડતાં ઓસરીમાં આવ્યાં. તે સામસામાં બાઝ્યાં ને બહુ તાણા-ખેંચ થઈ, ને મહારાજ તો મુખારવિંદ આડો રૂમાલ દઈને હસવા મંડ્યા. ત્યાં લાડુબા આકળા થઈને આવ્યાં ને મોટીબાને ઠપકો દેવા લાગ્યાં ને કહ્યું જે, "અમારા વારામાં તમે જમાડી જાઓ કે દૂધ પાઈ જાઓ એટલે કજિયો થાય કે નહિ ?" એ રીતે લાડુબા મોટીબા ઉપર બહુ કચવાણાં. એટલે મોટીબાએ કહ્યું જે, "હવે દૂધ નહિ પાઈએ." મહારાજ એ સર્વે હકીકત જોઈને તેને સારી પેઠે વાતું કરિયું ને સંપ કરાવ્યો. ॥ મહારાજની લીલા ॥૩૨॥

૩૩. મહારાજે બાટી તથા શાક બનાવ્યું

અક્ષરઓરડીથી આથમણી તરફ ઊગમણા બારની એક ઓસરી હતી. તે ઓસરીમાં વેદી ઉપર ઉગમણે મુખારવિંદે બેસીને (શ્રીજીમહારાજ) સગડીએ તાપતા હતા. તે સગડીમાં ફરતાં ફરતાં સુખડનાં **જાળિયાં**[૧] ચીપિયા વતી મેલીને તેનો તાપ કરીને તાપતા હતા. તે સમામાં લક્ષ્મી- બાગેથી સુંદર ચાર મૂળા કોઈક ભક્તે આવીને મેલ્યા. તે મૂળાના કંદ સુધારીને તેનાં પતીકાં કરી, તેમાં મીઠું, જીરું, હવેજ આદિ ભરીને મહારાજ જમ્યા ને જરા વાર પછી મહારાજ બોલ્યા જે, "અમારા પેટમાં બળે છે, માટે ભજનાનંદસ્વામીને બોલાવો. કેમ જે, તે કાંઈ ઔષધ કરે તો પેટમાં બળતું મટે." ત્યારે મોટીબાએ કહ્યું જે, "એનું ઔષધ હું જાણું છું, મહારાજ !" ત્યારે મહારાજે કહ્યું જે, "તમારું ઔષધ લાવો."

પછી થીનું ઘી ને **ધોયેલી**[૨] સાકર લાવ્યાં. તે રૂપાના વાટકામાં થીનું ઘી ને સાકર મેળાવીને તેનો **ગ્રાસ**[૩] કરીને મહારાજ જમ્યા; એટલે પેટમાં બળતું મટી ગયું. ત્યારે મોટીબાએ કહ્યું જે, "ઘીમાં એવો ગુણ છે જે, ગરમીને મટાડે ને વાયુને પણ હરે. ને મહારાજ ! તમે વંતાકનાં શાક કરો છો, તેમાં ગરમ મસાલા બહુ નાખો છો, પણ તેમાં ઘીને બળે કરીને ગરમી જણાતી નથી. કેમ જે, ગરમીવાળા સૌ જમે છે. માટે ઘીમાં તો બહુ સારો ગુણ રહ્યો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે કહો છો તેવો જ ઘીમાં ગુણ છે."

એમ કહીને મહારાજ ઊભા થઈને ફળીમાં ઉત્તર-દક્ષિણ ફરતા હતા. તેટલામાં મુક્તાનંદસ્વામી આવ્યા, એટલે સ્વામીને આસન નાંખી દીધું. ને મહારાજ ફળીમાંથી આવી વેદિકા ઉપર બિરાજમાન થયા ને સ્વામીને પૂછ્યું જે, "સ્વામી કેમ આવ્યા ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "મહારાજ ! તમારે શરીરે જરા કસર જેવું સાંભળીને આવ્યો છું." ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી ! જરા કસર તો શરીરમાં હતી." ત્યારે

૧.માળાના મણકા પાડ્યા પછી વધેલ જાળીવાળાં લાકડાં ૨.ચોખ્ખી,સફેદ ૩.કોળિયો

સ્વામીએ કહ્યું જે, "ઔષધ કાંઈ કરશો મહારાજ ?" એટલે મહારાજે કહ્યું જે, "ઔષધ તો કર્યું છે." ત્યારે સ્વામીએ પૂછ્યું જે, "શું ઔષધ કર્યું ?" ત્યારે તે ઔષધની હકીકત મહારાજે વિસ્તારે કહી સંભળાવી. એટલે સ્વામીએ કહ્યું જે, "મહારાજ ! ઘીમાં સારો ગુણ છે."

પછી તે સમામાં ભક્તિબાગેથી પાંચ શેર વંતાક કોઈ ભક્તે લાવી મહારાજ આગળ મૂક્યાં. ત્યારે મહારાજે તેમાંથી એક વંતાક હાથમાં લઈને જોયું ને બોલ્યા જે, "વંતાક બહુ સારાં છે." એમ કહીને બહુ વખાણીને બોલ્યા જે, "લ્યો, આપણે શાક કરીએ." એમ કહીને પોતા સારુ શાક કરવાની જે તપેલી હતી, તે મોટીબા પાસે મંગાવી. ત્યારે મોટીબાએ કહ્યું જે, "મહારાજ ! શાક તો અમે ખંભાતની હાંડલીમાં કરીએ છીએ. તે શા સારુ ? તો તપેલીમાં શાક સારુ ન થાય ને હાંડલીમાં સારું શાક થાય, તેટલા સારુ તપેલીમાં શાક નથી કરતાં ને હાંડલીમાં કરીએ છીએ." પછી મહારાજે મોટીબાને કહ્યું જે, "આપણે સમૈયે જઈએ છીએ, ત્યારે શેમાં શાક કરો છો ?" એટલે મોટીબાએ કહ્યું જે, "ત્યાં તો તપેલીમાં કરીએ છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "તે તપેલી લાવો." ત્યારે મોટીબાએ કહ્યું જે, "એ તપેલી તો પટારામાં છે." ત્યારે મહારાજે કહ્યું જે, "પટારો ઉઘાડીને લાવો."

ત્યારે મોટીબા તે પટારો ઉઘાડીને શાકમાં ઘી, મીઠું, મરચું, જીરું આદિ નાંખવાના મસાલા તથા વાસણ વિગેરે જોઈએ તે સામાન લાવ્યાં, ને તપેલીને **કટેવાળો**[1] દઈને સગડી ઉપર મેલી. અને મહારાજે તે વંતાકના ટોપકાં ઉતારી લીંબવા ચીરું કરીને શાક સુધાર્યું ને તપેલીમાં બશેર ઘી મેલ્યું. તે ઘીમાં લીંબવા ચીરુંમાં મસાલો ભરીને નાંખ્યાં. ને તે ઢાંકીને તપેલી તળે તાપ કર્યો. ને જરાક વાર પછી તે શાકની વરાળ હાથમાં લઈને સૂંઘી ને બોલ્યા જે, "હજુ શાક કાચું છે." એમ કહીને ત્રણવાર મહારાજે શાકની વરાળથી તપાસ્યું ને છેલ્લી વારે વરાળ સૂંઘીને

૧.ચૂલે ચડાવવાના વાસણને તળિયે કરાતો માટીનો લેપ

કહ્યું જે, “હવે શાક ચડી રહ્યું. માટે ગોરસ ને ચણાનો લોટ લાવો.”

ત્યારે મોટીબા બોલ્યાં જે, “લ્યો મહારાજ, લાવીએ.” પછી તે લાવ્યાં. એટલે મહારાજે દોણામાં હાથ ઘાલીને ગોરસ હલાવ્યું, તેથી મહારાજનો હસ્ત કાંડાપર્યન્ત સુંદર ધોળા ગોરસવાળો દેખાણો. તે ઘણી શોભાએ જુક્ત હાથ દેખાણો. ને મોટીબાએ ચણાનો લોટ નાંખ્યો. તે મહારાજે ગોરસ ભેળો હલાવ્યો. પછી તે ગોરસ ને લોટ શાકમાં નાંખ્યું. તે શાક સારી પેઠે હલાવીને તળે તાપ કર્યો.

તે પછી વરાળની સુગંધી જોઈને મહારાજ બોલ્યા જે, “શાક ચડી ગયું છે, માટે હેઠળ ઉતારો.” પછી ઘઉંનો લોટ મંગાવીને તેમાં ઘીનું મોણ દઈને દૂધ-પેંડાને આકારે મહારાજે બાટિયું કરી તે દેવતા ઉપર લગાર લગાર શેકીને તેમાં **ભારી**[૧] દીધિયું. પછી તેમાં જરા વાર રાખી ચીપિયા વતી કાઢી લીધી, ને તે બાટિયુંને ખંખેરી ઘીમાં ઝબોળિયું. તે ઘી પીને બાટિયું બહુ સારી થઈ. તેવામાં જમવાનો થાળ આવ્યો, એટલે મહારાજ જમવા બેઠા.

તે સમયે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી આદિ સાધુ તથા દાદા ખાચર ને સુરા ખાચર આદિ હરિભક્ત સૌ બેઠા હતા. ને મહારાજ થાળ જમતા જાય ને વખાણતા જાય ને બોલ્યા જે, “બાટી ને શાક બહુ સારું થયું છે.” તે સાંભળીને બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “જમે તે જાણે જે, સારું થયું છે કે નરસું થયું છે, પણ તે વિના કેમ ખબર પડે ?” ત્યારે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પ્રસાદી આપી, તેમ જ મુક્તાનંદસ્વામી આદિ સાધુને તથા દાદા ખાચર આદિ હરિભક્તને પણ પ્રસાદી આપી.

એ રીતે મહારાજ સારી પેઠે જમ્યા ને પછી ચળું કરી ને મુખવાસ જમીને કહ્યું જે, “આ શાકનો વાટકો બાઈઓને આપો.” પછી તે શાક બાઈઓએ જમીને બહુ વખાણ્યું ને મોટીબા તથા લાડુબાએ કહ્યું જે,

૧. અંગારામાં ઢંકાઈ જાય તેમ દાટી દેવી

"આપણે શાક તો કરીએ છીએ, પણ મહારાજે જે આ શાક કર્યું એવું થાતું નથી." એમ કહીને મોટીબા બોલ્યાં જે, **"લક્ષ્મીજી જેવાં શાક કરે પણ મહારાજના શાક જેવું ન થાય. કેમ જે, એ તો સર્વે રસના પ્રવર્તક છે, માટે એમના જેવું શાક ન જ થાય."** ॥ મહારાજની લીલા ॥૩૩॥

૩૪. મહારાજે વાંકિયાના ઘેલા ખાચરને પરણાવ્યા

એક સમયે મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કરીને બેઠા હતા. ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે ગામ વાંકિયેથી મોકો ખાચર આવ્યા. ત્યારે તેમની સાથે તેના દીકરા ઘેલો ખાચર આવ્યા. તે મહારાજને દંડવત કરી પગે લાગીને બેઠા. પછી મહારાજે એમના ખબર પૂછ્યા ને ઘણાં વખાણ કર્યાં ને મહારાજ બોલ્યા જે, "તમે તો અમારા અનન્ય ભક્ત છો, પણ તમારા દીકરા ઘેલો ખાચર પણ બહુ સારા ભક્ત થશે ને મંદિરની સેવા પણ ઘણી કરશે."

પછી મહારાજે તેના ભક્તપણાની વાર્તા કરી જે, "તેમને પરણાવવા હતા. તે પરણ્યાનું કોઈ કહે એટલે ના પાડતા; તોપણ માણસોએ ઘેલા ખાચરને પરણાવવાનો ઘણો દાખડો કર્યો, તોય પણ પરણવાની હા પાડે નહિ." ને મહારાજ કહે જે, "અમે જ્યારે ઘેલા ખાચરને પરણવાનું કહ્યું, ત્યારે અમારું વચન માન્યું. પછી અમે ઘેલા ખાચરને કહ્યું જે, તમારાં વિવાહ અથવા લગ્ન થશે ત્યારે અમે તમને પરણાવવા આવશું. એમ કહીને પછી મોકા ખાચરને કહ્યું જે, ઘેલા ખાચરનો વિવાહ કરો. ત્યારે મોકા ખાચરે કહ્યું જે, 'સારું મહારાજ, હવે વિવાહ કરશું.'

પછી જ્યારે ઘેલા ખાચરનાં લગન થયાં ત્યારે અમને ખબર કરવા સારુ માણસ મોકલ્યું; એટલે અમે અહીંથી થોડો દિવસ હતો ત્યારે ચાલ્યા. તે રસ્તામાં ચાલતાં મોડું થયું. ત્યારે મોકા ખાચર ઘેલા ખાચરને ફુલેકે ચડાવવા તૈયારી કરતાં તે પડ્યું મૂકીને અમારા સામા આવ્યા. ત્યારે

તેમને એવો સંકલ્પ જે, 'જો મહારાજ અહીં પધારે તો ઘેલા ખાચરને ફુલેકે ચડાવશું; નહિ તો ફુલેકે નહિ ચડાવીએ ને વિવાહ પણ નહિ કરીએ.' તેમ જ ઘેલા ખાચરને પણ એમ જ દૃઢ વિચાર જે, 'મહારાજ વિવાહમાં પધારશે તો પરણવું છે, નહિ તો લગન અળસાવી નાંખવાં.'

એટલામાં અમે ત્યાં રાત છ ઘડી ગઈ ત્યારે પહોંચ્યા. ત્યારે મોકા ખાચરે તથા ઘેલા ખાચરે અમને કહ્યું જે, 'મહારાજ ! તમે પધાર્યા ન હોત તો અમારે વિવાહ કરવાનું લાખ વાતે પણ નહોતું.' પછી અમે મોકા ખાચરને કહ્યું જે, 'ફુલેકાની ઝટ તૈયારી કરો. કેમ જે, બહુ મોડું થયું છે.' એટલે મોકા ખાચરે કહ્યું જે, 'મહારાજ, તૈયાર છે.' ત્યારે અમે કહ્યું જે, ઘેલાને આમ હોય નહિ. ઘેલાને તો ભારે-ભારે વસ્ત્ર પહેરાવો, સારાં-સારાં ઘરેણાં પહેરવો ને અશ્વને શણગારો. પછી તેમણે તે પ્રમાણે કર્યું.

પછી અમે ફુલેકામાં ગયા ને બધાં (આખા) ગામમાં ફર્યાં એટલે ફુલેકા સહિત દરબારમાં આવ્યા. ત્યારે ત્યાં જરા વાર અમે બેઠા ને મોકા ખાચરને કહ્યું જે, હવે અમારે ચાલવું છે. ત્યારે મોકો ખાચર તથા ઘેલો ખાચર બોલ્યા જે, 'મહારાજ ! વિવાહ પૂરો થયા વિના તો નહિ ચાલવા દઈએ.' ત્યારે અમે કહ્યું જે, 'અમે તમને વચન આપ્યું હતું, તે વચન પાળ્યું; માટે હવે અમે નહિ રહીએ ને ચાલશું.' ત્યારે તે વચન પણ પાળ્યું, એટલે એમના ઉપર અમારો બહુ રાજીપો થયો. પછી અમે ત્યાંથી ચાલ્યા ત્યારે અમારી ભેળા તે પણ તૈયાર થયા. એટલે તેમને માંડ માંડ પાછા વાળ્યા ને અમે ગઢપુર આવ્યા. એ રીતે અમને બહુ રાજી કર્યા." ॥ મહારાજની લીલા ॥૩૪॥

૩૫. મહારાજને વધુ જમાડવા સંતોએ રમૂજ કરી

એક સમયે મહારાજ ગઢપુરમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે સભા કરીને બિરાજમાન હતા. તે સમયે અદિબાએ 'મહારાજ ! મહારાજ !' એમ સાદ કર્યો. ત્યારે

મહારાજ કહે, “શું કામ છે ?” ત્યારે કહ્યું જે, “થાળ કરાવવો છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “થાળ કરો.” ત્યારે અદિબાએ મહારાજને ફેર પૂછ્યું કે, “તમારા થાળમાં સાધુ જમાડવા છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “કેટલા સાધુ જમાડવા છે ?” ત્યારે તેણે કહ્યું જે, “ચાર સાધુ જમાડવા છે.”

પછી મહારાજે કહ્યું જે, “કહો કોને કોને જમાડવા ?” ત્યારે તેણે કહ્યું જે, “મુક્તાનંદસ્વામી, ભાયાત્માનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી ને શુકસ્વામી એ ચારને જમાડવા છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “જાઓ થાળ કરો, સાધુ પણ જમવા આવશે. જ્યારે થાળ થશે ત્યારે અમે જમવા આવશું અને સાધુને પણ બોલાવતા આવશું.” એટલે અદિબા થાળ કરવા ગયાં ને ભારે ભારે ભોજન કર્યાં.

પછી મહારાજને જમવા બોલાવ્યા ને મહારાજે સાધુને બોલાવ્યા. તે મહારાજ ઉત્તરાદા બારનો આથમણો ઓરડો છે ત્યાં સાધુએ સહિત જમવા પધાર્યા. તે મહારાજ પોતે ઓરડાની માયલી પાસે ઉંબરાના થડમાં બારણામાં બાજોઠ ઉપર આથમણે મુખારવિંદે જમવા બિરાજ્યા. ને ચાર સાધુ તે ઓરડીની ઓસરીમાં દક્ષણાદે મુખે મહારાજનાં દર્શન થાય એમ જમવા બેઠા.

પછી અદિબાએ મહારાજ આગળ થાળ ધર્યો ને બોલ્યાં જે, “મહારાજ જમો.” પછી તે થાળમાંથી મહારાજ એક મોતિયો લાડુ જમ્યા.” ત્યારે બ્રહ્માનંદસ્વામીને એમ સંકલ્પ થયો જે, ‘કાંઈક રમૂજ કરીએ તો મહારાજ વધારે જમે.’ એટલે બ્રહ્માનંદસ્વામીએ રમૂજ કરી. તે રમૂજ સાંભળી મહારાજ હસતા જાય ને જમતા જાય; એટલે ભાયાત્માનંદસ્વામીને પણ સંકલ્પ થયો જે, ‘હું પણ કાંઈક રમૂજ કરું, જેથી મહારાજ વધુ જમે.’

પછી ભાયાત્માનંદસ્વામી બોલ્યા જે, “પંજાબ દેશના મનુષ્ય બહુ અનાજ જમે.” પછી તે દેશની વાત કરી જે, “એક માણસ તે દેશમાં કોઈકને ઘેર મહેમાન થયો. એટલે તે ઘરના ધણીએ પૂછ્યું જે, ‘તમારા

સારુ કેટલુંક જમવાનું કરાવું ?' ત્યારે તે મહેમાને કહ્યું જે, 'ચોખા તો જાયનાં ફૂલ છે, માટે હાંડી ભરીને કરજ્યો. ને ઘઉંની રોટલી કરો તો વેંતભર કરજો. ને બાજરાના રોટલા કરો તો પાંચ-સાત કરજો. ને દાળ તો હાંડી ભરીને કરજો."

એ વાત સાંભળીને મહારાજ જમતાં જમતાં હસ્યા ને બોલ્યા જે, "આ વાત તો કાંઈ મનાય એવી નથી." ને ભાયાત્માનંદસ્વામીને કહ્યું જે, "તમારી વાત તો ખોટી પડે એવી છે." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "હા મહારાજ ! પંજાબ દેશના માણસની વાત સાચી છે." પછી બ્રહ્માનંદસ્વામીએ રામપ્રતાપભાઈની વાત કરી જે, "ભાઈ પંચાળે રહ્યા હતા, તે નિત્ય પેટ ઉપર હાથ ફેરવે ને પેટ વજાડે, ને બોલે જે, 'પંચાળાકા પાણી બહોત ભારી.' પણ ભારે વસ્તુ જમાય એટલે પચે નહિ ત્યારે પાણીનો વાંક કાઢે."

ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામીને પૂછ્યું જે, "ભાઈ શું જમતાં ?" એટલે સ્વામીએ કહ્યું જે, "અમારાથી તે વાત ન કહેવાય. કેમ જે, કહીએ તો ભાઈને સારું ન લાગે ને અદિબા સાંભળે તો તેને પણ સારું ન લાગે; માટે કહેવી નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "એ તો વાત કહો જ." એટલે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "ભાઈ સવારમાં માખણ ને સાકર જમે, ને બપોરે શીરો-પુરી ને શાક જમે, ને સાંજે દૂધ-સાકરનો કઢો જમે. માટે એવી ભારે વસ્તુ તે પચે નહિ. એટલે પેટ ઉપર હાથ ફેરવીને વજાડીને કહે જે, 'પંચાળાકા પાણી બહોત ભારે ! બહોત ભારે ! અન્ન પચતાં નથી." ત્યારે મહારાજે પૂછ્યું જે, "કેટલું કેટલું જમે ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "એ તો અદિબા જાણે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "લ્યો, અદિબાને પૂછીએ." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "અદિબા તમારી પાસે જેમ છે તેમ વાત નહિ કરે. કેમ જે, આ દેશમાં એવી રીત છે જે, મહેમાન ઘેરે આવ્યો હોય તે ઝાઝું જમે તોય તે ઘરધણી કહે જે, 'કાંઈ જમ્યા નહિ ને જેટલું જમવાનું કર્યું હતું તેટલું પડી રહ્યું. તમે તો કશું જમ્યા નહિ. એવી આ

દેશમાં રીત છે. માટે સવિસ્તારે અદિબા તમને વાત નહિ કરે." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે જુક્તિ લાવીને વાત પૂછીશું. એટલે જેમ હશે તેમ કરશે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "અમને ગરાસિયાનો વિશ્વાસ આવતો નથી જે, તમારી આગળ પૂરેપૂરી વાત કરે ! અને કદાપિ વાત કરે તો કરે ! મહારાજ, તેમને પૂછી જુઓ."

એટલે મહારાજે જમતાં જમતાં અદિબાને બોલાવ્યાં. એટલે તે આવ્યાં. અદિબાને મહારાજે કહ્યું જે, "તમારા વિશ્વાસ થકી રામપ્રતાપભાઈને અમે પંચાળે મૂકતા આવ્યા હતા. પણ તમે ભાઈની સારી પેઠે ખબર ન રાખી, એટલે ભાઈ કચવાણા; તે તમે બહુ ખોટું કર્યું ! ને તમારાથી ભાઈની મરજી સચવાણી નહિ; માટે ભાઈ કચવાણા. તે તમે ભાઈને શું જમવાનું આપતાં ?"

ત્યારે અદિબાએ કહ્યું જે, "સવારમાં માખણ ને સાકર આપતાં." ત્યારે મહારાજે એક સવા શેરનો પથ્થર તે સામું જોઈને તે પથ્થર સામી આંગળી કરીને અદિબાને કહ્યું જે, "આ પથ્થર જેટલું માખણ આપતાં ?" ત્યારે અદિબાએ કહ્યું જે, "હા મહારાજ !" ત્યારે મહારાજ બોલ્યા જે, "સાકર કેટલી આપતાં ?" ત્યારે તેણે કહ્યું જે, "અરધ શેરથી ઝાઝેરી આપતાં ને (બપોરે) પોણો-પોણો શેર લોટ, પોણો શેર ઘી ને અધ શેરથી વધારે સાકર (આપતાં); ને સાંજે **પારઠ**[૧] ભેશનું દૂધ પાંચ શેર ને પોણો શેર સાકરનો કઢો કરી જમતા."

પછી બ્રહ્માનંદસ્વામી સામું જોઈને મહારાજ હસ્યા ને બોલ્યા જે, "સ્વામી ! તમે કહેતા હતા જે, વાત નહિ માને." ત્યારે સ્વામીએ કહ્યું જે, "મહારાજ ! ગરાસિયાનો વિશ્વાસ બરાબર તો ન આવે." ત્યારે મહારાજે કહ્યું જે, "ગણી વાળોને, નિત્ય પ્રત્યે કેટલો ભાર જમવાનો થયો ? વારુ, ભારે વસ્તુ તે પેટમાં કેમ પચે ?" હવે એવી રીતે જ્યાં રમૂજની વાતો કરે છે, ત્યાં ચાર સાધુનું જમવાનું થાળમાં મૂક્યું હતું, તે મહારાજ જમી ગયા.

૧.આઠ-દસ માસથી દૂધ આપતી

એટલે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હવે વાત તો શી કહેવી ! પણ આંહીં જોવોને બધો થાળ ખાલી થઈ ગયો !" એમ કહીને સ્વામી હસ્યા, એટલે મહારાજ પણ હસ્યા ને બોલ્યા જે, "તમે આજ બહુ જ રમૂજ ને **કોટલ**[1] કર્યા, તે અમને જમવાની ખબર પણ રહી નહિ." પછી મહારાજે અદિબાને કહ્યું જે, "હવે કાંઈ છે સાધુને જમાડીએ એવું ?"

ત્યારે અદિબાએ કહ્યું જે, "ભાત છે પણ બીજું કશું નથી." એમ કહીને અદિબા બહુ રાજી થયાં. કેમ જે, મહારાજ સારી પેઠે જમ્યા એટલે ઘણો આનંદ આવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "લાવો, હવે જે હોય તે સાધુને જમાડીએ." ત્યારે અદિબા ભાત, સાકર ને ઘી લાવ્યાં. તે મહારાજે ભાત, સાકર ને ઘી સાધુને પીરસ્યું. એટલે બ્રહ્માનંદ સ્વામીએ ભાયાત્માનંદસ્વામી ઉપર મરમ કર્યો જે, "મહારાજ ! ભાયાત્માનંદસ્વામી તો ઘી નહિ જમે." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે મરમ કરો મા, અમારે હાથે તો ઘી જમશે." એમ કહીને ઘી, સાકર ને ભાત મહારાજે પીરસ્યો. તે બે-ત્રણ વાર પીરસીને સાધુને સારી પેઠે જમાડ્યા. ત્યારે અદિબાએ મહારાજને કહ્યું જે, "મહારાજ ! સાધુને સારી પેઠે જમાડજો. કેમ જે, બીજી વસ્તુ કાંઈ નથી જે જમાડીએ." ત્યારે મહારાજે ભાત, સાકર ને ઘી સાધુને સારી પેઠે જમાડ્યા. પછી મહારાજે હાથ ધોઈને રૂમાલ વતી કોરા કર્યા. એટલે અદિબા મુખવાસ લાવ્યાં, તે જમતાં જમતાં અક્ષરઓરડીએ પધાર્યા ને એ સાધુ પગે લાગીને આસને ગયા. ॥ મહારાજની લીલા ॥૩૫॥

૩૬. મુક્તાનંદસ્વામીએ કાળને પાછો વાળ્યો અને દાનનો સંકલ્પ કર્યો

એક સમયને વિષે મુક્તાનંદસ્વામી પોતાને આસને બેઠા હતા. ત્યારે ચાર કીર્તન સરોદામાં બોલીને રાત્રિના બાર વાગ્યાની વખતે ધ્યાન કરતા હતા. તે સમયમાં મોટો વિકરાળ ને મહા ભયંકર, ને હાથમાં

૧.યુક્તિ; દાવપેચ

મોટું ખપ્પર રુધિરે ભરેલું તે લઈને રુધિર ચાટતો, ને સર્વે અંગે રુધિરે ભરેલો, ને લોઢાના કાંટા જેવાં રુંવાડાં; એવો કાળ આવ્યો. તે સ્વામીને સમીપે આવીને ઊભો રહ્યો. ત્યારે સ્વામીએ પૂછ્યું જે, "તું કોણ છું ?" ત્યારે તેણે કહ્યું જે, "હું કાળ છું." એટલે સ્વામીએ કહ્યું જે, "કેમ આવ્યો છું ?" ત્યારે તેણે કહ્યું જે, "હું બહુ દા'ડાનો ભૂખ્યો છું. માટે મારે ભક્ષ કરવાની આજ્ઞા લેવા તમારી પાસે આવ્યો છું. તે તમે મારી ઉપર દયા કરીને આજ્ઞા કરો, એટલે ઘણા દા'ડાની ભૂખ કાઢું."

ત્યારે તે સાંભળીને સ્વામીએ મનમાં વિચાર્યું જે, 'અગણોતેરો કાળ પડ્યો ત્યારે ઘણા સત્સંગી મરી ગયા હતા ને સૌને દુઃખ પડ્યું. માટે જો હવે કાળ પડે તો ઘણા સત્સંગીને દુઃખ થાય ને સૌ મરી જાય.' માટે કહ્યું જે, "જેમ શ્રીજીમહારાજની મરજી હશે તેમ જ થાશે, એમાં લેશમાત્ર સંશય નથી. માટે તું ઝટપટ પાછો જાતો રહે ને જો નહિ જા તો તુંને મહારાજ શિક્ષા કરશે." ત્યારે તે વાતનું તે કાળને બહુ દુઃખ થયું. એટલે શોકે સહિત પાછો જાતો રહ્યો.

એટલે સ્વામીને એમ થયું જે, 'આજ કાળને પાછો વાળ્યો, માટે કાંઈક દાન-પુન્ય કરીએ તો સારું; પણ આપણે તો સાધુ કહેવાઈએ તે શેનું દાન-પુન્ય કરીએ ?' એમ સંકલ્પ કરીને એમ મનસૂબો કર્યો જે, '**ગળમાણાની**[૧] સાધુને રસોઈ આપીએ, ને બ્રાહ્મણને લૂગડું ઓઢાડીએ, ને પાંચ રૂપૈયાની ગાય એક બ્રાહ્મણને આપીએ, ને મહારાજ સારુ થાળ કરાવીએ.' એમ સંકલ્પ કરીને પછી મહારાજની મૂર્તિને ધારીને માળા ફેરવવા મંડ્યા, તે દિવસ ઊગ્યા સુધી માળા ફેરવી. ને દિવસ જરા ચડ્યો એટલે મોટા **બ્રહ્મચારી**[૨] સ્વામીને દર્શને આવ્યા.એટલે સ્વામીએ બ્રહ્મચારીને ધાબળીનું આસન નાંખી દીધું. તે પર બ્રહ્મચારી બેઠા.

ત્યારે સ્વામીએ કહ્યું જે, "આજ મને રાત્રીએ કાળ દેખાણો તેથી મારે તમારી પૂજા કરવી છે." પછી કેસર-ચંદને કરીને લલાટને વિષે બ્રહ્મચારીને અર્ચા કરીને વચમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી ચાદર

૧.ઘઉંના લોટની રાબની ૨.શ્રીહરિના સેવક મૂળજી બ્રહ્મચારી

ઓઢાડીને કહ્યું જે, "મહારાજને થાળ કરીને જમાડજો ને તમે પણ જમજો." પછી બ્રહ્મચારી અક્ષરઓરડીએ મહારાજ બિરાજ્યા હતા ત્યાં જઈને મહારાજને પગે લાગ્યા. એટલે મહારાજે પૂછ્યું જે, "બ્રહ્મચારી ! આજ તમે ક્યાં પૂજાઈ આવ્યા ?" ત્યારે કહ્યું જે, "મુક્તાનંદસ્વામીએ પૂજા કરી ને વળી કહ્યું જે, 'મહારાજને થાળ કરજો. ને તમે પણ ભેળા જમજો." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારી ભેળા જમશો ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "મને તો જેમ સમજાયું તેમ હું બોલ્યો. ને તમારે તો તેની સો ટીકાઓ કરવી." તે વાત સાંભળી મહારાજ ઘણા ખુશી થયા. ને પછી મહારાજે કહ્યું જે, "શાથી પૂજા કરી ?" ત્યારે ઉપર લખ્યા પ્રમાણે મુક્તાનંદસ્વામીને કાળ દેખાણો, તે હકીકત સવિસ્તારે બ્રહ્મચારીએ મહારાજને કહી સંભળાવી.

ત્યારે મહારાજ બોલ્યા જે, "ચાલો, આપણે સભા કરીએ." પછી મહારાજ ઉગમણા બારના ઓરડે ઓસરીમાં ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. ને સર્વે સાધુ તથા હરિભક્ત ને બાઈઓ તે સર્વેની મહારાજ આગળ સભા ભરાઈને બેઠી. તે સમયે સ્વામીની વાત કરી જે, "મુક્તાનંદસ્વામીને આજ ગઈ રાત્રીએ કાળ દેખાણો. ને તેને પાછો વાળ્યો. પછી સ્વામીએ એમ સંકલ્પ કર્યો જે, 'કાંઈ પુન્ય કરીએ.' ત્યારે તેમને એમ થયું જે આપણે તો સાધુ કહેવાઈએ, માટે શેનું દાન-પુન્ય કરીએ ?' એમ કરીને પછી મનસૂબો કર્યો જે, 'મહારાજનો થાળ કરીએ, ને પાંચ રૂપિયાની ગાય એક બ્રાહ્મણને આપીએ. ને એક ચાદર ઓઢાડીએ ને સાધુને ગળમાણાની રસોઈ આપીએ."

એમ તે વાત સભામાં બેઠેલા હરિજન આદિ સૌને સંભળાવીને મહારાજ બોલ્યા જે, "સ્વામીએ કાળને પાછો વાળ્યો, એ બધા વિશ્વની રક્ષા કરી કહેવાય. ત્યારે સ્વામીને આવી રસોઈ ને ગાય હોય નહીં. એમની તો ઘણા મૂલ્યવાળી ગાય ને ભારેમાં ભારે રસોઈ આપી જોઈએ." ત્યારે હરિજન બોલ્યા જે, "હા મહારાજ ! એમની તો સરસમાં સરસ રસોઈ ને ગાય આપવી જોઈએ."

ત્યારે મોટીબા તથા લાડુબા બોલ્યાં જે, "મહારાજ ! સ્વામીની રસોઈ સરસમાં સરસ કરાવો." ત્યારે મહારાજે કહ્યું જે, "રસોઈનો સામાન તૈયાર છે ?" એટલે કહ્યું જે, "જે જોઈએ તે તૈયાર છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ચણાની દાળ છે ?" ત્યારે તેની પણ હા પાડી જે, "દાળ તૈયાર કરી કોઠીમાં ભરી મૂકી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તે દાળ દળવા આપો ને લખુ કંદોઈને બોલાવો." પછી તે આવ્યા.

ત્યારે મહારાજે લખુ કંદોઈને કહ્યું જે, "મોતિયા લાડુ સરસમાં સરસ કરવા. કેમ જે, આજ મુક્તાનંદસ્વામીની રસોઈ છે." ત્યારે લખુ કંદોઈએ કહ્યું જે, "મહારાજ ! બહુ સારું. રસોઈ સારી કરીશું, પણ કઈ જગ્યાએ રસોઈ કરવાની છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આપણી **ઘોડહારમાં**[૧] કરો." પછી વળી ભણનારા સાધુને બોલાવ્યા ને કહ્યું જે, "આ રસોઈના કામમાં તમે સર્વે રહેજો ને સહાય કરજો." એટલે તે **ઘોડારમાં**[૧] ચૂલુ ગાળવા મંડ્યા. ત્યાં મહારાજ પધાર્યા ને કહ્યું જે, "કેમ આંહીં રસોઈ કરવાનું સાનુકૂળ પડશે ?" ત્યારે સાધુ તથા લખુ કંદોઈએ કહ્યું જે, "હા મહારાજ ! આંહીં સારી જગ્યા છે."

પછી જ્યારે રસોઈ કરવા મંડ્યા તે પહેલા ઘાણમાંનો એક લાડુ વાળીને સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામીના શિષ્ય ભૂમાનંદસ્વામી મહારાજ આગળ દેખાડવા સારુ લાવ્યા. તે લાડુ મહારાજે હાથમાં લઈને જોયો ને બોલ્યા જે, "બહુ સારા લાડુ થાય છે, માટે આ જ રીતના લાડુ કરો." પછી લાડુ લઈને સાધુ ગયા, તે એક ગોળ કરવાની કડા લાવ્યા. તે કડાને ઊંચી **ઘોડિયાટે**[૨] બાંધીને તેમાં રસોઈના તમામ લાડુ ભર્યા ને પછી રસોઈ પૂરી થઈ રહ્યા પછી સાધુએ મહારાજને ખબર આપી જે, "મહારાજ ! પધારો ! રસોઈ તૈયાર થઈ રહી, માટે જોવા પધારો."

પછી મહારાજ લાડવા જોઈને રાજી થયા ને બોલ્યા જે, "આ ઊંચા કેમ બાંધ્યા છે ?" ત્યારે સાધુએ કહ્યું જે, "કીડી-મકોડી ન ચડે

૧.ઘોડશાળામાં ૨.મોભને ટેકવવાના ત્રિકોણિયા સાથે

તેટલા સારુ ઊંચા બાંધ્યા છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “ભલું તમને સૂઝ્યું ! આવી રીતે બાંધતાં તમને ક્યાંથી આવડ્યું ? કેમ જે, આ તો બહુ સારો બંદોબસ્ત કર્યો છે.” એટલે સાધુએ કહ્યું જે, “મહારાજ, તમારી કિૃપા થકી આવડ્યું.” એટલે તે સાધુ ઉપર મહારાજ ઘણા પ્રસન્ન થયા ને બોલ્યા જે, “આ સમગ્ર ભણનારા સાધુ તો અમારી સેવા બહુ કરે છે ને ભણે છે, ને રસોઈ કરવી હોય તોપણ કરે છે, ને કારખાનું પણ કરે છે; એવા ખબડદાર છે ને અમારા બહુ ઉપયોગી છે.” એમ પ્રશંસા બહુ કરી.

પછી મહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ આવીને ચાકળા ઉપર બેઠા. ને લક્ષ્મીરામ આદિક વિપ્રને આજ્ઞા કરી જે, “શાખા નગરમાં રહેલા સાધુનાં મંડળ છે, તે બધાંયને તેડી લાવો.” પછી રસોઈ કરવાવાળાં સર્વે બાઈઓને બોલાવ્યા ને કહ્યું જે, “તમે જેમ અમારા થાળમાં ભારે ભારે શાક ને પકવાન કરો છો, તેવી જ રીતે આ સ્વામીની રસોઈમાં કરો.” એવી રીતે મહારાજે આજ્ઞા કરી. એટલે સહુ રસોઈ કરવા મંડ્યાં. ને ઘણા પ્રેમથી સુરણ, રતાલુ આદિ શાક તથા ભારે ભારે ભજિયાં, રાઈતાં, દહીંવડાં, ભાત, દાળ વિગેરે અનેક પ્રકારનાં શાક તથા શીરો, પૂરી, દૂધપાક આદિ ઘણા પ્રકારનાં ભોજન તથા અથાણાં વિગેરે ઘણો સમાન તૈયાર કરવા લાગ્યાં. ને પછી મહારાજનો થાળ કર્યો. ત્યાર પછી બ્રહ્મચારીને કહ્યું જે, “મહારાજને જમવા બોલાવો, થાળ થયો છે.”

પછી મહારાજ આવ્યા ને જમવા બેઠા. ત્યારે અનેક પ્રકારનાં ભોજન તથા થાળ લાવ્યા ને રસોઈ કરેલા ભારે ભારે પકવાન ને ભારે શાક ને અથાણાં લાવી મહારાજને પીરસ્યાં. એટલે સર્વે સાધુ તથા પાર્ષદ તથા સર્વે ભક્ત ને ઓરડામાં બેઠેલી બાઈઓને મહારાજ પ્રસાદી આપતા જાય ને જમતા જાય. એટલે બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને ચૈતન્યાનંદસ્વામી આદિ સર્વે સાધુએ કહ્યું જે, “મહારાજ, આજ તો

સ્વામીની રસોઈ છે. માટે સારી પેઠે જમજો." પછી મહારાજ સારી પેઠે જમ્યા. એટલે દાદા ખાચર તથા સુરા ખાચર, સોમલા ખાચર આદિ બોલ્યા જે, "મહારાજ ! આજ તો સ્વામીની રસોઈ છે. માટે એક-બે ગ્રાસ વધારે જમો તો સારું." ત્યારે મહારાજ દૂધપાક ને સાકર જમ્યા. પછી બ્રહ્મચારીએ ચળું કરાવ્યું ને થાળ મુક્તાનંદસ્વામીને આપ્યો.

પછી મહારાજ મુખવાસ જમતાં જમતાં ઢોલિયે બિરાજ્યા ને બોલ્યા જે, "હવે સાધુની પંક્તિ થાઓ." પછી પંક્તિ થઈ. એટલે મહારાજ લાડુ પીરસવા પધાર્યા. તે લાડુ વિગેરે સારાં સારાં પકવાન તથા શાક બે-ત્રણવાર મહારાજે પંડે ફેરવી સાધુ, પાર્ષદ તથા દરબારના માણસ વિગેરે સૌને સારી પેઠે જમાડ્યા.

પછી મહારાજ ઉગમણા બારણાના ઓરડે બિરાજ્યા. ત્યારે સાધુ, પાર્ષદ તથા હરિજન સર્વે જમીને સભામાં આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "**ગોરહર**[૧] ગાયને લાવો." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ ! મેં તો થોડાં મૂલવાળી ગાય આપવાનો સંકલ્પ કર્યો છે." ત્યારે મહારાજે કહ્યું જે, "થોડાં મૂલવાળી ગાય ન દેવાય. આ સમયમાં તો તમે ઘણાં મૂલવાળી ને સરસમાં સરસ ગાય આપો. આ ગાયનું દૂધ અમે બહુ જમ્યા છીએ, માટે સુખી થાય એવે ઠેકાણે આપજો."

પછી ગોરહર ગાય મંગાવીને સ્વામીએ કહ્યું જે, "મહારાજ ! તમારી નજરમાં આવે તેને આપો." ત્યારે મહારાજ કહે, "ના, તમે આપો." ત્યારે સ્વામીએ સીતારામ મહારાજને ચાંદલો કરીને ગાય આપી. તે જોઈને મહારાજ અતિ રાજી થયા. પછી મહારાજે કહ્યું જે, "સ્વામી ! આ તમારી વતી અમે પાંચસો રૂપૈયા આપીએ છીએ." તે જોઈને સરવે સભા બહુ રાજી થઈ. ને જેઓ સભામાં બેઠેલા તે એમ વિચાર કરતા હતા જે, 'આવી રીત તો સ્વામીને આવડે !'

॥ મહારાજની લીલા ॥૩૬॥

૧.સંપૂર્ણ રાતી તથા મૂલ્યવાન

૩૭. મહારાજે ગોપાળાનંદસ્વામીની મોટપ કહી

એક સમયે રાત્રિને વિષે શ્રીજી મહારાજ અક્ષરઓરડીમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા. તે સમે મુક્તાનંદસ્વામીને બોલાવ્યા એટલે સ્વામી આવ્યા. ત્યારે આસન નાખી દીધું. તે ઉપર સ્વામી બેઠા. ને મહારાજને કહ્યું જે, "મહારાજ ! મને શા કામ સારુ બોલાવ્યો ?" ત્યારે મહારાજે તે વખતે પોતા પાસે જે સેવક-માણસ આદિ બેઠા હતા તેને ઉઠાડી મૂક્યા; ને સ્વામીને કહ્યું જે, "તમને એક વાત કહેવી છે." ત્યારે સ્વામી હાથ જોડીને બોલ્યા જે, "કહો મહારાજ !" ત્યારે મહારાજે કહ્યું જે, "સ્વામી, તમને તે વાત મનાશે ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "હા મહારાજ ! મનાશે." એટલે મહારાજ બોલ્યા જે, "સ્વામી, તે વાત મનાય તેવી નથી." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ ! મને તમારો વિશ્વાસ છે તેથી મનાશે; માટે વાત કહો."

ત્યારે મહારાજે કહ્યું જે, "**આ ગોપાળાનંદસ્વામી બહુ મોટા છે. તે એક સ્વરૂપે અક્ષરરૂપ થઈને સર્વે મુક્તને ધરી રહ્યા છે; ને એક સ્વરૂપે પુરુષોત્તમનારાયણની સેવામાં રહ્યા છે; ને એક સ્વરૂપે કરીને અક્ષરના મુક્તને ભગવાનના મહિમાના જ્ઞાનનો બોધ કરે છે; ને એક સ્વરૂપે આંહીં રહ્યા છે.** તે વાત તમને મનાશે ?" ત્યારે મુક્તાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "હા, મહારાજ ! મનાશે." ત્યારે મહારાજે કહ્યું જે, "ગોપાળાનંદસ્વામી કહે તેમ કરજો." પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "ઠીક, મહારાજ ! ગોપાળાનંદસ્વામી કહેશે તે પ્રમાણે કરીશું." પછી જરા વાર ત્યાં સ્વામી બેસી, મહારાજને પગે લાગી પોતાના આસને આવ્યા. ને મહારાજ પોઢી ગયા ને સ્વામી આસને સૂઈ રહ્યા.

અને બીજે દિવસે સવારમાં ગોપાળાનંદસ્વામી પૂજા કરી મુક્તાનંદ સ્વામીને દર્શને આવ્યા. એટલે મુક્તાનંદસ્વામી ગોપાળાનંદસ્વામીને આસન નાંખી દઈ બોલ્યા જે, "સ્વામી, બેસો." ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, "સ્વામી ! તમારી આગળ હું આસન ઉપર નહિ

બેસું." ત્યારે મુક્તાનંદસ્વામીએ બહુ તાણ કરીને આસન ઉપર બેસાડ્યા ને કહ્યું જે, "મહારાજે મને કહ્યું છે જે, 'ગોપાળાનંદસ્વામી કહે તેમ કરજો." ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "સ્વામી ! તમે તો સર્વે વાતે સંપન્ન છો; માટે તેમાં તમને શું કે'વું ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "તોય પણ તમને જે જણાતું હોય તે કહો."

ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ સ્વધામ જવાના છે ને તમારો દેહ પણ નહિ રહે; માટે તમારું જે કાંઈ પૂજા તથા પુસ્તક-પાનું કોઈને આપવાનું હોય તે આપો. ને મહારાજની સેવા તમે સખી ભાવે કરો છો, તે હવે દાસ ભાવે કરો." ત્યારે તે વચન મુક્તાનંદસ્વામીએ તત્કાળ માન્યું. ને રઘુવીરજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજને મુક્તાનંદસ્વામીએ બોલાવ્યા. ને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પાટ નાંખીને તે ઉપર રઘુવીરજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજ એ બન્ને ભાઈને બેસારી સ્વામીએ પોતાનાં કાવ્યનાં પુસ્તક ને બીજાં પુસ્તક અરધોઅરધ બન્ને ભાઈઓને વેં'ચી આપ્યાં. તે પછી પોતાના સાધુને જે પુસ્તક-પૂજા આપવાની હતી તે વેં'ચી આપી; ને બીજી વાત પોતાને કહી હતી તે કરી. ॥ મહારાજની લીલા ॥૩૭॥

૩૮. દિવ્યપણે મહારાજ રામા ખાચરને ધામમાં લઈ ગયા

એક સમયને વિશે મહારાજ દાદા ખાચરના દરબારમાં લીમડા તળે ઓટા ઉપર બિરાજમાન હતા. અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે મહારાજ દિવ્ય ભાવે કરીને રામો ખાચર દેહ મૂકવાના હતા તેને તેડવા ગયા એ સચ્ચિદાનંદસ્વામીએ દીઠું. એટલે સચ્ચિદાનંદસ્વામીને પડખે કેવલાત્માનંદસ્વામી બેઠા હતા, તેને સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ ગયા તે તમને ખબર પડી ?" ત્યારે કેવલાત્માનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ તો અહીંયાં બિરાજે છે ને તમે કહો છો જે મહારાજ ગયા, તે આવું ખોટું કેમ બોલો છો ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામી

બોલ્યા જે, "હું ખોટું નથી બોલતો, મહારાજ તો ગયા છે ત્યારે હું કહું છું." ત્યારે કેવલાત્માનંદસ્વામીએ કહ્યું જે, "તમે તો **અધાધોમ**[1] ખોટું જ બોલો છો."

ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યુ જે, "સ્વામી, તમને યથાર્થ નિશ્ચે નથી. કેમ જે, કોઈક ભક્તને દેહ મૂક્યાનો સમો હોય અને તેને મહારાજ તેડવા ગયા હોય, તેના ખબર હમણાં અહીં આપે તો તમારા માન્યામાં આવે કે નહિ ?" ત્યારે સ્વામીએ હા કહી. તેટલામાં રામા ખાચરે દેહ મૂક્યો એવા ખબર મહારાજ પાસે આવ્યા. તે મહારાજ પોતે દિવ્ય ભાવે તેડવા ગયા હતા, પણ અજાણ્યા થઈને મહારાજ બોલ્યા જે, "અરે ! રામ..! રામ..! રામો ખાચર તો બહુ સારા હતા. તે તેમણે દેહ મૂકી દીધો વારુ ?" એવી રીતે મહારાજે ખરખરો કર્યો.

ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કેવલાત્માનંદસ્વામીને કહ્યું જે, "હવે તે વાત સાચી કે ખોટી ?" ત્યારે કેવલાત્માનંદસ્વામીએ કહ્યું જે, "હવે તે વાત ખરી, પણ દિવ્ય ભાવ તો તમે દેખો; પણ અમે કાંઈ દિવ્ય ભાવ દેખતા નથી. ને તમે તો નિશ્ચેની ના પાડો છો." ત્યારે સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, "દિવ્ય ભાવ નથી દેખાતો એવા નિશ્ચેની અમે ના પાડીએ છીએ, પણ બીજો નિશ્ચે તો તમારે છે. અને દિવ્ય ભાવ તમને દેખાતો નથી, માટે દિવ્ય ભાવ જાણ્યો જોઈએ." ॥ મહારાજની લીલા ॥૩૮॥

૩૯. ભગા દોશી મહારાજની મરજી જાણી ન શક્યા

એક સમયે મહારાજને શરીરે જરા કસર હોવાથી અક્ષરઓરડીમાં ઢોલિયા ઉપર પોઢ્યા હતા. તેવામાં ગામ બોટાદવાળા ભગો દોશી આવ્યા. તેણે મહારાજને કહ્યું જે, "મહારાજ ! મારે સાધુને રસોઈ આપવી છે." ત્યારે મહારાજે ના કહી જે, "રસોઈ રહેવા દિયો ને બીજા ખર્ચમાં વાપરો તો સારું !" ત્યારે તેણે કહ્યું જે, "મહારાજ ! મારે તો રસોઈ આપવી છે." એટલે ફેર મહારાજે ના કહી. ત્યારે ભગો દોશી

૧.તદ્દન

નિત્યાનંદસ્વામી પાસે ગયા ને કહ્યું જે, "સ્વામી ! તમે મહારાજને કહો તો મારી રસોઈ લે."

ત્યારે નિત્યાનંદસ્વામી મહારાજ પાસે આવ્યા ને તેની રસોઈ બાબત મહારાજને કહ્યું; પણ મહારાજે સ્વામીને કહ્યું જે, "આ મંદિર ચણાય છે તે કડિયાના પગારના રૂપૈયા ચડ્યા છે. તે ભગો દોશી કડિયાના પગારમાં રૂપૈયા આપે તો સારું. માટે તેને સમજાવી રસોઈ આપવાનું અળસાવી કડિયાના પગારમાં રૂપૈયા આપે તેમ કરો." ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, "મહારાજ ! ભગો દોશી રૂપૈયા પગાર ચૂકવવામાં આપે એમ જણાતું નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "તે દોશી હરિભક્ત સારા, પણ તેણે અમારી મરજી ન જાણી ત્યારે જાઓ, તેની રસોઈ કરાવો."

પછી સ્વામીએ જઈને રસોઈ કરાવી. એટલે રસોઈ તૈયાર થઈ ત્યારે ભગો દોશી મહારાજને પંક્તિમાં લાડુ ફેરવવા સારુ તેડવા આવ્યા. ત્યારે મહારાજ પંક્તિમાં લાડુ ફેરવવા આથમણા બારના ઓરડાની ઓસરીએ પધાર્યા. ને રઘુવીરજી મહારાજને ખંભે એક હાથનો ટેકો દઈને એક હાથે સાધુની પંક્તિમાં એકવાર લાડુ ફેરવ્યા ને બીજીવાર ફેરવ્યા. ત્યાં મહારાજને શરીરે જરા કસર હોવાથી લાડુ ફેરવતાં પંક્તિમાં બે-ત્રણ વાર થાક ખાધો. ત્યારે ગોપાળાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "શરીરે વસમું લાગશે, માટે હવે લાડુ ફેરવવા રહેવા દિયો."

ત્યારે મહારાજ કહે, "ઠીક સ્વામી, પાણી લાવો હાથ ધોઈએ." ત્યાં બ્રહ્મચારી પાણીનો લોટો લઈને ઊભા હતા; તે હાથ ધોવરાવી ચરણારવિંદ ધોઈને મહારાજ આગળ ચાખડિયું મેલી. ત્યારે મહારાજ ચાખડીએ ચડી એક હાથ રઘુવીરજી મહારાજને ખંભે ને એક હાથ ગોપાળાનંદસ્વામીને ખંભે મૂકીને ચાલ્યા તે મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા. ને ઢોલિયા ઉપર પોઢ્યા ને બોલ્યા જે, "સ્વામી ! આજ તો થાક લાગી ગયો." ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, "હવે કોઈ હરિભક્ત લાડુ ફેરવવાની તાણ કરે તો મહારાજ તમારે જવું નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "આ છેલીવારના લાડુ ફેરવ્યા." ॥ મહારાજની લીલા ॥૩૯॥

૪૦. સંતસમાગમથી જ મહારાજની મરજી જાણ્યામાં આવે છે

મહારાજ અક્ષરઓરડીમાં ઢોલિયા ઉપર પોઢ્યા હતા. તે સમે ઉમરેઠના હરિભક્ત આવી મહારાજને દંડવત કરી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ પોઢ્યા હતા તે જાગીને બેઠા થયા. ને હરિભક્તોએ સારી પેઠે દર્શન કર્યાં. ત્યારે મહારાજે તેમના ખબર પૂછ્યા જે, “સારી પેઠે સુખિયા છો ?” ત્યારે તેમણે કહ્યું જે, “મહારાજ ! તમારી કૃપા વડે સુખિયા છીએ; પણ અમે એક વાતે દુખિયા છીએ જે, મહારાજ, તમારે શરીરે કસર છે એ જ દુઃખ છે.”

ત્યારે મહારાજ બોલ્યા જે, “એ તો શરીરના ધર્મ છે; કેમ જે, ક્યારેક શરીરે સારું હોય ને ક્યારેક કસર પણ હોય.” એમ કહીને મહારાજે તે હરિભક્તને કહ્યું જે, “તમારે વ્યવહારે કેમ છે ?” ત્યારે તે હરિભક્તોએ કહ્યું જે, “મહારાજ ! વ્યવહારે અમારે સારું છે.” ત્યારે ફેર મહારાજે પૂછ્યું જે, “તમારે વ્યવહારે કેમ છે ?” ત્યારે તેણે કહ્યું જે, “મહારાજ ! અમારો વ્યવહાર સારો છે.” એમ ત્રણવાર મહારાજે તે હરિભક્તોને પૂછ્યું, પણ તે હરિભક્ત મર્મને સમજ્યા નહિ.

ત્યારે વિરક્તાનંદસ્વામીને બોલાવ્યા ને કહ્યું જે, “સ્વામી, આપણા કોઠારમાં કાંઈ વિત્ત છે ? કડિયાના પગાર ચૂકવવા છે.” ત્યારે સ્વામીએ કહ્યું જે, “મહારાજ ! કોઠારમાં તો કાંઈ છે નહિ.” ત્યારે ફેર પૂછ્યું જે, “સ્વામી, કાંઈ વિત્ત છે ?” એમ બેવાર મહારાજે પૂછ્યું. ત્યારે સ્વામીએ કહ્યું જે, “મહારાજ ! કડિયાના પગાર ચૂકવવાનું તો કોઈક હરિભક્ત દ્વારે બંધ બેસે તો સારું, કેમ કે, કોઠારમાં નથી.” તે વાત હરિભક્તોએ સાંભળી, પણ મહારાજની મરજી જાણી શક્યા નહિ; ને પગે લાગીને તે હરિભક્તો ઊઠ્યા. પછી સ્વામીને મહારાજે કહ્યું જે, **“સાધુ થકી વાત સાંભળે તેને અમારી મરજી જાણ્યામાં આવે; પણ તે વિના તો કશી ખબર ન પડે. મર સારા હરિભક્ત હોય તોપણ ખબર ન પડે.”** ॥ મહારાજની લીલા ॥૪૦॥

૪૧. ખેંગારભક્તે મહારાજની મરજી મુજબ સેવા કરી

એક સમયે મહારાજને શરીરે મંદવાડ હોવાથી અક્ષરઓરડીને વિશે પોઢ્યા હતા. ને રજા વગર કોઈને પોતા પાસે આવવાની મના કરી હતી. ને કરીમભાઈ ચોકીમાં હતા. તે સમયે ખોલડિયાદના ખેંગાર હરિભક્ત આવ્યા. તેમને કરીમભાઈએ મહારાજનાં દર્શને જવા ન દીધા ને ત્યાં રોક્યા. ને મહારાજને પૂછવા ગયા જે, "ખેંગારભક્તને તમારે દર્શને આવવું છે." ત્યારે મહારાજે કહ્યું જે, "આવવા દિયો." ત્યારે તે ખેંગારભાઈ આવીને દંડવત કરી પગે લાગ્યા. ને મહારાજને શરીરે જરા કસર જેવું સાંભળીને આંખોમાં ચોધારાં પાણી પડવાં માંડ્યાં. ને હૈયું ભરાઈ ગયું ને હિબકવા મંડ્યા; તે બહુ જ રડ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે, "તમે રોવો મા, ને તમારે જે દુઃખ હોય તે કહો." ત્યારે તેણે કહ્યું જે, "મહારાજ ! તમે શરીરે માંદા છો, એ જ મારે મોટું દુઃખ છે; બીજું તો કશું નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "શરીર તો ક્યારેક સાજા હોય ને ક્યારેક માંદા હોય." એમ કહીને મહારાજે ખેંગારભક્તને પૂછ્યું જે, "તમારો વ્યવહાર કેવો છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ ! મારો વ્યવહાર બહુ સારો છે." વળી ઘડીક પછી મહારાજે કહ્યું જે, "તમારે વ્યવહારે કેમ છે ?" ત્યારે તેણે કહ્યું જે, "મહારાજ ! વ્યવહારે સારું છે." ત્યારે મહારાજની સેવામાં નિર્ગુણાનંદસ્વામી હતા. તેમને મહારાજે કહ્યું જે, "અમારે લઘુશંકા કરવા જવું છે." ત્યારે નિર્ગુણાનંદસ્વામીએ મહારાજને બાથમાં ઉપાડી લીધા ને લઘુશંકાને ખાળીએ બેસાડ્યા.

તે સમયે ખેંગારભક્તે શુકસ્વામીને પૂછી જોયું જે, "સ્વામી ! મને મહારાજે બેવાર વે'વારનું પૂછ્યું, તે શા સારુ પૂછ્યું હશે ? કાંઈ મહારાજને પ્રયોજન છે ? ને જો મહારાજને કાંઈ કામ હોય તો મને બતાવો." ત્યારે શુકસ્વામીએ કહ્યું જે, "મહારાજ લઘુ કરીને આવે ત્યારે પૂછીએ." તે મહારાજ લઘુ કરી રહ્યા ત્યારે નિર્ગુણાનંદસ્વામીએ

બાથમાં ઘાલીને ઢોલિયા ઉપર બેસાડ્યા; ને પાલામાં હસ્ત ધોઈ મહારાજ કોગળા કરી પોઢ્યા. ત્યારે શુકસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, "આ ખેંગારભક્ત કહે છે જે, 'મહારાજને કાંઈ જોઈતું હોય તો હું લાવું."

ત્યારે મહારાજ પોઢ્યા હતા તે બેઠા થઈને કહ્યું જે, "વિરક્તાનંદ સ્વામીને બોલાવો." ત્યારે વિરક્તાનંદસ્વામી આવ્યા. એટલે મહારાજે કહ્યું જે, "સ્વામી, તમારે કડિયાના પગારના કેટલા રૂપૈયા ચડ્યા છે ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "અઢીસે રૂપૈયા કડિયાના પગારના ચડ્યા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "અઢીસે રૂપૈયા કડિયાના પગારના ને બસે રૂપૈયા અમારા નામાના – એ મળી રૂપૈયા સાડા ચારસે કુલ થયા." તે ખેંગારભક્તને સંભળાવ્યું. ત્યારે ખેંગારભક્તે કહ્યું જે, "મહારાજ ! મારે રસોઈ આપવી છે." ત્યારે તે મહારાજને સારું ન લાગ્યું ને એમ સમજ્યા જે, 'આ સાડા ચારસે રૂપૈયાની માલીપા રસોઈ આપવાનું કહે છે.' એમ સમજીને મહારાજે ખેંગારભક્તને કહ્યું જે, "તમારી નજરમાં આવે તેમ કરો." ત્યારે ખેંગારભક્ત પગે લાગીને રૂપૈયા લેવા ગયા. ને દાદા ખાચરને કહ્યું જે, "રૂપૈયા ઉછીના જોઈએ છીએ." ત્યારે દાદા ખાચરે કહ્યું જે, "હમણાં રૂપૈયા દરબારમાં નથી."

ત્યારે વણાના(તા.લખતર જી.સુરેન્દ્ર.) ગરાસિયા મનુભા મળ્યા. તેમણે ખેંગારભક્તને પૂછ્યું જે, "ખેંગારભક્ત, તમારે કશું જોઈએ છે ?" ત્યારે ખેંગારભક્તે કહ્યું જે, "રૂપૈયા જોઈએ છે." ત્યારે તેમણે કહ્યું જે, "ચાલો, તમારે જોઈએ તેટલા રૂપૈયા આપું." એમ કહીને પોતાને ઉતારે ખેંગાર ભક્તને તેડી જઈને સાડા સાતસે રૂપૈયા અપાવ્યા. તે ખેંગારભક્તે લાવીને મહારાજ આગળ ઢગલો કર્યો. ત્યારે મહારાજે વિરક્તાનંદસ્વામીને બોલાવ્યા. ને કહ્યું જે, "તમારા કડિયાને બોલાવી તેમના પગાર ચુકાવી આપો." ત્યારે સ્વામીએ કડિયાને બોલાવી તેમના ચડેલા પગાર ચુકાવી આપ્યા. ને મહારાજે નામાવાળાને બોલાવીને તેના બસે રૂપિયા ચુકાવી

આપ્યા. ને બાકી રૂપૈયા ત્રણસે વધ્યા. તે મહારાજે કહ્યું જે, "ખેંગારભક્ત, આ તમારા ત્રણસે રૂપૈયા વધ્યા; તે લઈ જાઓ."

ત્યારે ખેંગારભક્તે કહ્યું જે, "રૂપૈયા એકસોની સાધુને રસોઈ કરાવી જમાડો; ને રૂપૈયા બસે, તે મહારાજ ! તમારે શરીરે મંદવાડ છે તે જ્યાં વાવરવા હોય ત્યાં વાવરજો. ને રસોઈના જે સો રૂપૈયા કહ્યા છે તે પણ તમારે વાવરવા હોય તો વાવરજો નહિ તો રસોઈ આપજો, ને જેમ તમારી મરજી હોય તેમ કરજો." ત્યારે તે સાંભળીને મહારાજ અતિ પ્રસન્ન થયા ને શુકસ્વામીને કહ્યું જે, "આ ભક્તે અમને બહુ રાજી કર્યા." ત્યારે સ્વામીએ કહ્યું જે, "મહારાજ ! તેણે સાધુની બહુ વાતો સાંભળી છે; માટે તમને રાજી કરતાં આવડે જ તો..!" ત્યારે મહારાજે કહ્યું જે, "કેની વાતુ સાંભળે છે ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "ઝાલાવાડમાં ચૈતન્યાનંદસ્વામી ફરવા જાય છે, તો તેને વિશે હેત, ને તે કહે તેમ કરે, ને તેનો વિશ્વાસ, ને તેની વાતો સાંભળે છે." ત્યારે મહારાજે કહ્યું જે, **"આવી રૂડી સમજણ આવી છે તે સાધુના સમાગમ વિના ક્યાંથી આવે ?!"** ॥ મહારાજની લીલા ॥૪૧॥

૪૨. મહારાજે ઘેલાકાંઠે મંદિર કરવાનો મનસૂબો કર્યો

એક સમયે મહારાજ સવારના પહોરમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ બિરાજમાન હતા. તે સમયે પોતા આગળ ભગુજી, રતનજી આદિ દસ-બાર પાર્ષદો હતા. તેમને મહારાજે કહ્યું જે, "આપણે ગઢ જોવા જવું છે." ત્યારે ભગુજીએ કહ્યું જે, "ઠીક મહારાજ !" એમ કહીને ભગુજીએ બીજા પાર્ષદોને કહ્યું જે, "તમે બધા તૈયાર થાઓ, મહારાજ ગઢ જોવા પધારે છે; માટે સાથે ગયું જોશે." ત્યારે સૌ પાર્ષદો તૈયાર થઈને આવ્યા. ને મહારાજ આગળ મોજડી મૂકી; એટલે મહારાજ (તે) પે'રી ને પાંચ-છો પાર્ષદ આગળ ચાલ્યા ને પાંચ-છ પાર્ષદ પાછળ ચાલ્યા અને વચ્ચે મહારાજ; એ રીતે ચાલ્યા. તે જીવા ખાચરના દરબારમાં થઈ ને ગઢ સોંસરા થઈ ને ઘેલા નદી તરફ બારીએ ઊતર્યા.

તે બારીથી ઉગમણી તરફ કોઠો છે ત્યાં જઈને કોઠાથી દક્ષણાદી તરફ ઊભા રહ્યા. ને મહારાજ બોલ્યા જે, "આ જગ્યા છે તે વચ્ચે મંદિર કરીએ તો સારું. કેમ જે, ઘેલા નદી થડમાં છે; એટલે સાધુને નાવા ધોવાનું ઠીક પડે ને તેનું પાણી પણ વાવરવામાં ઠીક પડે." એમ કહીને મહારાજ બોલ્યા જે, "અહીંથી તે આથમણી તરફ જે મસ્જિદ છે ત્યાં સુધી ઉપલો ગઢ નીચો ઉતારીને, ગઢ ને મસ્જિદ વચ્ચે જે વોકળી છે તેમાં ધૂળ પૂરીને જમીન સરખી કરીને, પછી ગઢથી ઉત્તરાદી તરફ જીવા ખાચરના દરબાર સુધી બધી જમીનમાં ધૂળ પૂરી સરખી કરીને, તે ફરતો ચારે તરફ ગઢ કરવો. ને તે ગઢનો એક દરવાજો જીવા ખાચરની ડેલી પાસે મૂકવો, ને એક દરવાજો આ કોઠાથી જરા ઉત્તરાદી તરફ મૂકવો, ને એક દરવાજો નદીમાં જવાનો આપણે ઊભા છીએ તે જગાથી ને મસ્જિદ વચ્ચે મૂકવો." એ રીતે મહારાજ કહીને બોલ્યા જે, "આ ત્રણ દરવાજા વચ્ચે મંદિર કરવું. અને આ જમીન ઊંચી છે, માટે મંદિર બહુ શોભીતું (થશે) ને ઊંચી બાંધણી સારી આવશે." ત્યારે ભગુજી તથા રતનજીએ કહ્યું જે, "હા મહારાજ ! અહીં તો બહુ સારી જગ્યા થશે."

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે બારીએ આવ્યા. ને બારીએથી ગઢ ઉપર ચઢ્યા. ને ગઢ ઉપર ચઢીને આથમણી તરફ થઈ ઉગમણી તરફ ગઢ ઉપર ચાલ્યા, તે જીવા ખાચરની ડેલી પાસે હેઠળ ઊતરીને તે ડેલી પાસે ઊભા રહ્યા ને બોલ્યા જે, "આ ડેલીના થડમાં મંદિરનો દરવાજો આવશે. તે જગાની ઘણી પગતાણ થશે." ને કહ્યું જે, "આપણી જગા ઊંચી થશે ને આ બજારની જમીન નીચી છે, તે બહુ સારું શોભીતું મંદિર થશે; ને દરવાજાની શોભા ઘણી સારી આવશે." એમ કહીને મહારાજ દાદા ખાચરના દરબારમાં પધાર્યા; તે વાસુદેવના ઓરડાની ઓસરીનાં પગથિયાં ઉપર મોજડી ઉતારીને ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન થયા. ને એક ઘડીવાર થઈ ત્યાં જીવો ખાચર આવ્યા. તે મહારાજને પગે લાગીને મહારાજ આગળ બેઠા.

ત્યારે મહારાજે કહ્યું જે, "અમે આજ મંદિર કરવાના મનસૂબા

કર્યા." ત્યારે જીવા ખાચરે કહ્યું જે, "બહુ સારું મહારાજ, પણ કેઈ જગ્યાએ મંદિર કરવાનું કર્યું છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ગઢ વચ્ચે મંદિર કરવાનું છે." ત્યારે જીવે ખાચરે કહ્યું જે, "બહુ સારું મહારાજ ! કેમ જે, તેથી દક્ષણાદી તરફ ઘેલા નદી છે; એટલે સાધુઓને નાવા-ધોવાનું તથા પાણી વાપરવા-કરવાનું સાનુકૂળ પડશે. ને ઉત્તરાદી તરફ અમારો દરબાર આવ્યો, તે અમારે પણ ઠીક પડશે." એમ કહીને મહારાજને પગે લાગીને જીવો ખાચર ઊઠ્યા.

॥ મહારાજની લીલા ॥૪૨॥

૪૩. લેખ કર્યા વિના કોઈ કામ કરવું નહીં

મહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને સર્વે સાધુ તથા પાર્ષદો અને હરિજન આગળ બેઠા હતા. તે સમયે દિવસ બે ઘડી ચડ્યો હતો. ત્યાં જીવો ખાચર આવ્યા ને મહારાજને પગે લાગીને સનમુખ બેઠા ને મહારાજને કહ્યું જે, "કાલે મંદિર કરવાનો મનસૂબો કર્યો હતો, તે આજ કાંઈ મંદિરના કારખાનાનો સરંજામ કર્યો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "હજુ કાંઈ સરંજામ કર્યો નથી." ત્યારે જીવા ખાચરે કહ્યું જે, "હવે સરંજામ કરાવો તો ઠીક." ત્યારે મહારાજે કહ્યું જે, "હવે કરાવશું."

પછી સભામાં બીજી વાતનો પ્રસંગ ચાલ્યો ને મહારાજે બે ઘડી વાતો કરી. ત્યારે જીવો ખાચર મહારાજને પગે લાગી ઊઠ્યા. તે એ મંદિર કરવા બાબત એ રીતે બે-ત્રણ દિવસ સુધી જીવા ખાચરે મહારાજને કહ્યું. ત્યારે મહારાજે લાડુબા તથા મોટીબા અને દાદા ખાચરને બોલાવ્યાં, ને તે મંદિર કરવાની બધી હકીકત કહી સંભળાવી, ને તેમને કહ્યું જે, "મંદિર કરવામાં લોઢાનો સામાન વિગેરે જોઈશે, તે ભાવનગરથી મંગાવો." ત્યારે દાદા ખાચરે મહારાજને કહ્યું જે, "લાધા ઠક્કરને કહો તો આપણે જે જોઈએ તે સામાન ભાવનગરથી લાવી આપશે."

ત્યારે મહારાજે કહ્યું જે, "લાધા ઠક્કરને બોલાવો." એટલે

દાદા ખાચરે માણસ મોકલી લાધા ઠક્કરને બોલાવ્યા. ત્યારે લાધા ઠક્કર આવી મહારાજને પગે લાગી મહારાજ આગળ બેઠા ને કહ્યું જે, "શા કામ સારુ મને બોલાવ્યો ?" ત્યારે મહારાજે મંદિર કરવાની બધી હકીકત કહી સંભળાવી. ત્યારે લાધા ઠક્કરે કહ્યું જે, "મહારાજ ! જીવો ખાચર મંદિર કરવાની હા કહે છે ?" ત્યારે મહારાજે લાધા ઠક્કરને કહ્યું જે, "અમે મંદિર કરવાની જગા જોઈ આવ્યા. પછી અમને જીવો ખાચર બે-ચાર દિવસથી કહ્યા કરે છે જે, 'મહારાજ, મંદિર કરો... મંદિર કરો..." ત્યાં જીવો ખાચર આવ્યા.

તે મહારાજને પગે લાગીને સનમુખ બેઠા ને કહ્યું જે, "મહારાજ, મંદિર કરવાનો શો નિરધાર કર્યો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "એ જ વિચારમાં છઈએ." પછી જીવા ખાચરે મહારાજને કાંઈક પોતાની વ્યાવહારિક વાત પૂછી ને ઊઠ્યા. ત્યારે મહારાજે લાધા ઠક્કરને કહ્યું જે, "તમે જોયું કે આવી મંદિર કરવાની જીવા ખાચરને તાણ છે." ત્યારે લાધા ઠક્કરે મહારાજને કહ્યું જે, "જીવા ખાચરને તાણ તો છે, પણ મને વિશ્વાસ આવતો નથી ! કેમ જે, પોતે બોલી કરી હોય તે પછી ફરી જાય છે, પણ એક ઠેરાવ રહેતો નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "એવું શું બોલો છો ? એ તે મોટું માણસ બોલ્યે ફરે ?!" ત્યારે લાધો ઠક્કર લગાર આકળા થઈને બોલ્યા જે, "ગાડાનું પઈ ફરે તેમ જીવો ખાચર બોલે ફરી જાય છે; માટે એમનો વિશ્વાસ મને આવતો નથી."

ત્યારે મહારાજ બોલ્યા જે, "જેમ હેમરાજશાહ તથા બોટાદવાળા ભગો દોશી આદિ પ્રતિષ્ઠિત મોટા મનુષ્ય છે, તેમ એ જીવો ખાચર પણ પ્રતિષ્ઠિત લાજવાળું માણસ કહેવાય; તે કાંઈ બોલે ફરે વારુ ?" ત્યારે લાધા ઠક્કરે કહ્યું જે, "મહારાજ, મને તો વિશ્વાસ આવતો નથી. અને તમને વિશ્વાસ આવતો હોય, તો તે મંદિર કરવા બાબત સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરશો." ત્યારે મહારાજ રાજી થઈને બોલ્યા જે, "એ વાતમાં અમારી દૃષ્ટિ નહોતી પોં'ચતી. અને આ લાધો ઠક્કર કેવા ડાહ્યા ! કહ્યું જે, 'લેખ કર્યા વિના મંદિર કરશો નહીં' એમ

એની દૃષ્ટિ પોંચી. તે આપણે હવે લેખ કર્યા વિના તે વાત કરવી નહીં."

ત્યારે લાધો ઠક્કર બોલ્યા જે, "તે લેખ થાશે ને ખરેખરો નિરધાર મંદિર કરવાનો થાશે; એટલે આપણે ભાવનગરથી મંદિર કરવાનો સામાન મંગાવશું." એમ કહીને મહારાજને પગે લાગીને ઊઠ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "કાલે જીવો ખાચર સભામાં આવશે, માટે કાગળ-કલમ તૈયાર કરી રાખજો." ત્યારે લાધા ઠક્કરે કહ્યું જે, "ઠીક મહારાજ !" એમ કહીને લાધો ઠક્કર ઘેર ગયા ને મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા, ને મહારાજ પોઢી ગયા. ॥ મહારાજની લીલા ॥૪૩॥

૪૪. ભક્ત-ભક્તમાં પણ બહુ ભેદ હોય છે

મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સભા ભરાઈને બેઠી હતી. તે સમયે મહારાજે લાધા ઠક્કરને બોલાવ્યા. તેટલામાં જીવો ખાચર પણ આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા; ત્યાં લાધો ઠક્કર પણ આવ્યા. ત્યારે જીવો ખાચર બોલ્યા જે, "મહારાજ, મંદિર કરવાનો સામાન કાંઈ મંગાવ્યો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "તે જગ્યાનો લેખ કરીને પછી સામાન મંગાવીએ." ને લાધા ઠક્કરને મહારાજે કહ્યું જે, "જીવો ખાચર કહે તે પ્રમાણે લેખ કરો."

ત્યારે જીવા ખાચરે કહ્યું જે, "મહારાજ, આજ લેખ કરાવવો રહેવા દિયો ને કાલ લેખ કરશું." એમ કહીને જીવા ખાચરે બીજી વાતનો પ્રસંગ કાઢ્યો. તે એક કલાક સુધી વાતનો પ્રસંગ હાંકીને જીવો ખાચર મહારાજને પગે લાગીને ઊઠ્યા. પછી લાધા ઠક્કરે મહારાજને કહ્યું જે, "કાલે લેખ કરવાની વાત થાય તે જોજો." ત્યારે મહારાજે કહ્યું જે, "કાલે શું નહિ લેખ કરી આપે ? એ તો જીવો ખાચર સભામાં જે બોલ્યા છે તે કાલે લેખ કરી આપશે." એમ કહીને મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા.

અને બીજે દિવસ તે જ ઓરડે મહારાજ સભા કરીને વિરાજમાન હતા; ત્યાં જીવો ખાચર આવ્યા ને લાધો ઠક્કર પણ કાગળ લઈને આવ્યા.

તે મહારાજને પગે લાગીને બેઠા ત્યારે મહારાજે કહ્યું જે, “જીવા ખાચર, લેખ કરવાનું કાલે કહ્યું હતું, તે આજ લેખ કરવા મંડો.” ત્યારે જીવા ખાચરે કહ્યું જે, “મહારાજ, ભણું દરબારમાં સૌને પૂછી જોઈને કાલે લેખ કરશું, આજ રહેવા દ્યો.” એમ કહીને ઊઠ્યા. પછી લાધા ઠક્કરે મહારાજને કહ્યું જે, “કેમ મહારાજ ? જીવો ખાચર જેમ ગાડાનું પઈ ફરે તેમ બોલે ફરવા મંડ્યા ને ? અને લેખ કરી આપે એમ તમને જણાય છે મહારાજ ?!” ત્યારે મહારાજે કહ્યું જે, “જણાય છે તો ફરી જાય તેમ પણ કાલે પણ જોઈએ જે, શો જવાબ દે છે !”

પછી જીવો ખાચર બીજે દિવસ આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, “જીવા ખાચર, હવે લેખ કરો; તમે કાલે કે’તા હતા જે, આવતી કાલે લેખ કરી આપીશું.” ત્યારે જીવો ખાચર કહે જે, “મહારાજ, બીક-બકોર હોય ત્યારે ગઢ અમારા કામમાં આવે; વાસ્તે મંદિર તમે ક્યાંક બીજે કરો.” એમ મંદિર કરવાની ના પાડી. પછી મહારાજને પગે લાગીને જીવો ખાચર ઊઠ્યા. ત્યારે લાધા ઠક્કરે મહારાજને હાથ જોડીને કહ્યું જે, “મહારાજ, જુઓ, આ વાતમાં કાંઈ માલ છે ? જીવો ખાચર તો ઘડીકમાં કાંઈ બોલે ને ઘડીકમાં કાંઈ બોલે.” ત્યારે મહારાજે લાધા ઠક્કરની બુદ્ધિ વખાણી ને પછી સભાને ઊઠવાની આજ્ઞા કરીને મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા.

ત્યાં બોટાદવાળા સોમલો ખાચર ને ભગો દોશી આવ્યા. તેમણે મહારાજને કહ્યું જે, “બોટાદ પધારો ! ને તમે કહો તેટલી જગ્યા મંદિર કરવા આપીએ.” તેટલામાં સુરેભગતે આવીને કહ્યું જે, “મહારાજ, લોયે મંદિર કરો ને ત્યાં તમે કહો તેટલી જગ્યા આપીએ.” ને કારિયાણીવાળા વસ્તો ખાચર આવ્યા. તેમણે પણ કહ્યું જે, “મહારાજ, તમે કારિયાણીએ પધારો ને ત્યાં કારિયાણીમાં મંદિર કરો; ને જેમ તમે કહો તેમ કરી આપીએ.” તેવામાં જીવો ખાચર સારંગપુરવાળા આવ્યા. તેણે પણ બહુ તાણ કરીને કહ્યું જે, “મહારાજ, લીંબડીનું ગામ એટલે કશી ઉપાધિ નહિ; માટે સારંગપુરમાં મંદિર કરો તો સારું.”

ત્યારે મહારાજ કે, "ચાલો ત્યારે." એમ કહીને ગાડી મંગાવી ને મહારાજ ગાડીમાં બેઠા; ને ગાડી હંકાવી તે દરબારમાંથી હાલમાં ગણપતિની દેરી છે ત્યાં આગળ ગાડી આવી. ત્યારે લાડુબાએ દાદા ખાચરને કહ્યું જે, "તમે બેસી શું રહ્યા છો ? મહારાજને તો લઈ ચાલ્યા." ત્યારે દાદા ખાચરે કહ્યું જે, "કોણ લઈ જાય છે ?" ત્યારે લાડુબાએ સોમલા ખાચર આદિ જે હતા તેને કહી દેખાડ્યા ને કહ્યું જે, "એ તો તેને ગામ મંદિર કરાવશે ને મહારાજને ત્યાં રાખશે." તે સમયે દાદા ખાચરે એક જ લૂગડું પે'રેલું, ને મહારાજની ગાડી આગળ થઈ દરવાજામાં મહારાજની ગાડી આગળ રસ્તામાં સૂતા.

ત્યારે ગાડી ઊભી રાખી, એટલે ગાડી હાંકનારને મહારાજે કહ્યું જે, "કેમ ગાડી ઊભી રાખી ?" ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ દાદો ખાચર આગળ આવીને રસ્તામાં સૂતા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "કોઈ છે કે નહિ ? એને પગે ઝાલીને રસ્તામાંથી ફગાવી નાંખો." ત્યારે તે સાંભળીને દાદા ખાચરને બેય આંખોમાંથી ચોધારાં પાણી પડવાં માંડ્યાં ને હૈયું ભરાઈ ગયું; ને ઊભા થઈને મહારાજને બાથ ભરી રોતાં રોતાં કહ્યું જે, "મહારાજ, તમારી મરજી હોય તો ગઢ ઉપર મંદિર કરાવો, ને તેમાં મારો પણ ભાગ છે. તે સરકારમાં લડીને પણ મંદિર કરાવીએ, ને તેમ ન કરવું હોય તો આ બધો દરબાર છે તેમાં જ્યાં તમારી મરજી હોય ત્યાં મંદિર કરાવો." ત્યારે સોમલો ખાચર આદિ દાદા ખાચરને દિલગીર જાણી ને રોતા દેખીને મહારાજને કહ્યું જે, "મહારાજ, જેમ દાદો ખાચર રાજી થાય તેમ કરો." ત્યારે મહારાજે ગાડી પાછી હંકાવી ને દરબારમાં પધાર્યા. ॥ મહારાજની લીલા ॥૪૪॥

૪૫. સિદ્ધાનંદસ્વામીને સેવાથી મળેલો રાજીપો

એક સમયે મહારાજ અક્ષરભુવનમાં બિરાજમાન હતા. તે ગોપીનાથજી મહારાજનું મંદિર ચણવાનું કામ ચાલતું હતું. તે બે ઘડી દિવસ ચડેલો ત્યારે મહારાજે રતનજીભાઈને કહ્યું જે, "જાઓ, મંદિરના કારખાનામાં

કેટલા જણ દાખડો કરે છે ? તે ખબર કાઢો." એટલે રતનજીભાઈ ખબર કાઢીને આવ્યા ને કહ્યું જે, "ત્યાં તો સિદ્ધાનંદસ્વામી હાથમાં પાવડો લઈને શરીરે પરસેવો ચાલ્યો જાય છે ને મંડ્યા છે. અને તમે દિવસ ઊગ્યા સમયે કારખાને પધાર્યા હતા ત્યારે તો ઘણું માણસ કામ કરતું હતું, પણ હવે તો સિદ્ધાનંદસ્વામી તથા મિયાંજી આદિ ત્રણ-ચાર જણ કામ કરે છે."

ત્યારે મહારાજ હાથમાં રૂમાલ લઈ ઉઘાડે શરીરે ચાખડીએ ચડીને મંદિરને કારખાને પધાર્યા. તે સિદ્ધાનંદસ્વામીનો દાખડો જોઈને મહારાજ બોલ્યા જે, "આવો દાખડો કરીને દેહને પાડી નાંખવો છે કે શું, વારુ ?" એમ કહીને સ્વામી ગારો કરતા હતા તે હાથમાંથી પાવડો મહારાજે લઈ લીધો ને મહારાજ પંડે ગારો પાવડા વતી તાણવા માંડ્યા. તે જોઈને બીજા માણસ, સાધુ, પાર્ષદ આદિ આવીને મહારાજના હાથમાંથી પાવડો લઈ લીધો; તે હાલમાં સજ્યાનું મંદિર છે તે જગ્યાએ પાણાની સારી છીપર હતી, તે ઉપર મહારાજ બેઠા.

ત્યારે સિદ્ધાનંદસ્વામી હાથ જોડી પડખે ઊભા ને તેમને સંકલ્પ થયો જે, 'અત્યારે પોર દિવસ ચડી ગયો છે ને હજુ હું નાહ્યો નથી, તે કોની સાથે ના'વા જઈશ ? ને ભૂખ તથા તરસ બહુ લાગી છે તે નાહ્યા વિના કેમ ખવાય ?' ત્યારે તે સંકલ્પને મહારાજ અંતર્યામીપણે જાણીને બોલ્યા જે, "સ્વામી, અમે પણ ક્યારેક નાહ્યા વિના જમતા." તે સિદ્ધાનંદસ્વામીએ મહારાજની મરજી જાણીને અચલાનંદસ્વામી ભંડારી હતા તેની પાસે ખાધાનું માંગ્યું. ત્યારે તેમણે ખાધાનું જોયું પણ કાંઈ મળ્યું નહિ એટલે કુલેરનો લાડવો કરીને સિદ્ધાનંદસ્વામીને આપ્યો. તે સ્વામી ઊભા ઊભા જમી ગયા, ને પાણી પીને કારખાને જઈને પાવડો લઈ ગારો કરવા માંડ્યા. તે જોઈને મહારાજ અતિ રાજી થયા.

તે સમયે સદાનંદસ્વામી ને તત્ત્વાનંદસ્વામી જૂનેગઢથી આવ્યા, ને મહારાજને પગે લાગીને મહારાજ સન્મુખ ઉથડક પાણા ઉપર બેઠા,

તે પાણો જરા ખસી ગયો એટલે સદાનંદસ્વામી જરા લથડ્યા એટલે મહારાજ હસ્યા. ત્યારે તત્ત્વાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "ગુરુ સાહેબ ! અમારા દો **બેડિયા**[1] લાડુ ખોટા કર્યા એટલે લથડી જવાય જ તો !" ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી, તમે કેટલા લાડુ જમો ?" ત્યારે તેમણે કહ્યું જે, "ગુરુ સાહેબ ! દસ લાડુની છોટી તો ઉડાઈ નાખું." તે સાંભળીને મહારાજ હસતાં હસતાં અક્ષરઓરડીમાં પધાર્યા ને ઢોલિયા ઉપર પોઢી ગયા.

તે બપોર પછી ત્રીજે પો'રે મહારાજ જાગ્યા. જાગીને કોગળા કરીને જલપાન કરીને ચાખડીએ ચડીને મંદિરને કારખાને પધાર્યા. તે લીમડાથી ઉત્તરાદી તરફ ધૂળનો ઢગલો હતો તે ઉપર ધાબળી નંખાવીને મહારાજ બેઠા. ત્યારે નિત્યાનંદસ્વામી આદિ સદ્‌ગુરુ આવીને મહારાજ આગળ બેઠા. ત્યારે દેશાંતરના હરિભક્તે આવી મહારાજને પુષ્પના હાર ઘણા પહેરાવ્યા. એટલે કારખાનાવાળા સૌને બોલાવ્યા જે, "અહીં આવો, તમો સર્વેને હાર આપવા છે." ત્યારે તેઓ સૌ આવ્યા. એટલે મહારાજે સૌને અકેકો હાર આપ્યો, તે બધા હાર ખૂટી ગયા.

પછી સિદ્ધાનંદસ્વામી આવ્યા ને હેતમાંથી સ્વામી બોલ્યા જે, "મને તો હાર આપતા નથી." ત્યારે મહારાજે પોતાના શરીર ઉપર બધે હાથ ફેરવી જોયું, પણ હાર તો હતો નહિ. ત્યારે સ્વામી સામે જોઈને કાંઈ બોલ્યા નહિ, ને એક ગુલાબના પુષ્પની પાંખડી પોતાના ખોળામાંથી લઈને સિદ્ધાનંદસ્વામીને આપી ને કહ્યું જે, "આના તો તમારે ઘણા હાર થાશે." ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મને તો આ પોતાની મૂર્તિ આપી (છે તે જ મોટો રાજીપો છે.") તેમ જાણીને સ્વામી ઘણું રાજી થયા. પછી મહારાજ ત્યાંથી ઊઠ્યા તે ઉગમણા બારને ઓરડે સભા કરીને બિરાજમાન થયા. ॥ મહારાજની લીલા ॥૪૫॥

૧.એક બેડિયું = આશરે બત્રીસ મણનુ માપ

૪૬. સિદ્ધાનંદસ્વામી આઠ ફૂલ લાવ્યા

એક સમયે મહારાજે અક્ષરઓરડીએથી સચ્ચિદાનંદસ્વામીને રાધાવાવે સંદેશો મોકલ્યો જે, "ગુલાબનાં ફૂલ મોકલજો." એટલે સચ્ચિદાનંદ સ્વામીએ આઠ ફૂલ પડિયામાં બાંધીને સિદ્ધાનંદસ્વામીને મોકલ્યા, ત્યારે સિદ્ધાનંદસ્વામી મનમાં ગોઠવણ કરતા જાય ને ચાલ્યા જાય જે, 'મહારાજ મને પૂછશે જે, કેટલાં ફૂલ છે ? ત્યારે હું કહીશ જે, આઠ ફૂલ છે.' એમ સંકલ્પ કરતાં કરતાં આવ્યા.

તે સમયે મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજમાન હતા. તે સિદ્ધાનંદસ્વામીને આવતા જોઈને ઊંચે સાદે બોલ્યા જે, "કેટલાં ફૂલ છે ?" ત્યારે તેમણે વેગળેથી કહ્યું જે, "આઠ છે." ત્યારે તે સાંભળીને સભા સર્વે હસી ને સિદ્ધાનંદસ્વામીએ તે પડો લાવીને મહારાજ આગળ મૂક્યો. તે ફૂલનો પડો મહારાજ છોડી જોઈને બહુ રાજી થયા. ॥ મહારાજની લીલા ॥૪૬॥

૪૭. સિદ્ધાનંદસ્વામીને પ્રગટમાં પ્રીતિ

મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજમાન હતા. તે સમયે રાધાવાવથી સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદ સ્વામી ગુલાબના પુષ્પના બે ગુચ્છ કરીને આવતા હતા. તે રસ્તામાં સચ્ચિદાનંદસ્વામી એક ગુચ્છ સિદ્ધાનંદસ્વામીને આપવા મંડ્યા. ત્યારે તેમણે ના પાડી ને કહ્યું જે, "તમે બેય ગુચ્છ રાખો. કેમ જે, હું રાખું તો બરોબરિયાપણું થઈ જાય, માટે તમે ગુરુ છો તે બેય ગુચ્છ રાખો."

ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ સિદ્ધાનંદસ્વામીને કહ્યું જે, "તું તો સમજતો નથી ! કેમ જે આપણે બેય એકેકો ગુચ્છ લઈએ તો મહારાજનો સ્પર્શ થાય; માટે એક ગુચ્છ તમે રાખો." એમ કહીને એક ગુચ્છ સિદ્ધાનંદ સ્વામીને આપ્યો. એટલે સચ્ચિદાનંદસ્વામીએ આવી મહારાજના હાથમાં (ગુચ્છ) આપ્યો. એટલે સિદ્ધાનંદસ્વામીએ બરોબરિયા થઈ જવાય તેની

લાજે કરીને હેઠું જોઈને મહારાજને ગુચ્છ આપ્યો. તે જોઈને મહારાજ બોલ્યા જે, "સ્વામી, તમે તો બરોબરિયા કરી દીધા કે ?" એમ કહીને મહારાજ હસ્યા. એટલે બધી સભા હસતી હતી.

પછી મહારાજે વાત કરી જે, "બેયને કેવા બને છે !" પછી મહારાજે દૃષ્ટાંત દીધું જે, "જેમ મરચાંના અથાણામાં લીંબુ નાખે, તે તેની ખટાશ મરચાંમાં જેમ મળી જાય, તેમ સચ્ચિદાનંદસ્વામીની આકરી પ્રકૃતિ છે ને સિદ્ધાનંદસ્વામીની પ્રકૃતિ જરા ટાઢી છે, પણ બેયને કેવાં હેત થઈ ગયાં છે !" એમ મહારાજે સભા સામે જોઈને વાત કરી.

અને બીજે દિવસે સવારમાં નાહીને મહારાજ અક્ષરઓરડીમાં મૂર્તિ પધરાવીને પૂજાવિધિ કરતા હતા. ત્યાં સિદ્ધાનંદસ્વામી રાધાબાગેથી ગુલાબનું એક ફૂલ લઈને આવ્યા, ને મહારાજને ફૂલ હાથમાં દેવા સારુ મહારાજ આગળ ધર્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "આ મૂર્તિને ફૂલ ચડાવો." ત્યારે સ્વામીએ કહ્યું જે, "ભાળી ભાળી તમારી મૂર્તિ ! તમે ફૂલ લ્યો." ત્યારે મહારાજે ફરી કહ્યું જે, "આ મૂર્તિને ફૂલ ચડાવો." તોય પણ એ મૂર્તિને ફૂલ ચડાવ્યું નહિ ને બહુ તાણ-ખેંચ થઈ. ત્યારે મુકુંદબ્રહ્મચારી મહારાજને પડખે બેઠા હતા. ને હાથમાં રૂમાલ લઈને માખીઓ ઉડાડતા હતા. તેમણે સિદ્ધાનંદસ્વામીના હાથમાંથી ફૂલ ખૂંચી લઈને મૂર્તિને ચડાવ્યું. તે જોઈને મહારાજ બોલ્યા જે, "હેતવાળા બહુ છે પણ તેમનો પ્રેમ ગાંડો છે." ॥ મહારાજ લીલા ॥૪૭॥

૪૮. તમે રાધાવાવે જાઓ, તે તમારે જૂનાગઢ

એક સમયે મહારાજ વાસુદેવના ઓરડાને વિશે ઓસરીમાં સાધુ-પાર્ષદ સૌને બોલાવીને સભા કરીને બિરાજમાન હતા. ત્યારે અચલાનંદસ્વામીને તેડાવીને મહારાજે કહ્યું જે, "જૂનાગઢ મંદિર કરવા જાય તેને રોટલા દેજો." એમ મહારાજે આજ્ઞા કરીને વળી કહ્યું જે, "બીજાને રોટલા આપવા નહિ."

પછી સૌ સાધુએ કાગળ લખવા માંડ્યા ને સૌ-સૌની શ્રદ્ધા પ્રમાણે

કહ્યું જે, 'મહારાજ, હું બે મહિના જૂનેગઢ મંદિર કરવા જઈશ,' ને કોઈ કહે 'મહારાજ ! હું ત્રણ મહિના મંદિર કરવા જાઈશ.' તે જોઈને સિદ્ધાનંદસ્વામીએ સચ્ચિદાનંદસ્વામીને કહ્યું જે, "બીજા તો જૂનેગઢ મંદિર કરવા જાય છે, પણ આપણે કેમ કરીશું ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજને મેલીને હું તો જૂનેગઢ નહિ જાઉં, ને તારે જાવાનો કાગળ લખવો હોય તો લખાવ."

ત્યારે સિદ્ધાનંદસ્વામીએ હેતમાંથી કહ્યું જે, "મહારાજ, મારો પણ કાગળ લખો." તે જોઈને મહારાજ હસ્યા ને કહ્યું જે, "હેતવાળા છે ને કાગળ લખાવવા આવ્યા છે ! તમે તો રાધાવાવે જાઓ, તે તમારે જૂનાગઢ. અને સાંજ-સવાર દર્શન કરી જાજો." ને કહ્યું જે, "સચ્ચિદાનંદ સ્વામી ક્યારેક ક્યારેક એકલા ચાલે છે તે એકલા ચાલવા દેશો મા; ને તમારી આજ્ઞામાં રાખજો." તે વાત સાંભળીને સિદ્ધાનંદસ્વામીને મૂંઝવણ થઈ જે, "એ તો મારા ગુરુ છે તે આજ્ઞામાં શી રીતે રખાય ?" એમ સંકલ્પ થવા મંડ્યા. ત્યારે મહારાજે તેના સંકલ્પ અંતર્જામીપણે જાણીને સભાને કહ્યું જે, "હવેથી સાધુ, પાળા સૌ જે રાધાવાવે રહેતા હોય તે સચ્ચિદાનંદસ્વામીની આજ્ઞામાં રહેજો, એ મોટેરા છે." ત્યારે તે વાત સાંભળીને સિદ્ધાનંદસ્વામી રાજી થયા. ને સભાને ઊઠવાની આજ્ઞા કરીને મહારાજ જમવા પધાર્યા. ॥ મહારાજની લીલા ॥૪૮॥

૪૯. સિદ્ધાનંદસ્વામીની મુમુક્ષુતા

એક સમે મહારાજ ઉગમણા બારના ઓરડાની આગળ ફળિયામાં જુવારની ખાણ ઉપર વિરાજમાન હતા. તે પીપળાવાડીએ ચિંચોડો ફરતો હતો. ત્યાંથી સચ્ચિદાનંદસ્વામીએ મહારાજને તેડવા માણસ મોકલ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "સાધુ, પાળા, હરિજન સૌ જેને આવવું હોય તે ચાલો, પીપળાવાડીએ સચ્ચિદાનંદસ્વામીએ અમને તેડાવ્યા છે."

પછી મહારાજ વાઢે પધાર્યા તે માણસ ઘણું ભેગું થયું. ને મહારાજે ઘોડીએ ચઢીને વાઢ ફરતો આંટો દઈને કહ્યું જે, "સૌ એકેકો સાંઠો

લઈ લ્યો." ત્યારે તે સૌ અકેકો સાંઠો ખભે લઈ મહારાજની પછવાડે માણસોનો **નોર**[૧] થયો. ને મહારાજ માણકી ઘોડીએ ચડ્યા હતા ને ખોળામાં એક સાંઠો લીધો હતો, તે એમને એમ મહારાજ દરબારમાં પધાર્યા. તે સૌના સાંઠા મહારાજે જોયા ને સિદ્ધાનંદસ્વામીએ પાતળો નાનો સાંઠો લીધેલો જોઈને મહારાજ તથા મુક્તાનંદસ્વામી બહુ રાજી થયા; તે મુક્તાનંદસ્વામીએ શાંતાનંદસ્વામીને કહ્યું જે, "આપણો સાંઠો આપ."

ત્યારે સિદ્ધાનંદસ્વામીએ કહ્યું જે, **"મારે તો સાંઠો નથી ખાવો ને આ જે સાંઠો મેં લીધો છે તે મહારાજે આજ્ઞા કરી એટલે લીધો છે."** તે સાંભળીને મહારાજ અતિશે રાજી થયા ને પછી સંધ્યા આરતી થઈ.

॥ મહારાજની લીલા ॥૪૯॥

૫૦. સચ્ચિદાનંદસ્વામી મહારાજના વઢવાથી માંદા થઈ ગયા

એક સમયે મહારાજે સર્વ સાધુ-પાળાને અક્ષરઓરડીએ બોલાવીને આજ્ઞા કરી જે, "સૌ વાવડીની ખાણે પાણા કાઢવા જાઓ." ને સચ્ચિદાનંદ સ્વામી તથા સિદ્ધાનંદસ્વામીને આજ્ઞા કરી જે, "અહીંથી પાણીનો ડાબલો ભરીને તમારે વાવડીની ખાણે સૌને પાણી પહોંચાડવું, ને ત્યાંથી આવો ત્યારે ખાણેથી પથ્થરનું ગાડું ભરીને આવવું." પછી તે વાવડીની ખાણે પાણી લઈ જતા ને પથ્થર ગાડે નાંખી લાવતા. તે એક દિવસ સારું ખડ હતું, તે માણકી ઘોડી સારુ ને ગાંડો ને મૂંઝિયો તે બળધ સારુ ખડ વાઢીને લાવ્યા. તે દરબારમાં ઢગલો કર્યો ને પોતે ગયા; એટલે મે'માનના ઘોડાને સોમલા ખાચરે નીરી દીધું.

તે જોઈને સચ્ચિદાનંદસ્વામીએ આકળા થઈને કહ્યું જે, "આ ખડ કોણે નાંખી દીધું ? આ એની મા ને એના બાપ શું ખાશે ?" તે સાંભળીને સોમલા ખાચરને વસમું લાગ્યું ને મહારાજ આગળ રાવે

૧.લાઈન.

ગયા ને મહારાજને કહ્યું જે, "સચ્ચિદાનંદસ્વામી અમને આમ કહે છે ને ગાળો ભાંડે છે." એમ મહારાજ પાસે સોમલા ખાચરે રાવ કરી. ત્યારે મહારાજે કહ્યું જે, "એ સચ્ચિદાનંદસ્વામીને લાવો, તે સ્વામી ક્યાં છે ? આવું ને આવું ઊંધું કરીને બેસે છે !"

ત્યારે સચ્ચિદાનંદસ્વામી આવ્યા એટલે મહારાજ વઢવા મંડ્યા. એટલે સ્વામીને નાક-કાનમાંથી લોહી નીકળવા માંડ્યું ને માંદા થઈ ગયા ને દરબારની ડેલી આગળ એક ઢાળિયામાં ખાટલે પડ્યા. ને જીવો ખાચર માંદા હતા તેને જોવા સારુ હાથમાં છડી લઈને એક ઢાળિયા પાસે મહારાજ આડાઅવળા ફરે ને કહે જે, "દાદા ખાચર તથા સોમલા ખાચર ! ચાલો આપણે જીવો ખાચર માંદા છે તે જોવા જઈએ."

ત્યારે સિદ્ધાનંદસ્વામી સચ્ચિદાનંદસ્વામીની સેવામાં હતા. તેમને સંકલ્પ થયો જે, 'આ સ્વામી મહારાજના કેવા એકાંતિક ભક્ત માંદા છે, તેને જોવા નથી આવતા ને જીવો ખાચર તેમના ભક્ત નથી તેમને જોવા જાય છે !' એમ સિદ્ધાનંદસ્વામીને સંકલ્પ થયો. ને મહારાજ તો જીવા ખાચરને જોઈ આવીને અક્ષરઓરડીમાં પધાર્યા. ત્યાં સોમલો ખાચર બોલ્યા જે, "સચ્ચિદાનંદસ્વામી તો અડબંગી તે ભણું કોઈનું માને જ નહિ." ત્યારે મહારાજે સોમલા ખાચરને કહ્યું જે, "ઓલ્યો માંદો પડ્યો છે તોય તેનો કેડ મેલતા નથી." એમ કહ્યું, તે વચન પોતાને સારું ન લાગ્યું.

તે પછી મહારાજે કહ્યું જે, "સચ્ચિદાનંદસ્વામીની સેવામાં કોણ છે ?" ત્યાં સિદ્ધાનંદસ્વામીએ આવીને મહારાજને કહ્યું જે, "સચ્ચિદાનંદસ્વામી બહુ માંદા છે, તે દેહ રહે તેમ નથી." ત્યારે મહારાજે લાડુબા તથા મોટીબાને બોલાવીને કહ્યું જે, "તમે ભારે ભારે તેજાના નાંખીને સચ્ચિદાનંદસ્વામી સારુ રાબ કરો." પછી રાબ કરીને મહારાજ પાસે લાવ્યા, ત્યારે મહારાજે જરાક રાબ પીને પ્રસાદી કરીને સિદ્ધાનંદસ્વામીને આપી ને કહ્યું જે, "જાઓ, સચ્ચિદાનંદસ્વામીને રાબ પાઓ." એટલે તેમણે ત્યાં જઈને કહ્યું જે, "તમારા સારુ મહારાજે રાબ કરાવીને

પ્રસાદીની કરીને આપી છે." ત્યારે ઝડફ ઊઠીને રાબ પીધી ને પછી મહારાજને દર્શને આવ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે, "સ્વામી, તમને કાંઈ વસમા લાગ્યા ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "ના મહારાજ, કાંઈ વસમું લાગ્યું નથી; એ તો મારો સ્વભાવ છે તે એમ થઈ જાય છે." પછી મહારાજે કહ્યું જે, "ત્યારે હવે રાધાવાવે જાઓ." ॥ મહારાજની લીલા ॥૫૦॥

૫૧. ગોપીઓ જેવું કલ્યાણ તો તમારા ગોળાનું પાણી પીશે તેનું થાશે

એક સમયે મહારાજ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. ત્યાંથી ગંગાજળિયે કૂવે મહારાજ નાવા પધાર્યા. ને કૂવા-કાંઠે બાજોઠ ઉપર મહારાજ ના'તા હતા. તે સમયે લાડુબા તથા મોટીબા આદિકે મહારાજનાં દર્શન કર્યાં. ત્યારે મોટીબાએ લાડુબા આદિ ડોસિયુંને વાત કહી જે, "આ સમયે આપણાં મોટાં ભાગ્ય જે, ગોપીયુંના જેવી પ્રાપ્તિ થઈ છે ને ગોપીયુંના જેવો આનંદ છે ને ગોપીયુંના જેવું સુખ છે ને ગોપીયુંના જેવું કલ્યાણ થાશે !" એ વાત મહારાજે ના'તાં ના'તાં સાંભળી. પછી મહારાજ નાહી ચાખડીએ ચડીને અક્ષરઓરડીએ પધાર્યા ને ઢોલિયા ઉપર બિરાજ્યા. તે સમે બ્રહ્મચારી થાળ લઈને આવ્યા. એટલે મહારાજ ઢોલિયેથી હેઠા ચાકળા ઉપર બેઠા.

ત્યારે બ્રહ્મચારીએ પાલામાં હાથ ધોવરાવ્યા ને મહારાજ જમવા મંડ્યા. એટલે બ્રહ્મચારી હાથમાં રૂમાલ લઈ માખીઓ ઉડાડવા લાગ્યા. ને મહારાજને કહ્યું જે, "આજ આ હરિભક્તનો થાળ છે. તે તેણે કહ્યું છે જે, મહારાજ સારી પેઠે જમે." ત્યારે મહારાજ સારી પેઠે જમ્યા ને છેલ્લી વારે દૂધપાક-પૂરી ને પછી ભાત ને દૂધ જમ્યા.

ત્યારે દૂધ કઢીને તેમાં જાયફળ આદિ તેજાના નાંખી કઢો કરી બ્રહ્મચારી લાવ્યા ને કહ્યું જે, "મહારાજ, આટલું દૂધ પીઓ." ત્યારે

INDEX

મહારાજે દૂધપાન કર્યું, એટલે મહારાજના ઉપલા હોઠે દૂધનો ધોળો દોરો પડી રહ્યો હતો. તે શોભા બહુ ભારે આવી. એટલે સર્વેએ સારી પેઠે દર્શન કર્યાં. ને પછી મહારાજે ચળું કર્યું, એટલે બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો. ત્યારે મહારાજ હાથ કોરા કરી મુખવાસ જમીને પોઢી ગયા ને બપોર પછી ત્રીજે પો'રે જાગી કોગળા કરી જળપાન કર્યું.

પછી ચાખડીએ ચડી આથમણા બારને ઓરડે ઢોલિયા ઉપર બિરાજ્યા. ત્યારે લાડુબા તથા મોટીબા આદિ સર્વે બાઈઓ મહારાજને દર્શને આવ્યાં ને મહારાજ આગળ સર્વે બાઈઓની સભા ભરાઈને બેઠી. ત્યારે લાડુબાને તથા મોટીબાને મહારાજે કહ્યું જે, “તમે આટલા દિવસ થયા અમારી વાતો સાંભળી સમાગમ કર્યો, પણ કાંઈ સમજ્યા નહિ; ને સમજણ ગોબરી ને ગોબરી રહી.” ત્યારે મહારાજને લાડુબાએ કહ્યું જે, “શી વાત સમજાણી નથી ? તે કહો.”

[illegible]

ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે ગંગાજળિયે (કૂવે) નહાતા (હતા ત્યારે) તમે બોલ્યાં જે, ‘ગોપીયુંના જેવો આનંદ ને ગોપીયુંના જેવું સુખ ને ગોપીયુંના જેવું કલ્યાણ થાશે.’ એમ તમે કહ્યું, તે તમારી

ગોબરી સમજણ છે. ને ગોપીયુંના જેવું કલ્યાણ તો કોઈક અધર્મી માણસ તમારા ગોળાનું પાણી પીશે તેનું થાશે. ને તમારે ઘેર જે પશુ, બળદ, ઘોડા આદિ તથા વૃક્ષ તે અક્ષરધામને પામશે. ત્યારે તમારાં કલ્યાણની તો શી વાત કે'વી ? અને તમે તો હજુ ગોપીયુંના જેવાં કલ્યાણને બાઝી પડ્યાં છો ! એ જ તમારી સમજણ ગોબરી છે.

અને મોટા અવતારાદિક આ દરબારના ફળીમાં લોટીને માથે ચરણ(રજ) ચડાવી જાય છે; એવો તો આ ભૂમિકાનો મહિમા છે. અને અનંતકોટી બ્રહ્માંડના કર્તા જે મૂળપ્રકૃતિ ને પુરુષ તથા વૈરાટપુરુષ તથા બ્રહ્મા તથા ઈન્દ્ર-ચંદ્રાદિક દેવ તથા શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ, વૈકુંઠના તથા ગોલોકાદિક ધામના મુક્ત તમારા દરબારમાં આવી લોટે છે ને બહુ મહિમા જાણી માથે ચરણરજ ચડાવે છે ને તમે તો ડાંગરનાં ફોતરાં જેવું જે ગોપીયુંનું કલ્યાણ તેને ઈચ્છો છો ! એ જ તમારી અણસમજણ છે." એમ મહારાજે વાત કરી. ત્યારે સર્વે બાઈઓ આશ્ચર્ય પામી દૃઢ નિશ્ચે કરતી હતી. ।। મહારાજની લીલા ।।૫૧।।

૫૨. પ્રેમભર્યા કીર્તન સાંભળી મહારાજે દિવ્ય દર્શન દીધાં

એક સમયે મહારાજ જીવા ખાચરના દરબારમાં સાધુને રહેવાની ઓરડી હતી તે ઓરડીએ રાત્રીને સમયે ઢોલિયા ઉપર પોઢ્યા હતા. તે રાત્રીના બાર વાગવાને સુમારે નાગાજણ કરીને એક રાવળ હતો, તે રવાજ લઈને પોતાને ઘેર કીર્તન બોલવા મંડ્યો. ત્યારે તે કીર્તન સાંભળીને મહારાજ પોઢ્યા હતા તે ઢોલિયા ઉપર બેઠા થયા ને એક કીર્તન સાંભળ્યું. ને બીજું કીર્તન તે રાવળ બોલી રહ્યો, ત્યાં મહારાજ તેની પાસે ગયા. ને ઘડી વાર ઊભા રહ્યા, પણ તેની વૃત્તિ કીર્તનમાં પ્રેમે કરીને જોડાઈ ગયેલી, તે ખબર પડી નહિ જે મહારાજ પધાર્યા છે. અને ત્રીજું કીર્તન બોલવા માંડ્યો ત્યાં મહારાજને દીઠા. ત્યારે

મહારાજને હાથ જોડીને કહ્યું જે, "અત્યારે અંધારાનાં તમે ક્યાંથી આવ્યા મહારાજ ?"

ત્યારે મહારાજે કહ્યું જે, "તારાં પ્રેમનાં કીર્તન સાંભળીને અમથી રહેવાણું નહિ, માટે આવ્યા." ત્યારે તેણે ઢોલિયો ઢાળી દીધો તે ઉપર મહારાજ બિરાજમાન થયા; એટલે કહ્યું જે, "કીર્તન બોલો." ત્યારે તે રાવળ ઊભો થઈને હાથમાં રવાજ લઈ આઘોપાછો ખસતો જાય ને રવાજ વજાડી મહારાજ આગળ કીર્તન બોલતો જાય. તે એ રીતે ચાર કીર્તન મહારાજ આગળ બોલ્યો ત્યાં તેનાં નાડી-પ્રાણ તણાઈ ગયાં ને ઝળળ પ્રકાશ દેખાણો ને **તે પ્રકાશને વિષે દિવ્ય સિંહાસન ઉપર મહાશોભાયમાન મહારાજની મૂર્તિ દેખાણી. ને સર્વ અવતાર મહારાજની સ્તુતિ તથા પૂજા કરે છે, ને કોઈ મહારાજની આરતી ઉતારે છે; એ રીતે દેખાણું. તથા મોટા-મોટા દેવ જે બ્રહ્માદિક તે પણ આવી મહારાજની પ્રાર્થના કરે છે; એ રીતે તે રાવળને એક ઘડી સુધી દેખાણું.**

પછી મહારાજે તેનું બાવડું ઝાલી ધંધણાવીને કહ્યું જે, "નાગાજણ નાગાજણ !" ત્યારે તે દેહમાં આવી બોલ્યો જે, "હે મહારાજ !" એમ જવાબ દીધો. ત્યારે મહારાજે કહ્યું જે, "તું ઊંઘી ગયો હતો કે શું વારુ ?" ત્યારે તેણે બધી હકીકત કહી બતાવી. ત્યારે મહારાજે કહ્યું જે, "તું હેતે કરીને કીર્તન બોલ્યો તે તુંને આવું અલૌકિક ઐશ્વર્ય દેખાણું." ને કહ્યું જે, "આ તુંને દેખાણું તે પ્રમાણે હવેથી અમને એવા સમજજે." ત્યારે તેણે કહ્યું જે, "આવી તો મારી સમજણ નહોતી, પણ હવેથી મને તમારું દિવ્ય રૂપ દેખાણું તે પ્રમાણે સમજીશ." પછી મહારાજ ઓરડીએ આવીને પોઢી ગયા. ॥ મહારાજની લીલા ॥૫૨॥

૫૩. અનુવૃત્તિથી મહારાજનો અપાર રાજીપો મળ્યો

એક સમયે મહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ બિરાજમાન હતા. ત્યારે બધા સદ્‌ગુરુ જે બ્રહ્માનંદસ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, નિત્યાનંદસ્વામી, ભજનાનંદસ્વામી વૈદ્ય આદિ મોટા મોટા

સાધુને બોલાવ્યા. ત્યારે તે સર્વે સભામાં આવીને બેઠા. ત્યારે સર્વ પ્રત્યે મહારાજે કહ્યું જે, "દાદા ખાચરના વ્યવહારનું મુંબઈ જવાનું કામ આવ્યું છે, તે કોઈ સાધુ મુંબઈ જાય તો અમારે જવું ન પડે." એમ કહીને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "આ સાધુમાં તમે પૂછો, કોઈ સાધુનું મંડળ જાય તેમ છે; નહિ તો અમારે જાવું પડશે." ત્યારે તેમણે મંડળના મોટેરા સાધુઓને પૂછી જોયું; પણ કોઈએ હા કહી નહીં.

ત્યારે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "અમે તો પૂછી જોયું પણ કોઈ જવાની હા પાડતા નથી. અને મહારાજ, તમે પૂછીને મોકલો તો ભલે." પછી મહારાજે મંડળીઓને પૂછી જોયું. ત્યારે કોઈએ કહ્યું જે, 'મારે ભણવું છે' ને કોઈએ કહ્યું જે, 'મારે લખવું છે' ને કોઈ કહે, 'મારે ગ્રંથ શોધવો છે' ને કોઈ કહે, 'મારે વૈદાનું કામ છે' – એ રીતે ઉત્તર આપ્યા પણ જવાની કોઈએ હા કહી નહીં.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "એક જોગી જાય એવા છે." ત્યારે મહારાજે પૂછ્યું જે, "કયા જોગી જાય એવા છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ, એક ગોપાળયોગી જાય એવા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તેમને બોલાવો." ત્યારે તેડવા જનાર માણસે તે જોગીને આસને ખબર કાઢીને કહ્યું જે, "મહારાજ, તે તેને આસને નથી."

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "ઉગમણે ખળખળિયે જોગ સાધવા જાય છે; તો તે ત્યાં હશે." એટલે તેડવા જનાર માણસ ઉગમણે ખળખળિયે ગયો. ત્યાં ગોપાળાનંદસ્વામી રાજયોગ સાધતા હતા. ત્યારે તેણે કહ્યું જે, "તમને મહારાજ બોલાવે છે." ત્યારે સ્વામી નાહી, લૂગડાં પહેરી મહારાજ પાસે આવ્યા. પણ સ્વામી જોગ સાધે તેણે કરીને શરીર નબળું તે મહારાજને હાથ જોડી પગે લાગીને બેઠા ને કહ્યું જે, "મહારાજ, મને શા કામ સારુ બોલાવ્યો છે ?"

ત્યારે ગોપાળાનંદસ્વામીને મહારાજે મુંબઈ જવાની વાત કરી દેખાડી ને કહ્યું જે, "તમારો **રાજીપો**[1] હોય તો જાઓ, અને તમે યોગ સાધવાનો અભ્યાસ કરો છો એટલે તમને કે'વું ઘટે એમ નથી; પણ સર્વે મંડળવાળાને પૂછ્યું તે કોઈએ જવાની હા પાડી નહિ. માટે અવશ્યનું કામ છે તે તમે જાઓ તો સારું, નહિ તો અમારે જવું પડશે."

ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, હું જઈશ." ત્યારે મહારાજે સ્વામીને પૂછ્યું જે, "તમારા મંડળમાં સાધુ કેટલા છે ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "મારા મંડળમાં ત્રીસ સાધુ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તે સાધુ તમારા ભેળા આવશે કે નહિ ?" ત્યારે સ્વામીએ મહારાજને કહ્યું જે, "તમે પૂછો, જો આવે તો !" ત્યારે મહારાજે તે સ્વામીના મંડળના સાધુને કહ્યું જે, "આ તમે સર્વે બેઠા છો તેમાંથી જે સ્વામી ભેગા મુંબઈ જાઓ તે ઊભા થાઓ." ત્યારે તે ત્રીસમાંથી સાત સાધુ ઊભા થયા.

ત્યારે મહારાજે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, "આવો, હવે અમને મળો." ત્યારે પ્રથમ સ્વામી મળ્યા, તે પછી સાત સાધુ મહારાજને મળ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "હું કહેતો જે ગોપાળજોગી જાય એવા છે." ત્યારે મહારાજે કહ્યું જે, **"સ્વામીનો અમારે વિશ્વાસ છે, તે ગમે તેવું કાર્ય હોય પણ સ્વામી ના પાડે નહીં."**

એમ કહીને લાડુબા તથા મોટીબાને મહારાજે બોલાવ્યાં ને કહ્યું જે, "ગોપાળાનંદસ્વામીને દાદા ખાચરનાં કામ બાબત મુંબઈ મોકલીએ છીએ. એ વાસ્તે આજ અમારો થાળ કરો તે ભેગા સાત સાધુ ને એક ગોપાળસ્વામી એ આઠ જણનું અમારા થાળમાં જમવાનું કરજો, તે સરસમાં સરસ જમવાનું કરજો." એમ કહીને સચ્ચિદાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "ગોપાળાનંદસ્વામીની પૂજા કરવી છે, માટે પુષ્પના હાર ગૂંથીને લાવજ્યો." પછી થાળ તૈયાર થયો એટલે મહારાજને

૧.ઈચ્છા, અનુકૂળતા

જમવા બોલાવ્યા. ત્યારે ગોપાળાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમારા સાધુએ સહિત જમવા આવો."

તે મહારાજ આથમણા બારને ઓરડે આથમણે મુખારવિંદે જમવા બેઠા ને ગોપાળસ્વામીને પોતાના સન્મુખ ઉગમણે મોઢે બેસાર્યા ને તેમના ચાર સાધુને પોતા પાસે દક્ષિણ તરફ, બે-ત્રણ સાધુને ઉત્તરાદી તરફ જમવા બેસાર્યા. ત્યારે પોતાના થાળમાંથી મેસુબ, જલેબી, પેંડા, બરફી, મગસના લાડુ, ખાંડના લાડુ, સૂતરફેણી, ઘેબર, ફૂલવડી, હરિસો, દહીંવડાં, ભજિયાં, પાપડ, શીરો, પૂરી, બિરંજ, સાકરની સુખડી, ટોપરાપાક, ગુંદરપાક આદિ ભારે ભારે તેજાના નાખેલાં પકવાન તથા ભાત ભાતનાં શાક, સર્વે અથાણાં તે મહારાજ જમતા જાય ને પ્રસાદી સ્વામી આદિ સાધુને હેતથી આપતા જાય ને સભા સૌ દર્શન કરે; તેવી રીતે મહારાજ સારી પેઠે જમ્યા ને સાધુને જમાડ્યા.

પછી મહારાજે ચળું કરી, મુખવાસ જમી જરા વાર સભામાં બેસી સભાને ઊઠવાની આજ્ઞા કરી, ને મહારાજ શયનને અર્થે અક્ષરઓરડીએ પધાર્યા. તે બપોર પછી ત્રીજે પો'રે મહારાજ જાગ્યા ને કોગળા કરી મુખારવિંદ ધોઈ, જળપાન કરી ને ચાખડીએ ચડીને ઉગમણા બારને ઓરડે ઓસરીમાં સભા કરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ત્યારે સાધુ સર્વે તથા હરિભક્ત સર્વે આવીને મહારાજ આગળ સભા ભરાઈને બેઠા. તે સમયે ગોપાળાનંદસ્વામી તેમના સાધુએ સહવર્તમાન મહારાજની પૂજા કરવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "આવો સ્વામી, પૂજા કરો."

એટલે સ્વામીએ મહારાજને પ્રથમ ભાલને વિષે ચંદનની અર્ચા કરી તે મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. પછી છાતીએ, કંઠ પર્યંત બે હસ્ત ને ઉદર – એ ચાર ઠેકાણે ચંદન ચરચ્યું; ત્યાર પછી સાથળથી નીચે બેય પગની ઘૂંટી સુધી અને બેય ચરણારવિંદના ઉપલા ભાગ પર ચંદન ચરચ્યું; એ રીતે નખશિખા પર્યંત ચંદન ચરચીને સ્વામીએ મહારાજની મૂર્તિ નીરખી. ને એમના સાધુએ પણ સ્વામી ભેળે મહારાજની પૂજા

કરી. ને પુષ્પના હાર, ગજરા, બાજુબંધ મહારાજને પહેરાવીને સ્વામીએ આરતી ઉતારી, ને પછી તેમના સાધુએ આરતી ઉતારી.

પછી મહારાજ ઊભા થઈને સ્વામીને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ને એ રીતે એમના સાધુને પણ મળ્યા ને ચરણારવિંદ દીધાં. ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, અમે કાલ સવારમાં ચાલશું." ત્યારે મહારાજે કહ્યું જે, "સ્વામી, તમારું શરીર હમણે જરા કૃશ થઈ ગયું છે; માટે બે-ચાર દિવસ પછી શરીરે જરા સારું થાય એટલે ચાલજો." ત્યારે ત્રણ દિવસ ગયા પછી સ્વામીએ જવાની રજા માંગી. ત્યારે મહારાજે ના કહી ને કહ્યું જે, "હજુ બે-ચાર દિવસ રહો."

એમ કરતાં કરતાં નિત્ય પ્રત્યે સ્વામી જવાની આજ્ઞા માગે ને મહારાજ જવા દે નહિ. ને પૂર્વે લખ્યા પ્રમાણે સ્વામી સહિત તેમના સાધુને જમાડે ને ચાલવા દે નહીં. ત્યારે તેરમે દિવસ સ્વામીએ તેમના સાધુને કહ્યું જે, "મહારાજ તો આપણને રાખ્યાની તાણ કરે છે, પણ આજ તો કેડ્યું બાંધી તૈયાર થઈ મહારાજ પાસે ચાલો ને રજા લઈએ." ત્યારે ઉગમણા બારને ઓરડે મહારાજ સભા કરીને બિરાજમાન થયા હતા. ત્યાં સ્વામી તથા તેમના સાધુ કેડ બાંધી તૈયાર થઈને આવ્યા, ને હાથ જોડીને મહારાજ પાસે રજા લેવા મંડ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "કાલે હરિભક્ત રસોઈ આપે છે, તે જમી આ સાધુ સર્વેની પૂજા કરી પછી કાલે સવારમાં ચાલજો."

પછી આવતે દિવસ મહારાજે જેવો પૂર્વે થાળ કરીને સ્વામીને તથા તેમના સાધુને જમાડ્યા હતા, તેવો જ થાળ કરાવીને, આથમણા બારને ઓરડે જે રીતે બેસીને જમાડ્યા હતા, તેવી રીતે સ્વામીને તથા તેમના સાધુને જમાડ્યા. ને કહ્યું જે, "સ્વામી, હવે આપણે ઝાઝે દાડે ભેગા થઈશું; માટે સારી પેઠે જમો." ને તેમના સાધુને પણ ઘણી તાણ કરીને જમાડ્યા ને પોતે ચળું કરીને જળપાન કરી, મુખવાસ જમીને પ્રસાદીનો મુખવાસ સ્વામીને આપ્યો.

પછી મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને સ્વામીને કહ્યું જે, "આવો, હવે પૂજા કરો." ત્યારે સ્વામીએ પૂજા કરીને આરતી ઉતારી. ત્યારે તેમના સાધુએ પણ મહારાજની પૂજા કરી આરતી ઉતારી. પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી આદિ મોટા મોટા સદ્‌ગુરુની પણ પૂજા કરી ને મહારાજને મળ્યા. પછી આસને જઈ તૈયાર થયા ને **ઉતારો**[૧] લઈ સાબદા થઈ મહારાજ પાસે સભામાં આવ્યા. તે મહારાજને દંડવત કરી પગે લાગીને સર્વે સભાને નમસ્કાર કરી ચાલ્યા.

ત્યારે મહારાજ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા ને ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે, "સ્વામી, તમે ગામ જવું રહેવા દ્યો. ને લાધા ઠક્કરને મુંબઈ મોકલશું, તે કામ કરી આવશે; માટે તમે રહો. તે વ્યાવહારિક કામ છે એટલે લાધો ઠક્કર કરશે, એમાં તમને શું મોકલવા ?" એમ મહારાજે કહ્યું. ત્યારે સ્વામી પાછા આસને જઈ ઉતારો મેલ્યો ને પછી સભામાં આવ્યા. ત્યારે સ્વામીને પોતાની અનુવૃત્તિમાં બહુ વર્તતા જોઈને મહારાજ સ્વામી ઉપર અતિ રાજી થયા. માટે એમ **જે અનુવૃત્તિમાં વર્તે તેના ઉપર મહારાજનો રાજીપો છે.** ॥ મહારાજની લીલા ॥૫૩॥

૫૪. મરજી લોપવાથી થયેલી મહારાજની નારાજગી

એક સમયે મહારાજ અક્ષરઓરડીએ બિરાજ્યા હતા. તે સમયે સોમલો ખાચર તથા દાદો ખાચર, સુરો ખાચર, અલૈયો ખાચર, માતરો ધાધલ તથા લાધો ઠક્કર તથા હરજી ઠક્કર આદિ હરિજનો મહારાજ પાસે આવ્યા; તે પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "તમે બધાય કેમ આવ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ, આપણે મંદિરનું કામ ચાલે છે ને કડિયા પાણા વિના બેઠા છે. ને ખાણે પથ્થર કાઢેલા પડ્યા છે પણ વરસાદ વરસતો નથી એટલે લોકોએ કોસ જોડ્યા છે, માટે કોણ ગાડું જોડીને પથ્થર લાવે ? અને વરસાદ વરસે તો સૌને

૧.ઉચાળો, સર-સામાન

દુઃખ મટે, નહિ તો બધી દુનિયા વરસાદ વિના દુઃખી છે. અને પાણી વિના સીમમાં જુવાર, બાજરો આદિ મોલ સુકાય છે. માટે તમે કૃપા કરો તો વરસાદ થાય ને સૌ હરિભક્તને પણ સુખ થાય ને ઉદાસી મટે; માટે કૃપા કરીને વરસાદ કરો તો સારું."

ત્યારે મહારાજે કહ્યું જે, "ઇન્દ્ર કોપ્યો છે તે વરસાદ નહિ થાય." ત્યારે સૌ હરિભક્તોએ કહ્યું જે, "મહારાજ, ઇન્દ્ર પણ તમારી આજ્ઞામાં છે, વાસ્તે તેને આજ્ઞા કરો તો થાય." ત્યારે મહારાજે કહ્યું જે, "એને કાંઈ વરસાદ કરવાની મરજી નથી." ત્યારે દાદા ખાચરે સૌ હરિજનોને કહ્યું જે, "હવે આપણે ઊઠો, આમાં કાંઈ મહારાજની મરજી નથી." પછી સૌ મહારાજને પગે લાગીને ગોપાળસ્વામીને આસને ગયા.

ત્યારે સ્વામીએ કહ્યું જે, "કેમ આવ્યા ?" ત્યારે દાદા ખાચરે કહ્યું જે, "તમારે દર્શને અને એક પ્રયોજન છે તેટલા સારુ આવ્યા છીએ." ત્યારે સ્વામીએ તેઓને કહ્યું જે, "તમારે જે પ્રયોજન હોય તે કહો." ત્યારે તેઓએ મહારાજ આગળ વરસાદ બાબતની હકીકત કહી હતી તે સ્વામીને કહી સંભળાવી ને કહ્યું જે, "સ્વામી, તમે દયા કરો તો બધું દુઃખ મટી જાય." ત્યારે સ્વામીએ કહ્યું જે, "તમે મહારાજ પાસે ગયા હતા ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા, ગયા હતા." ત્યારે સ્વામીએ કહ્યું જે, "તમે વરસાદ બાબત મહારાજને કહ્યું ત્યારે મહારાજે તમને શું કહ્યું ?" ત્યારે તેમણે સ્વામીને જવાબ દીધો જે, "ઇન્દ્ર કોપ્યો છે માટે વરસાદ નહીં થાય, એમ મહારાજે અમને કહ્યું."

ત્યારે સ્વામીએ તેઓને કહ્યું જે, "મહારાજની મરજી નથી, નહિ તો ઇન્દ્ર બિચારો શું કરે ?!" ત્યારે તે હરિજનોએ કહ્યું જે, "સ્વામી, વરસાદ નહિ થાય તો દુનિયા બહુ દુઃખી થાશે તથા હરિભક્ત પણ વરસાદ વિના બહુ દુઃખ પામશે; માટે તમે કૃપા કરો ને વરસાદ થાય તો સારું !" ત્યારે સ્વામીએ કહ્યું જે, "મહારાજની આજ્ઞા વિના મારાથી વરસાદ થઈ શકે નહીં. કેમ જે, મહારાજની મરજી વરસાદ કરવાની

નથી અને વરસાદ કરું તો મહારાજ કુરાજી થાય; વાસ્તે **તમો અમો સર્વે મહારાજની મરજી અનુસાર વરતીએ તો સુખ, નહિ તો દુઃખ.**" પછી દાદો ખાચર આદિ સ્વામી પાસે બેઠા ને ઘડીક વાતો સાંભળીને સચ્ચિદાનંદસ્વામી પાસે ગયા.

ત્યારે સ્વામી વંડામાં હતા તે પગે લાગીને સૌ બેઠા. ત્યારે સ્વામીએ કહ્યું જે, "કેમ આવ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "સ્વામી, વરસાદ નથી વરસતો તે બધા હરિભક્ત તથા બીજાં મનુષ્ય, પશુ-પક્ષી આદિ વરસાદ વિના બહુ દુઃખ પામે છે; વાસ્તે તમે દયા કરો તો સૌ સુખી થાય. ને મહારાજ મંદિર ચણાવે છે તે કડિયા પાણા વિના ખોટી થાય છે; માટે વરસાદ કરો તો ખાણે પથ્થર કાઢેલા પડ્યા છે તે લોક તાણી લાવે ને વરસાદ વિના તેઓ સૌ પોતપોતાના કોસ હાંકી પાણી પાવા મંડ્યા છે."

ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ પૂછ્યું જે, "તમે વરસાદ સારુ મહારાજ પાસે ગયા હતા ?" ત્યારે તેમણે કહ્યું, "હા, ગયા હતા પણ મહારાજે કહ્યું જે, ઈન્દ્ર કોપ્યો છે માટે વરસાદ નહિ થાય." ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "તમે ગોપાળસ્વામી પાસે ગયા હતા ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા, ગયા હતા." ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "તમને ગોપાળસ્વામીએ શું કહ્યું ?" ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજની મરજી વરસાદ કરવાની નથી. એટલે મારાથી વરસાદ કેમ થઈ શકે ? નહિ તો કોઈ ભાર નથી.' એમ ગોપાળસ્વામીએ અમને જવાબ દીધો."

ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ તે હરિજનોને કહ્યું જે, "ઈન્દ્રને તો હું સારી પેઠે સમજાવું, પણ મહારાજ મને વઢે તેમાં તમે સહાય કરી શકો તેમ છો ?" ત્યારે તેઓએ સ્વામીને કહ્યું જે, "તમને મહારાજ વઢશે તો અમે મહારાજને સ્તુતિ કરીને પણ તમને વઢવા નહિ દઈએ ને તમે ઈન્દ્રને સારી પેઠે સમજાવો." ત્યારે સ્વામીએ કહ્યું જે, "ઈન્દ્રને

તો હું સારી પેઠે સમજાવીશ, પણ મહારાજની બીક છે.” ત્યારે દાદા ખાચર આદિએ કહ્યું જે, “મહારાજની બીક તમે રાખશો નહિ ને ઈન્દ્રને સમજાવીને વરસાદ કરો.”

ત્યારે સચ્ચિદાનંદસ્વામી આકળા થઈને ઈન્દ્ર પાસે ગયા. ત્યારે તે ઈન્દ્ર તેના **તખત**[1] પર બેઠો હતો. તે સ્વામીએ તે ઈન્દ્રને પાટુ મારીને કહ્યું જે, “સર્વે દુનિયા દુઃખી થાય છે ને **પાજી**[2] વરસાદ કરતો નથી !” ત્યારે બાર મેઘને ખબર પડી ને અરસ-પરસ બોલવા માંડ્યા જે, “કોનો વરસવાનો વારો છે ? અને જેનો વરસવાનો વારો હોય તે વરસવા મંડો; નહિ તો આ ઈન્દ્રના હાલ, તેવા આપણા હાલ થાશે.” ત્યારે જેનો વારો હતો તે વરસવા મંડ્યો ને મોટી ધારાએ હડહડ પાણી પડવા મંડ્યાં.

તેવા સમામાં મહારાજ અક્ષરઓરડીમાં પોઢ્યા હતા તે જાગ્યા ને કહ્યું જે, “બ્રહ્મચારી, આવા જોરથી શેના શબ્દ થાય છે ?” ત્યારે બ્રહ્મચારીએ રાજી થકા મહારાજને કહ્યું જે, “બહુ સારો વરસાદ વરસે છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “આ વરસાદ કરનાર કોણ ?” એમ કહીને મહારાજે મોટી હાંક મારી. ત્યારે સચ્ચિદાનંદસ્વામી ઈન્દ્રની ગાદીએ ઊભા હતા, તે પાછા વંડામાં આવતા રહ્યા ને વરસાદ વરસતો બંધ થઈ ગયો.

તે મહારાજ અક્ષરઓરડીએથી આવીને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઉમગણે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને સર્વે સાધુને બોલાવીને સચ્ચિદાનંદસ્વામીને બોલાવ્યા. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ મનમાં જાણ્યું જે, ‘મહારાજ હવે મને વઢશે !’ એ મનસૂબા સહિત સચ્ચિદાનંદસ્વામી આવી સભામાં બેઠા. ને દાદો ખાચર તથા સોમલો ખાચર આદિ હરિભક્ત પણ આવી મહારાજને પગે લાગી બેઠા.

ત્યારે તે સમયે મહારાજ અતિ આકળા થઈને બોલ્યા જે, “આવાં ને આવાં અવળાં કામ કરે છે ને ન કરવાનું હોય તે કરે.” એ રીતે કહીને

૧.સિંહાસન ૨.દુષ્ટ, મૂર્ખ

સચ્ચિદાનંદસ્વામીને બહુ વઢ્યા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ સોમલા ખાચર તથા દાદા ખાચર સામું જોયું. ત્યારે સોમલો ખાચર તથા દાદો ખાચર બોલ્યા જે, "મહારાજ, સાધુને શા સારુ વઢો છો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આવાં ને આવાં ઊંધાં કામ કરે તે તેમને કહ્યા વિના કેમ ખબર પડે ? ને કહ્યા વિના કેમ ચાલે ?" એમ કહી ઊભા થઈને બોલ્યા જે, "કાં તો એ અવળાં કામ કરનારા સાધુ આંહીં રહે નહિ, ને કાં તો અમે અહીંયાં રહીએ નહીં." એમ કહીને સચ્ચિદાનંદસ્વામીને કાઢ્યા.

તે ખળખળિયો ઊતરીને સામા કાંઠા ઉપર મોટા પથરા ઉપર જઈને સચ્ચિદાનંદસ્વામી આસન વાળીને બેઠા. ને શરીર બધું રુધિરે કરીને ભરાઈ રહ્યું. ને સર્વે વરતિયું મહારાજની મૂર્તિને વિષે જોડી દીધી. ને મહારાજની મૂર્તિને વિષે સંલગ્ન થઈને અખંડ ભજન કરવા મંડ્યા. તે ભજન કરતાં કરતાં આખી રાત વીતી ગઈ ને બીજે દા'ડે બપોર ચડ્યા; તે ભાદરવા મહિનાની ઋતુને લીધે તડકો ઘણો પડ્યો. તેણે કરીને બધી પૃથ્વી બહુ તપી. ને સ્વામી બેઠા હતા તે પથરા પણ બહુ આકરા તપ્યા. તેણે કરીને સ્વામીનું શરીર પણ બળવા મંડ્યું ને તરસ બહુ લાગી; પણ મહારાજની મૂર્તિ ધારીને ભજનનો તાર તૂટવા દીધો નહીં ને અતિશે મૂર્તિને વિષે જોડાઈ ગયા. ને શરીરમાં તરસનું ને તડકાનું દુઃખ બહુ.

તે સમે મહારાજ અક્ષરઓરડીમાં ભર નિદ્રામાં પોઢ્યા હતા. તે અકળાઈ ગયા ને જાગ્યા ને પછી બેઠા થઈને કહ્યું જે, "બ્રહ્મચારી, ઝટ ઉતાવળા ઉતાવળા પાણી લાવો, અમને તરસ બહુ લાગી છે." ત્યારે બ્રહ્મચારી ટાઢા પાણીની ટોયલી ભરીને લાવ્યા. તે મહારાજે પાણી પીધું ને વળી પાણી મગાવ્યું ને પીધું; તોય પણ તરસ છીપી નહિ. ને વળી ત્રીજી વખત પાણી મગાવ્યાનું મહારાજે કહ્યું. તે સાંભળી બ્રહ્મચારીએ કહ્યું જે, "વારે-વારે પાણી માગો છો તે તરસ છીપતી નથી ?" ત્યારે મહારાજે કહ્યું જે, "પાણી પાવું છે તેને તો પાતા નથી."

ત્યારે મરજીના જાણનારા એવા જે રતનજીભાઈ ને મિયાંજી મહારાજની પ્રસાદીનું ટાઢું જળ સાકર નાખેલું, તે લઈને સચ્ચિદાનંદ સ્વામી પાસે ગયા ને સ્વામીને કહ્યું જે, "મહારાજે તમારી સારુ પ્રસાદીનું પાણી મોકલ્યું છે." તે સાંભળીને શરીરમાં જે રુધિર નીકળેલું તેની તથા તડકાના તાપની જે વ્યાધિ હતી તે શમી ગઈ ને રાજી થકા પ્રસાદીનું પાણી પીધું. એટલે શરીરમાં જે તરસની પીડા હતી તે મટી ગઈ. એટલે મહારાજ અક્ષરઓરડીમાં બિરાજ્યા હતા ત્યાં તરસ મટી ગઈ ને અકળામણ પણ મટી ગઈ.

અને બીજે દિવસે ભક્તિમાતાનું શ્રાદ્ધ આવ્યું; તે ખીર ને રોટલીની રસોઈ કરાવીને કહ્યું જે, "સચ્ચિદાનંદસ્વામી ક્યાં છે ? એ જ્યાં હોય ત્યાંથી તેડી લાવો, એમને જમાડીએ." ત્યારે મિયાંજી ને રતનજી ગયા, તે સચ્ચિદાનંદસ્વામીને તેડી લાવ્યા. ત્યારે મહારાજે થાળ જમીને સચ્ચિદાનંદસ્વામીને જમવા બેસાર્યા ને મહારાજે કહ્યું જે, "તાંસડો લાવો." તે તાંસડો લાવ્યા ને આગળ મેલીને તેમાં ખીર ને રોટલી પીરસીને સચ્ચિદાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી, હવે જમો." ત્યારે સ્વામી જમવા મંડ્યા ને પીરસનારાએ બે-ત્રણ વાર પીરસ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "હવે રાખો, સ્વામીને વસમું લાગશે." એટલે સ્વામીએ ચળું કરીને પાણી પીધું. ત્યારે મહારાજે કહ્યું જે, "રાધાવાવે જાવ." ।। મહારાજની લીલા ।।૫૪।।

૫૫. મછંધરનાથ ને ગોરખનાથની વાત

એક વખત મહારાજે એમ પ્રકરણ કર્યું જે, 'કોઈ પાળાને રૂપૈયા રાખવા નહીં.' ત્યારે ભગુજી તથા અલૈયેભગતે પ્રથમ રૂપૈયા કાઢ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "આ રૂપૈયાના પરમહંસ વાસ્તે વસ્ત્ર લિયો." ત્યારે વસ્ત્ર લીધાં, તેમ કરતાં પણ વધ્યા. તે રૂપૈયાની પરમહંસોને સાટા-જલેબીની રસોઈ આપી હતી. તે વખત એ રસોડાની ઓસરીમાં ભગુજી તથા અલૈયેભગતે મહારાજની ષોડશ ઉપચારે પૂજા કરી. પછી

ગુલાબી રંગનાં પાંચ લૂગડાં મહારાજને પહેરાવ્યાં. પછી મહારાજને જમાડતા હતા. ને મહારાજે જલેબી-લાડુ પંડે પંગતમાં ફરીને પીરસીને પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા, હરિભક્ત સર્વેને જમાડ્યા. ને પછી પાળા સર્વેને બોલાવી ઉપદેશ કર્યો જે, **"ત્યાગીને પૈસા રાખવા નહીં ને પૈસા રાખે તો તેમાંથી ઝાઝું ભૂંડું થાય."**

તે ઉપર ગોરખનાથ ને મછંધરનાથની વિસ્તારથી વાત કરી જે, "મછંધરનાથ નામે એક જોગી હતો. અને તે સતજુગ **વારીનો**[૧] હતો. ને તે એવો સિદ્ધ થયો હતો કે પોતાને જ્યાં સુધી જીવવું હોય ત્યાં સુધી જીવે; એવો સ્વતંત્રદશાને પામેલો હતો. અને કંચન જે સોનું ને કાન્તા જે સ્ત્રી તેનો ત્યાગ કરેલો હતો. ને તે ગિરનારની ગુફામાં રહેતો હતો. ત્યાં તેણે એક શિષ્ય ગોરખનાથ નામે મૂંડેલો હતો. ને તે શિષ્ય સિદ્ધગતિને પામ્યો.

પછી તે ગોરખનાથને તે નાથ લોકોની જે **સંપ્રદા**[૨] તે સોંપીને મછંધરનાથ બાર વરસની તપશ્ચર્યા કરવા સારુ નવલખા પર્વત પર જવાની તૈયારી કરી અને તે તરફ સિદ્ધાઈને બળે આકાશ માર્ગે ચાલ્યા. તે ચાલતાં ચાલતાં નવલખા પર્વત નજીક જ્વાલામુખી નામે કરીને તીર્થ છે, તેની પાડોશમાં દક્ષિણ દિશામાં કામરુદેશ કરીને એક મુલક છે, ને ત્યાં સ્ત્રીઓ **ખૂબસૂરત**[૩] અને ત્યાં સોનાની ખાણો છે, તે મુલકને માથે મછંધરનાથ નીકળ્યા. ને તે જોવા સારુ ત્યાં ઊતર્યા ને તે રચના જોઈ સિદ્ધપણું ભૂલી જઈ ત્યાં લોભાણા. ને એક રૂપસુંદરી નામે કરીને કન્યા હતી. તે **વેરે**[૪] પરણ્યા ને તેમાં આસક્ત થઈ ગયા. ત્યાં તેને બે પુત્ર ને બે પુત્રીઓ થયાં તેમાં **બદ્ધ**[૫] થઈ ગયા. તેને ચૌદ વરસ વીતી ગયાં.

એટલે બાર વરસની અવધિ ઉપર બે વરસ વધારે થયાં એટલે ગુરુની શી દશા છે ? તે જોવા ઇચ્છીને ગોરખનાથે પ્રાણાયામ કરી સમાધિ કરી મછંધરનાથને ગોતી કાઢ્યા. ત્યાં તો બદ્ધ થઈ ગયેલા જોયા. પછી તીર્થ કરતાં કરતાં ચાલ્યા તે મછંધરનાથ જે જગ્યાએ હતા તે જગ્યાએ

૧.વખતનો ૨.જવાબદારી ૩.રૂપવાન ૪.સાથે ૫.આસક્ત

ગયા. તેને જોઈ મછંધરનાથ દિલગીર થયા અને પોતાની રૂપસુંદરીને કહ્યું જે, 'હું તારા અર્થનો નથી, માટે હું આ મારા ચેલા ભેગો જાઈશ.' એટલે સ્ત્રી, પુત્ર, પુત્રીઓ એ સર્વે ગળે **બાધીને**[૧] રોવા મંડ્યાં. તે જોઈ ગોરખનાથે (મછંધરનાથને) ધિક્કાર્યો અને તેને લઈ ચાલ્યા.

પછી મછંધરનાથ કહે જે, 'હું મારા ઘરમાં જઈ પાછો આવું.' એમ કહી સોનાની ઈંટો ને રતન ભેળાં લીધાં ને તે એક ઝોળીમાં નાંખી લીધાં અને પોતાનાં છોકરાઓને ત્યાં મુલકના રાજા બનાવી ચાલી નીકળ્યા. પછી ગોરખનાથ જેમ શિષ્યને ઉપદેશ દે તેમ ગુરુ મછંધરનાથને ઉપદેશ કરવા લાગ્યા. એમ કરતાં કરતાં આલીમોહનની ઝાડીમાં આવ્યા. જ્યાં માર્ગમાં ગામ આવે ત્યાં મછંધરનાથ પૂછે જે, 'કાંઈ રસ્તેમેં કુછ ભય હે ?' એમ જ્યાં જ્યાં વસ્તી આવે ત્યાં પૂછે. એમ કરતાં વનમાં એક વાવ આવી, ત્યાં ગુરુ-શિષ્ય બેઉ સ્નાન કરવા બેઠા.

પછી મછંધરનાથ બહિર્ભૂમિએ ગયા એટલે ગોરખનાથે સોનું ને રતનનું પોટલું જોયું. ને એ સર્વે વાવમાં નાંખી દીધું અને એ પ્રમાણે ઝોળીમાં પાણો બાંધી નાંખ્યો. પછી સ્નાન કરી ત્યાંથી ચાલ્યા ત્યાં એક વસ્તીનો **કસબો**[૨] આવ્યો. તેને ઓળંગી ચાલ્યા ત્યાં એક માર્ગમાં મનુષ્ય મળ્યો. તેને મછંધરનાથ પૂછે છે જે, 'આ રસ્તે કુછ ભય હે ?' ત્યારે ગોરખનાથ બોલ્યા જે, 'ગુરુસા'બ, **ભે**[૩] તો સબબી વાવમાં ડાલી દીધા.' તે જ્યાં ઝોળીમાં જુવે છે ત્યાં પથરો ભાળ્યો; એટલે પોક મૂકીને રોવા લાગ્યો. ત્યારે ગોરખનાથે તેને રડતાં જોઈને પથરામાં પેશાબની શેડ મારી એટલે સોનાની શિલા થઈ ગઈ. ત્યારે મછંધરનાથ કહે જે, 'ગોરખા, ગુરુથી ચેલા આગળ હુવા.' એટલે ગોરખનાથ કહે, 'ગુરુપ્રતાપસે.' એમ કહીને ગુરુને પ્રથમકાળની સ્મૃતિ કરાવીને સિદ્ધપણાનું જ્ઞાન સિદ્ધ કરાવ્યું. માટે હે ભગુજી ! અલૈયાભગત ! **જેનું મન કાચું હોય તે જ ધન ને સ્ત્રીમાં લંપટ થાય.**

૧.વળગીને. ૨.શહેરથી નાનું ને ગામથી મોટું ગામ - તાલુકો ૩.ભય

પછી મછંધરનાથ કહે જે, 'આપણો મોક્ષ કેમ થશે ?' પછી બન્ને સિદ્ધો ગંગા કિનારે ગયા અને 'ૐ સ્વામિનારાયણ શ્રીગુરુશરણં મમ' એ મંત્ર ગંગા ઉપર જઈ જપી પ્રત્યક્ષ ભગવાનને મળવા પ્રયત્ન કર્યો અને બન્નેનો દેહ પડી ગયો. તે આ ભગુજી તથા અલૈયોભગત બંને ગુરુ-શિષ્ય છો; માટે આ ધનના ફંદમાંથી છૂટ્યા. અને અલૈયાભગતને તો ધન વળગ્યું જ નથી." એમ કહી બંનેને ચરણારવિંદ આપી મહારાજ મળ્યા. ને પછી ત્યાગી-પાળા બધાને ચરણારવિંદ આપી મહારાજ મળ્યા. ને પછી ઘણાં વખાણ કર્યાં ને હસીને બોલ્યા જે, "અલૈયાભગતની ભે તો ઘેલામાં ડાલી દીધી." એમ કહી હસ્યા. ને પછી અલૈયાભગત ને ભગુજીને ચરણારવિંદ આપ્યાં અને ત્યાગી-પાળા બધાને ચરણારવિંદ આપ્યાં ને ઘણાં વખાણ કર્યાં. એવું ચરિત્ર કર્યું છે.

॥ મહારાજની લીલા ॥૫૫॥

૫૬. મહારાજ તો તલ-તલની વાત જાણે છે

એક સમયે સવારમાં મહારાજ અક્ષરઓરડીમાંથી, પગમાં ચાખડીઓ પહેરીને હાથમાં છડી લઈને લીમડા તળે ઉઘાડે શરીરે ફરતા હતા, ને સર્વેને બોલાવીને કામ કરવા મોકલતા હતા. તે નામ પાડી પાડીને કહેતા જે, "મિયાંજી, તમે આ કામે જાઓ; ને રતનજી, તમે ફલાણું કામ કરવા જાઓ." તે સાંભળીને સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદ સ્વામી ગણપતિની હાલમાં ડેરી છે તે ઠેકાણે બેઠા હતા, તે સચ્ચિદાનંદ સ્વામીએ સિદ્ધાનંદસ્વામીને કહ્યું જે, 'મહારાજ તો પોતાના જે હોય તેને બાોલાવી બોલાવીને કામ કરવાનું બતાવે છે; ને આપણો કોણ ભાવ પૂછે ?'

તે સ્વામીનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને મહારાજ બોલ્યા જે, "સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી ક્યાં છે ? તે રાધાવાવે જાય." તે સાંભળીને સચ્ચિદાનંદસ્વામીએ સિદ્ધાનંદસ્વામીને કહ્યું જે, "આપણે મહારાજની પ્રસાદી ઘણી જમ્યા છીએ, પણ નાસ્તિક ને નાસ્તિક

રહ્યા. ને મહારાજ તો અંતર્યામી, તે તલ-તલની વાત જાણે છે. ને મહારાજે આપણને રાધાવાવે જવાની આજ્ઞા કરી છે, માટે ચાલો ઊઠો, આપણે વાડીએ જઈએ.” પછી એ રીતે સર્વેને કામ બતાવીને મહારાજ અક્ષરઓરડીએ જમવા પધાર્યા. ॥ મહારાજની લીલા ॥૫૬॥

૫૭. ઘેલા નદીમાંથી સૌ પથરા લઈ આવો

એક સમયે મહારાજ આઠમના સમૈયાને દિવસ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણા મુખારવિંદે બિરાજમાન હતા. અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

ત્યારે મહારાજ બોલ્યા જે, “ઘેલા નદીમાંથી સૌ સાત-સાત ફેરા પથરા ઉપાડીને લઈ આવો અને ઘેર જેણે કશું કામ ન કરેલું હોય ને સુંવાળા માણસ હોય તે પથ્થર લેવા ન જાય, પણ જેણે ઘરે સારી પેઠે કામ કરેલ હોય ને સુંવાળું માણસ ન હોય તે સર્વે સાત-સાત ફેરા પથરા નદીમાંથી લાવજો.” એમ મહારાજે સભા બેઠી હતી તેને આજ્ઞા કરી.

ત્યારે સચ્ચિદાનંદસ્વામી સભામાં બેઠા હતા તેમને એમ સંકલ્પ થયો જે, ‘મારી ડોક દુ:ખે છે તે પાણા કેમ લઈ શકાશે ? અને પૂર્વાશ્રમમાં મેં તો ઘણું કામ કર્યું છે; પણ મહારાજે આજ્ઞા કરી જે, જેણે ઘરે કામ કર્યાં હોય તે પથરા લેવા જાય, અને મારી તો ડોક બહુ દુ:ખે છે, તે શી રીતે માથે પથ્થર લેવાશે ?’ એમ જ્યાં સંકલ્પ કરે છે ત્યાં મહારાજ તેમનો અંતર્યામીપણે સંકલ્પ જાણીને બોલ્યા જે, “જેની ડોક દુ:ખતી હોય તે પથરા લેવા ન જાશો.” તે સચ્ચિદાનંદસ્વામીએ સાંભળ્યું એટલે પથ્થર ઉપાડવાનો જે પોતાનો સંકલ્પ હતો તે શમી ગયો. અને મહારાજે સભાને ઊઠવાની આજ્ઞા કરી ને અક્ષરઓરડીએ જમવા પધાર્યા. ॥ મહારાજની લીલા ॥૫૭॥

૫૮. હરિમાં હેત વધારવાની સિદ્ધાનંદસ્વામીની શ્રદ્ધા

એક સમયે મહારાજ વાસુદેવનારાયણને ઓરડે ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન હતા અને સર્વે જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા હરિજનોની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયે મહારાજની મૂર્તિ બહુ શોભાયમાન જોઈને સચ્ચિદાનંદ સ્વામીને હેતના હિહોરા થવા મંડ્યા. તે જોઈને સિદ્ધાનંદસ્વામીએ સચ્ચિદાનંદસ્વામીને પૂછ્યું જે, "તમારે જેવું મહારાજને વિશે હેત છે તેવું હેત મારે કેમ થાય ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "મને જેમ મહારાજ વઢે છે તેમ તુંને મહારાજ વઢે તો મારા જેવું તારે પણ મહારાજને વિશે હેત થાય." પછી સિદ્ધાનંદસ્વામી પોતાના મનમાં સંકલ્પ કરવા મંડ્યા જે, 'મહારાજ, મને સારી પેઠે વઢો, એટલે મારે તમારે વિષે સચ્ચિદાનંદસ્વામીના જેવું હેત થાય.'

તે સંકલ્પને મહારાજ અંતર્યામીપણે જાણીને બોલ્યા જે, **"બદરિનાથથી દંડવત કરતાં કરતાં દ્વારકા જાય ને દ્વારકાથી દંડવત કરતાં કરતાં બદરિનાથ જાય તે કઠણ નહિ; ને રામસ્નેહી છે તેને રામ રામ કરતાં જીભ ટૂટી જાય તે પણ કઠણ નહિ; ને ત્રણે અવસ્થામાં ભગવાનની મૂર્તિ અંખડ દેખાવી એ કઠણમાં કઠણ સાધન છે.** તે વાત સિદ્ધ થઈ હોય તોય પણ વઢ્યાંના મનસૂબા કરે છે, તે અમે તેને વઢશું ત્યારે તેને જે વાત સિદ્ધ થઈ છે તેવાને તેવા સારા રહેશે નહીં.

ત્યાં દૃષ્ટાંત : જેમ દૂધ હોય તેને મેળવે ત્યારે તેમાંથી દહીં થાય, ને દહીંને વલોવે ત્યારે તેમાંથી માખણ થાય અને માખણને ઊનું કરે ત્યારે તેમાંથી ઘી થાય, પણ ઘીને ઊનું બહુ કરે તો તેમાંથી ઝેર થાય. તેમ ભગવાનની મૂર્તિ અખંડ દેખાય છે તોપણ મહારાજ મને વઢે એવા મનસૂબા થાય, તે જ્યારે અમે વઢશું ત્યારે સર્વે મનુષ્ય શું જાણશે ? જે, 'આ સાધુએ કાંઈક અડબંગાઈ કરી હશે ને કાં તો મહારાજના વચનમાં નહિ રહ્યા હોય;' તેમ જાણીને સૌ તે સાધુની ઉપેક્ષા રાખશે

ત્યારે તેને અમારે વિશે જેટલાં હેત છે તેટલાં રહેશે વારુ ?" એમ મહારાજ સભામાં બોલ્યા.

એટલે સિદ્ધાનંદસ્વામીએ તે વાત સાંભળીને મનસૂબો કર્યો જે, 'હે મહારાજ, હવે વઢશો નહીં, મારે જેટલું હેત છે તે ઘણું છે.' એમ કહીને સિદ્ધાનંદસ્વામી રાધાવાવે ગયા ને સાંજે મહારાજે પોતાના ઉપર સભામાં વાત કરી તે સચ્ચિદાનંદસ્વામીને કહી સંભળાવી. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, "મહારાજ આપણને વઢ્યા વિના તે હેતના હિહોરા આવે ? બીજા મનુષ્ય તો ગમે તેમ જાણે, પણ ભગવાન તો અંતર્યામી છે તે અંતરની તલ-તલની જાણે છે."

વળી બીજે દિવસે બપોર પછી પાછલા પહોરે ઉગમણા બારને ઓરડે સભા કરીને બિરાજમાન હતા. ત્યાં રાધાવાવેથી સચ્ચિદાનંદ સ્વામી તથા સિદ્ધાનંદસ્વામી મહારાજને દર્શને આવ્યા. તે મહારાજને પગે લાગીને સભામાં બેઠા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ સિદ્ધાનંદસ્વામીને કહ્યું જે, "મારા જેવું ભગવાનને વિશે હેત કરવું હોય તો તમને મહારાજ વઢે તેમ કરો." એટલે સિદ્ધાનંદસ્વામીને વળી સંકલ્પ થવા મંડ્યો જે, 'મહારાજ, બીજા મનુષ્ય તો ગમે તેમ જાણે, પણ મને તો એકવાર સારી પેઠે વઢો.'

ત્યારે તે સંકલ્પ મહારાજ અંતર્યામીપણે જાણીને બોલ્યા જે, "અમે તેને વઢશું ત્યારે આઘા થાશે. જેમ એક બ્રાહ્મણ હતો. તેને રાત્રીને વિશે સ્વપ્ન થયું જે, '**કોળિયાના**[1] વિવાહમાં **હાણ્યો-માણ્યો**[2], ખાધું-પીધું' એમ એ બ્રાહ્મણને સ્વપ્નમાં થયું. ને સવારે ઊઠ્યો એટલે ઘરના મનુષ્ય આગળ પોતે વાત કરી જે, 'આજ ગઈ રાત્રીમાં મને સ્વપ્ન આવ્યું. તે જાણે મેં કોળિયા ભેગું ખાધું હાણ્યો-માણ્યો.' તે વાત તેના ઘરનાં મનુષ્યે પાણિયારી સર્વેને વાત કરી જે, 'મારા પતિએ રાતમાં કોળિયા ભેગું ખાધું ને તે કોળીઓના વિવાહમાં હાણ્યો-માણ્યો.' ત્યારે તે વાત **બધા**[3] ગામમાં પ્રવર્તી. અને હતી તો સ્વપ્નાની વાત, પણ

૧.કોળી જ્ઞાતિના ૨.હર્યો-ફર્યો ૩.આખા

તેના નાતના માણસોએ એ વાત પ્રત્યક્ષ જાણી તે બ્રાહ્મણને નાત બહાર કાઢી મૂક્યો."

એમ દૃષ્ટાંત દીધું ને મહારાજ બોલ્યા જે, "જ્યારે અમે તેને વઢશું ત્યારે સૌ બીજા માણસ સાંભળીને તેની ઉપેક્ષા કરશે; એટલે સાધુને તે બ્રાહ્મણની પેઠે થાશે ત્યારે હતા તેવા સારા રહેશે ?" એમ મહારાજ બોલ્યા. એટલે તે સાંભળીને સિદ્ધાનંદસ્વામીને વઢવાનો સંકલ્પ હતો તે શમી ગયો ને રાધાવાવે ગયા. ॥ મહારાજની લીલા ॥૫૮॥

૫૯. મહારાજે મંદવાડમાં કરેલી લીલા

એક સમયે મહારાજને શરીરે જરા કસર જેવું હતું. તે અક્ષર ઓરડીમાં પોઢ્યા હતા. ને મંદવાડને લીધે મહારાજ અન્ન જમતા નહિ. ત્યારે સાધુ-હરિજન સર્વે ઉદાસ થઈ ગયા હતા. ને મહારાજે પાણી માંગ્યું, ત્યારે નિત્યાનંદસ્વામી મગ બાફીને તેનું પાણી કરીને મહારાજને પાવા સારુ ગયા; એટલે મહારાજે હાથમાં વાટકો લીધો. તે મગનું પાણી જોઈને મહારાજે વાટકાનો ઘા કરીને છેટે ફેંકી દીધો ને મુખારવિંદ **કસાણું**[1] કરીને કુરાજી થયા. એટલે સૌ સાધુ તથા હરિભક્ત ઉદાસ થઈ ગયા, ને કોઈ મનુષ્ય અન્ન જમે નહિ !

તે જોઈને મહારાજને દયા આવી એટલે કહ્યું જે, "થાળ લાવો બ્રહ્મચારી, અમારે જમવું છે." ત્યારે બ્રહ્મચારી સાકરનો શીરો ને વંતાકનું શાક, ભજિયાં - તે કરીને લાવ્યા, તે મહારાજ જમ્યા. તે સાંભળીને સાધુ રાજી થયા ને દાદા ખાચરે સાકર મંગાવીને વહેંચી જે, મહારાજ હવે સાજા થયા. ત્યારે સિદ્ધાનંદસ્વામી વંડે સચ્ચિદાનંદસ્વામી પાસે ગયા ને કહ્યું જે, "સ્વામી, આજ તો મહારાજ થાળ જમ્યા ને સાજા થયા ને સાકર વહેંચી જે, 'હવે અમે સાજા થયા.' એમ મહારાજ બોલ્યા."

ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ સિદ્ધાનંદસ્વામીને કહ્યું જે, "તારો બાપ રહેવાના નથી ને એ તો તમને સૌને ફોસલાવે છે; પણ હું એમનો

૧.અણગમાભર્યું

ફોસલાવ્યો જાઉં તેમ નથી. અને એમની મોર મારે નાડિયું તોડીને જાવું છે." ત્યારે તે વાત સાંભળીને સિદ્ધાનંદસ્વામીને એમ થયું જે, 'સચ્ચિદાનંદ સ્વામી તો નાડિયું તોડીને મહારાજ મોર જાશે. ત્યારે મારે પણ હવે દેહ મૂકવો.' એવા સંકલ્પથી થોરનું દૂધ **અધશેરને**[1] આશરે પીધું; પણ તે દૂધ તો શરીરમાં વરતાણુંય નહીં ને અમૃતની પેઠે પચી ગયું. એટલે સાંજ વખતે સિદ્ધાનંદસ્વામી મહારાજને દર્શને આવ્યા.

તે સમે શ્રીજીમહારાજ અક્ષરઓરડીની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર પોઢ્યા હતા, તે બેઠા થઈને કહ્યું જે, "સાધુ, બ્રહ્મચારી, પાળા સાંખ્યયોગી બાઈઓ – એ સર્વેને બોલાવી લાવો. અને ગૃહસ્થ હરિભક્ત અહીં કોઈ ન રહે." પછી સાધુ આદિ સાંખ્યયોગીને બોલાવી લાવ્યા. ત્યારે બ્રહ્મચારીએ મહારાજને કહ્યું જે, "જમવાનું થયું છે, માટે જે ભાવે તે થોડુંક જમી લો." ત્યારે બ્રહ્મચારી ઉપર મહારાજે રીસ કરીને કહ્યું જે, "પોતે ભૂખ્યો થાય એટલે મારું ગળું ઝાલે છે અને મને તો ભૂખ લાગતી નથી." એમ કહીને બોલ્યા જે, "આ મૂંડકિયું બેઠી છે તે મારા ઉપર **લાંઘે છે**[2] ને મરવાના મનસૂબા કરે છે. ને પીતાંબર પ્રભુ થયો તો તેની વાંસે ઘણાં માણસો મૂવાં, પણ મારી વાંસે જે મરશે તેને હજારો વરસ લાકડાનાં ઠૂંઠામાં ઘાલી મેલીશ, ને મારા ધામમાં નહિ આવવા દઉં; માટે કોઈને મરવું નહીં !!"

એમ કહીને સિદ્ધાનંદસ્વામી સામું જોઈને મહારાજ તે સ્વામી સામો લાંબો હાથ કરીને બોલ્યા જે, "પોતે પોતાને આત્મા જાણે છે અને મુને એમ જાણે છે જે, એ મરી જાશે; માટે એને આંહીંથી કાઢી મેલો." ત્યારે સિદ્ધાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, હું તો અન્ન ખાઉં છું." ત્યારે મહારાજે કહ્યું, "રાખ રાખ, થોરનું દૂધ મરવા સારુ પીને આવ્યો છું ને હજુ તો મૂરખને ખબર નથી; માટે ઝટ કાઢી મેલો." ત્યારે સિદ્ધાનંદસ્વામી ચાલ્યા એટલે મહારાજે કહ્યું જે, 'તમે ગોપાળસ્વામી કહે તેમ કરશો ?' ત્યારે સિદ્ધાનંદસ્વામીએ કહ્યું જે,

૧.૨૫૦ ગ્રામ ૨.હું આલોકમાંથી જતો ન રહું તેથી ઉપવાસ કરે છે.

'અમે સૌ કરશું.' ત્યારે મહારાજે કહ્યું જે, 'સૌ તો કરશે, પણ તમે કરશો ?' ત્યારે સિદ્ધાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, 'મહારાજ, હું કરીશ.' તે સાંભળીને મહારાજ રાજી થયા ને કહ્યું જે, 'બેસો.' પછી જરા વાર સિદ્ધાનંદસ્વામી બેસીને વંડે સચ્ચિદાનંદસ્વામી પાસે ગયા. ॥ મહારાજની લીલા ॥૫૯॥

૬૦. સિદ્ધાનંદસ્વામીને નિઃસ્વાદીપણાથી મળેલો રાજીપો

એક સમયે મહારાજે રાધાવાવે વાઢ કરાવ્યો હતો. તે બહુ સારો થયો હતો. તે પીલવા માંડ્યો, એટલે એક ગાડું શેરડી સાધુમાં ને એક ગાડું શેરડી સાંખ્યયોગી બાઈઓમાં એ રીતે રોજ બે ગાડાં શેરડીનાં આવે; તે મહારાજ પણ જમે. અને સિદ્ધાનંદસ્વામી વાઢે શેરડી જમે નહીં. તે શા સારુ ? તો જાણે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય ને વારે-ફેરે ખાધાની ટેવ પડી જાય; માટે સ્વામી શેરડી ખાતા નહીં. તે ઉપર હમીરભક્તે શેરડી ખવારવાનો આગ્રહ કરીને શેરડી સુધારીને તેના માંદળિયા કરીને કહ્યું જે, "મેં તમને શેરડી ખાતા ક્યારેય દીઠા નથી; માટે આ શેરડીનાં માદળિયાં જમો." ત્યારે સિદ્ધાનંદસ્વામીએ કહ્યું જે, "હું શેરડી નહિ જમું. એ તલબાવળા જેવી કઠણ શેરડી મારું મોઢું ફાડી નાંખે."

એ સાંભળીને સાંજ વખતે મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને વિરાજમાન હતા, ત્યાં હમીરભક્ત ગયા ને હાથ જોડીને મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! સિદ્ધાનંદસ્વામી શેરડી તથા ગોળ જમતા નથી. ને જોરાયે મેં શેરડી જમાડવાનું કર્યું, ત્યારે મને તેમણે કહ્યું જે, 'શેરડી તલબાવળા જેવી કઠણ છે, માટે હું નહિ જમું.' એમ બોલ્યા." ત્યારે મહારાજે કહ્યું જે, "મુક્તાનંદસ્વામી, સાધુમાં કોઈ શેરડી ખાધા વિનાના છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "ના મહારાજ, શેરડી ખાધાં વિનાં નથી રહ્યા." ત્યારે મહારાજે કહ્યું જે, બાઈઓમાં

કોઈ શેરડી ખાધા વિના છે ?" ત્યારે મોટીબાએ કહ્યું જે, "મહારાજ, સૌ ખાય છે." ત્યાં સિદ્ધાનંદસ્વામી મહારાજને દર્શને આવ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે, "સ્વામી, શેરડી તલબાવળા જેવી થઈ છે." એમ મહારાજે બોલીને કહ્યું જે, "આ બાપડા ગરીબને અમારી પ્રસાદી કોણ આલે ? તે સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી રાત-દહાડો અમારી પ્રસાદી અર્થે દાખડો કરે છે; પણ એ બાપડા ગરીબને સંભારીને નિત્ય કોણ પ્રસાદી આલે ?" ત્યારે મોટીબા તથા લાડુબાને મહારાજની તે વાત સાંભળીને ખટકો થયો; તે નિત્યે બે થાળમાં પ્રસાદી ભરીને વાઢે મોકલે. તે એક થાળી વાઢવાળા માણસ સારુ પંચમાં મોકલે અને એક થાળી સચ્ચિદાનંદસ્વામી ને સિદ્ધાનંદસ્વામી સારુ મોકલે.

ત્યારે સચ્ચિદાનંદસ્વામી પ્રથમ થાળીમાંથી જમી લે, ત્યાર પછી સિદ્ધાનંદસ્વામી જમે. ત્યારે એક સમયે થાળી આવી. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કુરજીભગતને કહ્યું જે, "આ પ્રસાદીની થાળીમાં અરધોઅરધ ભાગનો શેઢો કાઢી દે. કેમ જે, વધુ જમાય તો મનમાં મને એમ થાય જે, આજ સિદ્ધાનંદસ્વામીના ભાગમાંથી પણ થોડુંક જમાઈ ગયું, ને જો ઓછું જમીએ તો દાઝ્ય થાય જે, ભગવાનનો મહાપ્રસાદ આજ ઓછો જમાણો; માટે થાળીમાં અરધોઅરધ પ્રસાદીનો ભાગ કાઢી દે."

॥ મહારાજની લીલા ॥૬૦॥

૬૧. ઉપાસક તો આવા હોય..!

એક સમયે મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને પોતાની આગળ સર્વે સાધુ-હરિજનોની સભા ભરાઈને બેઠી હતી ને ગવૈયા પરમહંસ ગાવણું કરતા હતા. ત્યારે પ્રેમાનંદસ્વામી કીર્તન બોલ્યા જે –

કૈસે જાઉં પનિયાં રોક્યો પનઘટવા, કૈસે જાઉં પનિયાં૦
કાંધે કામરિયા ને હાથમાં લકુટિયા,
બાંસુરી બજાવે વાલો જમુનાકે તટવા...કૈસે૦

તે સાંભળીને સિદ્ધાનંદસ્વામીને સંકલ્પ થયો જે, 'મહારાજની મૂર્તિ તો મને દેખાય છે, પણ એ મૂર્તિ કેવી હશે ?' ત્યાં તત્કાળ દેખાણી. શ્યામ મૂર્તિ ને કાંધે **કામરી**[૧] ને કેડે શિંગડી ખોસેલી, ને પગે **લંગરવા**[૨] ને હાથમાં ફૂમકાવાળી મોરલી વજાડે; એવી મૂર્તિ સિદ્ધાનંદ સ્વામીને દેખાણી. તે સિદ્ધાનંદસ્વામીને મહારાજની મૂર્તિ દેખાતી આળસી ને શ્રીકૃષ્ણની શ્યામ મૂર્તિ દેખાણી. તે જોઈને સ્વામી બહુ અકળાણા; પણ મહારાજની મૂર્તિ દેખાય નહિ ને શ્યામ મૂર્તિ દેખાય. અને શરીરમાં પરસેવો વળી ગયો પણ શ્યામ મૂર્તિ દેખાતી આળસે નહિ ને બહુ મૂંઝાણા. તે જોઈને મહારાજ મરક-મરક હસતા જાય. તે જોઈને પ્રેમાંનદસ્વામીને એમ થયું જે, 'આપણું ગાવણું જોઈને હસ્યા.' પછી સિદ્ધાનંદસ્વામીએ હાથ જોડીને મહારાજને ઘણી વિનંતી કરી જે, "મહારાજ, હવે આવો સંકલ્પ કોઈ દિવસ નહિ કરું; માટે તમારી જે મૂર્તિ દેખાતી (હતી) તે દેખાઓ."

ત્યારે મહારાજની મૂર્તિ દેખાણી; એટલે અકળાતા ને મૂંઝાતા આળસ્યા. ત્યારે મહારાજે સ્વામીને બોલાવીને કહ્યું જે, "કેમ થયા ?" ત્યારે સિદ્ધાનંદસ્વામીએ કહ્યું જે, "પ્રેમાનંદસ્વામી કીર્તન બોલ્યા તે સાંભળીને મને સંકલ્પ થયો જે, 'એ મૂર્તિ ભગવાન કેવા હશે ?' ત્યારે શ્યામ મૂર્તિ દેખાણી ને તમારી મૂર્તિ દેખાતી તે આળસી ગઈ એટલે હું બહુ મૂંઝાણો." ત્યારે મહારાજે સૌ સભાને કહ્યું જે, **"ઉપાસક તો આવા હોય..!"** એટલે સૌ સભામાં હતા તે સાંભળીને આશ્ચર્ય પામી ગયા.

तारेमहाराजेकयुंजेपोतानाईष्टदेववीनासरवअवतारनीमुरति
देषायतोयअकलायनेमुंझायअनेज्यारेपोतानाईष्टदेवनीमुर्त्तिदेषायतारे
शांतीथायनेराजीथायएखराउपासकनोधर्मछे

ત્યારે મહારાજે કહ્યું જે, **"પોતાના ઈષ્ટદેવ વિના સર્વ અવતારની મૂર્તિ દેખાય તોય અકળાય ને મૂંઝાય અને જ્યારે પોતાના ઈષ્ટદેવની**

૧.કામળી, શાલ ૨.પગની આંટી મારેલા

મૂર્તિ દેખાય ત્યારે શાંતિ થાય ને રાજી થાય – એ ખરા ઉપાસકનો ધર્મ છે." ॥ મહારાજની લીલા ॥૬૧॥

૬૨. મોટીબા તથા લાડુબાનો ભક્તિભાવ

એક સમયે મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે મહારાજ બાઈઓ ઉપર બહુ કચવાણા ને કહ્યું જે, "બાઈઓ જેવું કોઈ ભૂંડું નહિ; ને અતિ ગોબરિયું ને હવેથી તે અમારે દર્શને પણ આવે નહિ ને હવેથી અમ સારુ થાળ પણ કરે નહિ." એમ તિરસ્કાર કરી ઘણા વઢ્યા ને પછી મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા. ત્યારે મહારાજને શરીરે કસર જેવું એટલે બહિર્ભૂમિ જવું પડે ત્યારે હાથ ધોઈને મહારાજ કોગળા કરી ચરણારવિંદ ધોઈને ઢોલિયે બેસી સગડીએ તાપે.

ને રાત પડી ત્યારે રાત્રીમાં પણ બહિર્ભૂમિ જવું પડે, તે પોરી ભરીને મહારાજ પાસે પાળા વારા-ફેરો જાગે. તે રાત્રીના બાર વાગ્યા. પછી નાજા જોગિયાનો જાગવાનો વારો આવ્યો. ત્યારે મહારાજ બહિર્ભૂમિ જઈને આવ્યા એટલે નાજે જોગિયે મહારાજના હાથ ધોવરાવ્યા. પછી ચરણારવિંદ ધોયાં. ત્યાર પછી કોરો રૂમાલ મહારાજને આપ્યો. તે હસ્ત કોરા કરી ચરણારવિંદ નાજે જોગિયે લૂગડા વતી લોયાં.

❁ આજ્ઞા પાળવામાં બેદરકારીથી કુરાજીપો :

પછી ઢોલિયા ઉપર બિરાજ્યા ને મહારાજે કહ્યું જે, "નાજા, સગડી લાવ તાપવું છે." ત્યારે નાજેભક્તે મહારાજ આગળ સગડી મૂકી. ત્યારે મહારાજ લાંબા હસ્ત કરી તાપ્યા, ને ત્યાર પછી ચરણારવિંદ સગડી સામાં રાખીને તાપ્યાં. ત્યારે નાજા જોગિયાને કહ્યું જે, "ખબડદાર થઈને જાગજ્યો ને અમે સૂઈ જઈએ છીએ." એમ કહીને મહારાજ પોઢી ગયા.

ત્યારે નાજો જોગિયો ભીંતે ઓઠીંગણ દઈને બેઠા ને ઘડી જાગ્યા;

ત્યાં નાજા જોગિયાને ઊંઘ આવી ગઈ. ને મહારાજ ત્રણ રજાયું ઓઢીને પોઢ્યા હતા. તે મહારાજે ઊંઘમાં પડખું ફેરવ્યું એટલે ત્રણ રજાયુંનો છેડો અકેકો સગડીમાં પડ્યો. તે છેડા થોડા થોડા બળી ગયા, ત્યાં મહારાજ જાગ્યા ને છેડા ઓલાવી નાખ્યા. તે નાજા જોગિયાને જગાડીને કહ્યું જે, "મેં તમને ખબડદાર થઈને જાગવાની ઘણી ભલામણ કરી હતી પણ જાગ્યો નહિ, ને આ રજાયું રૂપૈયા સાઠ-પાંસઠવાળી બળી ગયું. અને દરબારમાં ડોસીઓને વઢીને તેની સાથે વેર કર્યું છે અને વળી તેની રજાયું બાળી દીધી, તે હવે આપણે કેમ કરશું ?"

ત્યારે નાજા જોગિયે કહ્યું જે, "મહારાજ, તમારા નામ ઉપરથી ઘોળી. રજાઇયું બળી ગઈ તો, વળી બીજી કરશું; પણ મહારાજ, તમે કુરાજી થાઓ મા." ત્યારે મહારાજે તેને કહ્યું જે, "જેની રજાઇયું હશે તેને હૈયે ધ્રાસકો થશે; પણ તારે શું નાગાને !" એમ કહીને મહારાજ બહુ ઉદાસી થયા ને બોલ્યા જે, "હવે અહીંયાં રહેવા નહિ." ત્યારે નાજે જોગિયે મહારાજને હાથ જોડી બહુ વિનંતી કરી, પણ માન્યું નહિ ને કહ્યું જે, "ચાલ્ય, મારી સાથે તારે આવવું હોય તો, નીકર અમે એકલા જઈશું." ત્યારે નાજે જોગિયે મહારાજને કહ્યું જે, "મહારાજ, તમે કહો તો રજાઇયું બાબત ડોસિયુંને કહી આવું. ને તે સાંભળીને જો કુરાજી થાય તો આપણે ચાલીએ, ને જો રાજી થાય ને કાંઈ બોલે નહિ તો આપણે અહીંયાં રહીએ."

ત્યારે મહારાજ બોલ્યા જે, "ગઈ કાલે તે ડોસિયું સાથે વઢીને વેર કર્યું છે અને આજ રાતે તેની રજાઇયું બાળી દીધી છે; તે રાજી તો હવે કયા પ્રકારે થાશે ? અને તું તો મૂરખ છું તે પૂછવા જાશ." ત્યારે નાજે જોગિયે કહ્યું જે, "મહારાજ, મુને જવા તો દો, જોઈએ તે ડોસિયું શું કહે છે !" ત્યારે મહારાજે કહ્યું જે, "જા ત્યારે."

પછી નાજો જોગિયો દરબારમાં ગયા, ત્યારે દરબારમાં સૌ ઉદાસી થઈને બેઠેલા. પછી નાજા જોગિયાને દીઠા એટલે સૌ અરસપરસ વાતુ કરવા મંડ્યા જે, 'કાંઈક મહારાજના સારા ખબર લાવ્યા હશે !' એમ

કહીને સર્વે બાઈઓ નાજા જોગિયાને પૂછવા લાગી જે, "મહારાજને શરીરે કેમ છે ? હવે તો સારું થયું હશે !" ત્યારે નાજે જોગિયે કહ્યું જે, "મહારાજ તમને વઢ્યા છે અને વળી રજાઈયું તમારી બાળી; એટલે ઉદાસ થઈને કહે છે જે, 'હવે અમે નહિ રહીએ,' ને ઘણા ઉદાસી થઈ ગયા છે."

ત્યારે નાજા જોગિયાને તે ડોસિયુંએ કહ્યું જે, "રજાઈયું બળી ગઈયું તો મહારાજના નામ ઉપરથી ઘોળિયું. અને અમને વઢ્યા છે તેનું અમારે કશું નથી. માટે તમે ઝટ જાઓ ને મહારાજને કહો જે, 'સર્વે ડોસિયું રાજી છે, તે મહારાજ તમે ઉદાસી થાશો મા." ત્યારે નાજો જોગિયો મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, "મહારાજ, તમે ડોસિયુંને વઢ્યા તથા રજાઈયું બળિયું તેનું પણ તે ડોસિયુંને કશું નથી ને તે ડોસિયું કહે છે જે, 'આ બધો દરબાર તમારે અર્થે કુરબાન છે, પણ મહારાજ ઉદાસ ન થાય.' એમ ડોસિયું કહે છે. અને તે ડોસિયોએ તમારાં દર્શન વિના આજ બે દા'ડાથી ખાધું નથી. ને તમારાં દર્શન વિના સૌ સૂનમૂન થઈને બેઠાં છે ને દર્શન વિના બહુ દિલગીર છે. બીજું તે ડોસિયુંને કશું નથી." ત્યારે મહારાજે નાજા જોગિયાને કહ્યું જે, "છેટેથી અમારાં દર્શન કરે, જાઓ એમ કહો."

પછી નાજે જોગિયે દરબારમાં જઈ ડોસિયુંને કહ્યું જે, "મહારાજ કહે છે જે, 'અમારાં દર્શન છેટેથી કરે." ત્યારે તે સાંભળીને સર્વે ડોસિયું બહુ રાજી થઈ. તે સમયે મહારાજ અક્ષરઓરડીની ઓસરીએ વિરાજતા હતા. એટલે ડોસિયું આંબલીના વૃક્ષ પાસે ઊભી ને ત્યાંથી મહારાજનાં દર્શન કર્યાં. એટલે દર્શન વિના જે દુઃખ હતું તે મહારાજનાં દર્શન કર્યાં એટલે દુઃખ મટી ગયું. પણ મહારાજ તો તે ડોસિયું સામુયે જુવે નહિ, ને રજાઈ બે હાથે ઊંચી કરી ને બળેલો છેડો ડોસિયું દેખે તેમ રાખીને કોરે મૂકી, ને બીજી રજાઈ બે હાથે ઊંચી કરી બળેલો છેડો ડોસિયુંને દેખાડીને એક કોરે મૂકી, ને તેમ જ ત્રીજી રજાઈ પણ ઊંચી કરી એક કોરે મૂકી.

ત્યારે તે જોઈને ડોસિયું બોલી જે, **"મહારાજ, રજાઈયું બળી ગઈ તે ઘોળી તમારા નામ ઉપર ગઈ; અને અમે તો તમારા નામ ઉપર બધો દરબાર પણ કુરબાન કરી નાંખીએ; પણ તેનો અમારે લગારે ખરખરો ન થાય. અને રજાઈયું બળી ગયું તો વળી સાંધીને પણ સારી કરીશું; પણ મહારાજ તમે રાજી રહેજો !"** એમ કહીને ડોસિયું સર્વે દરબારમાં આવિયું.

ત્યારે મહારાજે નાજા જોગિયાને કહ્યું જે, "તું દરબારમાં જા ને અમારા સારુ થાળ કરવાનું તથા દરબારમાં સૌ ભૂખ્યાં છે તેની સારુ ખાધાનું કરે; એમ ડોસિયોને કહી આવ." પછી થાળ થયો તે બ્રહ્મચારી મહારાજ પાસે લાવ્યા. ત્યારે મહારાજ અક્ષરઓરડીની ઓસરીમાં ઉત્તરાદે મુખારવિંદે જમવા બેઠા. તે મહારાજ સારી પેઠે જમ્યા. પછી બ્રહ્મચારીએ ચળું કરાવ્યું; તે જળપાન કરી, મુખવાસ જમી મહારાજ ઢોલિયે બિરાજમાન થયા. ત્યારે થાળની પ્રસાદી બ્રહ્મચારીએ દરબારમાં આપી એટલે સૌ જમ્યા. ॥ મહારાજની લીલા ॥૬૨॥

૬૩. ઈચ્છારામભાઈનો પરિવાર કોમળ છે

એક સમયે મહારાજ ઉગમણે બારના ઓરડાની ઓસરીએ ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને પડખે રામપ્રતાપભાઈ બેઠા હતા અને ઢોલિયાની આગળ રઘુવીરજી મહારાજ બેઠા હતા તથા અયોધ્યાપ્રસાદજી મહારાજ બેઠા હતા. અને બદરિનાથજી ફળિયામાં રમતા હતા તથા જમના પણ ફળિયામાં રમતાં હતાં, ને લક્ષ્મીબાગેથી હરજીભાઈ મહારાજને દર્શને આવ્યા. તે મહારાજને હાર પે'રાવ્યો ને એક હાર રામપ્રતાપજીભાઈને પહેરાવ્યો તથા અકેકો હાર રઘુવીરજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજીને પહેરાવ્યો.

પછી મહારાજે પોતાની કોટમાંથી હાર કાઢીને ઊંચો કર્યો. પછી બેય જણાં રમતાં હતાં તેમને બોલાવીને કહ્યું જે, 'હાર લ્યો.' પછી બેય જણાં મહારાજ પાસે આવ્યાં. ત્યારે મહારાજે હિંદુસ્તાની ભાષામાં હાકલ

મારી એટલે બેય નાસી ગયાં. ફરીને વળી તે જ પ્રમાણે બોલાવ્યાં ને વળી હાકલ મારી ત્યારે બેય નાસી ગયાં. પછી ત્રીજીવાર બોલાવ્યાં કે, 'લ્યો, હાર.' ત્યારે જમુનાએ ચોકમાંથી એમ કહ્યું જે, "હું તો મારા દાદાનો હાર લઈશ, તમારો હાર જોતો નથી."

પછી બદરિનાથજી રમતા હતા, તે તેમને બોલાવ્યા. તે તો આવ્યા ને વળી મહારાજે હાંકલ મારી તે નાસી ગયા. એવી રીતે પાંચ ફેરો બદરિનાથને હાકલ મારી તે નાસી ગયા. ને પછી એમ કરતાં કરતાં છઠી ફેરો બદરિનાથજીને મહારાજે હાર આપ્યો ને તેની ઉપર મહારાજ અતિ રાજી થયા; તેવા જમના ઉપર રાજી ન થયા. અને મહારાજ બોલ્યા જે, "ઈચ્છારામભાઈનો પરિવાર છે તે કોમળ સ્વભાવવાળો છે અને રામપ્રતાપજીભાઈનો પરિવાર છે તે જરા આકરા સ્વભાવવાળો છે. કેમ જે, એ સંકર્ષણનું કુળ છે." ॥ મહારાજની લીલા ॥૬૩॥

૬૪. મૂળજી બ્રહ્મચારીની અદ્‌ભુત આત્મીયતા

એક સમયે મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને મુક્તાનંદ સ્વામી આદિક સર્વે સાધુ ઢોલિયા પાસે બેઠા હતા. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "અમારી કોઈ ખબર રાખતા નથી. કેમ જે, અમારે પાણી પીવું હોય, કોઈક સમયે અમારે કાંઈક જોઈતું હોય..." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ, બ્રહ્મચારી તમારી સેવામાં છે, તે ખબર નથી રાખતા ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "બ્રહ્મચારી તો અયોધ્યાવાસીમાં રોકાણા છે, તે અમારી પાસે આવતાયે નથી." તેવા સમામાં મહારાજને જળપાન કરવું હતું. તે કોઈક માણસે જઈ બ્રહ્મચારીને ખબર કરી.

ત્યારે બ્રહ્મચારીએ સુંદર જળ લોટામાં ભરી, તે લોટા ઉપર **કળસલી**[1] મેલી, તે ઉપર જળ-ગરણું ઢાંકીને એક હાથમાં બ્રહ્મચારીએ

૧.લોટી

લોટો લીધો અને એક હાથે બદરિનાથજીને તેડીને કેડે બેસાર્યા અને બ્રહ્મચારી ચાલ્યા. તે આગળ રઘુવીરજી મહારાજ તથા સીતારામજી મહારાજ તથા વૃંદાવનજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજ ચાલ્યા. એ રીતે બ્રહ્મચારી મહારાજને પાણી પાવા આવતા હતા. તે જોઈને મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, તમે કહો છો એ પ્રકારે જ બ્રહ્મચારી અયોધ્યાવાસીમાં ગૂંથાણા છે."

ત્યાં બ્રહ્મચારી આવ્યા, તે કેડમાંથી બદરિનાથજીને હેઠળ ઉતારીને મહારાજને જળપાન કરાવ્યું. ત્યારે મુક્તાનંદસ્વામીએ બ્રહ્મચારીને કહ્યું જે, "તમે મહારાજની પાસે કેમ રહેતા નથી ? અને જ્યાં-ત્યાં ગૂંચાઈ રહો છો ? કેમ જે, કોઈક સમયે મહારાજને કાંઈક જોતું-કરતું હોય, પાણી પીવું હોય, નાવું હોય; ત્યારે તમારે મહારાજની પાસે રહેવું જોઈએ. અને તમે તો મહારાજની ખબર પણ રાખતા નથી !" એ રીતે મુક્તાનંદસ્વામીએ બ્રહ્મચારીને ઘણો ઠબકો દીધો.

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "સ્વામી, તમે મને ઠબકો દિયો છો, પણ અયોધ્યાવાસીની ખબર કોણ રાખે ? એમને આપણા દેશની ભાષા ન આવડે, આ દેશની રીત ન જાણે અને આ દેશમાં એને ઓળખાણ નહીં. અને તેને કાંઈ જોઈતું-કારવતું હોય ત્યારે તે કેમ કરે ? અને તેની ખબર પણ કોણ રાખે ? વાસ્તે એ અયોધ્યાવાસીની ખબર રાખતાં હું મહારાજની પાસે રહીશ; પણ તે અયોધ્યાવાસીની ખબર તો રાખવી પડે જ. અને મહારાજને કાંઈ જોઈતું-કારવતું હોય તો એમને તો ઘણા લાવી દેવાવાળા છે; પણ આ અયોધ્યાવાસીને કોણ લાવી દે ? માટે અયોધ્યાવાસીની ખબર રાખતાં મહારાજની ખબર રખાશે તો રાખીશ." એમ કહીને બદરિનાથજીને કેડે તેડ્યા અને અયોધ્યાપ્રસાદજી મહારાજ આદિને તેડીને બ્રહ્મચારી અયોધ્યાવાસીને ઉતારે ગયા.

ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી, બ્રહ્મચારી બહુ ડાહ્યા છે." ત્યારે મુક્તાનંદસ્વામીએ જાણ્યું જે, 'મહારાજનો બ્રહ્મચારી ઉપર બહુ રાજીપો છે. તે શા સારુ ? તો બ્રહ્મચારી અયોધ્યાવાસીની

ખબર રાખે છે; માટે રાજીપો છે.' એમ જાણીને તે વાતની પુષ્ટિ કરી ને મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "આ સભા સૌ અયોધ્યાવાસીની ખબર રાખજ્યો." અને દરબારમાં બાઈઓને પણ કહેવરાવ્યું જે, 'અયોધ્યાવાસીની સૌ ખબર રાખજ્યો.' ત્યાર પછી સર્વે અયોધ્યાવાસીની ખબર રાખવા મંડ્યાં. ॥ મહારાજની લીલા ॥૬૪॥

૬૫. મુક્તાનંદસ્વામી દિલગીર થયા

એક સમયે મહારાજ પાંચુબાવાળા ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ઢોલિયો ઢળાવીને ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને મુક્તાનંદસ્વામી મહારાજના ઢોલિયા આગળ બેઠા હતા. ત્યારે મહારાજને સ્વધામમાં જવાનો સંકલ્પ, તેને લીધે મહારાજ શરીરે જરા માંદા; તે જોઈને મુક્તાનંદસ્વામી બહુ દિલગીર થઈ ગયા ને સ્વામીને આંખોમાંથી પાણી પડવા મંડ્યાં.

તે જોઈને મહારાજે કહ્યું જે, "સ્વામી, આવડા દિલગીર કેમ થયા ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "મંદિર બધાં અધૂરાં છે ને આચારજ પણ નાના છે. અને ઉદ્ધવી સંપ્રદાયની પ્રસિદ્ધિ તથા પ્રતિષ્ઠા પણ થઈ નથી અને મહારાજ, તમે સ્વધામમાં જવાનો મનસૂબો કર્યો. તે જોઈને અંતઃકરણમાં બહુ ચિંતા થઈ ને દુઃખ થયું તેથી આંખમાં જરા પાણી આવી ગયાં. અને મહારાજ, આ જગતમાં મતપંથીનો બહુ ઉપાડો તથા ઉપાધિ અને બીજા સંપ્રદાયવાળાની પણ ઘણી ઉપાધિ (છે). કેમ જે, તે મતપંથના સંપ્રદાયવાળાના શિષ્ય પણ બહુ ધનાઢ્ય એટલે તેના આચારજને અર્થે લાખો રૂપૈયા ખર્ચી નાંખે એવા જબરા ગૃહસ્થ અને આપણામાં કોઈ એવા ધનાઢ્ય ન મળે; એટલે આપણા ઉદ્ધવ સંપ્રદાયનો પરાભવ કરે - એ ફીકરને લીધે મને બહુ દિલગીરી છે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી, તમે લગારેય પણ ફીકર-ચિંતા રાખશો મા. અને મતપંથ બધો એની મેળે ભૂંસાઈ જશે અને

બીજા સંપ્રદાયવાળા પણ પ્રતિષ્ઠાહીન થઈ જશે; અને તેના સેવકો પણ આબરૂહીન અને પૈસાએ રહિત થઈને એની મેળે ધૂળમાં મળીને ખુવાર થઈ જશે; અને તેના આચારજ પણ ખરાબ થઈ જશે. અને આ આચારજ તો બે ઉદ્ધવી સંપ્રદાયના રહેશે અને ઉદ્ધવી સંપ્રદાયની જે પુષ્ટિ કરશે તે આબરૂ વિનાનો હશે તો તે આબરૂવાળો થશે; અને ઉદ્ધવી સંપ્રદાયનો જે દ્વેષ કરશે તે આબરૂવાળો હશે તોપણ આબરૂહીન થઈ જશે. અને શિખરબંધ મંદિર જે આપણાં અધૂરાં છે તે પૂરાં થશે અને બીજાં નાનાં મંદિર તો ગામોગામ થશે. અને ભજન પણ સ્વામિનારાયણનું આખા બ્રહ્માંડમાં થશે. અને નાડીપ્રાણ કેના હાથમાં છે ? માટે સ્વામી, તમે કાંઈ દિલગીર ન થાશો ને લગારેય ચિંતા રાખશો મા." એ રીતે મહારાજે બહુ વાત કરી. તે સાંભળીને સૌ રાજી થયા.

॥ મહારાજની લીલા ॥૬૫॥

૬૬. સારંગપુરના પૂજાભક્તને ચમત્કાર દેખાડ્યો

એક સમે મહારાજ આથમણા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને વિરાજમાન હતા. તે સમે થાળ થયો એટલે બ્રહ્મચારી મહારાજને જમવા બોલાવા આવ્યા. તે મહારાજ રઘુવીરજી મહારાજને ઘરે જમવા પધાર્યા. તે થાળ જમીને મહારાજ મુખવાસ જમતાં જમતાં અક્ષરઓરડીએ પધાર્યા. તે અક્ષરઓરડીને વિષે ઢોલિયા ઉપર તકિયાનું ઉઠીંગણ કરીને મહારાજ બેઠા. ત્યારે સાધુ સર્વે તથા હરિભક્ત સર્વેને મહારાજ વાત કરવા મંડ્યા, ત્યાં રઘુવીરજી મહારાજ આવ્યા. ત્યારે મહારાજે રઘુવીરજી મહારાજને પૂછ્યું જે, "તમે જમ્યા ?" ત્યારે રઘુવીરજી મહારાજ કહે જે, "મહારાજ, હું જમ્યો." ત્યારે મહારાજની સેવામાં લાખોભક્ત હતા તેણે કહ્યું જે, "હવે સર્વે સભા ઊઠો, મહારાજને પોઢવું છે." એટલે સૌ ઊઠ્યા.

ત્યારે મહારાજે રઘુવીરજી મહારાજને કહ્યું જે, "તમે બેસી રહો." અને લાખાભક્તને મહારાજે કહ્યું જે, "તું બારણે જા." એટલે તે

લાખોભક્ત ગયા. પછી રઘુવીરજી મહારાજ થોડીવાર મહારાજ પાસે બેઠા. ત્યારે મહારાજે રઘુવીરજી મહારાજને કાંઈક વાત કરી. ત્યારે રઘુવીરજી મહારાજ હસ્યા એટલે મહારાજ પણ જરા મરક્યા. પછી થોડીવારે રઘુવીરજી મહારાજ બેસીને પગ ચાંપવા મંડ્યા. ને રઘુવીરજી મહારાજે લાખાભક્તને સાદ કરીને બોલાવ્યા.

ત્યારે લાખાભક્તે આવીને ઢોલિયા ઉપરથી તકિયો લઈ લીધો અને ઓસીકું મેલ્યું; ત્યારે ઓસીકા ઉપર મહારાજ મસ્તક મેલીને પોઢ્યા. અને ચરણારવિંદ ઉઘાડાં, તે આથમણી તરફથી ઓરડીનાં કમાડ ઉઘાડાં એટલે દર્શન થાય.

તે સમે આથમણા બારણામાં સારંગપુરના પૂજોભગત બેઠા હતા. તે પૂજાભક્તે મહારાજનાં ચરણારવિંદ સામું જોયું, ત્યારે પૂજાભગતને મનસૂબો થયો જે, 'મહારાજનાં ચરણારવિંદમાં ચિહ્ન અને ઊર્ધ્વરેખાઓ કેવી હશે ?' એમ કરીને મહારાજના ઢોલિયા પાસે જઈને પૂજોભગત મહારાજનાં ચરણારવિંદમાં જોવા મંડ્યા. ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "શું જુવો છો ?" ત્યારે પૂજોભગત કહે, "ગરીબ ઉપર દયા કરી બોલશો નહીં." પછી રઘુવીરજી મહારાજ મૌન રહ્યા. ત્યારે ઊર્ધ્વરેખાએ સહિત સોળે ચિહ્ન દેખાણાં. તે ઊર્ધ્વરેખાએ સહિત સોળે ચિહ્ન સારી પેઠે પૂજાભક્તે નીરખ્યાં; ત્યાં ઊર્ધ્વરેખામાંથી અને સોળ ચિહ્નમાંથી તેજનો મહાસુખદાયક સમૂહ દેખાણો. તે એક ઘડી સુધી દેખાણો. પછી તે બધું તેજ ચરણારવિંદની ઊર્ધ્વરેખામાં તથા સોળ ચિહ્નમાં સમાઈ ગયું.

ત્યારે મહારાજ પોઢ્યા હતા, તે જાગીને બેઠા થયા ને પૂજાભગતને કહ્યું જે, "તુંને કાંઈ દેખાણું ?" ત્યારે પૂજાભગતે કહ્યું જે, "મહારાજ, તમારાં ચરણારવિંદ નીરખતાં તેજ દેખાણું." એટલે મહારાજે કહ્યું જે, "આવું તેજ તુંને કોઈ દહાડો દેખાય છે ?" ત્યારે તેણે કહ્યું જે, "ના મહારાજ, આવું કોઈ દહાડો મને દેખાણું નથી." અને પૂજાભગતે મહારાજને હાથ જોડી કહ્યું જે, "મહારાજ, તમને એક વાત પૂછવી

છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, ‘પૂછ.’ એટલે પૂજોભગત બોલ્યા જે, “મહારાજ, અક્ષરધામને વિષે ભગવાનનું સ્વરૂપ કેવું હશે ?”

ત્યારે મહારાજે કહ્યું જે, “બ્રહ્માના બાપ વૈરાજપુરુષ તેને પણ એ ભગવાનના સ્વરૂપનું દર્શન નથી. અને વૈરાટના બાપ મહત્તત્ત્વ તેને પણ ભગવાનના સ્વરૂપનું દર્શન નથી. અને મહત્તત્ત્વના બાપ પ્રધાનપુરુષ અને પ્રધાનપુરુષના બાપ મૂળપુરુષ તેને પણ એ ભગવાનનું દર્શન ક્યારેક થાય ને ક્યારેક ન થાય. અને ભગવાનના સ્વરૂપનું દર્શન તો અક્ષરના મુક્તને નિરંતર છે. અને તારે એ ભગવાનનું દર્શન છે.” તે સાંભળીને પૂજાભગતને અતિ આશ્ચર્ય થયું ને રાજી થયા.

ત્યારે એના ઉપર મહારાજે વાત કરી જે, **“સુખમાત્ર ભગવાનની મૂર્તિને વિષે રહ્યું છે અને દુઃખમાત્ર છે તે પંચવિષયમાં રહ્યું છે.”** એમ કહીને મહારાજે તે ભક્ત સામું જોયું. એટલે તેના અંતકરણમાં વિષયની વાસના હતી તે બળી ગઈ. ત્યારે તેણે બાર વર્ષ ઘરમાં રહીને બ્રહ્મચર્યવ્રત પાળ્યું. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, “તમે સંસારમાં શા સારુ રહ્યા છો ? ત્યાગી થાઓને !” ત્યારે પૂજાભગતે કહ્યું જે, “સ્વામી, મારી પ્રકૃતિ આકરી છે તે ત્યાગીમાં કોણ જાણે પાર પડે કે ન પડે !” ત્યારે સ્વામીએ કહ્યું કે, “પાર પડશે.” એટલે ઘરની ઘરવખરી જે હતી તે લઈ આવીને ત્યાગી થયા અને સંત્સગમાં રહીને ગઢપુરમાં રહીને દેહ મેલ્યો. ॥ મહારાજની લીલા ॥૬૬॥

૬૭. આપણા સત્સંગમાં મોટેરા કોને કરવા ?

એક સમે મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. અને પોતાના મુખારવિંદની આગળ સરવે સાધુ તથા દેશદેશના હરિભક્તની તથા બાઈયુંની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “આખા સત્સંગની સોંપણી કરીને મોટેરા કોને કરવા ?” તેવો મનસૂબો મહારાજ સૌને વરસ-દોઢવરસથી સંભળાવતા અને આજ પણ એ પ્રસંગ કાઢ્યો જે,

"મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી આદિ સાધુ તથા દાદો ખાચર તથા સોમલો ખાચર તથા ઝીણોભાઈ આદિ હરિભક્ત તથા મોટીબા, લાડુબા આદિ સર્વે બાઈયું એ સર્વે વિચારો જે, 'આપણા સત્સંગમાં કોને મોટેરા કરવા ?" ત્યારે સર્વે સાધુ તથા હરિજન આદિ હાથ જોડીને બોલ્યાં જે, "મહારાજ, જેમ તમારો રાજીપો. ને તમે કહો તેને મોટેરા કરીએ." એમ સૌએ કહ્યું. ત્યારે મુક્તાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "મહારાજ, મને સંકલ્પ છે તે તમે કહો તો કહું." ત્યારે મહારાજે કહ્યું જે, "કહો, સૌ સાંભળે તેમ."

પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, તમારા કુળનું કોઈક હોય તેને સત્સંગની સોંપણી કરીએ તો સારું." ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી, અમારે સારુ આ બધા સાધુએ દુઃખ વેઠ્યાં; અને ભૂખ-તરસ, માન-અપમાન, સુખ-દુઃખ, શીત-ઉષ્ણ અને ગામોગામ સાધુને ધૂડ્ય નાખે, ગાળો ભાંડે ને ગામમાંથી કાઢી મેલે – એવાં અનંત દુઃખ અમારે અર્થે સહન કર્યાં. અને આવાં દુઃખ વેઠીને અમારા સ્વરૂપનું જ્ઞાન પ્રર્વતાવ્યું. હવે એવા સાધુ મૂકીને મારા કુળનો કોઈક ગાદીએ બેસારું તે કાંઈ વ્યાજબી ન કહેવાય !"

એમ કહીને મહારાજ દિલગીર થઈને બોલ્યા જે, "તમે સર્વે વિચારો અને તમે કહો તે સાધુને મોટેરા કરીએ." ત્યારે કોઈ બોલ્યા નહીં. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, તમે કહો છો તે તો ઠીક જ છે; પણ મને તો એમ જણાય છે જે, તમારા કુળના હોય તેને સત્સંગની સોંપણી કરો તો સારું." પછી મુક્તાનંદસ્વામી સામું જોઈને મહારાજે કહ્યું જે, "સિંહની **બઢમાંથી**[૧] સિંહ જ નીકળે." ત્યારે મુક્તાનંદસ્વામી બહુ રાજી થયા ને મહારાજની મરજી જાણી જે, 'ધર્મકુળ છે એ જ સત્સંગનું ઊંડું મૂળ છે; માટે ધર્મકુળમાંથી કોઈને ગાદીએ બેસાડીએ.' એમ સ્વામી સંકલ્પ કરીને ધરમકુળને તેડાવવાનો આગ્રહ કરતા હતા. ॥ મહારાજની લીલા ॥૬૭॥

૧.બખોલ કે ગુફામાંથી

૬૮. કથામાં ઊંઘ આવવાનું કારણ

એક સમે (મહારાજ) પાંચુબાવાળા ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદ આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને પ્રાગજી દવે કથા કરતા હતા. ત્યારે **ગરઢેરા**[1] સૌને તો ઘોડા ફેરવવા, ઘોડા દોડાવવા એ સારું લાગે પણ કથામાં બેસવું ને સાંભળવું તે સારું ન લાગે; એટલે સૌ કથાનો પ્રારંભ થાય તે ઊંઘવા મંડે. ત્યારે મહારાજે કહ્યું જે, **"બધા ઊંઘો મા ને ખટક રાખીને કથા સાંભળો."** ત્યારે તેઓ સૌએ હાથ જોડી મહારાજને કહ્યું જે, "ભણું પોથી છોડે છે ને તેમાંથી ઊંઘ નીકળતી સે, તે ભણું બધાનાં માથાં દબાઉં દેતી સે; અને કથા કંઈ પણ સાંભળવા દેતી નથી અને ભણું બીજાં કામ અમે કરતા સીએ તારે ઊંઘ નથી આવતી અને કથામાં બેસીએ ત્યારે પોથીમાંથી જ ઊંઘ નીકળી વળગતી સે !"

ત્યારે મહારાજે વાત કરી જે, "જીવને રજોગુણ, તમોગુણ, કામ-ક્રોધાદિકે કરીને તથા જગતની અનેક ક્રિયાએ કરીને અંતઃકરણ **વા**[2] જીવમાં દુઃખ થયું હોય, તે કથા સાંભળવા બેસે એટલે જે દુઃખ હોય તથા વિક્ષેપ જીવમાં હોય તેની નિવૃત્તિ પામે; એટલે જીવ શાંત થાય ત્યારે ઊંઘ આવવા મંડે."

ત્યાં મહારાજે દૃષ્ટાંત દીધું જે, "કોઈ સારા માણસ ઉત્તમ વર્ણના બેઠા હોય ત્યાં નીચ જાતિના માણસ જે **ઝાંપડા**[3] તે આવી શકે નહિ. તેમ કથા સાંભળવા જીવ બેસે એટલે વિકારમાત્ર દૂર ભાગી જાય અને જીવ સુખિયો થાય; એટલે ઊંઘ આવવા માંડે, પણ પોથીમાંથી ઊંઘ નીકળે નહીં. માટે ખબડદાર થઈને સૌ જાગજો." ત્યારે તેઓએ કહ્યું જે, "મહારાજ, હવે ઊંઘ નહિ આવવા દઈએ.

॥ મહારાજની લીલા ॥૬૮॥

૧.કાઠીઓમાં આગેવાન વૃદ્ધો ૨.અથવા ૩.દલિત

૬૯. અમારે સમજણરૂપી સમાધિ કરાવવી છે

એક સમે મહારાજ સુખ સજ્યામાં પોઢ્યા હતા. તે જાગ્યા ને મુખારવિંદ ધોઈને જલપાન કર્યું. પછી ચાખડીએ ચઢીને ઉગમણા બારના ઓરડે પધાર્યા. તે ઓરડાની ઓસરીમાં ઢોલિયો ઢળાવીને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તેમની આગળ મહારાજે વાતુ કરી ને પછી દાદા ખાચરને મહારાજે કહ્યું જે, “ઘોડા ઉપર સામાન માંડી તૈયાર કરો, લક્ષ્મીબાગે જવું છે.”

ત્યારે માણકી ઘોડી ઉપર સામાન માંડીને મહારાજ આગળ લાવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “સોમલો ખાચર, અલૈયો ખાચર, માતરો ધાધલ, વસ્તો ખાચર, મોકો ખાચર અને દાદો ખાચર તમે પણ સાબદા થાઓ.” એટલે સૌ ઘોડીએ ચડીને આવ્યા. ત્યારે મહારાજ માણકી ઘોડી પર સવાર થયા; એટલે સર્વે સાધુ તથા હરિભક્ત ચાલ્યા. તે મહારાજ લક્ષ્મીબાગે પધાર્યા. ને ત્યાં હાલમાં જ્યાં બેઠક છે ત્યાં મહારાજ સભા કરીને ઓટા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા.

ત્યારે સમાધિનો પ્રસંગ નીકળ્યો. તે સંત સૌ વાતુ કરવા મંડ્યા જે, લોજ, માંગરોળ ત્યાં મહારાજ બહુ જીવને સમાધિ કરાવતા ને હવે કરાવતા નથી. ત્યારે ગરઢેરા બોલ્યા જે, “તમારે સૌને સમાધિ જોવી હોય તો હમણાં પણ મહારાજ સમાધિ કરાવે.” ત્યારે કોઈક બોલ્યા જે, “મારે સમાધિ જોવી છે.” ત્યારે સોમલા ખાચરે મહારાજને કહ્યું જે, “આ ભક્તને સમાધિ જોવી છે; માટે એમને સમાધિ દેખાડો.” એટલે તે ઓટાથી દક્ષણાદી તરફ ઘણાંએક કબૂતર ચરતાં હતાં. તે સામું મહારાજે જોઈને ચપટી વજાડી એટલે તે કબૂતરોને સમાધિ થઈ ગઈ; એટલે કબૂતર ઊંધાં-ચિતાં થઈ પડ્યાં. ત્યારે તે સમાધિ જોનારાને મહારાજે કહ્યું જે, “તે પક્ષીની નજર રાખો; નહિ તો તે કબૂતરાંને

કાગડા, કૂતરાં, સમળાં આવશે તો ઉપાડી જશે; તો તમને પાપ લાગશે.” ને કહ્યું જે, “બધાં કબૂતરને એક ઠેકાણે ભેળાં કરો.”

પછી તેણે હાથમાં ઝાલી-ઝાલીને ઢગલો કર્યો. ત્યારે મહારાજે કહ્યું જે, “તેના ઉપર કાંઈક લૂગડું ઢાંકીને ત્યાંને ત્યાં બેસો; અને જો ખબર નહિ રાખો તો જરૂર કોઈક જાનવર ઉપાડી જશે ને તમને પાપ લાગશે; માટે સાવચેત રહેજો.” એમ કહીને મહારાજ સભામાં સર્વે સાધુ તથા હરિજન સર્વેને વાતુ કરવા મંડ્યા. ત્યારે વાડીવાળા ભગતે એક સુંદર મોટો ને સુગંધીમાન પુષ્પનો હાર લાવી મહારાજને પહેરાવ્યો. તે સમે મહારાજે બહુ સારી વાત કરી એટલે સૌ હસ્યા. ત્યારે મહારાજ પણ મંદમંદ હસતા હતા.

ત્યારે પેલા જે સમાધિ જોનાર કબૂતરની ખબર રાખીને ઊભા હતા, તેને મનમાં દાઝ થઈ જે, ‘મહારાજ કેવી રૂડી વાતુ કરે છે અને લીલા કરે છે ! એનું સુખ તો મુને આવતું નથી. કારણ કે, હું વળી આ પાપની ખબર રાખવા સારુ છેટે ઊભો છું, તે પૂરી વાત પણ સમજાતી નથી.’ એમ અકળાઈને મહારાજને હાથ જોડી બોલ્યો જે, “કૃપાનાથ ! હવે મારે સમાધિ જોવી નથી. અને આ કબૂતર સામી દૃષ્ટિ કરો એટલે સૌ ઊડી જાય તો હું તમારી પાસે આવીને વાતુ સાંભળું.”

ત્યારે મહારાજે કહ્યું જે, “તેના ઉપર લૂગડું ઢાંક્યું છે, તે લઈ લ્યો.” ત્યારે તેણે લીધું એટલે મહારાજે તે કબૂતર સામી દૃષ્ટિ કરી એટલે ફડોફડ પાંખો કરીને ઊડી ગયાં. એટલે વળી મહારાજ વાતુ કરવા મંડ્યા. તે દિવસ આથમ્યો એટલે મહારાજ દરબારમાં પધાર્યા. તે ઉગમણા બારને ઓરડે ધૂન કરીને મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે મહારાજ વાત કરવા લાગ્યા. તે વાતમાં એમ કહ્યું જે, **“સમાધિ કરાવવી તે અમારે કાંઈ કઠણ નથી, પણ તે સમાધિવાળાને સાચવવા પડે તે કઠણ; તેટલા સારુ અમે હવે સમાધિ કરાવતા નથી. અને હવે તો અમારે સમજણરૂપી સમાધિ**

કરાવવી છે." એ રીતે બહુ વાત કરી. પછી સૌ સભાને ઊઠવાની આજ્ઞા કરીને મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા.

॥ મહારાજની લીલા ॥૬૯॥

૭૦. પ્રેમાનંદસ્વામી પાંચ ભાષાનું કીર્તન બોલ્યા

જીવા ખાચરના દરબારથી ઉગમણી તરફ સાધુને રહેવાની ઓરડી હતી. ત્યાં મોટા-મોટા સાધુ રહેતા. તે એક સમયે પ્રેમાનંદસ્વામી પાંચ ભાષાનું કીર્તન કરીને બોલ્યા. તે સર્વે સાધુ રાજી થયા, પણ બ્રહ્માનંદ સ્વામીએ જરા મરમ કર્યો જે, 'તમે નવા કવિ થયા ને કાઠીની ભાષા આણી, તે અમને ક્યાંક માર ખવરાવશો.' ત્યારે પ્રેમાનંદસ્વામીએ તે કીર્તનનો ખરડો સંતાડી દીધો. પછી પ્રેમાનંદસ્વામી મહારાજની પૂજા કરવા સારુ મળિયાગર ચંદનનો કટોરો તથા કેસર ચંદનનો કટોરો એ બે કટોરા લઈને પ્રેમાનંદસ્વામી દાદા ખાચરના દરબારમાં આવ્યા. ને ચોકીમાં કરીમભાઈ હતા, તેને પ્રેમાનંદ સ્વામીએ પૂછ્યું જે, "મારે મહારાજની પૂજા કરવી છે; તો તમે મહારાજને કહો." ત્યારે કરીમભાઈએ કહ્યું જે, "સ્વામી, તમે આ લીંબડા તળે ઊભા રહો, હું મહારાજને પૂછી આવું." ત્યારે કરીમભાઈએ મહારાજને પૂછ્યું જે, "મહારાજ, પ્રેમાનંદ સ્વામીને પૂજા કરવી છે. તે તમારી મરજી હોય તો આવે."

ત્યારે મહારાજે કહ્યું જે, "આવવા દિયો." તે સમયે (મહારાજ) રાજબાઈના ઓરડામાં ઉત્તરાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા. અને ઢોલિયા પછવાડે લાડુબા, મોટીબા આદિ બાઈઓ બેઠાં હતાં. અને **મુકુંદબ્રહ્મચારી** તથા **દેવકરશન**(દેવકૃષ્ણ) તથા **બેચર** વઢવાણના બ્રાહ્મણ બેઠા હતા. ત્યાં પ્રેમાનંદસ્વામી મહારાજની પૂજા કરવા આવ્યા. તે મહારાજને લલાટને વિષે કેસરચંદનની ખજૂરી પાડીને અર્ચા કરી. પછી છાતીએ તથા બે ભુજાએ તથા ઉદર સુધી કેસરચંદન ચરચ્યું. અને બે પગનાં તળિયાથી પગની ઘૂંટી, પિંડી ને સાથળ પર્યંત મળિયાગર ચંદન ચરચ્યું. પછી પ્રેમાનંદસ્વામીએ મહારાજનાં ચંદન ભરેલાં ચરણારવિંદ છાતીમાં

લીધાં. અને મહારાજના નખ ઉતારવા સારુ સ્વામી એક ચાકુ પોતાની સાથે લાવેલા. ત્યારે મહારાજને નખ ઉતારવાનું સ્વામીએ પૂછ્યું. ત્યારે મહારાજ કહે, "અમારે નખ લેવા નથી. કેમ જે, હમણાં લીધા છે."

ત્યારે સ્વામીની પાસેથી ચાકુ લઈને મહારાજે પોતાના ઢોલિયા ઉપર સક્કરટેટી અને બે કેરીઓ હતી તેને લઈને સક્કરટેટીને ડગળી દીધી. તેમાંથી જરા મહારાજે મુખારવિંદમાં મેલી ને પાછી ડગળી સક્કરટેટીમાં જેમ હતી તેમ ગોઠવી દીધી. ત્યારે તે જોઈને પ્રેમાનંદ સ્વામીએ જાણ્યું જે, 'મહારાજને સક્કરટેટી જમવી છે.' એમ જાણીને ઢોલિયાથી નીચે જમીન પર સ્વામીએ લૂગડું પાથર્યું. ત્યારે તે લૂગડામાં મહારાજ સક્કરટેટી છોલીને તેની છાલ નાંખતા જાય. તેમ જ બે કેરીઓ પણ મહારાજે સુધારી ને તેનો છોલ પણ તે લૂગડામાં પડ્યો. ત્યાર પછી તે સક્કરટેટી અને બે કેરીઓ મહારાજે સુધારી. તેના ચીરિયા કરી, તેમાંથી બે-ચાર ચીરો મહારાજ જમ્યા અને બાકીની ચીરીઓ વધેલ તે બાઈઓમાં આપી દીધી.

પછી બ્રહ્મચારીએ મહારાજને કોગળા કરાવ્યા ને પછી મુખવાસ મહારાજને આપ્યો. તે સોપારીનો ભૂકો મહારાજે તે લૂગડામાં થૂ થૂ કરી મુખારવિંદમાંથી જમેલો સોપારીનો ભૂકો સ્વામીને આપ્યો. તે સ્વામીએ પોતાના લૂગડાની ગાંઠે બાંધ્યો. ત્યારે દેવકરશન તથા બેચર બોલ્યા જે, "સ્વામી, તમારે કંઠ બેસી જાય તે સારુ જમ્યા નહિ કે ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "ત્યાં મોટા મોટા સાધુને પ્રસાદી ભાગ આવે છે, તે અમને આપે છે; માટે તે સાધુને આપવા સારુ મેં મહારાજનો તંબોળ ગાંઠે બાંધ્યો છે; પણ મારો સાદ વા કંઠ બેસી ન જાય તેટલા સારુ નથી ખાધો, એમ જાણશો નહિ." ત્યારે મહારાજે જાણ્યું જે, 'આમને સાધુને વિષે હેત દેખાય છે.' એમ કહીને લાડુબાને મહારાજે કહ્યું જે, "પેલી તાંસળીમાં સોપારીના કકડા છે તે લાવો." ત્યારે લાડુબા લાવ્યાં. એટલે મહારાજે તે કકડા પોતાના મુખારવિંદમાં જરા જરા ચાવીને પ્રેમાનંદસ્વામીને આપ્યા.

ત્યારે મહારાજે સ્વામીને કહ્યું જે, “એક કીર્તન ગાઓ.” ત્યારે પ્રેમાનંદસ્વામીએ કહ્યું જે, “બહુ સારું, મહારાજ.” ત્યારે મહારાજે કહ્યું જે, “તમને સતાર વિના કીર્તન બોલતાં નહિ ફાવે.” ત્યારે સ્વામીએ કહ્યું જે, “સતાર તો ઓરડીએ છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “કોઈ સતાર લેવા જાય તેમ છે ?” ત્યારે નાજા જોગિયે કહ્યું જે, “હા મહારાજ, હું લાવું.” ત્યારે મહારાજે કહ્યું જે, “કોઈને ખબર ન પડે તેમ લાવજો.”

ત્યારે તે સતાર લઈને આવ્યા ને સ્વામીના હાથમાં સતાર આપ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, “સારી ઘૂઘરા ચાલ વજાડો.” ત્યારે સ્વામીએ ઘૂઘરા ચાલ વજાડવા માંડી. ત્યારે નાજો જોગિયો બોલ્યા જે, “ગમે તેટલી ઘૂઘરા ચાલ વજડાવો, પણ સ્વામીએ એક કીર્તન કર્યું છે તે કોઈ દહાડો સાંભળ્યું નથી ને સાંભળશું પણ નહીં.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમારું મનાય નહિ, તમે તો જૂઠા બોલા છો.” એમ બે-ત્રણવાર ઊલટાવી નાંખ્યા તોય પણ નાજો જોગિયો સ્વામીનું કીર્તન બહુ વખાણવા મંડ્યા.

ત્યારે મહારાજે સ્વામીને કહ્યું જે, “તે કીર્તન બોલો.” ત્યારે પ્રેમાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, “તે કીર્તન સાંભળીને બ્રહ્માનંદ સ્વામીએ મને ઠપકો દીધો. એટલે તે કીર્તનનો ખરડો મેં ફાડી નાંખ્યો.” ત્યારે મહારાજ ઢોલિયા ઉપર બેઠા હતા તે ઢીંચણભર થઈને સ્વામીને કહ્યું જે, “એ કીર્તન બોલો, ને તેમાં કાંઈ ભૂલ હશે તો અમે તમને કહેશું; માટે બોલો.” એમ બે-ચારવાર મહારાજે સ્વામીને કહ્યું. ત્યારે સ્વામી બોલ્યા જે –

મોહન બેન બજાઈ, ગ્રહત જીવન આઈ...ટેક૦
ગિરધર બંસી સુની કાની, તનકી સુધ બુધ સબ બિસરાની;
બરજત માતપિતા નહિ માની, ઊઠ ચલી બેગાની બેગાની...મો. ૧

તે સાંભળીને મહારાજ બોલ્યા જે, “આ તો હિંદુસ્તાની ભાષા ! વાહ ! વાહ ! બહુ સારું કીર્તન !” ત્યારે નાજો જોગિયો બોલ્યા જે,

"મહારાજ, હજુ તો આગળ કીર્તનનો મરમ આવશે." પછી બોલ્યા જે –

બોન મારા માબાપે મુને વારી, કે છે તું ક્યાં જાય છે કુંવારી ?
વન તેડી તરછોડ્યા મોરારી, શી વલે અમારી અમારી...મો. ૨

ત્યારે મહારાજે કહ્યું જે, "આ તો ગુજરાતી ભાષા !"

સૈયર કાય સાંગુમી યાતાં, કુઠે ગેલે પાહતા પાહતા;
ના જાને કુની જાતા, માંજે સંગ ગાતા સંગ ગાતા...મો. ૩[૧]

ત્યારે મહારાજ બહુ રાજી થયા અને બોલ્યા જે, 'આ તો દક્ષિણી ભાષા !'

તબ બોલી એક મરમાળી, મહારાજ વાત હાંભલો મારી;
આજ હું તો આ દિસે વનમાળી, બહુ લીની કરતાળી કરતાળી...મો. ૪

ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તો કાઠીની ભાષા ! વાહ ! વાહ !" ત્યારે નાજે જોગિયે કહ્યું જે, "કાં મહારાજ ? હું કહેતો નહિ જે કીર્તન બહુ સારું છે." ત્યારે મોટીબા તથા લાડુબા તથા રાજબાઈ આદિ બોલ્યાં જે, "આ પ્રેમાનંદસ્વામીએ તો અમને કૃતારથ કર્યાં. કેમ જે, આટલા આટલા કવિ થયા પણ ભણે અમણી બોલી તો કોઈએ નાંખી નહિ !"

પ્રભુજી મેં તો થાકી દાસી, ઠાકોર હાંસીમાં જીવ જાસી;
પ્રેમસખી કંઠ લગાસી, આઈ મિલો વનવાસી વનવાસી...મો. ૫

તે સાંભળીને મહારાજ બોલ્યા જે, "ઓ હો ! આ તો બહુ કીર્તન સરસ ! અને બ્રહ્માનંદસ્વામીએ તો અમથી કેવળ ઈર્ષા કરી." એમ કહીને પ્રેમાનંદસ્વામી ઉપર મહારાજ અતિ રાજી થયા.

ત્યારે એક બુરાનપુરી ભારે શેલું મંગાવ્યું. તે બ્રહ્મચારી લાવ્યા, ત્યારે મહારાજે સ્વામીને આપવા માંડ્યું. ત્યારે પ્રેમાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "મહારાજ, અમારે સાધુને આવું શેલું રખાય નહિ." ત્યારે મહારાજે સ્વામીને કહ્યું જે, "તમો રાખો. એકાદશીને

૧. અર્થ : હે સખી ! હું તને શું કહું ? હમણાં જ પ્રભુજી મારી સાથે ગાતા હતા અને જોતજોતામાં કોણ જાણે ક્યાં જતા રહ્યા ! (આ ભાષા હાલ મહારાષ્ટ્રમાં બોલાય છે.)

દહાડે અમારી પાસે તમારે વેશ કાઢવા થશે." તોય સ્વામીએ ના પાડી. ત્યારે મહારાજે લાડુબાને કહ્યું જે, "પેલી સુરતની પાંચ ફૂમકાવાળી જરિયાની ટોપી લાવો." ત્યારે તે લાવ્યાં. તે જોઈને મહારાજ બોલ્યા જે, "સ્વામી, લ્યો." ત્યારે પ્રેમાનંદસ્વામીએ ના કહી, તોપણ મહારાજે આપવા માંડી.

ત્યારે મૂળજી બ્રહ્મચારીએ કહ્યું જે, "મહારાજ, તમે ટોપી આપો છો પણ તેનું કોઈક માથું કાપી જાશે !" ત્યારે મહારાજે કહ્યું જે, "અમે અગણોતેરામાં કેશ રખાવ્યા ત્યારે જે રાતી કચ્છી ટોપી પહેરતા તે લાવો." ત્યારે તે લાવ્યા. એટલે તે કચ્છી ટોપી સ્વામીને આપી અને પ્રેમાનંદસ્વામી ઉપર બહુ રાજી થયા કેમ જે, 'તમે આ પંચભાષાનું કીર્તન કર્યું; એટલે તમને આ કીર્તનની મોજ આપી.'

ત્યારે મહારાજને નમસ્કાર કરીને પ્રેમાનંદસ્વામી ઊઠ્યા. તે મુક્તાનંદસ્વામી આદિ સાધુ ઓરડીએ બેઠા હતા ત્યાં પ્રેમાનંદસ્વામી લઈને ગયા. ત્યારે મુક્તાનંદસ્વામીએ એમ કહ્યું જે, "પ્રેમાનંદસ્વામી તમે શું લાવ્યા ?" ત્યારે પ્રેમાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજે મુને પ્રસાદી આપી, તે લાવ્યો છું."

ત્યારે તે પ્રસાદીને મુક્તાનંદસ્વામીએ છાતી સાથે દાબી અને બહુ રાજી થયા જે, "અહો ! આજ આપણાં ઘણાં ભાગ્ય જે, મહારાજનો પ્રસાદ મળ્યો." ત્યાં બ્રહ્માનંદસ્વામી આવીને બોલ્યા જે, "પ્રેમસખી આજ ક્યાં સલંગ મારી આવ્યા ?" ત્યારે પ્રેમાનંદસ્વામીએ કહ્યું જે, "તમે કીર્તનની જરા મશ્કરી કરતા હતા, તે કીર્તનની આજ મહારાજ પાસેથી મોજ મળી." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "મેં તો અમથો જરા મરમ કર્યો હતો; તેટલામાં તમે મહારાજ આગળ મારી **નાલાસી**[1] કરી એ તો ઠીક નહિ !" પછી તે સોપારીનો પ્રસાદ તથા સક્કરટેટી ને કેરીનાં છોતરાંનો પ્રસાદ બધા સાધુને પ્રેમાનંદસ્વામીએ વહેંચી દીધો.

॥ મહારાજની લીલા ॥૭૦॥

૧.નિંદા

૭૧. ધર્મપુરના ભાઉરાવને નિશ્ચય કરાવ્યો

એક સમયે મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્રનું ધારણ કર્યું હતું ને આગળ સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ને ચાર-પાંચ પાળા મહારાજ પાસે બેઠા હતા ને પ્રાગજી દવે કથા કરતા હતા. તે સમયે મહારાજ 'હરે ! હરે !' એવા શબ્દનું ઉચ્ચારણ કરતા. તે સમયને વિષે ધરમપુરના હરિભક્ત સંઘ લઈને આવ્યા. તે લીંબડા હેઠે આવીને તેમણે દંડવત કર્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "રાખો, ને આંહીં આવો." તે જઈને મહારાજનાં ચરણારવિંદમાં મસ્તક મૂકીને પગે લાગ્યા. ત્યારે મહારાજ પરદેશી જાણીને ઊભા થઈને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ દીધાં. ત્યારે મહારાજે કહ્યું જે, "સભામાં બેસો." ત્યારે ભાઉરાવ સમીપમાં બેઠા ને બીજા હરિભક્ત વાંસે બેઠા. ત્યારે મહારાજ કહે, "હરે ! કરો કથા." પછી પ્રાગજી દવે કથા કરવા મંડ્યા.

તે સમયે વાળંદ હરિભક્તે કહ્યું જે, "મહારાજ, તમારું મારે વતું કરવું છે." ત્યારે ઢોલિયા ઉપરથી ઊતરીને ઓસરીની કોર ઉપર મૃગચર્મનો ચાકળો નાંખીને તે ઉપર મહારાજ બિરાજ્યા. ત્યારે વાળંદ ઊભો થઈને મહારાજનું વતું કરવા લાગ્યો. તે સમયે મહારાજ 'હરે હરે..!' એવા શબ્દનું ઉચ્ચારણ કરતા ને આગળ કથા વંચાતી. ને વાળંદે બહુ હેતથી બહુ સારું વતું કર્યું. ત્યારે મહારાજ એમ ને એમ ઊઠ્યા ને ઢોલિયા ઉપર બિરાજ્યા.

ત્યારે મૂળજી બ્રહ્મચારીએ આવીને કહ્યું જે, "મહારાજ, થાળ થયો." ત્યારે મહારાજે કહ્યું જે, "થાળ અહીં લાવો." તે લાવ્યા. ને મહારાજ નાહ્યા વિના જમવા બેઠા. તે મહારાજ થાળ સારી પેઠે જમ્યા. તે જોઈને ભાઉરાવને સંશય થયો જે, 'ભગવાન આવા હોય ? જે, વતું કરાવીને ના'યા પણ નહિ ને મસ્તક પણ ધોયું નહિ ને એમ ને એમ જમવા બેઠા !' એવો એમને સંશય થયો. ત્યારે મહારાજ જમી

રહ્યા. ને બ્રહ્મચારીએ મહારાજને ચળું કરાવ્યું. ત્યારે મહારાજે કોગળા કર્યા વિના જળપાન કર્યું.

ત્યારે બ્રહ્મચારીએ મહારાજને મુખવાસ આપ્યો. તે મુખવાસ જમતાં જમતાં મહારાજે કહ્યું જે, “હરે ! કરો કથા.” તે જોઈને ભાઉરાવને બહુ જ મૂંઝવણ થઈ ને ગોટો વળી ગયા, ને એવા સંકલ્પ થાવા લાગ્યા જે, ‘પરદેશમાં જે સારુ દાખડો કરીને આવ્યા ને વળી પાંચ રૂપૈયા વાવરવાનો ઉમેદ હતો; એ બધો મનોરથ ખોટો થઈ ગયો.’ ત્યારે મહારાજે ઢોલિયા ઉપરથી એમના સામું જોયું તો એમનો દેહ ઢળી પડ્યો.

तेबदरिकाश्रमदेषाणुंनेत्यांनरनारायणनेअनंतमुगतदेषाणांनेमोटुं
सींहासनदेषाणुंनेतेउपरजेवामहाराजढोलीयाउपरबीराज्याहतातेवात्यां
सिंहासनपरदेखाणांनेनरनारायणनेमुगतबधायमहाराजनीस्तुतिकर
तादेखाणांनेनरनारायणेकयुंजेआभगवानतोसर्वअवतारनाकारणछे

તે બદરિકાશ્રમ દેખાણું, ને ત્યાં નરનારાયણ ને અનંત મુક્ત દેખાણા, ને મોટું સિંહાસન દેખાણું, ને તે ઉપર જેવા મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા હતા તેવા ત્યાં સિંહાસન પર દેખાણા. ને નરનારાયણ ને બધાય મુક્ત મહારાજની સ્તુતિ કરતા દેખાણા. ને **નરનારાયણે કહ્યું જે, ‘આ તો ભગવાન સર્વ અવતારના કારણ છે.’**

એવું એમને દેખાણું. ત્યારે પાછા દેહમાં આવ્યા ત્યારે એને એમ મનસૂબો થયો જે, ‘મુને શું દેખાણું ?’ ત્યારે એણે સમાધાન કર્યું જે, ‘એ તો દેખાય,’ પણ મૂંઝવણ હતી તે મટી નહિ.

ત્યારે વળી મહારાજે સામું જોયું, ત્યારે શ્વેતદ્વીપ દેખાણું ને વાસુદેવ ભગવાન દેખાણા ને મહારાજ દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન; એ રીતે દેખાણા. તે મહારાજ દરબારમાં જેવી રીતે વતું કરાવીને વિરાજમાન હતા તેવા ને તેવા શ્વેતદ્વીપમાં દેખાણા. ને વાસુદેવ ને બીજા મુક્ત મહારાજની સ્તુતિ કરતા દેખાણા. ને **વાસુદેવ ભગવાને કહ્યું જે, ‘આ તો સર્વ અવતારના કારણ છે ને સર્વોપરી ભગવાન છે.’** ત્યારે પાછા

દેહમાં જાગ્રત થયા. ત્યારે એમને એમ જણાણું જે, 'આ તો મહારાજ દેખાડે છે, મારા સંશે ઉપર.' ત્યારે વળી મહારાજે સામું જોયું. ત્યારે નાડીપ્રાણ તણાઈ ગયાં ને વૈકુંઠ દેખાણું, ને વૈકુંઠનાથ ને વૈકુંઠનાથના મુક્ત દેખાણા ને મહારાજની સ્તુતિ કરતા દેખાણા ને કહ્યું જે, **'આ તો સર્વોપરી ભગવાન છે.'** ત્યારે દેહમાં આવ્યા. ને ભાવરાવને અરધો નિશ્ચય થયો.

[illegible]

ત્યારે વળી મહારાજે ફેર તેમના સામું જોયું ત્યાં નાડી-પ્રાણ તણાઈ ગયાં ને ગોલોક દેખાણું ને મહાતેજ દેખાણું ને તે તેજમાં મહામોટું સિંહાસન દેખાણું ને તે ઉપર મહારાજ બિરાજે છે. પૂર્વે દરબારમાં જેવી રીતે બિરાજ્યા હતા તેવા દિવ્ય સિંહાસન ઉપર દેખાણા. ને ત્યાં શ્રીકૃષ્ણભગવાન તેમના પાર્ષદે સહિત મહારાજની સ્તુતિ કરતા દેખાણા. ને તેમણે કહ્યું જે, **'આ તો સર્વોપરી ભગવાન છે ને ભગત તમે શું ગોટા વાળો છો ?'** એમ કહ્યું;

ત્યારે ભાવરાવને સંશયમાત્ર ટળી ગયો ને સર્વોપરી મહારાજનો નિશ્ચય થયો. ત્યારે સમાધિમાં હતા તે પાછા દેહમાં આવ્યા, ને સભામાંથી ઊઠીને મહારાજના ખોળામાં માથું મૂકીને એમ બોલ્યા જે, "મહારાજ, તમે મારી ઉપર પૂરણ દયા કરી. ને દયા ન કરી હોત તો મારું ઊંધું વળી ગયું હતું. તે મહારાજ તમે સવળું કર્યું." એ રીતે એને સર્વોપરી નિશ્ચય થયો. ને મહારાજને વાસ્તે ભારે ભારે ઘરેણાં, વસ્તર, પુષ્પના હાર, ચંદનાદિક તેણે કરીને મહારાજની બે-ચાર દહાડા સુધી પૂજા કરતા હતા. ॥ મહારાજની લીલા ॥૭૧॥

૭૨. મહારાજે જોધા ભરવાડ સાથે વલોણું કર્યું

મહારાજ દરબારમાં વાસુદેવનારાયણના ઓરડામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા. ત્યાંથી મહારાજ ઓસરીમાં આવ્યા. ત્યાં જોધો ભરવાડ ને બીજલ ભરવાડ બે જણ સામસામા છાસ તાણતા હતા. ત્યાં મહારાજ આવ્યા ને કહ્યું જે, "લાવો, અમે છાસ તાણીએ." એમ કહીને બીજલના હાથમાંથી નેતરું લીધું ને જોધો ને મહારાજ સામસામા તાણવા મંડ્યા. ત્યારે મહારાજે જમણા ચરણને અગૂંઠે કરીને ગોળી ઉપર ડેર[1] તેને ખેસવી મૂક્યું. ત્યારે જોધે તાણતાં મૂકીને ડેર પાછું સમું કર્યું. વળી તાણવા મંડ્યા. ત્યારે જોધાની નજર જરા આઘી થઈ એટલે મહારાજે જમણા ચરણને અંગૂઠે કરીને ડેર ફેરવી નાંખ્યું. ત્યારે વળી છાસ તાણતાં રહેવા દઈને ડેર સમું કર્યું. એવી રીતે પાંચ-છ વાર ફેરવી નાંખ્યું. ત્યારે પગને અંગૂઠે કરીને ફેરવી નાંખતા જોધે દેખ્યું. ત્યારે મહારાજને કહ્યું જે, "આ તો તમારાં કામ દેખાય છે."

ત્યારે મહારાજ હસ્યા, ત્યારે જોધે કહ્યું જે, "જો હવે ડેર ફેરવ્યું તો હું પગે ઝાલીને પછાડીશ." ત્યારે મહારાજ એમની સામું જોઈને હસ્યા ને પાછી છાસ તાણવા મંડ્યા. ત્યારે મહારાજને મુખારવિંદે પરસેવાનાં બિંદુ આવ્યાં. ત્યારે જોધો કહે, "રાખો મહારાજ ! ક્યાં ગયો બીજલ..! ચાલ, મહારાજ થાકી જશે." એમ કહીને(તેને) બોલાવ્યો. ને મહારાજને કહે, 'હવે તમે રહેવા દ્યો ને બીજલને આપો'

ત્યારે મહારાજ કહે, 'અમે તાણશું, બીજલને નહિ આપીએ.' એમ કહીને પાછા છાસ તાણવા મંડ્યા. ત્યારે જોધે કહ્યું જે, "હવે મહારાજ રાખો, છાસ થઈને ઉપર માખણ આવ્યું." ત્યારે મહારાજે છાસ વલોવવી બંધ રાખી. ત્યારે જોધે ડેર છોડીને રવાયો બાર કાઢી લીધો. ત્યારે મહારાજે ગોળીમાં હાથ ઘાલીને હલાવ્યો ને મહારાજે કહ્યું જે, "આમાં તો કાંઈ માખણ નથી." ત્યારે જોધે કહ્યું, "મહારાજ, માંય

૧.ગોળીના કાંઠા પરનું લાકડું.

પાણી નાંખશું ત્યારે માખણ ઉપર આવશે."

તેવામાં સાધુ ઝોળી માગવા સારુ આવ્યા. તે દરબાર વચ્ચે ઊભા રહીને 'નારાયણ હરે..! સચ્ચિદાનંદ પ્રભો..!' એવો શબ્દ નાંખ્યો. ત્યારે મહારાજને કોણી સુધી માખણ વળગ્યું હતું. એ રીતે ને એ રીતે ચાલ્યા તે આંબલી હેઠે ગયા. ત્યાં બ્રહ્મચારી હાથ ધોવા સારુ પાણી લાવ્યા ને મહારાજને કહ્યું જે, "જોધો ક્યાં મૂવો તો તે તમે છાસમાં હાથ ઘાલ્યો ને છાસવાળો હાથ કર્યો ?" ત્યારે મહારાજ હસ્યા. તે સમયે મહારાજનો હાથ ધોવા મંડ્યા. ત્યારે સાધુએ આવીને હેઠે ખોબો ધર્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "પાણી પીશો મા, અણગળ છે."

ત્યારે સાધુએ ખોબો ભરીને પોતાના માથા ઉપર નાખ્યું. તે જોઈને મહારાજ હસ્યા. ત્યારે બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો, તેણે કરીને હાથ લૂયો ને પછી મહારાજ બોલ્યા જે, "સાધુ ઝોળીએ આવ્યા છે, તે રોટલા હોય તો લાવો." ત્યારે ઉમરેઠનો સંઘ આવ્યો હતો ને તેમના ઉતારા ત્યાં હતા ને તે રસોઈ કરતા. તે બાયુંએ આવીને મહારાજના હાથમાં રોટલા આપવા માંડ્યા. ત્યારે મહારાજે લઈને ઝોળીમાં સાધુને દેવા માંડ્યા.

પછી ત્યાંથી ધર્મકુળને ઘેરે ગયા. ત્યારે રઘુવીરજી મહારાજના ઘરનાં વિરજ્યાદેવીએ બદરિનાથજીને થાળ ભરીને વડાં (આપી) મહારાજ પાસે મોકલ્યા. ત્યારે મહારાજે સાધુની ઝોળીમાં નાંખ્યા. તે જ પ્રમાણે સુવાસિની બાઈ તથા ગોપાલજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજે પણ કર્યું. પછી ત્યાંથી દરબારમાં આવ્યા ત્યારે પાંચુબાઈએ ચાર-પાંચ રોટલા ને સુવાની ભાજી મહારાજના હાથમાં આપી. ત્યારે મહારાજે સાધુની ઝોળીમાં નાંખી. ને મહારાજ આથમણા બારને ઓરડે આવ્યા. ત્યારે લાડુબાઈએ પાંચ-છો રોટલા, સાકરકોળાનું શાક મહારાજના હાથમાં આપ્યાં, તે મહારાજે સાધુની ઝોળીમાં નાંખ્યા. તથા રાજબાઈ પાંચ-છો રોટલા લઈને આવ્યાં ને મહારાજના હાથમાં આપ્યાં, તે સાધુની ઝોળીમાં નાંખ્યા.

ત્યાં તપેલામાં દાળ ને રોટલા લઈને મોટીબા આવ્યાં. તે મહારાજના હાથમાં આપ્યાં. ત્યારે મહારાજે મોટીબાને કહ્યું જે, "તપેલા સહિત સાધુને આપીએ છીએ, તે તપેલું દઈ મોકલશે." ત્યારે મોટીબાએ કહ્યું જે, "બહુ સારું મહારાજ, સાધુને સોંપજ્યો." ત્યારે મહારાજે સાધુને આપ્યું, તે સાધુ લઈને ગયા. ને બ્રહ્મચારી પાણી લઈને આવ્યા, તે મહારાજનાં હસ્ત ધોવરાવ્યા ને રૂમાલ હાથમાં આપ્યો. તે મહારાજે હસ્ત લૂયા ને બ્રહ્મચારીએ મહારાજનાં ચરણારવિંદ ધોયાં ને પોતાના રૂમાલે કરીને મહારાજનાં ચરણારવિંદ લુયાં ને ચાખડી આગળ મૂકી. તે મહારાજ ચાખડી ઉપર ચઢીને અક્ષરઓરડીએ પધાર્યા.

॥ મહારાજની લીલા ॥૭૨॥

૭૩. સુરતથી સદ્‌ગુરુ સંતો આવ્યા ને પૂજા કરી

એક સમયે મહારાજ આથમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને આગળ સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ત્યાં કોઈએ મહારાજને આવીને કહ્યું જે, 'સુરત સદ્‌ગુરુ હતા તે આવે છે.' તે સાંભળીને મહારાજ કહે, "ચાલો, સામા જઈએ." તે મહારાજ ચાલ્યા, તે ખોપાળાને રસ્તે ઘેલાને ઓલે કાંઠે ધાર ઉપર ભેગા થયા. ત્યારે સદ્‌ગુરુ દંડવત કરવા મંડ્યા, ત્યાં મહારાજે સામા દંડવત કરવાનો સંકલ્પ કર્યો. ત્યાં સદ્‌ગુરુએ ધોડીને મહારાજને ઝાલ્યા ને પછી મહારાજ સદ્‌ગુરુને બથમાં ઘાલીને મળ્યા, ને પછી સર્વે સાધુને મળ્યા. ને પછી સૌ ચાલ્યા તે દરબારમાં આવ્યા. ને મહારાજ ઉગમણા બારને ઓરડે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. પછી સદ્‌ગુરુ પાસે આવીને બેઠા, ત્યારે હરિભક્તનો સંઘ વાંસે રહ્યો હતો તે આવ્યો. તે આવીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજે સર્વે સંઘને ઉતારો અપાવ્યો. ને પછી સદ્‌ગુરુ પગે લાગીને ઊઠ્યા ને મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા.

ને બીજે દા'ડે સભા કરીને ઉગમણે ઓરડે વિરાજમાન થયા.

ત્યારે સુરતના હરિભક્તે આવીને મહારાજની કેસર-ચંદનાદિકે કરીને પૂજા કરી ને ભારે ભારે વસ્ત્ર તથા ઘરેણાં ધરાવ્યાં ને મહારાજની આરતી ઉતારી. ત્યાં બ્રહ્મચારી મહારાજનો થાળ થયો, તે જમવા સારુ બોલાવવા આવ્યા. તે મહારાજ આથમણા બારના ઓરડાની ઓસરીમાં જમવા બેઠા. ત્યારે બ્રહ્મચારી થાળ લાવ્યા ને મહારાજ જમવા મંડ્યા. ને બ્રહ્મચારી રૂમાલ લઈને માંખીઓ ઉડાડવા મંડ્યા. તે મહારાજ સારી પેઠે દૂધપાક ને પૂરી જમ્યા ને પછી દૂધ-ભાત જમ્યા ને છેલ્લીવારે દૂધપાન કર્યું. ત્યારે બ્રહ્મચારીએ મહારાજને ચળું કરાવ્યું. ને સુરતના હરિભક્તો ભાત-ભાતનો મુખવાસ લાવ્યા હતા; તે મહારાજને દીધો તે જમ્યા. પછી મહારાજ ચાખડી ઉપર ચઢીને ચાલ્યા; તે ઉગમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા.

પછી સુરતથી સામાન લાવ્યા તે ઉપચારે કરીને સદ્. ચૈતન્યાનંદ સ્વામીએ મહારાજની પૂજા કરવાનો મનસૂબો કર્યો. તેવામાં પ્રેમજી ઠક્કરે મહારાજની પૂજા કરી. તે ચણોઠીના, રતાંજળીના(રાતુ સુખડ) હાર મહારાજને ધરાવ્યા ને મોતીના તોરા-બાજુબંધ ધરાવ્યા. ને ધરાવીને મહારાજની આરતી ઉતારી. ત્યારે સદ્ગુરુ ચૈતન્યાનંદસ્વામી મહારાજની પૂજા કરવા તૈયાર થયા. ત્યાં બગડનાં જાનબાઈ, દેહાખાચરનાં માતુશ્રી - મહારાજની પૂજા કરવા આવ્યાં. ત્યારે મહારાજે ચૈતન્યાનંદસ્વામીને કહ્યું જે, “હમણાં તમે રહેવા દ્યો ને જાનબાઈને પૂજા કરવા દ્યો.” ત્યારે ચૈતન્યાનંદસ્વામીને સંકલ્પ થયો જે, ‘આ કુબજ્યા ક્યાં આડી આવી ?’ પછી જાનબાઈએ મહારાજની પૂજા કરી વસ્ત્ર-ઘરેણાં જે લાવ્યાં હતાં તે મહારાજને ધરાવ્યાં, ને મહારાજની પૂજા કરીને ચાલ્યાં. ત્યારે રતાંજળીના, ચણોઠીના હાર અને મોતીના તોરા-બાજુબંધ એ સર્વ મહારાજે જાનબાઈને આપ્યાં.

તે ગયા કેડે મહારાજે ચૈતન્યાનંદસ્વામીને કહ્યું જે, “પૂજા કરવા આવો.” ત્યારે ચૈતન્યાનંદસ્વામી ભારે ચંદન લાવ્યા હતા, તે મહારાજને લલાટે અર્ચા કરી ને મહારાજની છાતીને વિષે, બે ભુજને વિષે ચરચ્યું.

ને મહારાજને સારુ સુરતથી પૂજાનો સામાન લાવ્યા હતા, તે મહારાજની આગળ મૂક્યો. તે મહારાજે બધોય ફેરવીને જોયો ને બહુ રાજી થયા. ત્યારે સ્વામીએ મહારાજની આરતી ઉતારી. ત્યારે મહારાજે ઊભા થઈને સ્વામીનો હાથ ઝાલ્યો. તે સ્વામીને જાનબાઈ ઉપર કુબજ્યાનો સંકલ્પ થયો હતો તે કહ્યું જે, "આવો, કુબજ્યા મળીએ !" એમ કહીને ચૈતન્યાનંદસ્વામીને મળ્યા ને મહારાજ હસ્યા. ત્યારે સ્વામીએ કહ્યું જે, "હા મહારાજ, એવો સંકલ્પ થયો હતો." પછી ચૈતન્યાનંદસ્વામી પગે લાગીને ગયા ને પછી મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા.

॥ મહારાજની લીલા ॥૭૩॥

૭૪. ભગા-મૂળાની સેવાથી મહારાજ રાજી થયા

એક સમયે મહારાજ દાદા ખાચરના દરબારમાં રઘુવીરજી મહારાજને ત્યાં વિરાજમાન હતા ને રઘુવીરજી મહારાજ આગળ બેઠા હતા ને મહારાજને રઘુવીરજી મહારાજ વેવારની વાત પૂછતા હતા. તે સમયે લક્ષ્મીવાડીથી વાલજીભગત આવીને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે તે ભગતને પૂછ્યું જે, "કેમ આવ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ, કોક હરિભગત આવ્યા હોય તો વાડીમાં કામ છે તે તેડી જાવા છે; તે સારુ હું આવ્યો છું."

ત્યારે મહારાજે રઘુવીરજી મહારાજને કહ્યું જે, "પીઠવડીના હરિભગત આવ્યા છે તેની તમને ખબર છે ?" ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "ભગો-મૂળો આવ્યા છે." ત્યારે મહારાજ કહે તેડાવો. ત્યારે રઘુવીરજી મહારાજે માણસ મૂકીને તેડાવ્યા. ત્યારે ભગો-મૂળો આવ્યા. તે છેટેથી આવતા રઘુવીરજી મહારાજે દેખ્યા ને મહારાજને કહ્યું જે, "ભગો-મૂળો આવ્યા." તે આવી મહારાજને પગે લાગીને બેઠા.

ત્યારે મહારાજે ભગા-મૂળાને પૂછ્યું જે, "કેટલા હરિભગત આવ્યા છો ?" ત્યારે તેમણે કહ્યું જે, "દશ જણા છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "લક્ષ્મીવાડીમાં કામ છે તે જશો ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા

મહારાજ ! જાશું." ને વળી એમ કહ્યું જે, "અમારે કામ હોય તો બહુ ઠીક પડે; બેસી રહેવું ઠીક ન પડે." તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા ને હસ્યા ને કહ્યું જે, "વાલજીભગત ભેળા જાવ ને એ બતાવે તે કામ કરજ્યો." તે નીમ એકાદશીનો દહાડો હતો. ત્યારે મહારાજ કહે, "આજ એકાદશી છે તે કેમ થશે ?" ત્યારે ભગે-મૂળે કહ્યું જે, "મહારાજ, અમારી પાસે તલના લાડુ છે તે જમશું." ત્યારે મહારાજે કહ્યું જે, 'જાવ.' ત્યારે વાલજીભગત સાથે લક્ષ્મીવાડીએ ગયા; ત્યાં વાલજીભગતે કામ હતું તે બતાવ્યું.

પછી મહારાજ સારુ થાળ થયો તે જમવા બેઠા. ત્યારે રઘુવીરજી મહારાજે એમના રસોડામાંથી થાળ લાવીને બાજોઠ ઉપર મૂક્યો ને મહારાજને કહ્યું જે, "જમો મહારાજ !" પછી મહારાજ જમતા જાય, ને રઘુવીરજી મહારાજ રૂમાલ લઈને મહારાજને વાહર નાખતા જાય, ને (મહારાજ) ભારે ભોજન-શાક તેને વખાણતા જાય. ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "મહારાજ, લાડુબા કે મોટીબા કે ગંગામા તેમને થાળ કરતાં આવડે તેવો બીજાને ન આવડે."

ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે ઘેર પણ બહુ સારા થયા છે." એ રીતે જમતા જાય ને કહેતા જાય; ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "મહારાજ જમો !" એ રીતે મહારાજને તાણ કરીને જમાડ્યા. ને વળી પાછા ઘરમાં જઈને દૂધપાક ને પૂરી લાવ્યા; તે મહારાજ જમ્યા ને દૂધ-ભાત ને સાકર જમ્યા. છેલ્લીવારે દૂધપાન કર્યું; ત્યાં મૂળજી બ્રહ્મચારી આવ્યા. તે મહારાજને ચળું કરાવ્યું ને આગળ પાલું મેલ્યું. તે મહારાજે કોગળા કર્યા. ને પછી રઘુવીરજી મહારાજ મુખવાસ લાવ્યા, તે જળપાન કરીને મુખવાસ જમ્યા. ને પછી ઢોલિયા ઉપર બિરાજ્યા; તે ઘડીક બેસીને પોઢ્યા.

ત્યારે રઘુવીરજી મહારાજ રૂમાલ લઈને વાહર નાખતા જાય; ત્યાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આવ્યા. તે મહારાજને પગે લાગીને

પાછા વળ્યા. ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "ભાઈ, કેમ પાછા વળ્યા ?" ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું જે, "મહારાજ પોઢ્યા છે તે હું પાછો વળ્યો." એમ કહીને તે ગયા. ત્યાર પછી બે ઘડી થઈ એટલે મહારાજ જાગ્યા. ત્યારે રઘુવીરજી મહારાજ પાણી લાવ્યા. તે મહારાજે જળપાન કર્યું ને ઘડી એક મહારાજ પાછા પોઢ્યા. તે પાછલો દોઢ પોર દિવસ રહ્યો ત્યારે મહારાજ જાગ્યા. ત્યારે પણ રઘુવીરજી મહારાજ પાણી લાવ્યા. તે મહારાજે પાલામાં કોગળા કર્યા, મુખારવિંદ ધોયું ને જળપાન કર્યું. ત્યારે રઘુવીરજી મહારાજે રૂમાલ આપ્યો. તે મહારાજે મુખારવિંદ લૂઈને હાથ કોરા કર્યા. ત્યારે રઘુવીરજી મહારાજ વાંકડી સોપારી લાવ્યા. તે સોપારીને સૂડીએ કરીને રઘુવીરજી મહારાજે ભાંગી. ત્યારે મહારાજે કહ્યું જે, 'લાવો.' ત્યારે રઘુવીરજી મહારાજ લાવ્યા. ત્યારે એક કટકો લઈને મહારાજે મુખમાં મૂક્યો ને કહ્યું જે, "આપણે વાડીએ જવું છે."

❁ રાજીપો આપવા મહારાજ લક્ષ્મીવાડીએ પધાર્યા :

પછી માથે ધોળી પાઘ બાંધી ને ધોળો ખેસ આડસોડે નાંખીને ચાખડી ઉપર ચઢીને ચાલ્યા; તે ઉગમણે ઓરડે આવીને ઢોલિયા ઉપર બિરાજ્યા ને રઘુવીરજી મહારાજ આગળ બેઠા. ત્યાં સાધુ-હરિભક્ત સર્વે આવીને બેઠા; ત્યારે મહારાજે કહ્યું જે, "દાદા ખાચરને બોલાવો." ત્યારે દાદો ખાચર આવ્યા ત્યારે મહારાજે દાદા ખાચરને કહ્યું જે, "ઘોડે પલાણ નાંખીને લાવો." ત્યારે ઘોડો મંગાવ્યો. તે પર મહારાજ સવાર થયા ને રઘુવીરજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા દાદો ખાચર વિગેરે બીજા પણ સવાર થયા. ને મહારાજ લક્ષ્મીવાડીએ પધાર્યા, તે સર્વે જ્યાં મહારાજની બેઠક છે ત્યાં ગયા. ને મહારાજે વાડીમાં વિધાત્રાનંદસ્વામીની ઓરડી વાંસે આથમણી તરફ બદામનું ઝાડ હતું, તે હેઠે જઈને ઘોડી ઊભી રાખી. ત્યાં વાલજીભગત આવીને મહારાજને પગે લાગીને ઊભા રહ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "શું કામ કરાવ્યું ?"

ત્યારે વાલજીભગતે આથમણી તરફ હાથ કરીને કહ્યું જે, "મહારાજ, આ **ધ્રો**[૧] ખોદાવી."

તે જોઈને મહારાજ બહુ રાજી થયા ને ભગા-મૂળાને બોલાવ્યા. ને મહારાજે કહ્યું જે, "તમને થાક લાગ્યો હશે !" એમ કહીને મહારાજે એમના ખભા ઉપર હાથ મૂકીને દાબીને કહ્યું જે, "ખભા દુઃખતા હશે !" ત્યારે ભગે-મૂળે કહ્યું જે, "અમારે કણબીને કાંઈ ન દુઃખે." ત્યારે મહારાજ કહે, "આવડી બધી મહેનત કરો ને ન દુઃખે ?" ત્યારે તેણે કહ્યું જે, "અમે નિત મહેનત કરીએ એટલે ન દુઃખે ને, કોક દા'ડો મહેનત કરે તેને દુઃખે." ત્યારે મહારાજે કહ્યું જે, "કાંઈ જમ્યા ?" ત્યારે ભગે-મૂળે કહ્યું જે, "આજ એકાદશી છે તે તલના લાડુ ને **રાતડિયાં**[૨] બાફયાં હતાં તે જમ્યા." ત્યારે મહારાજે કહ્યું જે, "એણે શું થાય ? આવી કાળી મહેનત કરવી તેમાં તલના લાડુ શું ?" એમ કહીને મહારાજ ઓટે પધાર્યા ને ભગો-મૂળો ખોદતા હતા તે પાછા ખોદવા મંડ્યા.

ત્યાં મહારાજ ઓટા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન થયા ને આગળ સાધુ-હરિભક્તની સભા ભરાઈને બેઠી ને અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ આગળ આવીને બેઠા. તે સમયે કરશનદાસ હાર લઈને આવ્યા; તે મહારાજને પહેરાવ્યા ને બે તોરા ધરાવ્યા. ત્યારે મહારાજ અમૃત દૃષ્ટિએ કરીને સર્વે સભા સામું જોતા હતા. ને રઘુવીરજી મહારાજ સામું જોયું ને કહ્યું જે, "આ ધ્રો ખોદે છે તે ભૂખ્યા હશે; તે તમારે ત્યાં પાકના લાડવા છે તે મગાવો."

ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "કેટલા મગાવવા છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "વાલજીભગતને બોલાવો." ત્યારે વાલજીભગત આવીને હાથ જોડીને ઊભા રહ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "ધ્રોના ખોદનારા કેટલા છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "દસ પીઠવડીના છે ને એક હું ને બીજા ત્રણ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ચૌદ થયા." ત્યારે વાલજીભગતે કહ્યું જે, "હા મહારાજ."

૧.એક જાતનું ઘાસ, દુર્વા ૨.ગાજર

ત્યારે મહારાજે રઘુવીરજી મહારાજને કહ્યું જે, "લાડવા મોટા છે તો ચોવીસ-પચીસ મગાવો." ત્યારે રઘુવીરજી મહારાજે રતનજી તથા ગમાનભક્તને મોકલ્યા ને કહ્યું જે, "તમે જઈને લાડવા લઈ આવો." ત્યારે તેમણે આવીને વિરજાદેવીને કહ્યું જે, "મહારાજે લાડવા મંગાવ્યા છે." ત્યારે તેમણે કહ્યું જે, "તમારે જેટલા જોઈએ તેટલા લઈ જાવ." ત્યારે તેમણે કહ્યું જે, "તમે આપો." ત્યારે તેમણે ઊઠીને લાડવા આપ્યા. તે લઈને મહારાજ પાસે આવ્યા.

ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "લાડવા લઈને આવ્યા." ત્યારે મહારાજ કહે જે, 'કરસનદાસને બોલાવો.' તે કરસનદાસ વાડીમાં હતા તે આવ્યા. તેને મહારાજે કહ્યું જે, "આ ધ્રો ખોદે છે તેને જમાડવા છે; તે ઠામ લાવો." ત્યારે કરસનદાસે કહ્યું જે, "ઠામ નથી ને રામપાત્ર છે તે કણબીને કામ આવે તેમ નથી." ત્યારે મહારાજ કહે જે, "શેમાં જમાડશું ?" ત્યારે કરસનદાસે કહ્યું જે, "આ કેળનાં પાન છે." ત્યારે મહારાજ કહે જે, "બહુ સારું !" એમ કહીને મહારાજ વેદી ઉપર ઊભા થયા.

❋ પ્રસન્ન થયેલા પ્રભુએ લાડુ-ગાંઠિયાનું ફરાળ કરાવ્યું :

તે માથે આંબાની ડાળ હતી તેને એક હાથે ઝાલીને મહારાજે સાદ કર્યો જે, "ભગા..! મૂળા..!" એમ ચાર સાદ કર્યા. ત્યારે ભગો- મૂળો ધ્રો ખોદતાં પડી મેલીને મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "બધાય આવો." ત્યારે બધાય આવીને મહારાજ પાસે હાથ જોડીને ઊભા રહ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "જમવા બેસો." ત્યારે તેમણે કહ્યું જે, "આજ એકાદશી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "એકાદશી શેમાંથી થઈ ? તે જેમાંથી થઈ તે જ કહે ત્યારે જમવું કે નહિ ?" ત્યારે ભગે-મૂળે કહ્યું જે, "મહારાજ જમવું." પછી મહારાજ વેદી ઉપરથી દક્ષણાદી કોરે ઊતર્યા ને ખભે છેડો નાંખીને કેડ બાંધી ને કહ્યું જે, "ઓટાથી દક્ષણાદી કોરે બેસો." ત્યારે તે બેઠા ને મહારાજે કરસનદાસને કહ્યું

જે, "પત્રાવળાં કાપીને આપો." તે જ ઠેકાણે કેળ્યું હતી તે કેળનાં પત્ર કાપીને સર્વેને આપ્યાં. પછી મહારાજ લાડવા પીરસવા મંડ્યા, તે બબ્બે લાડવા બધાયને પીરસ્યા ને સેવ-ગાંઠિયા પીરસ્યા.

પછી મહારાજે કહ્યું જે, "જમો." પછી જમવા મંડ્યા. ત્યારે થોડી વાર ઓટા ઉપર દક્ષણાદે મુખારવિંદે બેઠા. પછી વળી ઊઠીને લાડવા બે હાથમાં લીધા; લઈને પંક્તિમાં ફેરવ્યા. ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ, હવે નહિ જોઈએ." ત્યારે મહારાજ કહે જે, "બબ્બે લાડવામાં શું ? વધારે લ્યો." ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ, લાડવા બહુ જબરા તે ખૂટે એમ નથી." ત્યારે મહારાજ કહે, "બબ્બે જણ કરે એટલો દાખડો એક એક જણે કર્યો છે; તે સારી પેઠે જમો." એમ કહીને મહારાજે ચોથિયું-ચોથિયું લાડવો પરાણે આપ્યો. ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ, જમે તો નહિ ખૂટે." ત્યારે મહારાજ કહે જે, "વધે તે ભાતામાં બાંધી મેલો, કાલે કામ આવશે." એમ કહીને મહરાજ હાથ ધોઈને ઓટા ઉપર બિરાજ્યા ને ભગો-મૂળો પાછા ધ્રો ખોદવા ચાલ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે, "આજ રહેવા દ્યો, થાકી ગયા હશો." ત્યારે ભગે-મૂળે કહ્યું જે, "મહારાજ, અમને કણબીને થાક લાગે નહિ; થોડુંક ખોદવાનું છે, તે ખોદીને આવશું." એમ કહીને ખોદવા ગયા. ને મહારાજ થોડોક દિવસ રહ્યો ત્યારે દરબારમાં ઉગમણે ઓરડે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા ને આગળ સાધુ-હરિભક્તની સભા ભરાઈને બેઠી ને અયોધ્યાપ્રસાદજી મહારાજ ને રઘુવીરજી મહારાજ આગળ આવીને બેઠા. ઘડીવાર થઈ એટલે આરતી થઈ. ને પછી સૌ પગે લાગીને મહારાજ પાસે બેઠા.

ત્યારે મહારાજે એક ઘડી વાત કરી. તેવામાં ભગો-મૂળો આવ્યા, તે લીંબડા તળે ઊભા રહ્યા. ત્યારે મહારાજ કહે, "ભગા-મૂળા ! આવો" ત્યારે સભાએ મગન દીધો, તે મહારાજ પાસે આવ્યા ને મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ તેનાં બાવડાં ઉપર હાથ મૂકીને દાબવા

લાગ્યા ને કહ્યું જે, "આ બહુ દુ:ખતાં હશે ને થાક બહુ લાગ્યો હશે !" ત્યારે ભગે-મૂળે કહ્યું જે, "અમને થાક લાગે નહિ."

ત્યારે મહારાજ હસ્યા ને બથમાં ઘાલીને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ દીધાં; એટલે ભગો-મૂળો મહારાજનાં ચરણારવિંદ પોતાના ખભા ઉપર લઈને દાબવા મંડ્યા. ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ, અમારા ભેગા હતા તે લીંબડા તળે ઊભા છે." ત્યારે મહારાજ કહે, "આપણે ભૂલી ગયા, બોલાવો બોલાવો." ત્યારે તેમની પાસે કોદાળી હતી તે લીંબડા તળે મેલીને મહારાજની પાસે આવ્યા. ત્યારે મહારાજે તેમને કહ્યું જે, "કેડિયાં પહેર્યાં છે તે કાઢી નાખો !" ત્યારે તેમણે કાઢી નાખ્યાં. ત્યારે મહારાજ ઊભા થઈને બધાયને બથમાં ઘાલીને મળ્યા. પછી વાલજીભગતને બથમાં ઘાલીને મળ્યા.

પછી ઢોલિયા ઉપર મહારાજ ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. પછી એમને છાતીમાં ચરણારવિંદ દીધાં ને રઘુવીરજી મહારાજને કહ્યું જે, "સર્વેને સવારે તેડાવીને પારણાં કરાવજો. ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "સવારે જમાડશું." ને વળી મહારાજે કહ્યું જે, "આંહીં રહે ત્યાં સુધી ખબર રખાવજો." ॥ મહારાજની લીલા ॥૭૪॥

૭૫. અમદાવાદના સંઘનો થાળ જમ્યા ને સંતોને પીરસ્યું

એક સમયે મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠે વિરાજમાન હતા ને આગળ હરિભક્ત તથા સાધુની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે અમદાવાદનો સંઘ આવ્યો. તે મહારાજને દંડવત કરીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે એમને સમાચાર પૂછ્યા ને એમને ઉતારો દીધો. પછી તે સૌ ઉતારો કરીને મહારાજ પાસે આવ્યા ને મહારાજને કહ્યું જે, "આજ અમારી રસોઈ કરાવો." ત્યારે મહારાજે બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, "આજ અમદાવાદના હરિભક્તની રસોઈ છે તે ખાંડના લાડવા કરાવો." પછી બ્રહ્મચારીએ મહારાજનો

થાળ કરાવ્યો તે ખાંડના લાડુનો કરાવ્યો, ને સાધુ રસોઈ કરવા મંડ્યા. ત્યાં મહારાજનો થાળ થયો, તે બ્રહ્મચારી મહારાજને તેડવા આવ્યા જે, "ચાલો મહારાજ, થાળ થયો છે." તે મહારાજ રઘુવીરજી મહારાજને ત્યાં જમવા પધાર્યા. ને મહારાજને સારું આસન નાંખ્યું. તે ઉપર મહારાજ બિરાજ્યા.

પછી રઘુવીરજી મહારાજે બાજોઠ ઢાળીને તે ઉપર થાળ મેલ્યો. ત્યારે બ્રહ્મચારીએ મહારાજના હાથ ધોવરાવ્યા ને પછી મહારાજ જમવા બેઠા. ત્યારે બ્રહ્મચારી કે, "મહારાજ, જમો." ત્યારે મહારાજ જમવા મંડ્યા. ત્યારે રઘુવીરજી મહારાજે હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, સારી પેઠે જમો." તે સમે અમદાવાદના હરિભક્ત આવ્યા. તેમણે મહારાજને બહુ તાણ કરીને સારી પેઠે જમાડ્યા. ને બ્રહ્મચારી હાથમાં રૂમાલ લઈને મહારાજને વાહર નાંખતા જાય ને મહારાજને જળપાન કરાવતા જાય, ને રઘુવીરજી મહારાજ મહારાજને જમવાની વસ્તુ આપતા જાય; એવી રીતે મહારાજ જમતા હતા.

તે સમયે દામોદર આવ્યા. તે મહારાજને વાસ્તે બહુ સારું અથાણું લાવ્યા. તે મહારાજની આગળ મૂક્યું ને હાથ જોડીને બેઠા. પછી મહારાજ સારી પેઠે જમીને દૂધ-ભાત ને સાકર જમ્યા, ને પછી દૂધપાન કર્યું; તે મહારાજને મુખે દૂધનો ધોળો દોરો પડી રહ્યો. ત્યારે બ્રહ્મચારીએ ચળું કરાવ્યું. ત્યારે અમદાવાદના હરિભક્ત મુખવાસ લાવ્યા હતા; તે મહારાજને ધર્યો. તે મહારાજ મુખવાસ જમ્યા. ને પછી મહારાજ ચાખડી ઉપર ચઢીને દરબારમાં પધાર્યા; તે લીંબડા હેઠે ખુરશી ઉપર મહારાજ બિરાજ્યા.

તે સમયે મહારાજે એક ખેસ પહેરલો ને બીજું વસ્ત્ર પાસે એકેય નહિ. તે સમયે મહારાજને ફૂલનો હાર હરિભક્તે પહેરાવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "સાધુની પંક્તિ કરો." ત્યારે સર્વે સાધુએ આવીને પંક્તિ કરી. ત્યારે મહારાજ ખુરશી ઉપરથી ઊતરીને લાડુ પીરસવા

મંડ્યા ને રઘુવીરજી મહારાજ વાંસે પંખો લઈને વાહર નાખતા. એવી રીતે મહારાજે પંગતમાં પાંચવાર લાડુ ફેરવ્યા. ને પછી બ્રહ્મચારી પાણી લાવ્યા ને મહારાજના હસ્ત ધોવરાવ્યા. ને લીંબડા તળે બાજોઠ ઉપર ચરણારવિંદ બ્રહ્મચારીએ ધોયાં ને ચાખડિયું આગળ મૂકી. તે ઉપર ચઢીને મહારાજ ઉગમણે ઓરડે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા.

તે સમયે કેસર-ચંદનાદિક લઈને અમદાવાદના હરિભક્ત ઊભા હતા. તે મહારાજની પૂજા કરવા સારુ આવ્યા. તે કેસર-ચંદને કરીને મહારાજને લલાટમાં અર્ચા કરી ને પછી હૃદયને વિષે ને બે બાહુને વિષે, ઉદરને વિષે ચંદન ચરચ્યું ને બે ચરણારવિંદે ચરચ્યું. ને પછી આરતી ઉતારી. પછી મહારાજે સર્વે હરિભક્તને ચરણારવિંદ છાતીમાં આપ્યાં. પછી સાધુની પૂજા કરી. પછી સભા ભરાઈને બેઠી. ત્યારે મહારાજે એક ઘડી વાત કરી ને મહારાજ અક્ષરભુવનમાં પધાર્યા. ને હરિભક્ત-સાધુ સર્વે ઊઠ્યા ને સૌ સૌને ઉતારે ગયા ને મહારાજ ઢોલિયા ઉપર પોઢ્યા.

❁ ખીમા સુતારના ઘરે જઈ જમવાનું માગ્યું :

બીજે દહાડે સવારમાં ઉદાસ થઈને એકાએક ચાલી નીકળ્યા. તે દામોદરે સામા આવતા મહારાજને દેખ્યા; ત્યારે દામોદરને એમ જણાણું જે, ‘મહારાજ આજ ઉદાસી છે.’ ત્યારે દામોદર વાંસે ચાલ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, “પાછા વળી જાવ.” તોય દામોદર પાછા ન વળ્યા ને ચાલ્યા. તે ખીમા સુતારને ત્યાં ગયા. ને ખીમે સુતારે ઢોલિયો ઢાળ્યો તે ઉપર મહારાજ બેઠા. ને મહારાજે દામોદરને કહ્યું જે, “ખડકી દઈને તું ઊભો રહેજે ને કોઈને આવવા દેશો મા.” પછી ખીમો સુતાર હાથ જોડીને ઊભો રહ્યો ને કહ્યું જે, “મહારાજ, આજ ભલે પધાર્યા ને બહુ સારું થયું ને મારું ઘર પવિત્ર કર્યું.” એ રીતે મહારાજની સ્તુતિ કરી.

ત્યારે મહારાજે કહ્યું જે, "કાંઈ જમવાનું છે ? ભૂખ લાગી છે." ત્યારે ખીમે સુતારે કહ્યું જે, "તમે જમો એવું તો કાંઈ નથી ને રસોઈ કરાવું." ત્યારે મહારાજ કહે, "રસોઈ નથી કરવી ને જે તૈયાર હોય તે લાવ્ય." ત્યારે ખીમો સુતાર બાજરાનો રોટલો ને ગોરસ લાવ્યા. તે પ્રથમ ઘી-ગોળ ને રોટલો જમ્યા ને પછી ગોરસ ને રોટલો જમ્યા ને પછી ચળું કર્યું. ત્યારે ખીમો સુતાર બોલ્યા જે, "તમે કહેતા જે, 'ભૂખ્યા છીએ' પણ કાંઈ જમ્યા નહિ." એમ કહીને મહારાજને સોપારીના કટકા દીધા. તે મહારાજ જમ્યા ને પછી ઢોલિયા ઉપર બેઠા.

ત્યાં મુક્તાનંદસ્વામી આવ્યા. તેમણે દામોદરને કહ્યું જે, "મહારાજ અહીં છે ?" પણ મહારાજે ના પાડેલી જે, 'કોઈને આવવા દેશો મા.' તેથી દામોદરે કહ્યું જે, "સ્વામી, અહીંયાં ઊભા રહો ને હું મહારાજને પૂછી આવું." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "જાવ, પૂછી આવો. ને મહારાજની મરજી હોય તો જઈએ, નહિ તો પાછા વળી જઈએ."

પછી દામોદર કમાડ ઉઘાડીને મહારાજ પાસે ગયા ને કહ્યું જે, "મુક્તાનંદસ્વામી આવ્યા છે; તેને તમારી પાસે આવવા દઉં ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આવવા દ્યો, ને બીજાને આવવા દેશો મા." ત્યારે સ્વામી મહારાજ પાસે આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "કાંઈ જમશો ? અમે અરધો રોટલો જમ્યા છીએ ને અરધો રોટલો છે; તે તમે જમો." ત્યારે સ્વામીએ કહ્યું જે, "હા મહારાજ, જમું." ત્યારે અડધો રોટલો ને ગોરસ સ્વામીની આગળ મૂક્યું. ત્યારે સ્વામીએ કહ્યું જે, "ગોરસ તો નહિ જમાય ને બાજરાનો રોટલો જમું."

પછી ખીમો સુતાર ઘી લાવ્યા તે સ્વામી જમ્યા. પછી હાથ ધોવરાવ્યા. ને પછી સ્વામી મહારાજની પાસે બેઠા. ને દરબારમાંથી મોટીબા, લાડુબા ને દાદો ખાચર ને બીજી ડોસિયું – એ સર્વે ખીમા સુતારની ખડકીએ આવ્યાં. ને દામોદરને પૂછ્યું જે, "મહારાજ અહીંયાં છે ?" ત્યારે દામોદરે કહ્યું જે, "મહારાજ તો અહીંયાં છે; ને મને મહારાજે કહ્યું છે

જે, 'કોઈને અમારી પાસે આવવા દેશો મા.' ને લ્યો હું મહારાજને પૂછી આવું ને મહારાજ કહે તો તમે આવો."

પછી પૂછવા ગયા ને તેણે મહારાજની આગળ જઈને કહ્યું જે, "દાદો ખાચર, મોટીબા, લાડુબા, બીજી ડોસિયું આવ્યાં છે; તે તમે કહો તો અહીં આવે ?" ત્યારે મહારાજ કહે, "ચાલો, આપણે જઈએ." એમ કહીને મહારાજ ઊઠ્યા ને દાદો ખાચર ને બાઈઓ સર્વે ભેળાં થઈને દરબારમાં ગયાં. ને મહારાજ આવીને લીંબડા તળે ઘડીક બેઠા ને પછી અક્ષરભુવનમાં પધાર્યા. ત્યાં મહારાજ પોઢ્યા.

॥ મહારાજની લીલા ॥૭૫॥

૭૬. રામપ્રતાપભાઈના સંકલ્પનું સમાધાન

એક સમે મહારાજ અક્ષરભુવનમાંથી ચાખડીએ ચઢીને ઉગમણા બારના ઓરડે ઢોલિયા ઉપર ઉગમણા મુખારવિંદે બિરાજમાન થયા. તે અક્ષરભુવનથી આથમણી **પાસે**[1] રામપ્રતાપભાઈનો ઉતારો હતો. ત્યાંથી તેઓ મહારાજ પાસે આવ્યા. તે આવીને બેઠા. તે સમયે સાધુ હરિભક્ત બેઠા હતા ને વરસાદનું વાદળું ચઢ્યું ને છાંટા આવવા મંડ્યા ને વરસાદ આવવા મંડ્યો. ત્યારે કોઈકે આવીને કહ્યું જે, "પાંચુબાના કોઠા ઉપર **ચૂવે**[2] છે, તે કોઠો પલળવા મંડ્યો." ત્યારે મહારાજે કહ્યું જે, "સભામાંથી કોઈક જઈને સમું કરો." ત્યારે સભામાંથી કોઈ ઊઠ્યું નહિ.

ત્યારે મહારાજ ઊઠીને ગયા. તે કોઠો પાંચુબાઈના ઓરડામાં આથમણી પછીત ને હાલમાં હવેલીનો દક્ષિણાદો કરો એ બેના વચમાં હતો; ત્યાં મહારાજે જઈને જોયું તો પલળતો દેખ્યો. ત્યારે સૌને બોલાવીને કહ્યું જે, "આ કોઠો ઉપાડો." ત્યારે સર્વેએ કહ્યું જે, "કોઠો નહિ ઊપડે." ત્યારે મહારાજે કહ્યું જે, "લાવો દોરડાં ને બાંધો, ને કોઠાને હેઠે દોરડાં ઘાલીને ઉપાડી લ્યો." ત્યારે તે રીતે બાંધીને હેઠે દોરડાં ઘાલીને ઉપાડી લીધો ને ઉગમણા ખૂણે મેલ્યો.

૧.બાજુ, તરફ ૨.પાણી ટપકે

ત્યાં ભીંતમાં દર હતું. ત્યાં સર્પ મોઢું કાઢીને મહારાજ સામે જોઈ રહ્યો હતો. ત્યારે મહારાજે કહ્યું જે, "આ સર્પને સાણસો લાવીને ઝાલો." ત્યાં સર્પ એક હાથ બારો નીકળ્યો. ને મોટી ફેણ માંડીને જીભના લબકારા કરે ને મહારાજ સામું જોઈ રહે. તેને સાણસે કરીને ઝાલ્યો; તે મોઢાથી એક હાથ છેટે ઝલાણો. તે મોટી ફેણ માંડીને મહારાજ સામે જોઈ રહ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "એક સાણસે નહિ ઝલાય, બીજો સાણસો લાવો ને બે માણસ ઝાલો." ત્યારે બીજો સાણસો લાવીને ઝાલ્યો. તે બહુ જ જબરો, તે બે માણસે માંડ માંડ ઉપાડ્યો. તે ઉપાડીને લઈ ચાલ્યા ને મહારાજ ઉગમણા બારને ઓરડે બિરાજ્યા. ને સર્પ તો મહારાજની સામે એમ ને એમ જોઈ રહ્યો હતો. ને આગળ મંદિર કરવા સારુ ઓરડા પાડીને ચોગાન કર્યું હતું, ત્યાં પર્યંત સર્પ મહારાજ સામુ જોઈ રહ્યો હતો. તે દરવાજા સુધી લઈ ચાલ્યા ત્યાં સુધી જોઈ રહ્યો.

પછી મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. તે ક્રિયા જોઈને રામપ્રતાપભાઈને સંકલ્પ થયો જે, 'મહારાજ ઘરે હતા, ત્યારે કાંઈ કામ કરતા નહિ. ને એક દી ચીભડી નીંદવા ગયા'તા; ત્યાં તે ચીભડીના વેલા કાપી નાંખ્યા ને અહીંયાં તો કાઠીઓનું કામ કરે છે ને ઘરે કાંઈ કરતા નહિ.' એવો સંકલ્પ થયો.

તે સંકલ્પ ઉપર મહારાજે વાત કરી જે, "કોઈકને એવા સંકલ્પ થતા હશે જે, 'મહારાજ તો ઘરે કાંઈ કામ કરતા નહિ ને અહીંયાં તો એમને જાણે કાઠીનું કામ દોડી-દોડીને કરે છે !' તે કોઈ કાઠી નથી, તેને તો મોટા દેવની ઉપમા દેવાય તેમ નથી. અમે હિંદુસ્તાનમાં રહ્યા, ને વનમાં ફરતાં ફરતાં કેટલાક રજવાડામાં આવ્યા; પણ અમને કોઈ રાખી શક્યા નહિ. ને અમે સત્સંગમાં આવ્યા ને રામાનંદસ્વામી પાસે રહ્યા; તે પણ હરિભક્ત અમને કોઈ રાખી શક્યા નહિ. ને અહીંયાં દરબારમાં હરિભક્તે અમારી અનુવૃત્તિ રાખી ને અમારું ગમતું કરીને અમને વશ કરી લીધા. ને એમની ભક્તિ વડે કરીને અમે અહીં રહ્યા ને

એમનું કામ અમને સોંપી દીધું. ને અમારાથી કાંઈ અંતરાય રાખ્યો નહિ; ત્યારે અમે એની ખબર રાખીએ છીએ. તે જોઈને કોઈકને એવા સંકલ્પ થતા હશે જે, 'આ કાઠીની નોકરી કરે છે." પછી રામપ્રતાપભાઈએ હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, મને એવો સંકલ્પ થયો હતો." ત્યારે મહારાજ હસીને અક્ષરભુવનમાં પધાર્યા.

॥ મહારાજની લીલા ॥૭૬॥

૭૭. અદ્‌ભુતાનંદસ્વામીએ પુસ્તક લખી મહારાજનો રાજીપો મેળવ્યો

એક સમે મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરી તેમાં વાસુદેવનારાયણના ઓરડાના બારણાથી આથમણો ખંડ ત્યાં ઢોલિયા ઉપર ઉગમણા મુખારવિંદે બિરાજમાન હતા ને સાધુ-હરિભક્ત આગળ બેઠા હતા ને મહારાજ તેમની આગળ વાતો કરતા હતા. ત્યાં મૂળજી બ્રહ્મચારી આવ્યા. તેણે મહારાજને કહ્યું જે, "મહારાજ, થાળ જમવા પધારો." ત્યારે મહારાજે કહ્યું જે, "થાળ અહીંયાં લાવો." તે વાસુદેવનારાયણના ઓરડામાં ઉત્તરાદે મુખારવિંદે પાટલા ઉપર બિરાજ્યા ને આગળ બાજોઠ ઉપર થાળ મૂક્યો. ને રઘુવીરજી મહારાજે અથાણું ને પાપડ લાવીને મહારાજની પાસે મેલ્યાં. ને રઘુવીરજી મહારાજ ત્યાં બેઠા. ને બ્રહ્મચારી રૂમાલ લઈને વાહર નાંખવા મંડ્યા ને મહારાજને કહ્યું જે, 'જમો.' ત્યારે મહારાજ જમવા મંડ્યા.

પછી મહારાજ લાડુ, જલેબી, બિરંજ, બરફી, શીરો, પૂરી, હરીસો, દૂધપાક જમતા જાય ને જળપાન કરતા જાય; એ રીતે મહારાજ જમતા. ત્યાં અદ્‌ભુતાનંદસ્વામી આવ્યા. ત્યારે મહારાજે સામું જોઈને કહ્યું જે, "સ્વામી, કેમ આવ્યા ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "હું પુસ્તક લખતો તે પૂરું થયું. તે લઈને પૂજા કરવા સારુ આવ્યો છું." ત્યારે મહારાજે કહ્યું જે, 'બેસો.' ત્યારે બેઠા, ત્યારે મહારાજ બ્રહ્મચારી સામું જોતા જાય ને જમતા જાય.

ત્યારે રઘુવીરજી મહારાજે પૂછ્યું જે, "મહારાજ, બ્રહ્મચારી સામું જુવો છો તે કાંઈ લાવવું છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "કાંઈ લાવવું નથી, ને બ્રહ્મચારી સામું જોયું તે આ સાધુને થાળ આપવો છે તે સારુ જોયું." ત્યારે બ્રહ્મચારી કહે, "મહારાજ, જમો તો ખરા ! ને પછી આપજો." ત્યારે મહારાજ જમવા મંડ્યા. તે મહારાજ સારી પેઠે જમ્યા. ત્યારપછી દૂધ, ભાત ને સાકર જમ્યા ને ગોરસ ને સાકરનું છેલ્લીવારે પાન કર્યું. ને પછી મહારાજે કહ્યું જે, "થાળ અદ્‌ભુતાનંદસ્વામીને આલો."

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "જેણે થાળ કરાવ્યો છે તેને પ્રસાદી આપવી છે." ત્યારે મહારાજ કહે, "કાલે આપજો." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "તમે વહેવારમાં જાણો નહિ. જેણે થાળ કર્યો હશે તેનાં છોકરાં ને તેનાં ઘરનાં માણસ ભૂખ્યાં હશે. કેમ જે, મહારાજનો થાળ કર્યો છે તે પ્રસાદીની વાટ જોઈને બેઠાં હશે જે, 'પ્રસાદી આવશે તે જમશું' ને તમે કહો છો જે, 'થાળ આજ આ સાધુને આપો.' તે મારે કેમ કરવું ?"

ત્યારે મહારાજ હસ્યા ને રઘુવીરજી મહારાજે કહ્યું જે, "બ્રહ્મચારી, મહારાજની મરજી પ્રમાણે કરો તો ઠીક." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "બાપ-દીકરો બેય એમ બોલે છે, ને મેં કીધું તે વિચારતા નથી." ત્યારે મહારાજે હસતાં હસતાં ચળું કર્યું ને કોગળા કરીને મુખવાસ જમતાં બ્રહ્મચારીને કહ્યું જે, "થાળ રવા દ્યો." એમ કહીને ઢોલિયે ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા ને મહારાજ ચરણ હેઠે રાખીને બિરાજ્યા. ને અદ્‌ભુતાનંદસ્વામીને કહ્યું જે, "લાવો પુસ્તક."

ત્યારે સ્વામીએ પુસ્તક મહારાજના હાથમાં આપ્યું. તે પુસ્તક લઈને પાનેપાનું ફેરવીને મહારાજે જોયું. ને પછી કહ્યું જે, "સ્વામી, પુસ્તક બહુ સારું લખ્યું ને અક્ષર બહુ સારા છે." એમ કહીને મહારાજે પૂછ્યું જે, "કેટલે દહાડે પુસ્તક પૂરું થયું ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "મારો હાથ હળવો છે, તે પુસ્તક લખતાં વાર લાગી." ત્યારે મહારાજે પુસ્તક ઢોલિયા ઉપર મૂક્યું ને કહ્યું જે, "આવો પૂજા કરવા સારુ." પછી સ્વામીએ

કટોરો લઈને લલાટે ચંદન ચરચ્યું. ને સ્વામીને એવો મનસૂબો થતો જે, 'મહારાજને લલાટે અર્ચા કરશું' પણ મહારાજનો અતિ રાજીપો તે મહારાજે છાતી ધરી. એટલે સ્વામીએ જાણ્યું જે, 'મહારાજનો રાજીપો છે તે હું છાતીએ ચંદન ચરચું.'

પછી છાતીએ ચંદન ચરચ્યું, ને બેય હાથે ચંદન ચરચ્યું, ને ઉદર ઉપર ચંદન ચરચ્યું. ત્યારે મહારાજે ચરણારવિંદ ધર્યાં. ત્યારે ગોઠણથી તે હેઠે નખમણિ સુધી ચંદન ચરચ્યું. ત્યારે મહારાજે ચરણ ઊંચાં કર્યાં; તે ચરણને તળીએ ચંદન ચરચ્યું ને કટોરો હેઠે મેલ્યો. ત્યારે મહારાજે છાતીમાં ચરણ દાબ્યાં, તે ઝાઝીવાર સુધી દાબ્યાં. ને પછી આંખ ઉપર દાબ્યાં ને પછી મસ્તક ઉપર દાબ્યાં, તે ઝાઝીવાર સુધી દાબ્યાં. ને પછી બ્રહ્મચારીને કહ્યું જે, "આમને થાળ આપો." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "મેં તમને આગળથી વાત કરી છે."

ત્યારે મહારાજ કહે, "બધો થાળ એમને આપો, ને એ સાધુ પાસેથી પ્રસાદી ઉછીની માગી લ્યો; તે કાલે આપજો." ત્યારે કહે, "હા મહારાજ, એમ કહેતા હો તો ઠીક." પછી થાળ અદ્‌ભુતાનંદસ્વામીને આપ્યો. પછી અદ્‌ભુતાનંદસ્વામીએ બ્રહ્મચારીએ કહ્યું તેટલી પ્રસાદી થાળમાંથી આપી. ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્મચારી, કાલે આપશો ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "મહારાજ, આપીશ." ત્યારે મહારાજે કહ્યું જે, "આપજો, ભૂલશો મા." ત્યારે સ્વામી થાળ લઈને ચાલ્યા.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! દાસને કાંઈ મળશે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આજ દાસને કાંઈ નહિ મળે." ને કહ્યું જે, "દાસને તો નિત્ય મળે છે, ને આ સાધુ પુસ્તક લઈને આવ્યા તેને નિત્ય ક્યાં મળે છે ? તે સારુ દાસને તાણ કરવી નહિ." ત્યારે બ્રહ્માનંદસ્વામી અદ્‌ભુતાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "અદ્‌ભુતાનંદ સ્વામી જેવા દયાળુ સાધુ, તે મને દીધા વિના પ્રસાદી તે કાંઈ એકલા લઈ જાય ? એ તો જરૂર આલે." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ થાળ હેઠો મૂકીને થાળમાંથી વાટકો ભરીને પ્રસાદી આપી.

ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, “દાસ કેવા ખંધા છે, જે ગરીબ સાધુ પાસેથી પણ પ્રસાદી લીધી.” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “દયાળુ છે તે કાંઈ દીધા વગર રહે નહિ; એ તો જરૂર આપે.” ત્યારે મહારાજ હસ્યા ને કહ્યું જે, “વાટ **પડાવવી**[1] એ ઠીક નહિ.” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “વાટ પડાવી કે રાજી કરીને લીધી ?” એ રીતે રમૂજ કરી. પછી વાસુદેવના ઓરડામાં મહારાજ ઢોલિયા ઉપર પોઢ્યા ને બ્રહ્માનંદસ્વામી એ સર્વે ઊઠી ગયા.

॥ મહારાજની લીલા ॥૭૭॥

૭૮. અદ્‌ભુતાનંદસ્વામી માંદા હોવા છતાં પ્રસાદીના બાર લાડુ જમ્યા

અદ્‌ભુતાનંદસ્વામીને તો તાવ આવે તે લક્ષ્મીવાડીએ રહે. તે તાવ ઊતરે ત્યારે મહારાજને દર્શને આવે. મહારાજ વાતુ કરતા તે સાંભળીને મનસૂબો થાય જે, ‘આ તાવ ક્યાંથી આવ્યો ?’ ને મહારાજની વાતુ બહુ સારી થાય તે સાંભળવા સારુ અવાય નહિ. ને મહારાજ પંક્તિમાં લાડુ પીરસે તે જોઈને મનસૂબો થાય જે, ‘મહારાજની પ્રસાદીના લાડુ જમ્યા વિના રહ્યા; જો જમવા બેસીએ તો મહારાજ ઠબકો આપે.’ તે બીકે કરીને પાંચ-છ દિવસ સુધી આવ્યા ને મહારાજને પંગતમાં લાડુ ફેરવતા દીઠા, ને જમવા બેસાય નહિ ને અંતરમાં તાણ બહુ રહે. પછી તો વિચાર કર્યો જે, ‘જમવા બેસવું ને મહારાજ ઠબકો આપે તે ખમી રહેશું.’ એમ મનસૂબો કરીને વાડીએથી દરબારમાં આવ્યા. ત્યાં દરબારમાં સાધુને જમવાની પંક્તિ થઈ હતી, ને મહારાજ કેડ બાંધીને લાડવા ફેરવવા તૈયાર થયા હતા.

ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી પંગતમાં જમવા બેઠા. ને મહારાજ લાડુ પંગતમાં પીરસવા મંડ્યા. ને રઘુવીરજી મહારાજ વાંસે હાથમાં પંખો લઈને મહારાજને વાહર નાંખતા આવે; ને સાધુ તાંસ લઈને આગળ

૧.લૂંટ કરવી

પાછે પગે ચાલ્યા જાય; ને મહારાજ સાધુને લાડવા દેતા જાય; એ રીતે ફરતાં ફરતાં અદ્‌ભુતાનંદસ્વામી બેઠા હતા ત્યાં આવ્યા ને તેમને ચાર લાડુ આપ્યા; ને મહારાજ ફરતાં ફરતાં ચાલ્યા ગયા. ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી ચાર લાડુ જમી ગયા. ને મહારાજ ફેર ફરતાં ફરતાં આવ્યા ત્યારે બે લાડવા આપ્યા ને મહારાજ ચાલ્યા ગયા, તે બે લાડુ જમી ગયા.

ને વળી મહારાજ ફરતાં ફરતાં આવ્યા ને અદ્‌ભુતાનંદસ્વામીને કહ્યું જે, "લ્યો લાડવા." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ ના પાડી જે, "મહારાજ, હવે નહિ જોઈએ." ત્યારે મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને જોઈને કહ્યું જે, "આંખ્યું બે લાડવા માગે છે." એમ કહીને બે લાડવા આપ્યા ને મહારાજ ચાલ્યા ગયા. ને પાછા ફરતાં ફરતાં આવ્યા ને કહ્યું જે, "બે લાડવા લ્યો તો ચરણારવિંદ આપીએ." ત્યારે બે લાડુ લીધા. પછી મહારાજ ફરતાં ફરતાં પંક્તિમાં ચાલ્યા ગયા.

તે (પછી ફરીને) મહારાજ પંક્તિમાં ફરતાં કહેતા જાય જે, "એક લાડુ લે તેને એક ચરણારવિંદ આપું ને બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપું." એમ કહીને ચરણારવિંદ દેતા આવે. ત્યાં અદ્‌ભુતાનંદસ્વામી પાસે આવ્યા, ને અદ્‌ભુતાનંદસ્વામીને કહ્યું જે, "આ માંદો જો એક લાડવો લે તો બે ચરણારવિંદ આપું." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ લાડવો લીધો. ત્યારે મહારાજે બે ચરણારવિંદ મસ્તકમાં આપ્યાં. ને ફરીને પંગતમાં ફરતાં ફરતાં અદ્‌ભુતાનંદસ્વામી પાસે આવ્યા ને એમ કહેતા આવે જે, "એક લાડવો લે તેને બે ચરણારવિંદ આપવાં." ને કહ્યું જે, "આ માંદો તો એક લાડવો લે તો માથે હાથ મેલવો ને બે ચરણારવિંદ આપવાં." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ લાડવો લીધો; લાડવો લઈને મહારાજ ઊભા છે ત્યાં જમી ગયા.

ત્યારે મહારાજે એક ચરણારવિંદ માથા ઉપર મેલ્યું, તે ચરણારવિંદ હેઠું મેલીને બીજું મસ્તક ઉપર મેલ્યું. ત્યારે મહારાજ કહે, "હાથ એઠા છે તે ધોઈને માથા ઉપર મૂકશું." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ કહ્યું જે,

"એવા ને એવા હાથ માથા ઉપર મૂકો; ધર્મના કામની ઢીલ નહીં." ત્યારે મહારાજ હસ્યા, ને રઘુવીરજી મહારાજ પડખે હતા તે હસ્યા. પછી મહારાજે બે હાથ ઘીના ભરેલા માથા ઉપર મૂક્યા. ત્યારે રઘુવીરજી મહારાજ બહુ હસવા મંડ્યા ને મહારાજે હસતાં હસતાં બ્રહ્મચારીને કહ્યું જે, "પાણી લાવો, હાથ ધોઈ નાંખીએ ને હવે લાડવો કોઈ નહિ લે." એમ કહીને ઓસરીની કોર ઉપર બેઠા.

ત્યારે બ્રહ્મચારીને મનસૂબો થયો જે, 'મહારાજના હાથ ઘીવાળા છે, તે પાણી નાંખશું તો લપેટ (ચીકણા) થઈ જશે ને કોરા કર્યા હોય તો ઠીક.' તે લાડુબા પાસેથી બાજરાનો લોટ તાંસમાં લાવ્યા. ને મહારાજે હાથ લોટમાં કોરા કર્યા. પછી બ્રહ્મચારીએ હાથ ધોવરાવ્યા ને આગળ બાજોઠ નાંખ્યો, ને તે બાજોઠ ઉપર ઊભા રહ્યા ને ચરણારવિંદ બ્રહ્મચારીએ ધોયાં ને હાથમાં રૂમાલ આપ્યો. તે મહારાજે હાથ કોરા કર્યા ને બ્રહ્મચારીએ મહારાજનાં ચરણ લૂઈને કોરાં કર્યાં. ને ચાખડી ચૈતન્યાનંદસ્વામીએ મેલી, તે ઉપર મહારાજ ચડીને ચાલ્યા ને રઘુવીરજી મહારાજના પગ ધોવરાવ્યા.

પછી મહારાજ રઘુવીરજી મહારાજના ખભા ઉપર હાથ મેલીને ચાલ્યા; તે પૂર્વના વાસુદેવનારાયણના ઓરડા આગળ મેડી હતી તે પર પધાર્યા. ને ઢોલિયા ઉપર મહારાજ બિરાજ્યા. તે ઉગમણા ચરણારવિંદ ને આથમણું મુખારવિંદ રાખીને પોઢ્યા. ને રઘુવીરજી મહારાજ વાહર નાંખવા મંડ્યા. ને ચૈતન્યાનંદસ્વામી મહારાજનાં ચરણારવિંદ દાબવા મંડ્યા. ને અદ્‌ભુતાનંદસ્વામી માંદા તે આગળ આવીને બેઠા. તે સામું મહારાજ જોઈને લગારેક હસ્યા. ત્યારે રઘુવીરજી મહારાજ ને ચૈતન્યાનંદ સ્વામી એ બેય હસ્યા. ને મહારાજે કહ્યું જે, "માંદાને લાડવા ખાવા તે સારા નહિ." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, મન હાથ રહ્યું નહિ." ને મહારાજને પગે લાગીને સ્વામી ઊઠ્યા ને મહારાજ પોઢ્યા. ॥ મહારાજની લીલા ॥૭૮॥

૭૯. મહારાજે પ્રેમી હરિભક્તોનો મનોરથ પૂરો કર્યો

એક સમે મહારાજ વાસુદેવનારાયણના ઓરડામાં વિરાજમાન થયા હતા. ત્યારે કોઈક પ્રેમી હરિભક્તે આવીને મહારાજને કહ્યું જે, "મહારાજ, મારે સાધુ જમાડવા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "કેટલા સાધુ જમાડવા છે ?" ત્યારે તે હરિભક્તે કહ્યું જે, "સો સાધુ જમાડવા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "મુક્તાનંદસ્વામીને કહો જે, સાધુ જમવા આવે." ત્યારે મુક્તાનંદસ્વામીએ સાધુને બોલાવવા મોકલ્યા. ત્યારે સાધુ આવ્યા ને દરબારમાં પંક્તિ થઈ. ને લાડવા લખુ કંદોઈને હાટેથી લાવીને વાસુદેવના ઓરડા આગળ લોઢાની કડાઈમાં નાંખ્યા; તે લાડવા ચારસે હતા.

ત્યારે મહારાજ ઓરડામાંથી આવીને આથમણે પડખે ખુરશી નાંખીને તે ઉપર બેઠા. ત્યારે તે હરિભગતે મહારાજને ખુરશી ઉપરથી તેડી જઈને લોઢાની કડામાં લાડવા હતા તે દેખાડ્યા, ને કહ્યું જે, "મહારાજ, ચારસે લાડવા છે ને બીજા લાડુનું કંદોઈને કહ્યું'તું; પણ તૈયાર ન કર્યા." એમ કહીને તે હરિભગતની આંખમાંથી પાણી નીકળવાં મંડ્યાં ને બહુ દલગીર થયા.

ત્યારે મહારાજે સામું જોઈને કહ્યું જે, "ભગત, શા સારુ દલગીર થાવ છો ?" ત્યારે તેણે મહારાજને વિનંતીએ સહિત કહ્યું જે, "મહારાજ, મારો મનોરથ ખોટો થઈ ગયો. ને મહારાજ લાડવા સાધુને સારી પેઠે પંક્તિમાં ફરીને જમાડો ને લાડવા થોડા છે; તેથી મારો મનોરથ ખોટો થઈ ગયો." ત્યારે મહારાજ રાજી બહુ થયા ને તે હરિભગતના બરડા ઉપર બે-ત્રણ વાર હાથ ઠબકાર્યો ને કહ્યું જે, "કાંઈ ચિંતા રાખશો મા ! તમારો મનોરથ છે તે સારી પેઠે પૂરો થશે, ને અમે લાડવા સારી પેઠે જમાડશું, ને પંક્તિમાં સારી પેઠે ફરશું, ને લાડવા નહિ ખૂટે !" એમ કહીને મહારાજ લાડવા ફેરવવા મંડ્યા.

ને પે'લા પંક્તિમાં ફર્યા ત્યારે ચાર-ચાર લાડુ સાધુને દીધા. ને

બીજીવાર ફર્યા ત્યારે બબ્બે ને ત્રીજીવાર ફર્યા ત્યારે દોઢ-દોઢ લાડુ ફેરવ્યો. ને ચોથીવાર ફર્યા ત્યારે અકેકો લાડવો ફેરવ્યો. ને પાંચમી-વાર ફર્યા ત્યારે અડધો-અડધો લાડવો ફેરવ્યો. ને છઠીવાર ફર્યા ત્યારે કોઈએ લીધો નહિ. ને સાતમીવાર ફર્યા ત્યારે મહારાજ ચરણારવિંદ દેતા આવે ને લાડુ દેતા આવે; ને એક લાડુ લે તેને એક ચરણારવિંદ આપે ને બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપે. ને આઠમીવાર ફર્યા ત્યારે એક લાડવો લે તેને બે ચરણારવિંદ આપે. ને નવમીવાર ફર્યા ત્યારે એક લાડવો લે તેને બે ચરણારવિંદ આપે ને બે હસ્ત મસ્તક ઉપર મૂકે. એવી રીતે ફરીને તે હરિભગતને કહ્યું જે, "તમારો મનોરથ પૂરો થયો ?" ત્યારે હરિભક્તે હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, મારો મનોરથ તમે દયા કરીને પૂરો કર્યો." તે જોઈને તે હરિભક્ત અતિ આશ્ચર્ય પામ્યો.

પછી મહારાજે હાથ ધોયા ને બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો તે લઈને હાથ કોરા કર્યા. ને મહારાજ તે હરિભક્તને હાથે ઝાલીને જ્યાં લાડવાનું કડાયું હતું ત્યાં ગયા; ને કહ્યું જે, "જો, આ લાડવા સાધુ જમ્યા તોય વધ્યા ને ! તું કહેતો જે, 'લાડવા થોડા થશે' ને દલગીર થઈ ગયો હતો, તોપણ લાડવા વધ્યા." એમ કહીને મહારાજ ખુરશી ઉપર વિરાજમાન થયા. ને એ હરિભક્તને કહ્યું જે, "લાડવા ગણી જો, કેટલા રહ્યા ?" ત્યારે તેણે આવીને કહ્યું જે, "મહારાજ, ચારસે ઉપર એક લાડવો છે."

ત્યારે મહારાજ રૂમાલ મુખારવિંદ આડો દઈને હસ્યા, ને કહ્યું જે, "કેમ ભગત, તમારો મનોરથ પૂરો થયો ?" ત્યારે તે હરિભક્તે મહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! તમે હું ઉપર પૂરણ દયા કરી !" ત્યારે મહારાજે કહ્યું જે, "તું કહેતો'તોને જે, ખૂટી જશે ?" એમ કહી મહારાજ હસ્યા. પછી તે હરિભગતને કહ્યું જે, "દરબારમાં બાઈઓ ને બીજાં મનુષ્ય હોય તેને જમાડો." એમ કહીને મહારાજ અક્ષરભુવનમાં પધાર્યા. ॥ મહારાજની લીલા ॥૭૯॥

૮૦. અદ્‌ભુતાનંદસ્વામીનું જીતેન્દ્રિયપણું

એક સમયે મહારાજ આથમણા બારને ઓરડે વિરાજમાન થયા હતા. ને સર્વે સાધુ, હરિભક્ત ને બાયુંની સભા ભરાઈને બેઠી હતી. તે મહારાજે સર્વેને ચાર ઘડી સુધી વાતુ કરી ને પછી સર્વે સભાને ઊઠવાની આજ્ઞા કરી. ને દાદા ખાચરને કહ્યું, “ઘોડા ઉપર પલાણ નંખાવીને મગાવો, આપણે વાડીએ જવું છે.” ત્યારે નાનભગત પલાણ નાંખીને ઘોડો લાવ્યા ને લીંબડાના વૃક્ષ હેઠે ઊભો રાખ્યો. ને મહારાજને કહ્યું જે, “ઘોડો લાવ્યો છું.” ત્યારે મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા તે ઊભા થયા. ને કેડ બાંધીને એક ખેસ ખભે નાંખ્યો ને મોજડી પહેરીને રઘુવીરજી મહારાજનો હાથ ઝાલીને ઓસરીથી હેઠા ઊતર્યા. ને મહારાજ ઘોડા ઉપર અસવાર થયા. ને નાનભગતને કહ્યું જે, “તું ઘોડીએ ચઢીને આવ.” એમ કહીને મહારાજે ઘોડો ચલાવ્યો તે ઉત્તરાદી બજારે ચાલ્યા.

ને પછી ઉગામેડીને માર્ગે ચાલ્યા. તે વોકળીને સામે કાંઠે ભક્તિબાગના કૂવાથી આથમણો કૂવો, તે નવો ગાળ્યો હતો. તે મહારાજ આવીને ઘોડા ઉપરથી ઊતરીને ગાળના ઢગલા ઉપર ઉગમણે મુખારવિંદે પછેડીની પલોંઠી વાળીને વિરાજમાન થયા. ને અદ્‌ભુતાનંદસ્વામી લહિયા ધોળે લૂગડે હતા. તે કોસ હાંકતા હતા. તે સામું જોઈને મહારાજે કહ્યું જે, “વાડીમાં શું વાવ્યું છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “મરચી ને રીંગણી વાવી છે. તે નવી જમીન છે તેથી બહુ સારી થઈ છે. તે મહારાજ, તમે જોવા પધારો !”

ત્યારે મહારાજ ઊભા થયા ને તે ભગતે આગળ ચાલીને ઝાંપો ઉઘાડી દીધો, ને પાછા કોસ હાંકવા મંડ્યા. ને મહારાજ રીંગણીમાં બધેય ફર્યા. ને તેમાં વંતાક બહુ સારાં થયાં હતાં. તે જોઈને મહારાજ રાજી થયા ને મરચી જોઈને પણ રાજી થયા. ને વાડીમાં બધેય ફરીને પાછા કૂવે પધાર્યા. ને કૂવેથી આવીને કૂવાથી ઉત્તરાદો ગાળનો ઢગલો;

તે ઉપર પૂર્વની પેઠે પલાંઠી વાળીને બેઠા ને એમ બોલ્યા જે, "ભગત, રીંગણી બહુ સારી થઈ છે ને મરચી પણ બહુ સારી થઈ છે." ત્યારે તે ભગતે કહ્યું જે, "હા મહારાજ !"

પછી મહારાજે તે ભગત સામું જોઈને કહ્યું જે, "ભગત, તમે માંદા છો ?" ત્યારે તે ભગતે કહ્યું જે, "હા મહારાજ !" ત્યારે મહારાજ કહે, "તમારું ઔષધ કરશું ?" ત્યારે ભગતે કહ્યું જે, "હા મહારાજ!" ત્યારે મહારાજે કહ્યું જે, "લાડવા કરાવીએ." ત્યારે ભગતે કહ્યું, "હા મહારાજ !" ત્યારે મહારાજ કહે, "બશેર ઘીના કરાવીએ." ત્યારે ભગતે કહ્યું જે, "હા મહારાજ !" ત્યારે મહારાજ કહે, "એટલે શું થાય ? ચાર શેર ઘીના કરાવીએ." ત્યારે ભગત કહે, "હા મહારાજ !" ત્યારે મહારાજે કહ્યું જે, "ચાર શેરમાં શું થાય ? આઠ શેરના કરાવીએ." ત્યારે ભગતે કહ્યું જે, "હા મહારાજ !" ત્યારે મહારાજે કહ્યું જે, "આઠ શેરમાં શું થાય ? સોળ શેરના કરાવીએ." ત્યારે ભગતે કહ્યું જે, "હા મહારાજ !" ત્યારે મહારાજ કહે જે, "સોળ શેરમાં શું થાય ? બત્રીસ શેરના કરાવીએ." ત્યારે ભગતે કહ્યું જે, "હા મહારાજ !" ત્યારે મહારાજે કહ્યું જે, "બત્રીસ શેરમાં શું ? મણ ઘીના કરાવીએ." ત્યારે ભગતે કહ્યું જે, "હા મહારાજ !" ત્યારે મહારાજે કહ્યું જે, "ભગત, આપણે ત્યાગીને લાડવા ખાવા તે સારા નહિ." ત્યારે ભગતે કહ્યું જે, "હા મહારાજ !"

ત્યારે મહારાજ ઊભા થયા ને ભગતને કહ્યું જે, "ભગત, તમારો મંદવાડ આવો મટાડી દઈએ." ત્યારે મહારાજ ગાળ ઉપર ઊભા હતા. તે કેડે પછેડી બાંધીને ગાળથી હેઠા ઊતર્યા ને ભગતને કહ્યું જે, "આવો." ત્યારે તે ભગત કોસ હાંકવો મેલીને મહારાજની પાસે આવ્યા. ત્યારે મહારાજે તેના બે હાથ કોણીથી ઉપર ઝાલ્યા ને પછી ઝાલીને ફેરવ્યા; તે બહુ જ ફેરવ્યા. ત્યારે તે ભગતને દેહની ખબર રહી નહીં. ત્યારે મહારાજ ભગતને પડતા મૂકીને પાછા ગાળના ઢગલા ઉપર પલાંઠી વાળીને ઉગમણે મુખારવિંદે બેઠા. ને એ ભગત સામું જોઈ રહ્યા.

ત્યારે તે ભગતને મહાઆશ્ચર્યકારી મહારાજનું રૂપ દેખાણું. ને પછી દેહની સ્મૃતિ આવી. ને પછી ફેર બહુ ચડ્યા હતા તે ઊતરતા જાય ને દેહમાંથી મંદવાડ ખસતો જાય. એમ કરતાં ફેર ઊતરી રહ્યા ત્યારે દેહમાં મંદવાડ હતો તે બધોય જતો રહ્યો. એમ ભગતને જણાણું. ને મહારાજને પગે લાગીને કોસ હાંકવા મંડ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે, "ભગત, હવે તમારે મંદવાડ રહ્યો છે ?" ત્યારે ભગતે કહ્યું જે, "મહારાજ, બધોય મંદવાડ ગયો ને બહુ સારું થઈ ગયું." ત્યારે મહારાજ લગારેક હસ્યા ને કહ્યું જે, "બાજરાનો રોટલો ને રીંગણાંનું ભડથું જમજો." ત્યારે ભગતે કહ્યું જે, "ઠીક મહારાજ !" ત્યારે મહારાજે કહ્યું જે, "આ રીંગણીઓમાંથી રીંગણાં લઈને ભરથું કરજો ને નિત્ય જમજો." એમ કહીને ઘડીક રહીને એમ કહ્યું જે, "જમશો કે નહિ જમો ?" ત્યારે ભગતે હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, હું હાથે રીંગણાં લઈને ભરથું કરીને નહિ જમું. કેમ જે, હું નિત્ય જમવા માંડું તો મારે એવો સ્વભાવ પડી જાય; એટલે રહેવાય નહિ." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે આજ્ઞા કરીએ છીએ, તે બે રીંગણાં હાથે લઈને જમજો." ત્યારે તે ભગતે કહ્યું જે, "હે મહારાજ, હું હાથે નહિ લઉં. કેમ જે, ટેવ પડી જાય એટલે રહેવાય નહિ." ત્યારે મહારાજે કહ્યું જે, "એક રીંગણું લઈને ભરથું કરીને જમજો." ત્યારે ભગતે કહ્યું જે, "હું નહિ જમું." ત્યારે મહારાજ બહુ રાજી થયા ને પછી નાનભગતને એમ કહ્યું જે, "ઘોડો લાવો."

પછી નાનભગત ઘોડો લાવ્યા. તે પર સવાર થઈને દરબારમાં પધાર્યા. ને લીંબડા આગળ ઘોડો ઊભો રાખ્યો ને હેઠા ઊતરીને આથમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. ને લાડુબાઈને બોલાવ્યા ને કહ્યું જે, "અમે તમારી વાડીએ ગયા હતા; તે વાડીમાં વંતાક બહુ સારાં થયાં છે. ને તે ભગત કોસ હાંકતો હતો, તેને શરીરે મંદવાડ બહુ હતો; તે અમે મટાડ્યો. ને કહ્યું જે, બે રીંગણાનું ભડથું કરીને તમારે નિત્ય જમવું. પણ પહેલી તો તેણે હા

પાડી ને પછી કહ્યું જે, 'મહારાજ, હું નહિ જમું; કેમ જે, હું વાડીએ રહું છું, તે મારે ટેવ પડી જાય ને રીંગણાં ખાધાં વિના રહેવાય નહિ.' ત્યારે અમે કહ્યું જે, 'એક રીંગણું શેકીને ખાજો.' તોય તે ભક્તે એક રીંગણાની ના પાડી ને કહ્યું જે, 'હું નહિ ખાઉં." ત્યારે લાડુબાએ કહ્યું જે, "મહારાજ, નિત તમારા થાળમાંથી તે ભગતને વંતાકનું શાક મોકલશું. ને જો વંતાકનું ભરથું જોઈતું હોય તો તમારા થાળમાં નિત્ય મેલશું. ને ભગતને પ્રસાદી તે જમે તેટલી મોકલશું."

તે સાંભળીને મહારાજ લાડુબા ઉપર બહુ રાજી થયા ને કહ્યું જે, "અમારા સારુ એ ભક્ત ઘર મેલીને અહીંયાં આવ્યા છે ને એ એમ જાણે છે જે, 'આપણે કાંઈ દાખડો કરીએ તે વસ્તુ મહારાજના થાળમાં આવે.' એ જોઈને રાત-દિવસ મંડ્યા રહે છે; તેની તમારે ખબર રાખવી." ત્યારે લાડુબાએ કહ્યું જે, "મહારાજ, ખબર રાખશું. ને બીજા અમારામાં કોઈ હોય તેનીય ખબર રાખશું." એમ કહ્યું ત્યારે મહારાજ લાડુબા ઉપર બહુ રાજી થયા.

પછી તે ભગતને પ્રસાદી નિત્ય વાડીએ મોકલતા; ત્યારે તે ભગતે આવીને મહારાજને કહ્યું જે, "મહારાજ, મારે વાસ્તે નિત્ય લાડુબા પ્રસાદી મોકલે છે." ત્યારે મહારાજે પૂછ્યું જે, "રીંગણાંનું ભરથું મોકલે છે ?" ત્યારે ભગતે કહ્યું જે, "હા મહારાજ ! નિત્ય મોકલે છે." પછી મહારાજ અક્ષરભુવનમાં પધાર્યા. ॥ મહારાજની લીલા ॥૮૦॥

૮૧. ખોખરાના વસ્તાભગતે શિર સાટે સત્સંગ કર્યો

એક સમે મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડાના વૃક્ષની હેઠે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. ને તે સમે ખોખરાના હરિભક્ત વસ્તોભગત આદિક મહારાજને દર્શને આવ્યા. ને તે સમે ઋષભાનંદસ્વામી ભેળા થયા. ત્યારે તેમણે કહ્યું જે, "તમે મહારાજને દર્શને આવ્યા તે બહુ સારું કર્યું." તે ઋષભાનંદસ્વામી સૌ હરિભક્તને તેડીને મહારાજને દર્શને આવ્યા. ત્યારે સ્વામીએ એમ કહ્યું

જે, "મહારાજ, અમે માળ વાળ્યો." ત્યારે રાઘવાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "આ વસ્તાભગતે આખું ગામ રોકી રાખ્યું હતું; તે એમને સત્સંગ થયો ત્યારે સૌ માણસને સત્સંગ થયો." ત્યારે મહારાજ બોલ્યા જે, "ગામ બળી ગયું તે ગામના કે બીજા ગામના હરિભક્ત ?" ત્યારે વસ્તે કહ્યું જે, "હે મહારાજ ! વસ્તા ભગતે એ જ અમે." ત્યારે મહારાજે પૂછ્યું જે, "તમારે સત્સંગ કેમ થયો ?"

ત્યારે વસ્તોભગત બોલ્યા જે, "હે મહારાજ ! અમે નાનકપંથીના ભક્ત હતા, પણ તેમાં અમે માલ ન ભાળ્યો ત્યારે અમે મારગીના ભગત થયા. તેમાં પણ કાંઈ સાર ન દીઠો. ને અમારો મોટો ભાઈ કાનો હતો તેણે કહ્યું જે, 'હે વસ્તા ! તું ભગતિ તો કરે છે, પણ તેમાં તારો મોક્ષ થાય એવું કાંઈ નથી.' ત્યારે અમે વિચાર કરીને કબીરના ભગત થયા. ને બ્રાહ્મણને એમ કહેતા જે, 'અમારો મોક્ષ થાય એવું કોઈ ઠેકાણું બતાવો,' પણ કોઈએ ઉત્તર ન દીધો. ને અમારા મનમાં એમ થયું જે, 'આપણે ભગતિ કરીએ છીએ પણ આપણો મોક્ષ થાય તેમ નથી.' ત્યારે તેજો કોળી હતો તેણે અમને એમ કહ્યું જે, 'તમારે કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણના પંથમાં આવો.' ત્યારે અમે એને એમ કહ્યું જે, 'તમારે ઘરે પરમહંસ આવે ત્યારે અમને ખબર કરજો.' ત્યારે પરમહંસ આવ્યા ત્યારે તેજાભગતે અમને ખબર કર્યા. ત્યારે અમે દર્શને ગયા, ત્યારે અમે પગે લાગીને સાધુ પાસે બેઠા.

ત્યારે રાઘવાનંદસ્વામીએ અમને એમ કહ્યું જે, 'તમારે કાંઈ વાત અમને કેવી છે ?' તે વખતે અમે એમ કહ્યું જે, 'અમારે કબીરનું કીર્તન છે તેનો ઉત્તર કરો, તો કીર્તન બોલીએ.' ત્યારે અમે એક ચરણ બોલ્યા. ત્યારે સાધુએ કહ્યું જે, 'તમે ઘરે નિત્ય કીર્તન બોલો છો ? તે જો તમે બોલતા હો તો ચારે પદ બોલો." ત્યારે મહારાજે પૂછ્યું જે, "પછી તમે બોલ્યા કે નહીં ?" ત્યારે વસ્તાભગતે કહ્યું જે, "અમે ચારે પદ બોલ્યા. ત્યારે રાઘવાનંદસ્વામીને અમે એમ કહ્યું જે, તમે ચારે

પદનો ઉત્તર કરો તો અમે સત્સંગ કરીએ. ત્યારે રાઘવાનંદસ્વામીએ ચારે પદ બોલીને ઉત્તર કર્યા.

ત્યારે અમે સૌ બોલ્યા જે, 'અમે આજથી તમારા શિષ્ય ને આ પદનો ઉત્તર કોઈએ કર્યો નો'તો.' ને તે સમે અમો એમ બોલ્યા જે, 'તમે અમારા ગુરુ થયા, ત્યારે તમારે અમારે ઘરે આવ્યું જોઈએ.' ત્યારે રાઘવાનંદસ્વામી બોલ્યા જે, 'અમે તો આવીએ પણ અમારે એકાંતનું ઘર જોઈએ.' ત્યારે અમે એમ કહ્યું જે, 'કોઈ બાઈ માણસનો પ્રસંગ ન હોય તેવો તમને ઉતારો દઈએ.' ત્યારે સાધુ અમારે ઘરે આવ્યા ને અમને વાતુ કરી. ત્યારે સાધુએ એમ કહ્યું જે, 'હવે કોઈ મતપંથની વાતુ સાંભળવી નહિ, ને કીર્તન બોલવાં તો મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીના કરેલાં બોલવાં.'

ત્યારે અમે કહ્યું જે, 'અમારાં અનેક જન્મનાં પાપ બળી જાશે તેમ તમે કહો છો; તે અમારે કેમ માન્યામાં આવે ? તે અમારે સંશય રહે છે.' પછી સૌ મનુષ્યે નિયમ લીધા ને સાધુએ કહ્યું જે, 'તમારું કલ્યાણ થશે ને **સ્વામિનારાયણ** એવું તમે ભજન કરજો.' ત્યારે અમે કહ્યું જે, 'મહારાજ, અમે પગે લાગવા કેને જાઈએ ?' ત્યારે રાઘવાનંદ સ્વામી બોલ્યા જે, 'આ સ્વામિનારાયણના પગલાં છે, તે પધરાવું ને તમારે નિત્યે અહીંયાં દર્શને આવવું.'

પછી અમારા કાકાનો દીકરો જેઠો હતો, તેણે એમ કહ્યું જે, 'સાધુએ કહ્યું જે, તમારાં આજથી પાપ બળ્યાં, તે શેણે બળ્યાં હશે ?" ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, "પછી કેમ થયું ?" ત્યારે વસ્તાભક્તે કહ્યું જે, "ફાગણ માસની એકાદશીને દહાડે અમે નીમ લીધા હતા. તે ઘર સળગ્યું ત્યારે અમે એમ કહ્યું જે, 'હવે આપણાં પાપ બળ્યાં.' ને અમારાં સગાં-વહાલાં આવી અમને કહેવા મંડ્યાં જે, 'તમે સ્વામિનારાયણની કંઠીઓ બાંધી, એટલે તમારું ગામ સળગ્યું; ને તમે સ્વામીના થયા તેણે શું સારું થયું ? ને હજી કંઠીઓ કાઢી નાંખો તો ઘણું સારું !'

ત્યારે અમે કહ્યું જે, **'સ્વામીની કંઠીઓ તો અમારે માથા સાટે છે.'** ને અમને સાધુએ કહ્યું જે, 'તમારાં પાપ બળ્યાં' તે અમે પ્રત્યક્ષ દીઠાં."

ત્યારે મહારાજ બોલ્યા જે, "તમને કાંઈ વસમું ન લાગ્યું ?" ત્યારે વસ્તાભગતે કહ્યું જે, **"આ લોકના પદાર્થ જાય છે ને આવે છે, પણ કલ્યાણ કયે ઠેકાણે મળે છે ? એમ જાણીને અમે સત્સંગ રાખ્યો છે."**

ત્યારે મહારાજ ઢોલિયા ઉપર ઊભા થઈને બોલ્યા જે, "આ હરિભગત વાત કરે છે, તે સૌ સાંભળો." અને વસ્તાભગતને કહ્યું જે, "હવે ફરીને વાત કહો." ત્યારે વસ્તેભગતે વાત કહી દેખાડી. પછી મહારાજ એમ બોલ્યા જે, **"પોતાના કલ્યાણ સારુ સત્સંગ કરવો તેને તો આવો સત્સંગ કરવો."** ને ખોખરાના હરિભક્ત સમસ્તને ચરણારવિંદ આપ્યાં. ને તે દા'ડે સાંજનો પો'ર હતો, તે વારે મહારાજ બોલ્યા જે, "આજ હુતાશણીનો દા'ડો છે." ને દાદા ખાચરને એમ કહ્યું જે, "તમે હુતાશણી પ્રગટાવા જાવો." ત્યારે દાદો ખાચર પાળા ભેળા લઈને હુતાશણી પ્રગટાવા ગયા. ને મહારાજ એમ બોલ્યા જે, "આપણે પણ ગઢાળીને માર્ગે નદીમાં સભા કરશું."

પછી મહારાજ વાજતે ગાજતે નદીએ પધાર્યા ને ત્યાં ગાડા ઉપર પાટ હતી તે ઉપર વિરાજમાન થયા. ને સૌ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ત્યાં વસ્તાભગતને એક સંકલ્પ થયો જે, 'સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે, તે મારો જમણો હાથ ઝાલીને કહે જે - હવે પ્રભુ ભજજો - એમ કહે તો ભગવાન ખરા !' એવો સંકલ્પ થયો. ત્યારે મહારાજે ગાડા ઉપરથી ઊતરીને જમણો હાથ ઝાલીને કહ્યું જે, "હવે પ્રભુ ભજજો !" ત્યારે તેમના મનમાં એમ થયું જે, 'આ તો અંતરજામી છે ! ને આપણા કલ્યાણમાં હવે કાંઈ ખામી રહે તેમ નથી. ને આવું ઐશ્વર્ય કોઈમાં દીઠું નથી.' પછી આ વાતની એ ભક્તને સ્મૃતિ ન રહી. એટલામાં ત્યાં રાઘવાનંદસ્વામી આવ્યા ને તેણે એમ કહ્યું જે,

"સ્વામિનારાયણને તમે શું સમજો છો ?" ત્યારે એ ભક્તે એમ કહ્યું જે, "મોટા પુરુષ જાણું છું."

ત્યારે રાઘવાનંદસ્વામીએ કહ્યું જે, "ભગવાન તો નથી જાણતા ને ?" ત્યારે એ ભક્તે સ્વામીને કહ્યું જે, "એક ઐશ્વર્ય તો મુને મહામોટું દેખાડ્યું. તે મેં સંકલ્પ કર્યો ને મહારાજે ઊઠીને કહ્યું જે, 'હે ભગત, તમે પ્રભુ ભજજો !' એમ કહ્યું. ત્યારે મેં કહ્યું જે, 'પ્રભુ છે એમ કેમ કહેવાય ? ને નથી એમ પણ કેમ કહેવાય ? ને હોય ને ના કહીએ તોપણ પાપ લાગે, ને ન હોય ને કહીએ તોપણ પાપ લાગે; તે અમે તો હા નહિ કહીએ ને ના પણ નહિ કહીએ." ત્યારે રાઘવાનંદસ્વામીએ એમ કહ્યું જે, "સ્વામિનારાયણ ભગવાન ન હોય તો ચૌદ લોકનું પાપ મારે માથે." ત્યારે એ ભક્તે કહ્યું જે, "સાધુને કિયાં દીકરા પરણાવવા છે તે ખોટું બોલે ? ને આ તો આપણને પ્રભુનો નિશ્ચય કરાવવા સારુ સમ ખાય છે !" પછી એ ભક્તને અંતરમાં ખરો નિશ્ચય થયો.

ને તે સમે કોઈક ડોસી આવીને પગે લાગ્યાં, ત્યારે તે ડોસી મહારાજને પગે અડી. તે મહારાજને સારું ન લાગ્યું. ત્યારે મહારાજે સોટી લઈને બાઈના બરડામાં મારી. ને મહારાજ મોઢા ઉપર લૂગડું ઓઢીને સૂઈ ગયા ને એમ બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામી, અમને રીસ ચડી." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "તમારી રીસ તો દૂધના ઉફાણા જેવી છે." ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "બ્રહ્માનંદ સ્વામી અમારી રીસની ઠેકડી કરે છે." ત્યારે મુક્તાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, "સ્વામી ઠીક કહે છે." ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીએ કહ્યું તે હવે ઠીક."

પછી મહારાજ બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામી, તમે દૂધને ઉફાણું કહ્યું તે કેમ કહેવાય ?" ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "દૂધ ઉફાણે આવ્યું હોય ને પાણી નાખે એટલે તરત બેસી જાય. તે તો અમને સમજાવવા સારુ કહો છો ને તમારામાં તો કોઈ દોષ નથી."

તે સમામાં ગુલાલના ટોપલા ભરીને લાવ્યા. તે અબીર-ગુલાલના ગોટા મહારાજ છેટેથી મારે એટલે ગુલાલની શેડ ઊડે. ત્યારે વસ્તેભગતે રાઘવાનંદસ્વામીને કહ્યું જે, “આમ મારે છે ને કોઈ કહેતું નથી.” પછી રાઘવાનંદસ્વામીએ કહ્યું જે, “આ તો ગુલાલના ગોટા નાંખે છે, પણ મારતા નથી.” ત્યારે વસ્તોભગત બોલ્યા જે, “મેં ગુલાલ તો ઘણો ભાળ્યો છે, પણ આ તો ગુલાલ નહીં !” પછી રાઘવાનંદસ્વામી કહે, “તમારે માન્યામાં ન આવે તો તમે ત્યાં ચાલો.” ત્યારે સાધુ પાસે જઈને જોયું ને કહ્યું જે, “આ તો ગુલાલ છે.” ત્યારે વસ્તાભગતને ભ્રાંતિ મટી ગઈ.

ને મહારાજે તાલી વજાડીને એમ કહ્યું જે, “હવે કાલે અમે બોટાદ જઈશું ને જેને આવવું હોય તે આવે.” પછી મહારાજ માણકી ઘોડી ઉપર સવાર થયા ને વાજતે ગાજતે ગામમાં પધાર્યા. પછી મહારાજે સર્વેને કહ્યું જે, “ચાલી શકો તે આવજો ને જે ન ચાલી શકો તે આવશો મા, ને અમારી મોર કોઈ બોટાદમાં જશો મા.” એમ કહીને મહારાજ જમવા પધાર્યા. જમીને મહારાજ અક્ષરભુવનમાં જઈને પોઢ્યા. સંવત્ ૧૮૭૫ના ફાગણ સુદિ ૧૫ પૂનમના દહાડાની લીલા.

॥ મહારાજની લીલા ॥૮૧॥

૮૨. મહારાજે બોટાદમાં રંગોત્સવ કર્યો

એક સમયે શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં પોઢ્યા હતા. તે રાતના બાર ઉપર એક વાગતે ઊઠ્યા. ત્યારે રતનજીને કહ્યું જે, “માણકી લાવો.” ત્યારે માણકી લાવ્યા ને મહારાજ અસવાર થયા ને બીજા પણ અસવાર થયા ને બોલ્યા જે, “સર્વે તૈયાર થયા ?” એમ કહીને ચાલ્યા. તે મહારાજ રાતના ચાર વાગતે બોટાદની નદીમાં પધાર્યા. ને સર્વે સાધુ-હરિભક્ત નદીમાં ના’યા. ને ગામમાંથી ભગાશેઠ આદિ હરિભક્ત સર્વે સામૈયું લઈને આવ્યા. ત્યારે ભગેશેઠે એમ કહ્યું જે, “સારાં-સારાં વસ્ત્ર પહેરો ને ઘરેણાં સારાં-સારાં પહેરો.” પછી મહારાજે વસ્ત્ર-ઘરેણાં

પહેર્યાં. અને મહારાજ દિવસ ઊગતાં સમે ગાજતે વાજતે ગામમાં પધાર્યા. તે માણેકચોકમાં પધાર્યા. ત્યાંથી હમીર ખાચરના દરબારમાં પધાર્યા. ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "અહીંયાં સૌ સમાઈ રહેશે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, અહીંયાં તો સંઘ સમાશે નહીં."

પછી ત્યાંથી ગાજતે વાજતે મહારાજ રાંગળી તળાવના કાંઠા ઉપર (પધાર્યા, ને ત્યાં) લીંબડાના થડમાં આથમણે પડખે કોઠો હતો, તે લીંબડાના થડમાં ગાડા ઉપર ઢોલિયો બિછાવીને વિરાજમાન થયા. તે પછી ભગોશેઠ બોલ્યા જે, "હે મહારાજ, હવે રંગ ઉડાડવાની વખત થઈ છે." ત્યારે મહારાજે સર્વે ધોળાં વસ્ત્ર ધારણ કર્યાં. ત્યારે ભગાશેઠને કહ્યું જે, "રંગ લાવો." ત્યારે ભગોશેઠ રંગ ને ગુલાલ લાવ્યા. તે સૌ હરિભક્તની ઉપર મહારાજે નાંખ્યો. પછી મહારાજ બોલ્યા જે, "આ અમે રંગ નાંખીએ છીએ, તે વર્તમાન જાણવાં." ત્યાં ખોખરાના હરિભક્ત વસ્તાભગતને એમ સંકલ્પ થયો જે, 'મારો તો હાથ ઝાલ્યો પણ હવે કોઈનો હાથ ન ઝાલે તો એ ભગવાન ખરા !' પછી મહારાજ એમ બોલ્યા જે, "અમે તો કોઈનો હાથ ઝાલતા નથી. ને આ ભક્ત તો વારે-વારે સંકલ્પ કર્યા કરે છે; તે સુખેથી પ્રભુ ભજે તો ઠીક. **ને પ્રભુ ભજ્યામાં સુખ છે ને નિશ્ચયે કરી પ્રભુ ભજે તેને જ સુખ થાય છે."**

॥ મહારાજની લીલા ॥૮૨॥

૮૩. ગોપાળાનંદસ્વામીએ અતિ ભાવથી પ્રગટ પ્રભુની પૂજા કરી

એક સમે શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં આથમણે મુખારવિંદે વિરાજમાન હતા. ત્યારે ગોપાળાનંદસ્વામી પૂજા કરવા સારુ આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "આવો સ્વામી." તે સમે મહારાજે એક ખેસ પહેરેલો ને બીજું શરીર ઉઘાડું હતું. પછી ગોપાળાનંદસ્વામીએ લલાટમાં ચંદન ચરચ્યું; તે ભાત પાડીને ચરચ્યું ને માંહી કુંકુમનાં ઝીણાં-ઝીણાં બિંદુ મેલ્યાં. પછી છાતીમાં ચંદન ચરચ્યું, ને તેમાં કુંકુમનાં બિંદુ મેલ્યાં,

ને બે ભુજાને વિષે ચરચ્યું. પછી મહારાજે ખેસ પહેર્યો હતો, તે લગારેક ઊંચો કર્યો એટલે સ્વામીએ સાથળને વિષે ચંદન ચરચ્યું, ને ઢીંચણથી હેઠે પિંડીએ ચરચ્યું તે ઘૂંટી સુધી ચરચ્યું ને કુંકુમનાં બિંદુ મેલ્યાં. પછી મહારાજની મૂર્તિને સારી પેઠે નીરખી ને મોગરાના હાર ધરાવ્યા; તે છાતી ભરાઈ ગઈ એટલા પહેરાવ્યા. ને બે બાજુબંધ પહેરાવ્યા, ને બે હાથે બે પોંચિયું ધરાવિયું, ને મહારાજની આરતી ઉતારી. ત્યારે બીજા સાધુએ (પણ) મહારાજને હાર ધરાવ્યા. એ સમે મહારાજની મૂર્તિની શોભા ભારે થઈ એટલે બધાયનાં નાડી-પ્રાણ તણાઈ ગયાં. એવી રીતે મહારાજની મૂર્તિને વિષે શોભા હતી.

પછી મહારાજે અમૃતદૃષ્ટિએ કરીને ઘેરે મધુરે સાદે કરીને એક ઘડી સુધી વાત કરી. ત્યારે ત્યાં રઘુવીરજી મહારાજ આવ્યા ને મહારાજને કહ્યું જે, "મહારાજ ચાલો." ત્યારે મહારાજે કહ્યું જે, "ક્યાં જાવું છે?" ત્યારે રઘુવીરજી મહારાજ કહે જે, "ઓરડાની ઓસરીએ આવો." તે ઓરડા પૂર્વના વાસુદેવના, તે ત્યાં ઢોલિયો ઉગમણો-આથમણો ઢાળ્યો હતો. તે ઉપર જઈને મહારાજ ઉત્તર મુખે વિરાજમાન થયા. ત્યારે રઘુવીરજી મહારાજે વાંસે તકિયો મેલ્યો ને ઢોલિયા નીચે મહારાજનાં ચરણારવિંદની હેઠે રેશમી બહુ સુંવાળો ચાકળો મેલ્યો હતો.

❁ રાયપરના રાજગરને મહારાજે રાજી કર્યા :

તે સમે રઘુવીરજી મહારાજ ને ઘેલો ધાધલ એવા બે-ચાર હરિભક્ત બેઠા હતા. ત્યાં રાયપરના હરિભક્ત રાજગર આવ્યા. તે મહારાજને પગે લાગીને બેઠા. ને મહારાજ હાથના લટકા કરતા જાય ને વાતુ કરતા જાય. તે સમયે મહારાજના હારમાંથી પાંખડિયું હેઠે પડી. તે પાંખડિયું મહારાજ ન દેખે એવી રીતે લઈ લીધી. ને વળી મહારાજ લટકા કરીને વાત કરવા મંડ્યા. ત્યારે બીજું આખું ફૂલ પડ્યું. તે બે ચરણારવિંદની ઘૂંટિયું સામ-સામી અડી રહી હતી, તે વચ્ચે મગન હતો ત્યાં પડી ગયું.

તે જોઈને હરિભગતને મનસૂબો થયો જે, 'મહારાજ ન જાણે

એમ ફૂલ લેવાય તો ઠીક.' એમ મનસૂબો કરીને અંગૂઠા પાસેની ને વચલી આંગળીને ચીપિયાની પેઠે કરીને લેવા ગયા ને બે ચરણારવિંદની પાની વચ્ચે હાથ ઘાલ્યો. ત્યારે લગારેક તે હરિભક્તનો અંગૂઠો ચરણારવિંદને અડી ગયો, ત્યારે મહારાજે ઝડપ લઈને ચરણારવિંદ ઊંચાં લીધાં. ત્યારે તે હરિભક્તને બહુ બીક લાગી ને એમ જણાણું જે, 'મહારાજ મારા ઉપર કચવાશે !' ત્યારે મહારાજે તે હરિભક્ત સામું જોયું એટલે તે હરિભક્ત બી ગયો. ત્યારે મહારાજે પોંચી ને બે હાથના બાજુબંધ તે હાથમાં લઈને મુખારવિંદ ઉપર બે-ત્રણવાર અડાડ્યાં ને હરિભક્તને આપ્યાં. ત્યારે તે હરિભક્તે નમસ્કાર કરીને લીધાં.

❁ નિર્ગુણાનંદસ્વામી દ્વારા સાકર વહેંચાવી :

તે સમે નિર્ગુણાનંદસ્વામી થાળી ભરીને સાકર લાવ્યા. તે થાળી ઉપર મહારાજે બે વાર હાથ મૂક્યા. ત્યારે નિર્ગુણાનંદસ્વામી ઊભા રહ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "સાકર વહેંચવી છે ?" ત્યારે નિર્ગુણાનંદ સ્વામી બોલ્યા જે, "હા મહારાજ, વહેંચવી છે." ત્યારે મહારાજે એક દોથો ભરી લીધો, ત્યારે સ્વામીએ થાળી ઉપાડી. ત્યારે મહારાજે કહ્યું જે, "સાધુને વહેંચી આવો." ત્યારે નિર્ગુણાનંદસ્વામી થાળી લઈને ગયા. ત્યારે મહારાજના હાથમાં સાકર હતી, તે બબ્બે ગાંગડા પાસે બેઠા હતા તેમને મહારાજે આપી. ને બીજી વધી તે ફૂલવાડીવાળા હરિભક્તને આપી. ને મહારાજ અતિ રાજીપામાં હાથના લટકા કરતા જાય ને વાતુ કરે.

❁ વાડીવાળા વાલજીભગતને રાજી કર્યા :

ત્યાં લક્ષ્મીવાડીમાંથી વાલજીભગત મહારાજને દર્શને આવ્યા. તે મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે તે ભક્ત સામું જોયું ત્યારે તે ભક્તે મહારાજને કહ્યું જે, "મહારાજ, તમે હમણાં લક્ષ્મીવાડીએ આવ્યા નથી." ત્યારે મહારાજ ઊભા થયા ને ચાલ્યા; તે દરબારમાં

આવીને બજારે ચાલ્યા. તે બોટાદને ઝાંપે થઈને મહારાજ લક્ષ્મીવાડીએ પધાર્યા, ને ઓટા ઉપર ઉત્તરાદે મુખારવિંદે ગાદીતકિયા ઉપર બેઠા. ત્યાં સૌ આવીને મહારાજની પાસે બેઠા ને મહારાજે હાર વાડીવાળાને આપ્યા ને કહ્યું જે, "આ હાર જે કામ કરતા હોય તેને વહેંચી દેજો." એ રીતે મહારાજ એક ઘડી સુધી બેઠા. ત્યાં મહારાજને કોઈક હરિભક્તે આવીને હાર પહેરાવ્યા.

❁ નાગાજણ રાવળે રાજેશ્વરને રાજી કર્યા :

તે સમે નાનભગત મહારાજ વાસ્તે ઘોડી લઈને આવ્યા ને કહ્યું જે, "મહારાજ, દરબારમાં પધારો !" ત્યારે મહારાજ ઘોડી ઉપર અસવાર થયા ને નાગાજણ આવ્યો. તે રવાજ લઈને મહારાજની આગળ વગાડવા મંડ્યો. ત્યારે મહારાજે સામું જોયું ત્યારે તેણે જાણ્યું જે, 'મહારાજની મરજી છે.' ને કાંસિયાં લઈને વગાડવા મંડ્યો. એ રીતે રવાજ ને કાંસિયાં વગાડતાં વગાડતાં ચાલ્યા; તે ધીરે-ધીરે દરબારમાં આવ્યા, ને ઉગમણે ઓરડે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને આગળ સભા ભરાઈને બેઠી. ને ત્યાં રાવળ કીર્તન બોલતા જાય ને આઘાપાછા થતા જાય; ને કાંસિયાના કડાકા થતા જાય ને રવાજના ઝણકારા થાતા જાય; ને મહારાજ મંદ-મંદ હસતા જાય ને ડોલતા જાય – એ રીતે એક ઘડી સુધી કીર્તન બોલ્યા. ને મહારાજ ઊઠીને પછી અક્ષરભુવનમાં પધાર્યા.

॥ મહારાજની લીલા ॥૮૩॥

૮૪. મહારાજે પ્રેમાનંદસ્વામીને કીર્તન આવડવાનો આશીર્વાદ આપ્યો અને બે નામ પાડ્યાં

એક સમયે શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. ત્યાં બે-ચાર મનુષ્ય બેઠા હતા ને પ્રેમાનંદસ્વામી બેઠા. ત્યારે મહારાજ સ્વામી સામું જોઈને બોલ્યા જે, "તમે ભણો છો, તે ભણવું રહેવા દો ને કીર્તન કરો. ને તાલ-સ્વર તો તમને આવડે છે ને તમે

તો ત્રણ **વરતી**[૧] **સારસ્વત**[૨] સુધી ભણ્યા છો."

ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, મને કીર્તન કરતાં કેમ આવડે ? ને હું કાંઈ પિંગળ ભણ્યો નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "પિંગળનું શું કામ છે ? અમે કહીએ તેમ કરો !" ત્યારે સ્વામીએ કહ્યું જે, "મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તેની આગળ હું શી ગણતીમાં ? ને જેમ લોકાલોક ને મેરુ જેવા સ્વામી, તેની આગળ હું કાંકરા જેવો શું કીર્તન કરું ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "એનાં કર્યાં એ ગાય ને આપણાં કર્યાં આપણે ગાઈએ; તેમાં તમે શું બીઓ છો ? ને અમે તમને બતાવીએ એમ અમારી લીલા ચિંતવવી : અમે જમતા હોઈએ, ને અમે બેઠા હોઈએ, ને સભા કરી હોય, ને અમે હાર પહેર્યા હોય, ને વસ્ત્ર-ઘરેણાં આદિક જે અમે પહેર્યાં હોય, ને જે ઠેકાણે જે લીલા કરી હોય; તે ચિંતવીને કીર્તન કરવાં. તે લીલા પ્રગટની ને કીર્તન પરોક્ષ ઉપર કરવાં." ત્યારે સ્વામીએ કહ્યું જે, "બહુ સારું મહારાજ !"

ત્યારે સ્વામી કીર્તન કરીને લાવ્યા. તે કીર્તન 'ફૂલન હિંડોરે ઝૂલત લાલ' એ કીર્તન કરીને લાવ્યા. ને મહારાજ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં થાંભલીને ઓઠીંગણે મશરૂના ચાકળા ઉપર વિરાજમાન હતા. તે સમયે સ્વામીએ આવીને કીર્તનનો ખરડો મહારાજના હાથમાં દીધો. તે મહારાજે વાંચીને કહ્યું જે, "કીર્તન બહુ સારાં થયાં, પણ નામાચરણ બહુ જ લાંબું પડે છે."

(પહેલા) સ્વામીનું નામ 'નિજબોધાનંદ' હતું, (તેથી) એમ કહીને મહારાજે કહ્યું જે, "નામ ફેરવવું છે." ત્યારે મહારાજના હાથમાં માળા હતી. તે લઈને એક મણકો મૂક્યો ને 'મુક્તા, નિત્યા, બ્રહ્મા, પરમા ને પ્રેમા' એમ કહીને મહારાજે સ્વામીને કહ્યું જે, "તમારે **'પ્રેમાનંદ'** એ નામનાં કીર્તન કરવાં."

૧.વૃત્તિ - પ્રકરણ ૨.એ નામનું સંસ્કૃત વ્યાકરણ

ત્યાર પછી સ્વામીએ મહારાજની પાસે કીર્તન ગાયાં; ત્યારે ચંદરસખીનું નામ વળ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "ચંદરસખી કોણ થઈ ગઈ છે ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "કૃષ્ણ અવતારમાં કોક થઈ ગયેલ છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ અવતારમાં આપણે **પ્રેમસખી.**" એમ કહીને મહારાજે કહ્યું જે, **"આજથી તમારાં બે નામ : પ્રેમાનંદ ને પ્રેમસખી."** એમ કહ્યું. ॥ મહારાજની લીલા ॥૮૪॥

૮૫. કીર્તન-ભક્તિથી શ્રીહરિ રાજી થયા

શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં પોઢ્યા હતા. તે સમયે પ્રેમાનંદ સ્વામી ને સર્વજ્ઞાનાનંદસ્વામી પૂનમિયા કૂવાની પાસે આથમણા બારની ઓરડિયું હતી; ત્યાં સાધુ રહેતા. તે સમે પ્રેમાનંદસ્વામી ને સર્વજ્ઞાનાનંદ સ્વામી કીર્તન ગાતા હતા, ને પ્રેમાનંદસ્વામી સતાર ને સર્વજ્ઞાનાનંદ સ્વામી દોકડ લઈને વજાડતા ને કીર્તન ગાતા (હતા).

તે સાંભળીને મહારાજે વીરાભગતને કહ્યું જે, "કોણ ગાય છે?" ત્યારે તેણે કહ્યું જે, "કોઈક સાધુની જગ્યામાં ગાય છે." ત્યારે મહારાજે કહ્યું જે, "જોઈ આવો, કોણ ગાય છે ?" ત્યારે તે ભગતે જોઈ આવીને કહ્યું જે, "સર્વજ્ઞાનાનંદસ્વામી ને પ્રેમાનંદસ્વામી ગાય છે." ત્યારે મહારાજ અક્ષરભુવનમાંથી ઊઠીને છાનામાના પૂનમિયા કૂવાના કાંઠા ઉપર આવીને ઊભા રહ્યા. ત્યારે કીર્તન ગાતા'તા જે –

કુબજ્યા ગ્રહ વસકે કાના, નિરમોયા ભયે કા કરું વૈકુંઠકું રે;
કલ્પવૃક્ષકી છાંય આકઢાક, સોયામણે જો પ્રીતમ ગલે વાહ રે.
કુબજ્યા ગ્રહ વસકે કાના...

એ ચરણ બોલ્યા. તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા ને પોતા પાસે ખેસ હતો તે પ્રેમાનંદસ્વામીને ઓઢાડ્યો ને કહ્યું જે, "હવે રાખો, ને રાત બહુ ઝાઝી ગઈ છે; તે સૂઈ જાવ." એમ કહીને મહારાજ અક્ષરભુવનમાં જઈને પોઢી ગયા. ॥ મહારાજની લીલા ॥૮૫॥

૮૬. મહારાજે જોધા ભરવાડને નિશ્ચય કરાવ્યો

એક સમે શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં વિરાજમાન હતા. ત્યાં એકાએક રઘુવીરજી મહારાજ આવ્યા. ત્યારે મહારાજને એકાંત જાણીને વહેવારની વાત પૂછી ને ઘડીક મહારાજ બિરાજ્યા. પછી મહારાજ ચાખડીઓ પહેરીને ચાલ્યા તે લીંબડા હેઠે આવ્યા. ત્યાં જોધો ભેંસ દોતો હતો. ત્યારે મહારાજે પગને અંગૂઠે કરીને લગારેક ઠેબું મેલ્યું. ત્યારે જોધે કહ્યું જે, “કોણ છે ?” એમ કહીને દૂધની શેડ ચરણારવિંદમાં મારી. ત્યારે ચરણારવિંદ ને ચાખડી દૂધાળી થઈ. ત્યારે મહારાજે કચવાઈને કહ્યું જે, “ભરવાડ ને ભરવાડ રહ્યો !” ત્યારે જોધે કહ્યું જે, “જાણતા નો’તા જે, ભરવાડ સખણો નહિ રહે ?” ત્યારે મહારાજે કહ્યું જે, “મૂરખ ને મૂરખ રહ્યો.” ત્યારે જોધે કહ્યું જે, “તમે તો બહુ ડાહ્યા! ‘એક ચકલી સારુ બધું બ્રહ્માંડ બોળી દીધું’ એવા ડાહ્યા. જાવ જાવ બેસો, હું દોઈને આવું છું.”

પછી મહારાજ ચાલ્યા તે ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીની કોર ઉપર મૃગચર્મનો ચાકળો થાંભલીના થડમાં નાંખ્યો; તે થાંભલીનું ઓઠીંગણ કરીને મહારાજ વિરાજમાન થયા. ત્યાં મુક્તાનંદસ્વામી આવ્યા ને પગે લાગીને પડખે બેઠા. ત્યારે જોધો દો’તો હતો તે દોઈને દૂધની તાંબડી મેલીને મહારાજની પાસે આવ્યો, ને મહારાજને પગે લાગીને ને સ્વામીને પગે લાગીને બેઠો. ને પછી મુક્તાનંદસ્વામીને જોધે કહ્યું જે, “હું ભેંસ દોતો હતો, ત્યાં આવીને મહારાજે મુને ઠેબું માર્યું ને કહ્યું જે, ‘તું ડાહ્યો નથી.’ તે મહારાજ ડાહ્યા છે, તે મારે પૂછવું છે જે, આ બકરાં બધાય ઊભાં છે, તેમાં કોયલી, કાટુડી, જાંબુડી કઈ આમાં ?” ત્યારે મહારાજ હસ્યા.

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, **“મહારાજ તો અનંતકોટી બ્રહ્માંડના જીવને જેમ હથેળીમાં પાણી દેખે તેમ દેખે છે,** ને તું બકરામાં

શું પૂછે છે ?" ત્યારે જોધે કહ્યું જે, "બે-ચાર **સાળાનાં**[1] તો નામ લઈ દે !" ત્યારે મહારાજે જોધા સામું જોયું; ત્યાં એ સર્વે બકરાના જીવ ને બીજા અનંત જીવ તેને વિષે જોધાને મહારાજ દેખાણા; તે જેમ ફાનસમાં દીવાની જોત દેખાય તેમ દેખાણા. ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, 'મહારાજ, આનાં તો નાડી-પ્રાણ તણાઈ ગયાં ને મરી ગયો !' ત્યારે મહારાજે કહ્યું જે, "મુવો નથી, એને તો સમાધિ થઈ ગઈ." એટલે મહારાજ લગારેક હસ્યા. તેવામાં જોધો સમાધિમાંથી પાછો આવ્યો ને ઊભો થઈને મહારાજને પગે લાગ્યો.

ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, "જોધા, કેમ થયું ?" ત્યારે જોધે કહ્યું જે, **"આ બકરાના સર્વે જીવને વિષે ને અપરિમિત જીવને વિષે મહારાજની મૂર્તિ મને દેખાણી. તે જેમ ફાનસમાં દીવાની જોત રહી છે તેમ સર્વે જીવને વિષે મહારાજની મૂર્તિ રહી છે."** ને જોધે હાથ જોડીને કહ્યું જે, "હું આવી વાત તો જાણતો નહીં !" ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "મેં તુને નોતું કહ્યું જે, જેમ હથેળીમાં જળનું ટીપું હોય તેને આપણે દેખીએ તેમ મહારાજને સર્વે જીવ દેખાય છે." પછી મહારાજ હસતાં હસતાં અક્ષરભુવનમાં પધાર્યા ને દુધાળાં ચરણારવિંદ હતાં તે ધોઈને મહારાજ પોઢી ગયા. ને મુક્તાનંદસ્વામી પોતાને આસને ગયા. ॥ મહારાજની લીલા ॥૮૬॥

૮૭. સચ્ચિદાનંદસ્વામી રીંગણા લાવ્યા, તેનું મહારાજે સ્વાદિષ્ટ શાક બનાવ્યું.

શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ પાંચુબાઈના ઓરડાની વચ્ચે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા ને આગળ સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને સાધુ-હરિભક્ત સામું જોઈને મહારાજ મધુરે સ્વરે, ઘેરે સાદે વાત કરતા હતા. તે સમયે સચ્ચિદાનંદસ્વામી વંતાકની ગાંસડી

૧.બકરાંના

લઈને આવ્યા. તે આથમણા બારના ઓરડાની ઓસરીએ ઉતારી. ત્યારે મહારાજે કહ્યું જે, "શું છે ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "વંતાક છે." ત્યારે મહારાજે કહ્યું જે, "અહીંયાં લાવો." ત્યારે સચ્ચિદાનંદસ્વામી ગાંસડી લઈને આવ્યા ને મહારાજની આગળ ગાંસડી મૂકી. ત્યારે મહારાજે કહ્યું જે, "ગાંસડી છોડો." ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ ગાંસડી છોડી.

તે જોઈને મહારાજ બહુ રાજી થયા, ને વંતાક હાથમાં લઈને ફેરવીને જોયાં ને બધી સભાને દેખાડ્યાં ને કહ્યું જે, "આજ તો અમારે શાક કરવું છે." ને મોટીબા ને લાડુબાને બોલાવ્યાં ને કહ્યું જે, "ઘી ને મસાલો ને શાક કરવાનાં ઠામ – એ સર્વે અહીંયાં લાવો, ને અમે હાથે શાક કરશું." તે સાંભળીને લાડુબા ને મોટીબા બહુ રાજી થયાં ને કહ્યું જે, "બહુ સારું મહારાજ ! અમે સામાન લાવીએ." એમ કહીને સર્વે સામાન લાવ્યાં.

ત્યારે મહારાજે લાડુબા ને મોટીબાને પૂછ્યું જે, "કાંઈ ગોરસ છે ?" ત્યારે લાડુબાએ ને મોટીબાએ કહ્યું જે, "ઘણું છે." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે કહીએ ત્યારે લાવજો." પછી મહારાજે વંતાકનાં ટોપાં ઉતારી નંખાવ્યાં, ને લીંબવા ચીર કરાવીને તેમાં મસાલો ભરીને તપેલામાં ઘી હતું તેમાં મૂક્યાં. ને પછી ચૂલ ખોદાવીને અગ્નિ લગાડ્યો. તે ઉપર મહારાજે તે તપેલું મુકાવ્યું. ને મહારાજના હાથ મસાલાવાળા હતા; તે ધોઈને મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા.

ત્યારે શાક સડસડ થવા મંડ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "તાપ સારી પેઠે કરો." ત્યારે તેણે તાપ કર્યો. તે જોઈને મહારાજ ઢોલિયા ઉપરથી હેઠે ઊતરીને પડથાર હેઠે જ્યાં શાકનું તપેલું હતું ત્યાં ગયા. જઈને તપેલું ઉઘાડ્યું ને મહારાજે જોયું ને કહ્યું જે, "હજી કાચું છે." ને પાછા ઢોલિયા ઉપર બેઠા ને મહારાજ હરિભક્તને આગળ વાત કરવા મંડ્યા. ત્યારે શાક હેઠે તાપ કરતા હતા તેણે મહારાજની આગળ

આવીને કહ્યું જે, "મહારાજ, શાક સંભાળો, નહિ તો બળી જશે." ત્યારે મહારાજે કહ્યું જે, "ઘી ઝાઝું છે તે નહિ બળે. અમે લગારેક રહીને જોવા સારુ આવીએ છીએ." ને મહારાજ જે વાત કરતા હતા તે વાતનો પ્રસંગ થઈ રહ્યો; એટલે ઢોલિયા ઉપરથી ઊતરીને જ્યાં શાક હતું ત્યાં ગયા ને કહ્યું જે, "શાક ઉઘાડો." ત્યારે તેણે ઉઘાડ્યું. ત્યારે મહારાજે શાક જોયું ને કહ્યું જે, "હવે શાક ચડ્યું ને લાડુબા-મોટીબાને કહો જે, ગોરસ લાવે." ત્યારે તેમણે જઈને કહ્યું જે, "મહારાજ ગોરસ માગે છે." ત્યારે તે ગોરસની ગોળિયું ઉપાડીને મહારાજની પાસે આવ્યાં.

ત્યારે મહારાજે હાથ ઘાલીને તે ગોરસ હલાવ્યું ને શાકમાં નાંખ્યું; ને થાળી ભરીને હળદર નાંખી; ને ચણાનો લોટ ને ગોરસ હલાવીને નાંખ્યું; ને મહારાજે કડછો લઈને શાક હલાવ્યું ને પછી ઢંકાવ્યું ને તાપ કરાવ્યો; ને એક ઘડી સુધી ઊભા રહ્યા ને કહ્યું જે, "થોડું ઘી લાવો." ત્યારે તે ઘી લાવ્યાં ને શાકમાં નંખાવ્યું; ને વળી પોતે હલાવ્યું ને પછી ઘડીક ઊભા રહ્યા; ને પાછું ઉઘાડીને જોયું ને કહ્યું જે, "ઘી લગારેક નોખું છે; તે મળી જાય એટલે ઉતારો."

એમ કહીને બાજરાના રાડાં મંગાવ્યાં. તેની કોળી કરાવીને શાકને ખાંડ્યાની **પેઠે**[૧] હલાવ્યું; તે શાક એકરસ થઈ ગયું. ત્યારે મહારાજે **મહોતું**[૨] લઈને એક કોરે કડું ઝાલીને કહ્યું જે, 'ઉપાડો.' એ રીતે શાકને હેઠે ઉતાર્યું ને પછી મહારાજે હાથ ધોઈને કોરા કર્યા. ને પછી ઢોલિયા ઉપર બેઠા ને લાડુબા-મોટીબાને બોલાવ્યાં ને કહ્યું જે, "ઘઉંનો લોટ લાવો, બાટિયું કરવી છે." ને વળી એમ કહ્યું જે, "આજ તો હિંદુસ્તાની રસોઈ કરવી છે."

ત્યારે લાડુબા ને મોટીબા લોટ ને ઘી લાવ્યાં. ત્યારે મહારાજે હાથે મોણ દીધું ને લોટ બાંધ્યો. ને મહારાજે પંડે બાટી કરવા માંડી ને બીજાને બતાવીને કહ્યું જે, "આવી બાટી કરો." તે દૂધપેંડાને આકારે કરીને તેવડી જ મોટી કરી ને પછી દેવતા પો'ળો કરાવ્યો. ને થોડી

૧.ખાંડતા હોય તેમ ૨.ગાભો; વાસણ લૂછવાનો કપડાનો કટકો

થોડી શેકી ને અગ્નિને ભાંગી નાંખીને એક કોરે ખેસવ્યો. ને ઊની પૃથ્વી ઉપર બાટિયું મેલી. ને તે ઉપર રાખ નાંખીને પેલો અગ્નિ તે ઉપર નાંખ્યો ને દાબી દીધો. ને પછી તે ઉપર થોડું-થોડું પાણી છાંટ્યું. પછી મહારાજ હાથ ધોઈને ઢોલિયા ઉપર બિરાજ્યા. ને બીજા સૌ મહારાજની પાસે બેઠા ને મહારાજ વાત કરવા મંડ્યા.

પછી ઘડી રહીને કહ્યું જે, "બાટિયું બહાર કાઢો." ત્યારે સાધુએ બહાર કાઢીને મહારાજને દેખાડી. તે બાટી જોઈને કહ્યું જે, "ઘડીક રહેવા દ્યો, હજી કાચી છે." ને મોટીબાને કહ્યું જે, "ઘી લાવો." પછી મોટીબા મોટું તપેલું ઘીનું ભરેલું લાવ્યાં. ત્યારે મહારાજ બેઠા હતા, તે ચીપિયો હાથમાં લઈને દેવતાની **ભરસાડ**[1] આઘી કરી. ને બાટી કાઢીને ચીપીએ ઝાલીને **ભોં**[2] સાથે ઠબકારીને કહ્યું જે, "હવે બાટી પાકી."

પછી અગ્નિમાંથી બધી બાટી કાઢી ને ખંખેરીને ઘીમાં મૂકવા માંડી. ને મહારાજ પણ બાટી ચીપીએ ઝાલીને ખંખેરતા જાય ને ઘીમાં મૂકતા જાય. ત્યારે તપેલું ભરાઈ રહ્યું એટલે ઘી ઉપર થઈને ઢોળાવા મંડ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "નવો ટોપલો લાવો." પછી લાવ્યા ને ધોયો. પછી કહ્યું જે, "કોરો થાય એટલે ઘીમાંથી બાટિયું કાઢીને એ ટોપલામાં મેલો, એટલે ઘી નહિ ઢોળાય. ને તે ટોપલો તપેલા ઉપર મૂકો, તે ઘી નીતરે તે તપેલામાં પડે. ને બાટિયું નીતરી રહે ત્યારે આ પરાળ પાથર્યું છે તે ઉપર મૂકજો." પછી એ રીતે કર્યું; તે બધી બાટિયું ઘીમાં પલાળી.

પછી મહારાજ હાથ ધોઈને ઢોલિયા ઉપર બિરાજ્યા ને મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, "જાવ, ખબર કાઢો જે, 'મારો થાળ થયો છે ?" ત્યારે બ્રહ્મચારી કહે, "મહારાજ, થાળ તૈયાર થયો છે, તે જમવા પધારો !" ત્યારે મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "થાળ અહીંયાં લાવો." ત્યારે બ્રહ્મચારી થાળ લેવા ગયા.

૧.અંગારાની રાખ ૨. પૃથ્વી

ત્યારે મહારાજ ઢોલિયા ઉપરથી ઊતરીને ઓસરીની કોર ઉપર મશરૂના ચાકળા ઉપર બેઠા. તે હેઠે જે બેઠા હોય તેને દર્શન થાય ને ઉપર બેઠા હોય તેને પણ દર્શન થાય. ત્યાં બ્રહ્મચારીએ થાળ લાવીને બાજોઠ ઉપર મૂક્યો ને મહારાજ જમવા મંડ્યા. તે મહારાજે બિરંજના બે-ત્રણ ગ્રાસ લીધા ને મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "બાટી લાવો." ત્યારે લાવીને થાળમાં મૂકી, ને મહારાજે ડંકે કરીને શાક થાળમાં લીધું. તે ઊનું એટલે પોળું કર્યું, ને બાટી ને શાક જમવા લાગ્યા. ને થાળમાં શાક હતું તે જમ્યા ને કહ્યું જે, "શાક સારું થયું છે." એમ કહીને દાદા ખાચર ને સુરા ખાચર ને સોમલા ખાચરને મહારાજે શાક ને બાટી પીરસ્યાં ને થાળમાંથી પ્રસાદી આપી; ને થાળમાં શાક હતું તે આપ્યું ને કહ્યું જે, "આ શાક સારું છે."

ત્યારે સુરોભગત કહે જે, "તમે શાક કર્યું તે તો બહુ જ ભારે થયું છે." ત્યારે મહારાજે કહ્યું જે, "થાળમાં છે તે બહુ સારું છે." ત્યારે સુરેભગતે કહ્યું જે, "ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ?" એમ કહીને કહ્યું જે, "તમારા શાકમાં ને થાળના શાકમાં એટલો ફેર છે." ને કહ્યું જે, "આવું કોઈથી શાક બને નહિ." ને મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી ઈત્યાદિક બેઠા હતા, તેમને મહારાજે પરસાદી આપી. ત્યારે તેમણે કહ્યું જે, "સુરોભગત વખાણે છે તેમ જ શાકમાં ફેર છે. તે તમે કર્યું તે તો મહારાજ બહુ ભારે શાક છે." એ રીતે મહારાજ રમૂજ કરતા જાય ને બાટી ને શાક જમતા જાય.

પછી દૂધપાક-પૂરી જમ્યા, ને ગોરસ ને સાકર ને ભાત જમ્યા, ને દૂધ-ભાત ને સાકર જમ્યા; ને છેલ્લીવારે દૂધ, સાકર ને જાયફળનો કઢો મહારાજે પીધો. પછી બ્રહ્મચારીએ ચળું કરાવ્યું, ને પછી જળપાન કરી મુખવાસ જમ્યા. પછી રઘુવીરજી મહારાજનો હાથ ઝાલીને ઢોલિયા ઉપર બિરાજ્યા. ને પછી મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "સાધુની પંક્તિ થાઓ." ત્યારે પંગતિ થઈ.

ત્યારે મહારાજ કેડ બાંધીને હાથમાં ડંકો લઈને સાધુને કહ્યું જે, "તમે બીજો પાક ફેરવો, ને અમે શાક ફેરવશું ને બાટિયું ફેરવશું." પછી લાડુ બિરંજ, હરીસો, માલપૂડા સાધુ ફેરવવા મંડ્યા ને મહારાજ શાક ને બાટી પીરસવા મંડ્યા. તે બીજો પાક પડ્યો મેલીને સાધુ શાક ને બાટી જમતા જાય ને વખાણતા જાય ને કહ્યું જે, "આજ મહારાજે હિંદુસ્તાની રસોઈ બહુ ભારે કરાવી છે, તે સારી પેઠે જમો." એમ સાધુ માહોમાંહી કહેવા મંડ્યા. તે મહારાજ બે-ચારવાર પંગતમાં ફર્યા ને સાધુને સારી પેઠે જમાડ્યા. ને પછી બ્રહ્મચારી પાણીનો લોટો લાવ્યા ને હાથ ધોવરાવ્યા ને કોરા કર્યા. ને પછી મહારાજ ચાખડીએ ચઢીને અક્ષરભુવનમાં પધાર્યા ને પોઢી ગયા. ॥ મહારાજની લીલા ॥૮૭॥

૮૮. પ્રેમીભક્ત જીવીબાઈ તથા કમળશી શેઠ

શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં પોઢ્યા હતા. તે જાગ્યા ને બ્રહ્મચારી પાણી લાવ્યા તે પાલામાં કોગળા કર્યા ને જળપાન કર્યું. ને ચાલ્યા તે જ્યાં હાલ બાવાખાચરના દરવાજાને દક્ષણાદે કોરે આપણું હાટ છે (હાલ ત્યાં માણેકચોક છે) ત્યાં શેઠ કમળશી રહેતા ને જ્યાં બાવા ખાચરનો ચોરો હાલમાં છે ત્યાં મહારાજે ઊભા રહીને કહ્યું જે, "કમળશી, ધુવાડો શેનો નીકળે છે ?" ત્યારે ઘરમાંથી જીવી બોલી જે, "એ તો ઘરે નથી ને હું રસોઈ કરું છું." ત્યારે મહારાજ જીવીને ઘરે ગયા ને ત્યાં જઈને કહ્યું જે, "શું કરો છો ?" ત્યારે જીવીએ કહ્યું જે, "મહારાજ, બાજરાનો રોટલો ઘડું છું." ત્યારે મહારાજ કહે, "તુંને શું આવડે ? લાવ હું ઘડું."

ત્યારે જીવી ઊઠી નીકળી, ને મહારાજ ચૂલાને પડખે બેઠા ને કચરાની કથરોટમાં લોટ લઈને બાંધવા મંડ્યા ને કહ્યું જે, "બાજરાનો રોટલો આમ કરીએ ત્યારે સારો થાય. પ્રથમ થોડું પાણી લેવું ને લોટ બાંધવો, ને પછી પાણીમાં હાથ બોળતા જાવું ને લોટ મસળવો; એમ કરતાં કરતાં રોટલો ઘડ્યા જેવો થાય ત્યાં સુધી લોટ મસળવો. પછી પાણીવાળો હાથ કરીને ગોળો કરવો. ને તે ગોળાને બે-ચાર થપાટ

મારીને પોળો કરવો. ને પાણીવાળો હાથ કરીને ઘડવા માંડવો. ને પછી કોરેથી ઘડવા માંડવો, ત્યારે પ્રથમથી કોર બે હથેળીએ દબાવીને રોટલા જેવી પાતળી કરવી. ને વચ્ચમાં હથેળીમાં લોટ રાખીને રોટલા જેવો ઘડતાં ઘડતાં વચ્ચે પાતળો થાય ને કોર ને વચ્ચે સરખો થાય એટલે તાવડીમાં નાંખવો."

પછી મહારાજે કહ્યું જે, "લગારેક કાચો ફેરવી નાંખવો. પછી ચડવા દેવો. પછી તળિયું કઠણ થાય ત્યારે તાવડીમાં ઊંધો વાળી દેવો. પછી સારી પેઠે તપે એટલે ઉપર લગાર-લગાર દાબવો. ત્યારે ફૂલીને દડો થાય ત્યારે એને ઉતારી લેવો. ને પછી ઘી હોય તો કોપટી વચ્ચે નાંખવું, ને ન હોય તો એમ ને એમ રહેવા દેવો." એ રીતે મહારાજે કહ્યું, "આવી રીતે કરે તો રોટલો સારો થાય." એ રીતે જીવી આગળ લોટ મસળતાં વાત કરી ને પછી મહારાજ રોટલો ઘડવા મંડ્યા. જે રીતે જીવી આગળ વાત કરી, એ રીતે રોટલો મહારાજે ઘડ્યો ને તાવડીમાં નાંખ્યો. ને લગારેક ચડ્યો એટલે ફેરવી નાંખ્યો. પછી સારી પેઠે ચડવા દીધો ને ફેર ઊંધો નાંખ્યો. ને સારી પેઠે તપ્યો એટલે હાથે કરીને રોટલો દાબ્યો; એટલે ફૂલીને દડો થયો. તે ઉતારીને મહારાજે જીવીને દેખાડ્યો ને કહ્યું જે, "આવો બાજરાનો રોટલો કરો."

એમ કહીને મહારાજે કહ્યું જે, "આ તપેલીમાં શું છે ?" ત્યારે જીવીએ કહ્યું જે, "મહારાજ, તમે સવારે વંતાકનું શાક કર્યું, ત્યારે વંતાકના ટોપા ને દીટિયાં કાઢી નાંખ્યાં હતાં; તે લાવીને શાક કર્યું છે." ત્યારે મહારાજ કહે, "વઘાર્યું છે ?" ત્યારે જીવીએ કહ્યું જે, "હા, મહારાજ વઘાર્યું છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તુંને શું વઘારતાં આવડે ?" એમ કહીને કથરોટમાં શાક નાંખ્યું ને તપેલી ચૂલા ઉપર મેલીને તેમાં ઘી નાંખ્યું. તે લગારેક ઊનું થયું એટલે જીરું નાંખ્યું. પછી માંહી શાક નાંખ્યું ત્યારે છમ લઈને બોલ્યું. ત્યારે મહારાજે ઢાંકી દીધું. લગારેક ચૂલા ઉપર રઈને હેઠે ઉતાર્યું. પછી જીવીને કહ્યું જે, "શાક આવી રીતે વઘારવું."

પછી મહારાજ હાથ ધોઈને દરબારમાં પધાર્યા; તે ઉગમણા બારને ઓરડે સભા કરીને બેઠા. પછી મહારાજે વાતુ કરી ને કહ્યું જે, "આપણે સમૈયે જવું છે, તે જેને આવવું હોય તે સૌ તૈયાર થજો." ત્યારે સર્વેએ તૈયારી કરવા માંડી ને ભાતાં કરવા મંડ્યાં. ત્યારે કમળશીએ આવીને મહારાજને કહ્યું જે, "મહારાજ, હું સમૈયે આવું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આવવું હોય તો તૈયાર થા ને ભાતું કરાવ." ત્યારે કમળશીએ ઘરે જઈને કહ્યું જે, "મારે સમૈયે જાવું છે, તે ભાતું કર." ત્યારે જીવીએ કહ્યું જે, "તમે જાશો તો હું પણ આવીશ." ત્યારે કમળશીએ કહ્યું જે, "લે, હું મહારાજને પૂછી આવું." પછી આવીને મહારાજને પૂછ્યું જે, "મારી ઘરવાળી કહે છે જે, 'મારે સમૈયે આવવું છે.' તે તમે કહો તો આવે." ત્યારે મહારાજે કહ્યું જે, "આવવું હોય તો તૈયાર થાય."

પછી બીજે દહાડે સવારમાં ચાલવાનું કર્યું; ત્યારે મહારાજ ગઢડેથી ચાલ્યા ને ભેળા હરિભક્ત સર્વે ચાલ્યા. તે ગામને ઝાંપે જઈને મહારાજે કહ્યું જે, "હવે પાછા વળો." ત્યારે ન ચાલી શકે એવા ગરઢા હતા તે પાછા વળ્યા. ને ભક્તિબાગના કૂવા પાસે વોકળીએ જઈને કહ્યું જે, "હવે પાછા વળો." પછી ત્યાંથી અરધા હરિભક્ત પાછા વળ્યા. પછી ચાલ્યા તે રાધાબાગ સુધી ગયા; ત્યારે મહારાજે કહ્યું જે, "હવે આંહીંથી સર્વે પાછા વળો." ત્યારે પગે લાગીને સૌ પાછા વળ્યા. ને દસ-વીસ માણસ તો ભેગું ચાલ્યું. પછી મહારાજ વાવની પેલી પાસે તલાવડીએ કહ્યું જે, "સૌ પાછા વળો." ત્યારે સર્વે પાછા વળ્યા.

પછી મહારાજ ઉતાવળા ચાલ્યા તે પીપળીએ ગયા. ને જનડે ગયા, ને જનડાને ઓલ્યે સિમાડે ગયા. ત્યારે કમળશી આગળ હતો તે પડખે ઊભો રહ્યો, ત્યારે મહારાજે કહ્યું જે, "કોણ એ ?" ત્યારે કમળશીએ કહ્યું જે, "એ તો હું કમળશી." પછી તેને મહારાજે કહ્યું જે, "આગળ કોણ જાય છે ?" ત્યારે કમળશીએ કહ્યું, "એ તો મારી ઘરવાળી જાય છે." ત્યારે મહારાજ લગારેક હસ્યા ને આગળ ચાલ્યા;

એટલે કમળશીની વહુ ઊભી રહી. તેને મહારાજે કહ્યું જે, "એ કોણ ?" ત્યારે કહ્યું જે, "એ તો હું જીવી." ત્યારે મહારાજે કહ્યું જે, "વાંસે કોણ આવે છે ?" ત્યારે જીવી કહે જે, "મહારાજ, એ તો મારો ઘરવાળો છે."

❁ નિષ્ઠાવાન સાચા ભક્તનો મહિમા :

એમ મહારાજ રમૂજ કરીને હસ્યા ને ચાલ્યા તે તાજપર ગામ ગયા. ત્યાંથી ઢીકવાળી ગયા. ત્યાં વાણિયો હરિભક્ત હતો. તે મહારાજને આગળ આવીને ઊભો રહ્યો ને કહ્યું જે, "આજ નહિ ચાલવા દઈએ, અહીંયાં રહો." ત્યારે મહારાજે કહ્યું જે, "તડકો થઈ જાય, ટાઢા પો'રના ચાલવા દ્યો." ત્યારે તેમણે કહ્યું જે, "મહારાજ, સવારે ચાલજો ને ઉતાવળ હોય તો સારંગપુર ઢૂંકડું છે; તે સાંજના ચાલજો." ત્યારે મહારાજે કહ્યું જે, "સંઘના માણસ ને સાધુ સર્વે સારંગપુર ગયા ને અમને ચાલવા દ્યો. ને અમને રાખો છો તે જમાડવા સારુ રાખો છો, તે અમારે સાટે કમળશી વાણિયો ને એના ઘરનું માણસ વાંસે આવે છે, તેને તમે રાખજો ને એને સારી પેઠે જમાડજો ને એની ચાકરી કરજો. તે અમને રાખ્યા જેટલું પુન્ય થશે. ને અમને તાણ કરો મા ને અમને ચાલવા દ્યો." એમ કહીને મહારાજ ચાલ્યા.

ત્યારે તે વાણિયો પગે લાગીને પાછો વળ્યો ને ઢીકવાળીના ઝાંપામાં ઊભો રહ્યો. ને જે આવે તેને એમ પૂછે જે, "તમારું નામ કમળશી ?" તેવામાં કમળશી ઠહર ઠહર કરતાં નીસર્યા. ત્યારે તેમને કહ્યું જે, "તમારું નામ કમળશી ?" ત્યારે કહે, "હા, મારું નામ કમળશી." ત્યારે તે હરિભક્તે કહ્યું જે, "મહારાજે કહ્યું છે જે, 'તમે ગામમાં ચાલો, તમે ને તમારાં ઘરવાળાં બંનેય." ત્યારે કમળશીએ કહ્યું જે, "હું થાકી ગયો છું. તે મહારાજે કહ્યું એ ઠીક કર્યું."

પછી બેય માણસ ઢીકવાળીમાં ગયાં. પછી ઊને પાણીએ કરીને નવરાવ્યાં ને સારી રીતે જમાડ્યાં. પછી ત્યાં સૂઈ ગયાં ને દિવસ થોડો રહ્યો એટલે ચાલ્યાં; તે સારંગપુરે ગયાં ને મહારાજને પગે લાગીને કહ્યું

જે, "મહારાજ, હું થાકી રહ્યો હતો, પણ તમે ઢીકવાળીના હરિભક્તને કહ્યું તે બહુ સારું કર્યું." એમ કહીને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજ ઘડીક વાત કરીને પોઢી ગયા.

॥ મહારાજની લીલા ॥૮૮॥

૮૯. એકાદશીનું જાગરણ કરતા સંતો ઉપર મહારાજનો રાજીપો

શ્રીજીમહારાજ (ગઢપુરમાં) અક્ષરભુવનમાં બિરાજમાન હતા. તે સમે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી વિગેરે દસ-વીસ સાધુ મહારાજનાં દર્શન કરવા આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે જે, "આજ શી તિથિ થઈ ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "આજ એકાદશી છે." ત્યારે મહારાજે પૂછ્યું જે, "આજ રે'વાની એકાદશી છે કે નહીં ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ ને સાધુએ કહ્યું જે, "હા મહારાજ, આજ રે'વાની એકાદશી છે." પછી મુક્તાનંદસ્વામી એક કલાક મહારાજ પાસે બેઠા ને પછી પોતાને ઉતારે પધાર્યા.

ને એકાદશીનું જાગરણ કર્યું. તે રાત્રિએ સાધુ કીર્તન ગાવા મંડ્યા. તે બ્રહ્માનંદસ્વામી દરબારમાં ફરીને ગરબી ગાય ને બીજા બધાય સાધુ ઝીલે. પછી સાધુ ને પાર્ષદ વિગેરે બસે-ત્રણસે માણસ ભેગું થઈ ગયું ને ફરીને ગરબી ગાય. તે મહારાજ અક્ષરભુવનમાં પોઢ્યા હતા. તે સાધુનો સ્વર સાંભળીને મહારાજ જાગ્યા ને કહ્યું જે, "આ કોણ ગરબી ગાય છે ?" ત્યારે રતનજીભાઈ પાસે હતા. તેણે કહ્યું જે, "મહારાજ ! બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી વિગેરે બસે-ત્રણસે માણસ ગરબી ગાય છે."

પછી તે સાંભળીને મહારાજ રાજી થયા ને કહ્યું જે, "સાધુ ઉપવાસી છે ને ગરબી ગાય છે; તે બહુ સારું કરે છે. ને જ્યારે એકાદશીનું રાત્રે જાગરણ કરે ત્યારે સંપૂર્ણ એકાદશી કહેવાય." એમ કહીને એ વાતની ઘણી પ્રશંસા કરી ને બોલ્યા જે, 'કેટલીક રાત ગઈ હશે ?' ત્યારે

રતનજીભાઈ કહે, "મહારાજ, અગ્યાર વાગ્યા છે." પછી મહારાજ કહે, "ચાલો, આપણે સાધુ ભેગા કીર્તન કરવા જાઈએ." ને કહ્યું જે, "અમારા સુરવાળ, જામો, માથે બાંધ્યાનો રેંટો ને કેડે બાંધ્યાનો રેંટો – એ સર્વે સોનેરી વસ્ત્ર ને ઘરેણાં લાવો."

પછી એ સર્વે રતનજીભાઈ લાવ્યા ને મહારાજને આપ્યાં. તે મહારાજે વસ્ત્ર તથા ઘરેણાં પહેર્યાં ને માથે મોટું છોગું મેલીને રેટો બાંધ્યો. પછી મહારાજ અક્ષરભુવનમાંથી ચાખડી પહેરીને ચાલ્યા. ને ચોકીવાળા પાર્ષદ રતનજી વિગેરે દસ-પંદરને આશરે ચાલ્યા. તે મહારાજ જ્યાં સાધુ લીંબડા હેઠે ગાતા હતા તે ભેળા ગાવા મંડી ગયા. તે કોઈકે દીઠા ને કોઈકે ન દીઠા; એમ ગાવા મંડી ગયા. ને મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદસ્વામીએ દર્શન કર્યાં ને કહ્યું જે, "મહારાજ પધાર્યા !" તે સર્વે સાધુને હિંમત આવી.

પછી હીંચમાં સાધુ કીર્તન ગાય; તે ગાતાં ગાતાં મહારાજ જ્યારે સાધુ તાળી પાડીને હેઠા નમે ત્યારે મહારાજ ઊભા થાય, ને જ્યારે સાધુ ઊભા થાય ને તાળી પાડે ત્યારે મહારાજ હેઠા નમીને તાળી પાડે. એ રીતે પાંચ-સાત વાર ફર્યા, તે એમ ને એમ ફર્યા. પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, "મહારાજ, તમને ફરતાં નથી આવડતું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "તમને ફરતાં નથી આવડતું." ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, "જ્યારે અમે વાંકા વળીએ છીએ ત્યારે તમે ઊભા થાઓ છો, ને જ્યારે અમે ઊભા થાઈએ છીએ ત્યારે તમે વાંકા વળો છો; એ કાંઈ આવડ્યું કહેવાય ?"

ત્યારે મહારાજ કહે, "એ જ ગાયું કહેવાય." ને કહ્યું જે, "હવે એનો **ત્રોડ**[૧] કેની પાસે કરાવવો ?" ને કહ્યું જે, "મુક્તાનંદસ્વામી કહે જે, 'ગાતાં આવડ્યું કે ન આવડ્યું,' તો તે ખરું !" ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમારા જેવું ગાતાં કોઈને ન આવડે.

૧. નિર્ણય

ને મહારાજ, આ સાધુ જ્યારે હેઠા નમે ત્યારે તમે ઊભા થાવ છો ને જ્યારે સાધુ ઊભા થાય છે ત્યારે તમે હેઠા નમો છો; એટલું જરાક છે." ત્યારે મહારાજ કહે, 'કેમ કરવું ?' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "તમે વચ્ચે ઢોલિયો નાખીને બિરાજો ને અમો તમે કહો ત્યાં સુધી ફરીને કીર્તન ગાઈએ." પછી મહારાજ કહે, 'ઠીક.'

પછી મહારાજ સારુ ઢોલિયો લાવ્યા ને ઢોલિયા ઉપર ગાદલું નંખાવીને બિરાજમાન થયા. ને સાધુ ફરીને ગરબી ગાવા લાગ્યા. તે ગરબી ગાતા જાય ને મહારાજનાં દર્શન કરતા જાય. એમ ઘણી વાર સુધી ગરબી ગાઈ ને મહારાજનાં દર્શન કર્યાં.

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, સાધુએ ગરબી બહુ જ ગાઈ ને દાખડો બહુ કર્યો." ત્યારે મહારાજ કહે જે, "લ્યો, સાધુને મળીએ." ત્યારે સાધુ બહુ જ રાજી થયા ને મહારાજ ઊભા થયા ને કહ્યું જે, "બે વાર કોઈ ન મળે." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "બે વાર કોઈને મળવા નહિ દઈએ." પછી બ્રહ્માનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી પ્રથમ મળ્યા ને આડા ઊભા રહ્યા, ને એક કોરે સાધુ મહારાજને મળતા જાય ને એક કોરે ચાલ્યા જાય. એ રીતે બધાય સાધુને મળ્યા ને એકાદશીનું જાગરણ કર્યું. ત્યાં બાર ઉપર ચાર વાગ્યા એટલે સાધુ નાહવા ગયા, ને મહારાજ અક્ષરભુવનમાં પોઢવા ગયા. ને સવારે મહારાજ ઊઠ્યા ને નિત્યવિધિ કરીને બેઠા. ત્યાં બ્રહ્માનંદસ્વામી વિગેરે સાધુ દર્શન કરવા ગયા; ત્યારે મહારાજ કહે જે, "આજ રાત બધી સાધુએ જાગરણ કર્યું." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "લાભ પણ તેવો મળ્યો છે." ॥ મહારાજની લીલા ॥૮૯॥

૯૦. હસનભાઈની અફીણ લાવવાની કળા

દાદા ખાચરના કોઠારી હસનભાઈ તે વિજાપર અફીણ લેવા સારુ છાના ગયા. તે અફીણના ખડિયા ચાર-પાંચ ભરીને પાંચ માણસ પાસે

ઉપડાવીને સાંજને વખતે ગઢપુરમાં અયોધ્યાવાસીના વંડામાં આવીને ઊતર્યા. ત્યારે મૂળેભગતે લાડુબાઈને કહ્યું જે, "હસન વિજાપરથી અફીણ લાવીને વંડામાં માણસ પાંચ પાસે ઉપડાવીને આવ્યો છે. તે માણસને રોટલા ખવરાવવા છે; તે માગે છે." ત્યારે લાડુબાઈએ રોટલા મોકલ્યા; તે લઈને તે માણસને ખવરાવ્યું. તે વાત ભગુજી વિગેરે પાળાએ જાણી. તે મહારાજ પાસે ભગુજીએ વાત કરી ને દાદા ખાચરને કરી. ત્યારે દાદોખાચર કાંઈ બોલ્યા નહિ ને મહારાજ ખીજ્યા ને કહ્યું જે, "એને કાઢી મેલો ને એને પૂછો જે, 'અફીણની બંધી છે ને તું શી રીતે લાવ્યો ?' તે જેમ હોય તેમ માન."

પછી પાળા ભગુજીએ જઈને પૂછ્યું જે, "મહારાજે આમ કહ્યું છે, તે જેમ હોય તેમ માન." એમ હસનભાઈને કહ્યું. ત્યારે હસનભાઈએ કહ્યું જે, "મહારાજ તો બધી વાત જાણે છે, પણ હું જેમ લાવ્યો તેમ કહું." પછી હસનભાઈ કહે જે, "હું અહીંયાંથી વિજાપર ગયો ને ફરતાં ગામડાંમાંથી અફીણ લીધું ને વિજાપરમાં ભેગું કર્યું. ને પછી એક ઢોલ વેચાતો લીધો ને તેમાં અફીણ ભર્યું. ને પાંચ આસામીને ધન દેવું કરીને અફીણના ઉપાડનારને રાખ્યા. ને મેં ફાટલાં લૂંગડાં પહેરીને નટવાનો વેશ લીધો ને ઢોલ ખભે નાખ્યો. પછી સવારના પહોરમાં મારે ઉતારેથી ઢોલ વગાડતો વગાડતો ગામ વચ્ચેથી નીકળ્યો ને કહેતો જાઉં જે, 'મા-બાપ છેટે રહેજો.' એટલે બધાય માણસ **માગ**[1] દઈ જાય. એમ કરતાં દરવાજે નીકળ્યો; તેમાં કોઈએ **ખાળ્યો**[2] નહિ. પછી દરવાજા બહાર આવીને જે ઠેકાણે આદમીને રાખ્યા હતા, તે ઠેકાણે એકાંતે બેસીને ઢોલમાંથી અફીણ કાઢીને નોખા-નોખા ખડિયામાં નાખ્યું. પછી ત્યાંથી ચાલ્યા તે અહીંયાં એ રીતે આવ્યા." એ વાત હસનભાઈએ કહી. તે સાંભળીને તે વાત ભગુજીએ મહારાજને કહી. ત્યારે મહારાજ લગારેક હસ્યા ને પછી બોલ્યા જે, "આ હસન જેવો કોઈ કળાદાર આદમી નથી." ॥ મહારાજની લીલા ॥૯૦॥

૧.રસ્તો ૨.રોક્યો

૯૧. ધર્માદો કાઢનાર ભક્ત ઉપર મહારાજનો રાજીપો

શ્રીજીમહારાજ અક્ષરભુવનમાંથી દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ગાદી-તકિયા નંખાવીને બિરાજમાન થયા હતા ને સદ્‌ગુરુ સર્વે ને સાધુ તથા દાદા ખાચર વિગેરે સર્વે હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે મહારાજ વાત કરવા મંડ્યા જે, "આપણે આ સાધુને આજીવિકા કાંઈ ન મળે, ને અહીંયાં સમૈયા થાય ને માણસ હજારું ભરાય ને બધું ખરચ તે દરબારને કર્યું જોઈએ." એ વાત મુક્તાનંદસ્વામી સામે જોઈને મહારાજ કરતા હતા. તે સમામાં ગામ પીઠવડીના હરિભક્ત ભગો-મૂળો આવ્યા તથા રૂડો સાવલિયો તથા હીરો પટેલ ને પૂંજો પટેલ વિગેરે પાંચ ગાડાં બાજરાનાં ભરીને દરબારમાં આવ્યા.

ત્યારે મહારાજે પૂછ્યું જે, "કોનાં ગાડાં છે ?" ત્યારે ભગે મૂળે કહ્યું જે, "મહારાજ, પીઠવડીનાં ધરમાદાનાં ગાડાં છે." તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા ને કહ્યું જે, "પીઠવડીના ધરમાદાનાં ગાડાં આવ્યા; તે હવે સાધુને કોઈ વાતની ખોટ નહિ રહે. હવે બધા દેશનો ધર્માદો આવશે." તે સાંભળીને સર્વે સભા બહુ રાજી થઈ. ને મહારાજ કહે, "હવે ભગા-મૂળા આવો !" ત્યારે તે આવ્યા. તેને છાતીમાં ચરણારવિંદ દીધાં. ને બીજા હરિભક્તને પણ છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને બ્રહ્મચારીને કહ્યું જે, "આને અમારો બધોય થાળ જમાડજો ને બળદને ખાણ-ખરચ આપજો." એમ બ્રહ્મચારીને આજ્ઞા કરી. ત્યારે બ્રહ્મચારીએ તે પ્રમાણે કરીને તેમને રાજી કર્યા. ॥ મહારાજની લીલા ॥૯૧॥

૯૨. ભગા-મૂળાની પ્રાર્થનાથી વરસાદ કર્યો

ગામ પીઠવડીના ભગો-મૂળો બે ભાઈ પંડે ખેડ કરે. તેમાં મોલ વાવ્યા ને **વાયરું**[1] થયું ને મોલ સુકાઈ જાવા મંડ્યા; ત્યારે ભગો-મૂળો

૧.વરસાદ વરસ્યો નહિ ને પવન ફૂંકાયો.

કહેવા લાગ્યા જે, “વરસાદ ન વરસ્યો ને મોલ કાંઈ પણ નહિ પાકે; તેથી કરીને માણસ ઘણાં મરી જાશે.” એવી વાત ભગે-મૂળે મનમાં ધારી. ને ગામના માણસ પણ કહેવા મંડ્યા જે, “હવે વરસાદ ન વરસ્યો ને કોઈ માણસ નહિ જીવે.” ત્યારે ભગે-મૂળે વિચાર કર્યો જે, ‘હવે ચાલો, આપણે બેય જણ મહારાજ પાસે જઈએ.’ એમ મનસૂબો કરીને ગઢપુરમાં મહારાજ અક્ષરભુવનમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા, ત્યાં આવીને દંડવત કરીને પગે લાગીને બેઠા.

પછી મહારાજે પૂછ્યું જે, “ભગા-મૂળા, ક્યાંથી આવ્યા ?” ત્યારે ભગે-મૂળે કહ્યું જે, “પીઠવડીથી આવીએ છીએ.” ત્યારે મહારાજે કહ્યું જે, “આજ સમૈયા વગર કેમ આવ્યા ?” ત્યારે ભગે-મૂળે કહ્યું જે, “ત્યાં તો વાયરું થયું છે ને મોલ સુકાઈ ગયા ને મેઘ વરસતો નથી; તેણે કરીને કોઈ નહિ જીવે. માટે તમે વરસાદ કરો તો માણસ જીવે નીકર તો અમો પણ મરી જઈશું. માટે તમે વરસાદ કરો.” ત્યારે મહારાજ કહે, “વરસાદ નહિ કરીએ.” ત્યારે ભગે-મૂળે કહ્યું જે, “શા વાસ્તે વરસાદ નહિ કરો ?” ત્યારે મહારાજે કહ્યું જે, “વરસાદના તો પૈસા બેસે છે.” ત્યારે ભગે-મૂળે કહ્યું જે, “તમારે કેટલા પૈસા લેવા છે ?”

ત્યારે મહારાજે કહ્યું જે, “પાંચસે રૂપિયા બેસશે.” ત્યારે ભગો-મૂળો કહે જે, “પાંચસે રૂપિયા લ્યો, પણ વરસાદ કરો.” ત્યારે મહારાજે કહ્યું જે, “ભગત, રૂપિયા રોકડા લાવો.” ત્યારે ભગે-મૂળે કહ્યું જે, “મહારાજ, વરસાદ બધેય કરજો ને રૂપિયા લ્યો.” પછી ભગે-મૂળે રૂપિયા લાવીને મહારાજ પાસે ઢગલો કર્યો ને વરસાદ બધેય તરત થયો. ને પછી ભગો-મૂળો ઘરે ગયા. ॥ મહારાજની લીલા ॥૯૨॥

૯૩. વિદેશમાં અંગ્રેજ સાહેબને મહારાજે પરચો આપ્યો

એક સમયને વિશે (વિદેશમાં) એક સાહેબની સોળ વર્ષની અવસ્થા (હતી.) ને તે હાથીએ બેસીને શિકારે ગયેલ. તે સાવજ ઉપર ગોળીનો

ઘા કર્યો. તે ગોળી પડખે થઈને વહી ગઈ. પછી સાવજે પાછા ફરીને તેને મારવા સારુ લા(ત્રાડ) નાંખી. ને હાથી ઉપર ચઢી ગયો. ત્યારે સાહેબને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ને (તેને) હાથી ઉપરથી ઊંચો રાખ્યો. પછી સાહેબને એમ થયું જે, 'આ મારી રક્ષા કરી તે પુરુષને મારે ઓળખવા.' એવો ઠેરાવ મનમાં કર્યો.

ત્યારે અમદાવાદમાં પેશવાનું રાજ્ય હતું, પણ શ્રીજીમહારાજને કુરાજી કર્યા ને કહે, 'મારા રાજ્યમાં તમારે રહેવું નહીં.' તે નિમિત્તે મહારાજને દુ:ખવ્યા, તેથી રાજ્ય જાવાનું થયું ને વિલાયતમાં (જે) સાહેબની રક્ષા કરી તે સાહેબને આવવાનું થયું. ને આવ્યા, પણ જેણે પોતાની રક્ષા કરી તેને શોધ્યા કરે.

તેવામાં ત્યાં અમદાવાદના સત્સંગી કુબેરજીત તે પેશવાના છડીદાર હતા. (તેને) કંઠી-તિલક જોઈને કહે, 'તમે કોણ છો ? ને કોનો ધર્મ પાળો છો ?' ત્યારે તે કહે, 'અમે સ્વામિનારાયણનો ધર્મ પાળીએ છીએ, ને સત્સંગી છીએ.' ત્યારે કહે, 'સ્વામિનારાયણ જ્યાં હોય ત્યાંથી આંહીં તેડાવો ને મારે તેમનાં દર્શન કરવા છે.' ત્યારે કુબેરજીત કહે, 'આંહીં પેશવાની ના છે, તેથી આવતા નથી.' ત્યારે સાહેબ કહે, 'હવે ક્યાં એનું રાજ્ય છે ? માટે તેડાવો.' પછી તેડાવ્યા. ને સાહેબે મહારાજને ગાજતે વાજતે અમદાવાદમાં પધરાવ્યા. ને મંદિર કરવા **અઘાટ**[૧] પૃથ્વી આપી. ને પછી તે ઠેકાણે મહારાજે મંદિર કરીને મૂર્તિઓ પધરાવી. ॥ મહારાજની લીલા ॥૯૩॥

૯૪. શ્રીહરિએ હજારો ભૂતોનું કલ્યાણ કર્યું

પ્રથમ અમદાવાદમાં પેશવાઈ તથા ગાયકવાડી રાજ્ય હતું. તે વખતમાં સાધુને ગામમાં ઊતરવા દેતા નહિ. પછી સાધુ પાદર **ગોરવાડામાં**[૨] દરિયાખાનનો **રોજો**[૩] છે, ત્યાં ઉતારો કરવા માંડ્યા. ને (ત્યાં) છ-છ મહિના સાધુ ઉતારો કરતા. એમ ઘણા દી ચાલ્યું.

૧.સંપૂર્ણ હક સાથેની ૨.હાલ ગોલવાડા,દરિયાપુરમાં ૩.મોટા કે ધાર્મિક મુસલમાનની કબર

પછી એક વખત મહારાજ (અમદાવાદ) પધાર્યા. ને સાથે સાધુ તથા હરિભક્ત તથા કેટલાક કાઠી હરિભક્તો હતા. ને દરિયાખાનના રોજાના દરવાજામાં મહારાજ આવ્યા. એ ટાણે દરિયાખાન ભૂતને દેહે આવ્યો ને મહારાજની માણકી ઘોડીની લગામ ઝાલીને મહારાજને કહે, 'મારા રોજામાં તમારા સાધુ ઊતરે છે; તેનું ભાડું આપો.' ત્યારે મહારાજ કહે, 'શું ભાડું માગો છો ?' પછી તે કહે, 'મારું કલ્યાણ કરો, એ ભાડું માગું છું.'

પછી મહારાજ કહે, 'તું બદરિકાશ્રમમાં જા.' ત્યારે તે કહે, 'મારું લશ્કર લઈને જાઉં કે એકલો જાઉં ?' ત્યારે મહારાજ કહે, 'તારા લશ્કર સહિત જા.' પછી પોતાના લશ્કર સહિત (દરિયાખાન)બદરિકાશ્રમમાં ગયો. તે સર્વેએ પ્રત્યક્ષ નજરે જોયું. તે સમયને વિશે અમદાવાદમાં સર્વે આશ્ચર્ય પામતા હવા. પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું કે, 'આ દરિયાખાનનું તમે કલ્યાણ કર્યું, તેનું શું કારણ ?'

ત્યારે મહારાજ કહે, "એ પૂર્વે દૂર્યોધનનો સોમો ભાઈ વિકર્ણ હતો. ભગવાનનાં ભક્ત દ્રૌપદીનાં ચીર (જ્યારે) દૂર્યોધન ખેંચાવવા માંડ્યો, ત્યારે (આ) વિકર્ણ કહે, 'આ કૃત્ય તું કર મા.' એમ દૂર્યોધનને વાર્યો (ને ભક્તનો પક્ષ રાખ્યો). એ પુણ્યે કરીને આ સંતના ઉતારા કરાવી, ને સ્વામિનારાયણના નામની ધૂન કરાવી (તેના) પાપ બાળી નાખીને બદરિકાશ્રમમાં મોકલ્યો."

॥ મહારાજની લીલા ॥૯૪॥

૯૫. કૂકડ ગામના ભગવાનસિંહને ભગત બનાવ્યા

(કૂકડ ગામના) ભગવાનસિંહ ગરાસિયા ગામ ઝીંઝરમાં તેના સગાંને ત્યાં ગયા હતા. ત્યાં કસુંબા કાઢીને તૈયાર કર્યા. ત્યાં ભગુજી ઊંટે બેસીને આવ્યા ને કહ્યું જે, 'શ્રીજીમહારાજ પધારે છે, તે **ગરઢેરા**[1] સારુ **છાશું**[2] તૈયાર કરો.' એમ કહ્યું. ત્યારે સર્વે ગરાસિયા ઊઠ્યા. ત્યારે

૧. કાઠીઓમાં આગેવાન વૃદ્ધો ૨.સવાર નો નાસ્તો

ભગવાનસિંહ ને તેનો ચાકર એ બે બેસી રહ્યા. ને તેને રીસ ચડી તેથી કસુંબો ઢોળીને સાબદા થઈને બીજે ગામ ગયા. ને અહીંયાં મહારાજ પધાર્યા. પછી હરિભક્ત પાદર ઢોલિયો લઈ ગયા તથા મોદ્ય લઈ ગયા. ને ત્યાં ઢોલિયો બિછાવ્યો તે ઉપર મહારાજને પધરાવ્યા. પછી જમવા સારુ થાળ લાવ્યા ને બીજા સારુ છાશું લાવ્યા. પછી મહારાજ જમ્યા ને સર્વેને પ્રસાદી આપી તે જમ્યા.

પછી મહારાજ સાબદા થયા ને ચાલી નીકળ્યા. પછી સાધુનું એક મંડળ વાંસે રહી ગયું હતું, તે આવીને ધર્મશાળામાં ઊતર્યા. પછી ભગવાનસિંહજી બીજે ગામથી સાંજે પાછા (ઝીંઝર) આવ્યા. ને હરિભક્ત સાધુને દર્શને ચાલ્યા. ને મહેમાન (ભગવાનસિંહ)ને કહે, 'તમે આવશો ?' ત્યારે ખોડાભાઈ કહે, 'સવારે મહેમાન દુઃખાયા છે, તો તેમને અત્યારે દુઃખવવા નહીં.' ત્યારે તેમણે કહ્યું જે, 'તેનું કાંઈ દુઃખ નથી, પણ સાધુ રામ રામ કહે તો આવીએ.' પછી તે દર્શને આવ્યા. ને સાધુએ રામ રામ કહ્યા તેથી બહુ ગુણ આવ્યો.

પછી સાધુએ ગીતાના શ્લોક બોલીને વાતુ બહુ કરી, તેથી સાધુનો ગુણ આવ્યો. પછી ઉતારે આવ્યા. પછી રાત રહીને તેમને ગામ ગયા. પણ તેમને એક દિવસમાં સોવાર હરિભક્તનું વાંકું બોલવાની ટેવ હતી. તે એક દિવસ રાત્રે સૂતા હતા, પણ ઊંઘ ન આવી; તેથી ખાટલેથી હેઠા સૂતા. પછી રાત ચાર ઘડી રહી ત્યારે ચારણ પ્રભાતી બોલતો હતો તે સાંભળતા જાય. તેવામાં ઉત્તર દિશાથી વાજાં વાગતાં આવે તે પણ સંભળાય. તેથી પોતાને એમ થયું જે, 'કોઈકની જાન હશે !' ત્યાં તો ડેલી લગી વાજતે ગાજતે આવ્યાં.

પછી તો મહારાજ આવ્યા ને નેતરની સોટી બે-ત્રણવાર મારી. ત્યારે તેમણે કહ્યું જે, 'તમે કોણ છો ?' ત્યારે મહારાજ કહે, 'અમે સ્વામિનારાયણ છીએ, ને તમે અમારું વાંકું કેમ બોલો છો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'હવે નહિ બોલું, મહારાજ.' પછી કહે, '(મને) વર્તમાન ધરાવો.' પછી વર્તમાન ધરાવીને મહારાજ અંતર્ધાન થયા. ત્યારપછી

તેમને એમ થયું જે, 'હવે કોઈ દિવસ વાંકું ન બોલવું.'

પછી સવારે ચારણ હતો તે વાંકું બોલવા મંડ્યો; ત્યારે ભગવાનસિંહ કહે, 'હવે તારે વાંકું બોલવું નહિ, ને જો તું વાંકું બોલીશ તો તારે-મારે નહિ બને.' પછી ચારણ કહે, 'કેમ (શું) થયું ?' ત્યારે તે કહે, 'સ્વામિનારાયણ આજ મને ઠપકો દઈ ગયા છે; માટે એ તો ભગવાન છે, એમ મને નિશ્ચય થયો.'

પછી કૂકડના ગરાસિયા ગોદાવરી જાવા તૈયાર થયા ને ભગવાન-સિંહજીને કહે, 'તમે આવશો ?' ત્યારે તેમણે કહ્યું કે, 'હા, આવીશ.' પછી ભાતું કરાવીને સાબદા થયા ને બીજા ગામ બહાર ગયા, ને પોતે ગઢડા ઉપર ચાલ્યા તે ગઢાળીએ આવ્યા ને ગરાસિયાને ત્યાં ઊતર્યા. પછી તો કોઈકે કહ્યું કે, 'સ્વામિનારાયણ તો સુંદરિયાણે ગયા છે.' પછી પોતે બે દિવસ(ત્યાં) રહીને મહારાજ આવ્યાની ખબર આવી ત્યારે ગઢડે આવ્યા ને હરિભક્ત લાધા ઠક્કરને ઘેર ઊતર્યા.

પછી મહારાજને દર્શને આવ્યા. તે સમયે મહારાજ ઉગમણા બારના ઓરડામાં ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. તે સમયે (ત્યાં) જઈને દર્શન કર્યાં. પછી તેને હેતે કરીને મહારાજે બોલાવ્યા ને ખબર પૂછી ને કહ્યું કે, 'તમે કે(ક્યા) ગામથી આજ આવ્યા ?' ત્યારે કહે, 'ગઢાળીથી આવ્યા.' પછી મહારાજે દાદા ખાચરને કહ્યું કે, 'આ ભગવાનસિંહની ખબર રાખજો.' પછી તેણે કહ્યું કે, 'બહુ સારું મહારાજ.' પછી ભગવાનસિંહે કહ્યું કે , 'મુને વર્તમાન ધરાવો.' ત્યારે મહારાજ કહે, 'વર્તમાન તો ધરાવ્યાં છે.' ત્યારે તેમણે કહ્યું કે, 'તે કોણ જાણે છે ? તે તો આપણે બે જાણીએ છીએ.' પછી મહારાજ હસ્યા (ને) વર્તમાન ધરાવ્યાં. પછી કહે, 'પૂજા આપો.' ત્યારે શ્રીજી મહારાજ કહે કે, 'મુક્તાનંદસ્વામી આપશે.' પછી પૂજા લીધી ને સત્સંગી થઈને ઘેર ગયા. પછી એમ નીમ લીધું જે, 'બે સમૈયા કરવા; તેમાં એક (ગોકુળ) આઠમનો ને બીજો વસંતપંચમીનો.' (પછી વર્ષમાં) એ બે સમૈયા કરવા આવે. તેમાં (એક વાર) ત્રણ સમૈયે આવ્યા.

તે વખતે શ્રીજીમહારાજ સભામાં બિરાજમાન હતા. ને ફૂલદડો ઉછાળતા હતા તથા લીંબુ ઉછાળતા જાય ને સર્વે સભા સામું જોતા જાય. તેમાં બાઈયુંની સભા છેટે બેઠી હતી. તેને દર્શન દેતા જાય ને વાતુ કરતા જાય. તે જોઈને ભગવાનસિંહજીને સંશય થયો ને ઊઠીને ઉતારે ગયા. ને ઘોડે પલાણ માંડવા લાગ્યા. તેને જોઈને લાધા ઠક્કરનાં ઘરવાળાએ કહ્યું કે, 'ભાઈ ! આ શું ? ચાલો છો ?' ત્યારે કહે, 'હા.' ત્યારે (ફરી) કહ્યું, 'મહારાજની રજા લીધી છે ?' ત્યારે કહે, 'ના.' ત્યારે (તે કહે), 'તમે ડાહ્યા થઈને આ તે શું કરો છો ? જેના સારુ અહીંયાં આવ્યા છો, તેની રજા તો લીધી નથી.' પછી તો ભોંઠા પડ્યા.

ને એક ગરાસિયા **વળા**[૧] પાસે **પાટી** ગામના હતા. તે બે મળીને મહારાજની રજા લેવા સારુ બજારે ચાલતાં ત્રણ મનસૂબા કર્યા. તેમાં એક તો એ જે, 'મહારાજ સભામાં બિરાજતા હોય, ને આપણે વાંસેથી ચાલીને દર્શન કરીને બેસીએ ત્યારે મહારાજ કહે, 'ત્યાં ક્યાં બેસવા જાઓ છો ? તમારો **માગ**[૨] તો આ દાદા ખાચર બેઠા ત્યાં છે ને અવળા કેમ બેસવા જાઓ છો ?' ને બીજું એમ જે, 'પગે લાગીને રજા માગીએ ત્યારે કહે, 'તમારે ઘરે શું કામ છે ? હમણાં બે દિવસ રહી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીની વાતો સાંભળો.' ને ત્રીજો મનસૂબો એમ જે, 'રજા લઈને ચાલીએ ત્યારે ત્રણ ડગલાં ભરીએ ત્યારે હાર હાથોહાથ પહેરાવે, તો ભગવાન ખરા !' (આમ મનસૂબા કરી સભામાં ગયા.) ત્યારે મહારાજે તેમના સર્વે મનોરથ પૂરા કર્યા. પછી પાકો નિશ્ચય થયો.

ત્યારે મહારાજ કહે, 'ભગવાનસિંહ તમે વર માગો ?' ત્યારે (તે) કહે, 'તમારાં ચરિત્રને વિશે મારે કોઈ દિવસ સંશય ન થાય, એ માગું છું; પણ બીજું માગતો નથી.' એમ મહારાજે ત્રણવાર (માગવા) કહ્યું. ત્યારે તેનું તે માગ્યું, પણ બીજું કાંઈ ન માગ્યું. તેથી તેના ઉપર શ્રીજીમહારાજ બહુ રાજી થયા. અને મુક્તાનંદસ્વામીને

૧.વલ્લભીપુર ૨.જગ્યા

કહે, 'આ ધ્રુવજી જેવા નહિ, આ તો પ્રહ્લાદજી જેવા (ભક્ત) છે.' તે પછી તેના ઉપર મહારાજ તથા સર્વે સંત બહુ રાજી થયા. પછી ભગવાનસિંહજીએ લાલજી પૂજવા સારુ માગ્યા, તેથી શ્રીજીમહારાજે તેમને આપ્યા.

પછી તે કહે, 'અમારે ગામ સાધુ આવે તેને એક મહિનો રહે એમ તમે આજ્ઞા કરજ્યો.' ત્યારે મહારાજ કહે, 'નિત્યાનંદસ્વામીને કે'શું, તે સાધુને કે'શે.' પછી ભગવાનસિંહે નિત્યાનંદસ્વામી પાસે જઈને કહ્યું. ત્યારે સ્વામી કહે, 'સાધુ રાજી થાય તેમ કરવું, પણ બહુ તાણ ન કરવી.' તેમ કહ્યું. પછી **પોતે**[૧] ઘેર ચાલ્યા.

તે પછી મહારાજને દર્શને આવ્યા ત્યારે પોતાને એમ ઘાટ થયો જે, મારા બાપુને એક સમૈયાનું પુણ્ય આપું તો ઠીક. પછી મુક્તાનંદ સ્વામીને ભગવાનસિંહે તે વાત કહી. ત્યારે સ્વામીએ એમ કહ્યું જે, 'તે મહારાજની આગળ આપણે કહીએ.' પછી મહારાજને સંભળાવ્યું. ત્યારે મહારાજ કહે, 'તમે વર્તમાન ધરાવ્યાં, તે દિવસના (તમારા બાપુ) અક્ષરધામમાં બેઠા છે; તે તમારે જોવા હોય તો તમને દેખાડીએ.' પછી તેમણે કહ્યું જે, 'તમારો મારે વિશ્વાસ છે, મહારાજ.' તે પછી મહારાજ કહે, 'તમારા કાકાને જોવા હોય તો દેખાડીએ; તે તો **કૂંભીપાકમાં**[૨] પડ્યા છે. તે શેણે કરીને ? કે **મોટામાર્ગમાં**[૩] તે મોટેરા હતા. તે વ્યભિચાર બહુ કર્યો હતો, તે પાપે કરીને ત્યાં પડ્યા છે. તે તમારે દેખવા હોય તો બતાવીએ.' ત્યારે તેણે કહ્યું જે, 'હે મહારાજ ! તમારો મારે વિશ્વાસ છે, તે મારે કાંઈ જોવા નથી; તમે જે કહો છો, તે વાત સાચી છે.' ।। મહારાજની લીલા ।।૯૫।।

૯૬. એક ગરાસિયાને અક્ષરધામમાંથી પાછો મોકલ્યો

અમદાવાદ દેશમાં કોઈક ગામના (નારુજી)ગરાસિયા તે મહારાજના મળેલા હતા. તે જ્યારે શ્રીજીમહારાજને દર્શને આવતા ત્યારે મહારાજ

૧.ભગવાનસિંહ ૨.એ નામના નરકમાં ૩.માર્ગીપંથમાં

બહુ જમાડતા ને હેતે સહિત બોલાવતા. તેમજ પોતાનો વે'વાર ઘણો સારો પણ સાધુ કે મહારાજને પોતાને ઘેર કોઈ દિવસ જમાડ્યા નો'તા. પછી દેહે માંદા થયા ને દેહ મેલીને અક્ષરધામમાં ગયા. ત્યાં તો મહારાજ સાધુ, પાળા, હરિભક્તની પંક્તિમાં લાડુ-જલેબી પીરસતા હતા, પણ તે હરિભક્તને જમવા બોલાવ્યા નહિ. ને તેમને ભૂખ બહુ લાગી હતી.

પછી પોતાના મનમાં એમ થયું જે, 'મહારાજ કેમ બોલાવતા નથી ?' ત્યારે મહારાજ કહે, 'કોઈ દિવસ અમને કે આચાર્યને કે સાધુને તમારે ઘેર જમાડ્યા છે ? તે અહીંયાં જમવાના મનસૂબા કરો છો ? માટે તમારા દેહમાં જાવો ને આચાર્યને તથા સાધુને તમારે ઘેર પધરાવો ને જમાડો. તે પછી આંહીં આવજો.' પછી તેમણે તેમ જ કર્યું. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજને સંત સહિત પોતાના ગામમાં પોતાને ઘેર પધરાવ્યા, ને સારી રસોઈ કરાવી ને સર્વને સારી રીતે જમાડ્યા ને બહુ રાજી કર્યા. તે પછી કેટલાક દિવસ ગયા પછી દેહ મેલીને શ્રીજીમહારાજ પાસે અક્ષરધામમાં ગયા. ॥ મહારાજની લીલા ॥૯૬॥

૯૭. મહારાજે પેશવાનો દગો ખુલ્લો કર્યો

શ્રીજીમહારાજ **અમદાવાદ**માં સર્વે સંતે સહિત પધાર્યા હતા. તે વખતમાં પેશવાનું રાજ્ય હતું. તેને મહારાજ ઉપર ઘણો અભાવ હતો. તે સ્વાર્થી બ્રાહ્મણોએ અવગુણ ભરાવેલો જે, આપણા રાજ્યમાં સ્વામિનારાયણ યજ્ઞ કરાવે છે તે રાજ્યને માથે ભાર છે, માટે તેને તમારે કોઈ રીતે વિઘન કરીને રજા દેવી જોઈએ. ત્યારે તે પેશવાએ દગો કર્યો જે, તેલના ટાંકા ઉપર ગાદલું પાથર્યું. પછી કહે, સ્વામીને એકલા બોલાવી લાવો, પણ બીજા કોઈ ભેગા ન આવે.

પછી મહારાજને મનુષ્ય બોલાવવા આવ્યું. તે વખતમાં ભવાની-શંકર તથા જદુરામ એ બે ભણેલા વિદ્વાન બ્રાહ્મણ તેમની ભેળા વીસ-વીસ વિદ્યાર્થીઓ લઈને દર્શન કરવાને આવ્યા હતા. ને મહારાજની

ઉપર હેત બહુ જ હતું. તે કહે, 'અમે તમારા ભેળા પેશવા પાસે આવીએ ?' ત્યારે મહારાજ કહે, 'અમને એકને આજ્ઞા છે.' ત્યારે બ્રાહ્મણ કહે, 'મહારાજ ! અમારી ના નથી.' ત્યારે કહે, 'ચાલો.' પછી મહારાજ તથા દેવાનંદ દંડી તથા બે ભણેલા બ્રાહ્મણ તથા ચાલીસ વિદ્યાર્થી એવી રીતે દરબારમાં પધારતા હવા. તે વખતે પેશવાને પાસે ઘણાક માણસ બેઠા હતા. તે કહે, 'સ્વામી, તમારે સારુ આ ગાદલું પાથર્યું છે, તે ઉપર બેસો. ત્યારે મહારાજે જમણા ચરણારવિંદના અંગૂઠાની આંગળીએ ગાદલાનો ખૂણો દબાવીને ખેંચ્યો. ત્યારે તેલના ટાંકાનું મોઢું ઉઘાડું થયું ને દગો જણાયો.

તે વખતે દેવાનંદ દંડી કહે, '**અટ્ટણ**[૧]...' (એમ કહી શાપ દેવા ગયા) ત્યારે મહારાજે મોઢા આડો હાથ દીધો. તે વખતે પૃથ્વી **ધણેણી**[૨] ત્યારે રાજાને બીક લાગી ને ત્યાંથી ઊઠીને આઘેરો બેઠો. ત્યારે બીજા બોલ્યા કે, 'સ્વામી, તમારામાં પરચો નથી.' તે સમયે મહારાજ કહે, 'અમને તો પરચો દેતા નથી આવડતો ને આ અમારા ગુરુ દેવાનંદ દંડીને આવડે છે.' ત્યારે રાજા બોલ્યો કે, 'તેને જાને દો...જાને દો...' ને કહે, 'હવે અમારા રાજ્યમાં રહેશો મા.'

ત્યારે મહારાજ ચાલ્યા. તે સાધુ પાસે ઉતારા પર આવીને સાબદા થઈને ચાલ્યા. ને પછી આવતાં દરવાજે આવ્યા ત્યારે સિપાઈ કહે, 'મહારાજ ! આંહીં રાજાની મનાઈ છે ને બીજે દરવાજે ચાલવાની તમને આજ્ઞા છે; ને આંહીં મુને ના કહી છે, ને તમને ચાલવા દઉં તો મારો પગાર તૂટી જાય.' ત્યારે મહારાજ કહે, 'અમે નહીં ચાલીએ.' એમ કહીને સર્વે મનુષ્યે સહિત મહારાજ પાછા વળ્યા.

ત્યારે જમાદાર બોલ્યો કે, 'મહારાજ ! આ ગઢના થડમાં રસ્તો છે ત્યાં ચાલો.' ત્યારે મહારાજ ત્યાં ચાલ્યા. ને બ્રાહ્મણ **ઓડો બાંધીને**[૩] દગેથી વચ્ચે ઊભા હતા, તે તો ધૂળ ફાંકતા રહ્યા. ને મહારાજ બીજે ગામ પધાર્યા ને ત્યાં થોડાક દિવસ રહ્યા. (આમ મહારાજનું અપમાન

૧. પટ્ટણ ડટ્ટણ ૨. ધ્રૂજી ૩. છુપાઈને આડા ઊભા રહેવું, દગોરચીને

કર્યું) તેથી પછી છ મહિનામાં તેનું રાજ્ય ગયું ને સાહેબનું રાજ્ય થયું. ને પછી (સાહેબે) મહારાજને તેડાવ્યા ને રાજી કર્યા.

॥ મહારાજની લીલા ॥૯૭॥

૯૮. મારે અક્ષરધામ આપવું છે

એક સમયને વિશે શ્રીજીમહારાજ ગઢડામાં વિરાજમાન હતા. ને સાંજના પાંચ વાગે ખીચડી જમવા બેઠા. તે જમતાં જમતાં ખીચડીમાંથી કચરો નીકળ્યો, તે મહારાજ કુરાજી થયા. ને તે ઉપર જીવુબા આગળે શ્રીજીમહારાજે વાત કરી જે, 'એક રાજા હતો. તેના રાજ્યમાં એક ઝાડી (હતી). તેમાં ત્રણ સાવજ (રહેતા). તે રાજાના રાજ્યમાંથી સારા મનુષ્યને મારી નાંખે. તે ઉપર રાજાએ બહુ મહેનત લીધી, પણ તે મુવા નહિ. પછી રાજા હજારો મનુષ્ય લઈને પોતે ચાલ્યો. તે ચોમાસું આવી ગયું. ને ઝાડી આવી ત્યારે રાજાએ સાવજને માર્યા તો ખરા પણ પોતાના લશ્કરથી જુદું પડી જવાણું. ને **મે**[૧] વરસે, ને લૂગડાં પલળી ગયાં. તેવામાં (એક) ગામ આવ્યું, ત્યાં પટેલનું ઘર પૂછીને રાજા ત્યાં ગયા ને રાત પડી ગઈ. તેથી પટેલે લૂગડાં કોરાં કરવા કામળો આપ્યો. તે રાજાએ શે પહેરાય ? પણ પે'રવો પડ્યો. તે પછી **વાળુમાં**[૨] **બોળો**[૩] આપ્યો, તે શે ગળે ઊતરે ? પણ દિવસે અન્ન મળ્યું નહિ, તેથી જમ્યા. ને સવાર થયું ત્યાં તો પોતાનું લશ્કર આવ્યું ને સમાચાર જાણ્યા. ને પટેલને ગામ આપવાનું ધારીને પોતાના તખત **ઉપર**[૪] આવ્યા ને (પટેલને) ગામ આપ્યું. તેમ તમને તો મારે અક્ષરધામરૂપી તખત આપવું છે, ને તમે તો કહી તેવી સેવા કરો છો !'

ત્યારે મોટીબા કહે કે, 'આજ ખીચડી મેં નહોતી કરી, ને (બીજાને) કરવા દીધી તે મારો દોષ, પણ મહારાજ ! હવે તો તમારા સારુ થાળ મારે જ કરવો. ને તમે તો પૂર્ણ પુરુષોત્તમ સર્વ અવતારના અવતારી છો, તે મહારાજ ! તમારા સારુ કરવું શું કઠણ છે ?' પછી

૧.વરસાદ ૨.રાત્રિ-ભોજનમાં ૩.ભરડકા જેવું એક હલકું ખાદ્ય ૪.દરબારમાં,કચેરીમાં

મોટીબાનો જ્યાં સુધી દેહ રહ્યો, ત્યાં સુધી (મહારાજના થાળ માટે) પોતાને હાથે જળ ગાળવું તથા અન્નની શુદ્ધિ તે પોતે જ રાખતાં, પણ કોઈનો વિશ્વાસ રાખતાં નહીં. ॥ મહારાજની લીલા ॥૯૮॥

૯૯. સંતદાસજી હિંદુસ્તાનના સમાચાર લાવ્યા

શ્રીજીમહારાજે **કરિયાણે**થી સંતદાસજીને બદરિકાશ્રમમાં મોકલ્યા; તે ગયા. ને વળતાં વેરવાળે ગામ આવ્યા. ને ત્યાંથી હિંદુસ્તાનમાં છપૈયામાં ઈચ્છારામ મહારાજ તથા ગોપાળજી મહારાજ ખેતરે હતા, ત્યાં સંતદાસજી ગયા. ત્યારે ઈચ્છારામ મહારાજ કહે, 'કાંઈ જમશો ?' ત્યારે (સંતદાસજીએ) ના કહી. ત્યારે કહે, 'કાંઈ પીશો ?' ત્યારે હા કહી. ત્યારે ગોપાળજી મહારાજે ગામમાંથી થોડું દૂધ ને ખાંડ લાવીને પાયું. પછી ગુજરાતમાં (જેતલપુર આવ્યા. ત્યાં) મુક્તાનંદસ્વામી ભેગા થયા. (તેમણે) ત્યાં કૌપીન, કટેવડો ને અલફી પહેરાવ્યાં. ને પછી મુક્તાનંદસ્વામીને મહારાજે જેતલપુરથી કરિયાણે તેડાવ્યા. તે ત્યાં સંતદાસજી ભેગા આવ્યા. તે આવતાં સાંભળીને મહારાજ સામા ચાલ્યા. પછી મુક્તાનંદસ્વામી ને સંતદાસજી એ બેય ગાડેથી ઊતરીને મહારાજને મળ્યા. તેમાં સંતદાસજી સાતવાર મળ્યા. પછી બન્ને સંતો ગાડે બેઠા. ને મહારાજ અસ્વાર થયા ને ગામમાં પધાર્યા ને સભા કરીને બેઠા.

પછી હરિભક્તોએ કહ્યું કે, 'મહારાજ ! તમે સાધુને જમવાનું કેમ કહેતા નથી ?' ત્યારે મહારાજે બ્રહ્મચારી પાસે પેંડાનો થાળ મંગાવ્યો. પછી સંતદાસજીને મહારાજે આંગળીની શાને કરીને બોલાવ્યા, તે આવ્યા ને થાળ પાસે બેસવાનું કહ્યું. પછી મહારાજ કહે, 'એ તો તમારે જમવાનું છે, તે જમો.' પછી મહારાજને ધારીને જમવા માંડ્યું, તે બહુ જમ્યા; તોય જમતા રહે નહિ. પછી હરિભક્તોએ કહ્યું જે, 'મહારાજ ! સાધુ માંદા થઈ જાશે.' ત્યારે મહારાજે ના કહી. ત્યારે તે જમતા રહી ગયા.

પછી સંતદાસજીને મહારાજે બદરિકાશ્રમ આદિકના ખબર પૂછ્યા. તેના ઉત્તર આપ્યા. પછી પોતાના (હિંદુસ્તાન) દેશના ખબર પૂછ્યા. તેનો ઉત્તર જે, 'તમારે બે ભાઈ છે. પણ બે ભાઈ ભેગા થાશો તો (પણ) ભેગા રહેશો નહિ.' આ વાત હિંદુસ્તાની ભાષામાં કહી. તે મહારાજ તથા સ્વામી એ બે સમજ્યા પણ બીજા કોઈ ન સમજ્યા. પછી મુક્તાનંદસ્વામી કહે, 'તમે બેએ શી વાત કરી ? તે અમે કોઈ સમજ્યા નથી; માટે સહુ સમજે તેમ કહો.' ત્યારે મહારાજ કહે, "આ સંતદાસજી હિંદુસ્તાનમાં ગયા હતા. તે ત્યાં અમારે બે ભાઈ છે. ને છપૈયામાં અમારો જન્મ છે. 'તે ત્રણ ભાઈ ભેગા થાશો તો (ભેગા) રહેશો નહિ.' એમ (સંતદાસજી) કહે છે."

પછી માયાજીતાનંદસ્વામીને હિંદુસ્તાનમાં મોકલ્યા. તે ગયા ને મોટા ભાઈ જોખન પાંડે કહેતાં રામપ્રતાપ ને નાના ભાઈ ઇચ્છારામ તેમને કહ્યું જે, 'તમારા ભાઈ ઘનશ્યામ પશ્ચિમ દેશમાં પરમેશ્વર થઈને પૂજાય છે.' ત્યારે (તે) કહે, 'એવા ભગવાન તો ઘણા છે.' ત્યારે સ્વામી કહે, "એમણે આ નિશાની આપી છે જે, 'અમે ત્રણ ભાઈ છીએ. તે અમે ત્રણે ભાઈ ખેતર નીંદવા જાતા; ત્યારે અમે ચીભડીના વેલા જરાક ખેંચીને બેઠા મેલતા; ત્યારે અમને જોખન પાંડે ખિજાતા." એવી રીતે સાધુએ બે-ત્રણ નિશાની કહી.

ત્યારે જોખન પાંડે કહે, 'હા, એ અમારા ભાઈ ખરા !' પછી બેય ભાઈ સ્વામી ભેગા ચાલ્યા, તે લોયે આવ્યા. ને મહારાજ ભેગા થયા ને તેથી સર્વે રાજી થયા. ને પછી ત્રણેય ભાઈ ગામ મોટા પાળિયાદ સોંસરા થઈને ગાજતે વાજતે પંચાળે (પધાર્યા ને ત્યાં) હુતાશણીનો સમૈયો કર્યો. પછી મહારાજે બેય ભાઈને આજ્ઞા કરી જે, 'તમે દ્વારિકા જાવ.' ત્યારે ઇચ્છારામભાઈ આ સાખી બોલ્યા કે -

આને કે ઘેર ભાડ પણ ભાડ કે ઘેર આન હોય..? ન હોય...

એમ કહીને દ્વારિકા ન ગયા ને રામપ્રતાપભાઈ (દ્વારકા) જઈને આવ્યા. પછી રામપ્રતાપભાઈ ઘેર ગયા ને ઇચ્છારામ મહારાજ ન

ગયા. ને પછી ધર્મકુળ સર્વે વડતાલે આવ્યું. ને દેશ-વિભાગ કર્યા. તેમાં કલકત્તાથી દ્વારિકા પર્યંત બે દેશ કર્યા. તેમાં દક્ષિણદેશ ઈચ્છારામ મહારાજના પુત્ર રઘુવીરજી મહારાજને આપ્યો. ને તેને સામો (ઉતર) દેશ તે રામપ્રતાપભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજીને આપ્યો. એવી રીતે સાધુ-સત્સંગીના વિભાગ કર્યા. પણ રામપ્રતાપજી મહારાજને ગઢડામાં ભાગ લેવાની બહુ જ તાણ ને શ્રીજીમહારાજને ભાગ ન દેવો. તેવા સમામાં આંબલીવાળા વંડામાં રામપ્રતાપજી માંદા થયા. તે શ્રીજીમહારાજ જોવા પધાર્યા. ત્યારે રામપ્રતાપજી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ ઝાલીને કહે, 'ભગવાન હોકર ક્યું દુઃખ દેતે હો મહારાજ ?' પછી મહારાજ કહે, 'મૂકી દ્યો, સારા થઈ જશે.' પછી રામપ્રતાપજી સાજા થયા. ને તે મંદવાડ શ્રીજીમહારાજ ગ્રહણ કરીને ચાલી નીસર્યા. તે બજારે આવતાં પાર્ષદને કહે, 'મારે દિશાએ જાવું છે.'

પછી શ્રીજીમહારાજે એમ ધાર્યું જે, 'કરવાનું હતું તે કર્યું; તે શું ? તો (એકાંતિક) ધર્મનું સ્થાપન કર્યું, અધર્મનું ઉત્થાપન કર્યું ને સંતદાસજીના બોલ સત્ય કર્યા.' ને પોતાને ક્લેશ ન ગમે તે સારુ પોતે પોતાના ધામમાં પધાર્યા. ત્યાર પછી રામપ્રતાપજી મહારાજ તેર વર્ષ રહ્યા. ને જો તે મંદવાડમાં પોતે દેહ મૂક્યો હોત તો શ્રીજીમહારાજ તેર વર્ષ રહેવાના હતા. તે આ વાત રઘુવીરજી મહારાજની કરેલી છે.

॥ મહારાજની લીલા ॥૯૯॥

૧૦૦. શ્રીજીમહારાજે લીમડીમાં કરેલી લીલા

એક સમયને વિશે શ્રીજીમહારાજ **ગઢડેથી** **અમદાવાદ** ચાલ્યા, તે લીમડીએ ગયા ને પાટીદારને ત્યાં ઊતર્યા. તે ત્યાં પૂજ્ય રહેતો તે એના શ્રાવકો આગે બોલ્યો કે, 'આ સ્વામિનારાયણ આવ્યા છે તે આપણા અપાસરામાં આવે તો લાવો મારે પ્રશ્ન પૂછવો છે.' તેથી તેના મોટા-મોટા શ્રાવકો શ્રીજીમહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, 'દયા કરીને અમારા અપાસરામાં પૂજ્ય પાસે પધારો.' ત્યારે મહારાજ કહે, 'ચાલો

આવીએ.' એમ કહીને ચાલ્યા તે પૂજ્ય પાસે જઈને બેઠા. ત્યારે પૂજ્ય કહે, 'તમે ભગવાન છો ?' ત્યારે કે, **'અમે સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છીએ.'** ત્યારે કહે, 'તમે ભક્ત ન થયા ને ભગવાન શાથી થયા ?' ત્યારે મહારાજ કહે, 'અમે આ લોકમાં તપાસ કર્યો તે કોઈની ગાદી ખાલી ન ભાળી ને ભગવાનની ગાદી ખાલી ભાળી તેથી અમે ભગવાન થયા.'

એમ મહારાજ આડું બોલીને કહે, 'ભગવાન હોય તે શું કરે ?' ત્યારે પૂજ્ય કહે, 'એ તો અંતઃકરણનું જાણે.' ત્યારે મહારાજ કહે, 'અમે કહેશું તો તમે અમને કામણ-ટુમણિયા જાણશો, પણ પાધરું નહિ પડે; ને તમારી મરજી હોય તો આ અમારા હરિભક્તોમાંથી જેને કહો તે કહેશે.' ત્યારે પૂજ્ય કહે, 'હરિભક્તો બોલો.'

ત્યારે એક હરિભક્ત કહે, 'આજની રાત્રીના બાર વાગે તું શેઠ લીલાધરને ઘરે ગયો ને ત્યાં કાળું કામ કર્યું.' ત્યારે તે બાઈનો ભાઈ ત્યાં બેઠા હતા તે પૂજ્યને મારવા લાગ્યો. ત્યારે મહારાજ કહે, 'હાં હાં હાં..! સાધુને મારો મા.' ત્યારે તે મારતો મારતો કહે, 'આ તો પાડો છે, સાધુ ક્યાં છે ?' પછી મહારાજ ત્યાંથી ચાલ્યા કેડે મારતાં રહી ગયા ને પૂજ્ય કહે, 'ભગવાન તો નહિ પણ મોટા તો ખરા !' એવી રીતે મહારાજે મોટાપણાની હા પડાવી ને ત્યાંથી અમદાવાદ પધાર્યા. ॥ મહારાજની લીલા ॥૧૦૦॥

૧૦૧. છાપરીના જાનબાઈનું આખ્યાન

પ્રથમના સત્યુગમાં દૈત્યના ગોર શુક્રાચાર્યને 'દેવયાની' નામે પુત્રી હતી. તે જ્યારે દશ વર્ષની થઈ ત્યારે તેના પિતાએ કહ્યું જે, 'તારી ઇચ્છા હોય તો તુંને દેવ, મોટા ઋષિ કે રાજાને પરણાવું; ને તારે સ્વયંવરની ઇચ્છા હોય તો તેમ કરું, પણ વગર પરણે રહેવું તે યોગ્ય નથી.' ત્યારે કહે, 'મારે તો બ્રહ્મચર્ય રાખવું છે.' એમ કહીને શુક્રાચાર્યનું ન માન્યું. ને તેની સામર્થી કેવી કે, દેવ ને દૈત્યની વિદ્યા

શીખી હતી, ને શાસ્ત્ર તથા કાવ્ય તે નવાં કરે એવી હતી, ને ગુણે કરીને પોતાના પિતા થકી અધિક હતી. તેથી તેના પિતા બહુ રાજી હતા. એમ કરતાં એક હજાર ને આઠ વર્ષ થયાં.

પછી દેવતાના ગોર બૃહસ્પતિનો દીકરો 'કચ' એવા નામે હતો. તે દેવની ચૌદ વિદ્યા ને કળા તે શીખ્યો. ને પછી દૈત્યની વિદ્યા તથા કળા તે શીખવા માટે દૈત્યના ગોર શુક્રાચાર્ય પાસે સ્વર્ગમાંથી પાતાળમાં આવ્યો. ત્યારે શુક્રાચાર્યે ભણાવવાની ના કહી. પણ તેણે છ માસ સુધી જેમ કહ્યું તેમ ઘરનું કામ કર્યું, તેથી શુક્રાચાર્ય રાજી થયા ને લોભને વશ થયા તેથી ભણાવવાની હા કહીને ભણાવવા સારુ જગ્યા આપી તેમાં ભણતો હતો. ત્યાં દેવયાનીને નિત્યે બેસવા-ઊઠવાથી કચ સાથે વરવાની ઇચ્છા થઈ.

ત્યારે કચે કહ્યું, 'તું તો મારા વિદ્યાગુરુની દીકરી તેથી મારી બોન થઈ, તે તારે એવી ઇચ્છા ન રાખવી; તેનું તો બેયને મોટું પાપ લાગે.' એવું સાંભળીને દેવયાનીએ શ્રાપ દીધો કે, 'તારી વિદ્યા દેવ-દૈત્યની શીખ્યો છે તે ભૂલી જા.' ત્યારે કચ કહે, 'તારો પતિ બ્રાહ્મણ કોઈ ન થાવ.' આવી રીતે બેયને પરસ્પર શ્રાપ થયા. ને પોતે બ્રહ્મનિષ્ઠ હતી પણ (કચના આ) પ્રસંગથી તેના વ્રતનો ભંગ થયો. તેણે એક હજાર આઠ વર્ષ બ્રહ્મચર્ય પાળ્યું હતું. પછી યયાતી રાજાને વરી.

ને હવે બ્રહ્મચર્ય જે પાળ્યું હતું તેનું ફળ જે **વાળાંક** દેશમાં **છાપરી** ગામમાં કાઠી **રાવત ચૈતરો** ને તેમની સ્ત્રી **કામળબાઈ** તેમની દીકરી **જાનબાઈ** થઈ. તે દેવયાનીનો અવતાર હતી. એ શ્રીજીમહારાજને દર્શને જ્યારે કામળબાઈ ગઢડામાં આવ્યાં હતાં ત્યારે તેની સાથે જાનબાઈ આવ્યાં હતાં. તેમને મહારાજનાં દર્શન લીમડા તળે થયાં કે તરત પોતાને પૂર્વજન્માંતરની સ્મૃતિ થઈ. પછી દર્શન કરીને ઘરે જઈને જાનબાઈએ નિશ્ચય કર્યો જે, 'પરણવું જ નથી ને મહારાજના ભજનનો જ અતિ આગ્રહ રાખવો.' તેથી પોતાને ત્યાં એક નોખી ઓરડી રાખીને સાંખ્યયોગ વ્રતમાન

પાળવા મંડ્યાં, ને તે ઓરડીમાં વળી સાથે દોરડે કરીને મોવાળા બાંધીને પગની પલાંઠી વાળીને તે પર ઘંટીનાં પડ મૂકીને રાત-દિવસ ધ્યાન કર્યાં કરે.

એમ કેટલાક માસ વીત્યા પછી તેની માતા બીજે સમૈયે ચાલ્યાં ત્યારે જાનબાઈને કહે, 'તમારે દર્શને આવવું છે ?' ત્યારે કહે કે, 'મહારાજને ગરજ હશે તો આંહીં દર્શન દેશે ને હું તો નહિ આવું.' ત્યારે કામળબાઈ એકલાં ગઢડા દર્શને આવ્યાં. ત્યારે મહારાજ કહે, 'જાનબાઈ કેમ ન આવ્યાં ?' ત્યારે કહે, "એમણે તો એમ કહ્યું છે જે, 'મહારાજને ગરજ હશે તો આંહીં દર્શન દેશે.' એમ કહ્યું છે." ત્યારે મહારાજ કહે કે, 'સારું.'

પછી કામળબાઈ દર્શન કરી ઘરે ગયાં. એવા સમામાં બ્રહ્માનંદ સ્વામીનું મંડળ છાપરીએ આવ્યું. ને સ્વામીને ઉતારો તે બાઈની ઓરડીની હારે એક બીજી ઓરડી હતી તેમાં આપ્યો. ને રાતના બાર વાગ્યા સુધી સ્વામીએ રાવત ચૈતરાને ને તેના દીકરા જૂઠા ચૈતરાને વાતો કરી. પછી માળા ફેરવવા બેઠા, ત્યાં જાનબાઈની ઓરડીમાં એક ડોસી પેસતાં ભાળી. ત્યારે સ્વામીને સંશય થયો જે, 'આ બાઈ સાંખ્યયોગ પાળે છે પણ તેમની પાસે કોઈ ડોસી ગઈ, તે પુરુષ હશે તો સત્સંગની લાજ જાશે.' એમ સંશય થયો.

પછી બીજે દી સ્વામી જૂઠા ચૈતરાને કહે, 'તમારે આજ મારી પાસે રાતના બાર વાગ્યા સુધી બેસવું.' ત્યારે કહે, 'શું સ્વામી કામ છે ?' ત્યારે કહે, 'આ ઓરડીમાં કોઈ ડોસી જાનબાઈ પાસે પેસતાં ભાળી છે.' ત્યારે તે આવીને બેઠા ત્યાં બાઈ પેસતાં ભાળી. તેથી તરત મા પાસે જઈ, દીવો કરી જાનબાઈની ઓરડીએ બેય મા-દીકરો આવ્યાં. કહે, 'કમાડ ઝટ ઉઘાડો.' ત્યારે કમાડ ઉઘાડ્યું. ત્યારે જૂઠો ચૈતરો કહે, 'આંહીં કોણ આવ્યું હતું ?' ત્યારે કહે કે, 'આંહીં તો કોઈ નથી, હોય તો જોઈ લ્યો.' ત્યારે કાંઈ ન ભાળ્યું તેથી (જૂઠો ચૈતરો કહે,) 'માનો નીકર આ તરવાર મારે પેટ નાંખી આંહીં મરીશ.'

ત્યારે જાનબાઈ કહે, 'આ ગામના લક્ષ્મીચંદનાં ઘરનું મરીને

ચુડેલ થઈ છે. તે મારી પાસે વાતુ સાંભળવા આવે છે.' ત્યારે કહે, 'અમે કેમ જાણીએ ?' ત્યારે ચુડેલ બોલી કે, 'મેં રજસ્વલાનો ધર્મ નહોતો પાળ્યો તેથી મને ભૂતનો દેહ આવ્યો છે, પણ હવે આ જાનબાનો સમાગમ કરીને તેની સાથે મુને અક્ષરધામમાં લઈ જાશે એવો વદાડ છે, ને વાતો કરે છે તે સારી લાગે છે તેથી આંહીં બેસવા આવું છું.' (આ વાત જાણી) ત્યારે સ્વામીને, જૂઠા ચૈતરાને તથા તેની માતાને સંશય મટ્યો.

પછી બ્રહ્માનંદસ્વામીનું મંડળ ગઢડે આવ્યું. શ્રીજીમહારાજને એ સર્વે વાત કરી. પછી જ્યારે દાદા ખાચરને ભટવદર પરણાવવા ગયા ત્યારે દિવ્ય દેહે ભગાભક્તને સાથે લઈને શ્રીજીમહારાજ છાપરીએ રાતે ગયા. ને કામળબાઈને ઘોડી આપી. તે બાંધીને તાપ કરી આપ્યો. એટલે મહારાજ તાપવા મંડ્યા. ને કામળબાઈ ત્યાં આવી, પગે લાગી, સ્તુતિ કરીને બેઠાં. ત્યારે મહારાજ કહે, 'જાનબાઈ હવે આંહીં આવશે કે ત્યાં ઓરડીએ જઈએ ?' ત્યારે કામળબાઈ પગે લાગીને ઊઠ્યાં ને જાનબાઈને કહે, 'મહારાજ અહીં પધાર્યા છે.'

ત્યારે તે અતિ આનંદથી દર્શન કરીને મહારાજનાં ચરણારવિંદ ઝાલીને કહે, 'એકુકો યુગ અઠ્ઠાવીશ અઠ્ઠાવીશ વાર આવી ગયો. ને હવે મારો છૂટકો કે દી કરશો ?' ત્યારે મહારાજ કહે, 'મહિના પછી તેડવા આવશું.' ત્યારે કહે, 'આ મહિનો જાય છે તે પૂરો થયે કે આજથી મહિનો ?' ત્યારે મહારાજ કહે, 'આજથી મહિનો પૂરો થયે તેડવા આવશું.' ત્યારે જાનબાઈ કહે, 'અમે ત્રણ જણ છીએ.' ત્યારે મહારાજ કહે, 'કોણ કોણ ?' ત્યારે કહે, 'એક હું, બીજી મારી માસીની દીકરી બોન ને ત્રીજી વાણિયણ; તે અમારે ત્રણેયને હારે ધામમાં જાવાના વદાડ છે. માટે મારી સાથે એમનું કલ્યાણ કરવું જોશે.'

ત્યારે મહારાજ કહે, 'ભુતાવળી રાખો છો ?' ત્યારે કહે, 'હા મહારાજ !' ત્યારે મહારાજ કહે, 'સારું, ત્રણેયનું કલ્યાણ કરશું.' પછી અદશ્ય થઈ ગયા. ને જ્યારે મહિનો પૂરો થયો ત્યારે ત્રણેયને

મહારાજ અક્ષરધામમાં તેડી ગયા.

તે આ વાત શ્રીજીમહારાજે પ્રથમ પ્રકરણના અઢારમા વચનામૃતમાં કહી છે કે, **'કાંઈક કસર રહી તો હેરાન થાશો. ને જે ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે મળશે.'** એમ કહ્યું છે. તે જણાવવા સારુ જાનબાઈને પૂર્વની સ્મૃતિ કરાવી હતી.

॥ મહારાજની લીલા ॥૧૦૧॥

૧૦૨. મહારાજ ગુલતાનના ગાદીપતિ થયા

એક સમયને વિશે શ્રીજીમહારાજ ગુજરાતમાં ફેરી સમયમાં મૂળજી બ્રહ્મચારી, સોમલો ખાચર, ભગુજી, ડુંગરજી, નાજો જોગિયો, ભોજો ચારણ, ઉકો ખાચર એ આદિક ચાલ્યા; તે ધોળકે ગયા. ને ત્યાંથી ગુજરાતમાં ગયા ને ત્યાં ચોમાસા સુધી સારી રીતે રહ્યા. ને અષાઢ માસમાં વરસાદ થયા પછી ગઢડા તરફ ચાલ્યા, તે વચ્ચે એક ગામ આવ્યું ત્યાં રાત રહ્યા. ને સવારે ચાલવાને તૈયાર થયા ત્યારે હરિભક્તોએ અતિ તાણ કરી ને વિનંતીપૂર્વક કહે કે, 'વરસાદ થયો છે ને ભાલમાં ગારો બહુ થયો છે, તે માટે અહીં રહો.' તોય ન રહ્યા.

ને ત્યાંથી ચાલ્યા તે વાટમાં જાતાં રસ્તામાં ક્યારા ભરાણા હતા, તેથી મારગ ન સૂજ્યો, તેથી ઘોડી ખૂંતી ને પડી ગઈ. ને મહારાજ ઘોડીએથી ઊતરી છેટે ઊભા રહ્યા. ને કહે, 'અમારી મોજડી પડી ગઈ ને ઘોડીનું સાજ પલળી ગયું.' ને મોજડી ગોતતાં પાર્ષદ અકળાયા. ત્યારે ઉકો ખાચર કહે, 'ભણે ઉકો કીમો ને કીમી કેરી ? આવું જાણ્યું હોત તો અહાં આવત જ નહીં.' ત્યારે મહારાજ કહે, 'આપણે હરિભક્તનું કહ્યું ન માન્યું તેથી આપણને દુઃખ થયું.' પછી ઉકા ખાચરને ને નાજા જોગિયાને મહારાજે આજ્ઞા કરી ને ખર્ચી આપીને કહ્યું જે, 'સારે રસ્તેથી ઘોડી લઈ જાઓ ને અમે (ને) બીજા સર્વે પાધરે રસ્તેથી આવશું.'

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે રસ્તામાં સાંજ પડી ત્યાં કોઈક ગામ આવ્યું. ત્યારે મહારાજ સર્વે પાર્ષદને કહે, 'રાત ક્યાં રહેશું ?' ત્યારે સર્વે કહે, 'તમારી મરજી મહારાજ.' ત્યારે કહે, 'તમે કોઈ ન બોલો, ને હું એકલો જ બોલું; એમ રાખો તો આ બાવાની જાયગા આ ગામમાં છે તે ત્યાં ઊતરીએ.' ત્યારે સર્વે રાજી થયા ને કહે, 'અમારે તમે ભેગા છો, તે તમે કરો તે ખરું.'

પછી ચાલીને બાવાને ડેલે આવ્યા. ત્યારે ડેલો દીધો હતો. તે મહારાજ કહે, 'ઓ બાવાજી ! કમાડ ખોલો.' ત્યારે બાવો કહે, 'કુન હૈ ?' ત્યારે મહારાજ કહે, 'ગુલતાનકી ગાદીવાલે હૈ.' ત્યારે બાવે આવીને કમાડ ઉઘાડ્યું. ને મહારાજે સહિત સર્વે માલીપા આવ્યા.

તે વખતે સામી ડોસી ઊભી હતી. તેને ભાળીને મહારાજ બોલ્યા જે, 'ઓ બાવાજી ! આ **લુગાઈકું**[૧] દૂર રખો.' ત્યારે બાવો કહે, 'ઉંકું કહેતે હૈ.' ત્યારે મહારાજ કહે, 'ઓ ગુલતાનકી ગાદીકે મહંત નાહિ અડતે હૈ.' ત્યારે બાવે ડોસીને છેટે કાઢી. પછી મહારાજે ઓટા ઉપર ઉતારો કર્યો. ને ભગુજીએ કામળી નાખીને આસન પાથર્યું. તે પર મહારાજ બેઠા, તે પગ હેઠા રાખીને બેઠા. ને પછી ભગુજીએ પાણી રેડ્યું ને ડુંગરજીએ ચરણારવિંદ ધોયાં. પછી મહારાજ આસન પર સિદ્ધ આસને બેઠા.

ત્યારે બાવો કહે, 'ઓ ગુલતાનકી ગાદીકું આમાં કુન મહંત હૈ ?' ત્યારે મહારાજ કહે, 'ઠાકોરજી હૈ.' ત્યારે બાવો કહે, 'આપ હો ?' ત્યારે મહારાજ કહે, 'હા.' ત્યારે બાવો બહુ રાજી થયો ને કહે, 'ઓ મેરાં બડાં ભાગ્ય હોય ગયાં. ઓ મેરાં પૂર્વકાં પુન્ય ઉદે હો ગયાં.' એમ કહીને ગામમાં ગયો. ને ગરાસિયાને ત્યાંથી ઢોલિયો ને **તળાઈ**[૨] લાવ્યો. ને પોતાની ઓસરીમાં બિછાવ્યો. તે પર મહારાજ બિરાજમાન થયા. ને બાવો કહે, 'ઓ મહારાજ ! હમેરી કરેલી રસોઈ જમશો કે તમારે હાથે

૧.સ્ત્રીને ૨.સારું ને જાડું ગાદલું

કરશો ?' ત્યારે મહારાજ કહે કે, 'એસા ક્યું બોલતે હૈ ? ઓ ગુલતાનકી ગાદીવાલે તો આત્મનિવેદી હૈ, તુમ નહિ જાનતે હૈ ? હમ તો આ બ્રહ્મચારીકે હાથે જમતે હૈ.' ત્યાર પછી (તે બાવો) દૂધપાકની **રસોઈ**[1] લાવ્યો. તે બ્રહ્મચારીએ (રસોઈ) કરી ને સર્વે જમ્યા.

પછી પાર્ષદ મહારાજની પગચંપી કરવા બેઠા. ત્યાં તો રાતના દસ બજવા વખત થઈ. ત્યારે બાવો આવી સ્તુતિ કરીને બેઠો. પછી પાર્ષદને મહારાજ કહે, 'હવે સર્વે સૂઈ જાવ.' ને બાવો કહે, 'ઓ મહારાજ ! હું પગ ચંપું ?' ત્યારે (મહારાજ) કહે, 'ચાંપો.' પછી પગ ચાંપતો ચાંપતો કહે, 'ઓ ગુલતાનકી ગાદીકું **માનત**[2] તો બોત સાહેબીવાલે હૈ. ઓ હાથી, ઊંટ, ટટ્ટું, છત્તર, ચમર તુમ ક્યો ન લાયે મહારાજ ?' ત્યારે મહારાજ કહે, 'સબી લાયે હૈ, લેકિન આ બરસાત બહોત હૈ તો સબી વડોદરા શહેરમેં ધર દીયાં; ને હમ તો દુવારિકાકી જાત્રા કરનેકું જાતે હૈ.' ત્યારે બાવો કહે, 'સારું મહારાજ ! તુમેરે કુછ કમી નાહીં પણ હમેરે ત્યાં છ માસ રહો.' ત્યારે મહારાજ કહે, 'હમે તો દ્વારિકા જાવા ઉતાવલ હૈ.' ત્યારે કહે, 'તીન માસ રહો.' ત્યારે કહે, 'વલનેકું રહેને હૈ.' ત્યારે કહે, 'સારું મહારાજ.'

એમ કહીને કહે, 'ઓ મહારાજ ! પશ્ચિમ દેશમેં એક **ઉટાટ**[3] ચલે હૈ.' ત્યારે મહારાજ કહે, 'શા ?' ત્યારે કહે, 'એક જીવનમુક્તાકું પંથ ચલે હૈ. તો ઈનકું સબ ભેખકી રોટી તોડ નાખી હૈ.' ત્યારે (મહારાજ) કહે, 'એસા બડે કુપંથ ચલે હે તો ઈસકી બાત હે. હમ જાતે હે તો તબ ઈસકા પંથ ભાંગ નાખું.' ત્યારે કહે, 'હા મહારાજ, તુમ તાડો તો તાડો.'

ત્યારે મહારાજ કહે, 'ઓ જીવનમુક્તા કુન હે ?' ત્યારે કહે, 'એક જીવન મોચી હે ને ઈનકી લુગાઈકું નામ મુક્તા, ઈનકું એક લડકા હો ગયા. ત્યાં એક **જતી**[4] આયા તો ઉનકે ત્યાં બોત માંદા હોઈ ગયા.

૧.રસોઈનો સામાન ૨.મહંત ૩.ગતકડું ૪.સાધુ-સંન્યાસી

તો ચાકરી બોત કરી. તો તબ સાજા હોઈ ગયા તો ઈસકે લડકાકો ઈન્દ્રજાલકા ગોટકા પઢાઈ દિયા. તે લડકા બહુત હુશિયાર હોય ગયે તો ઈનકે પંથ ચલાયે હે.'

ત્યારે મહારાજ કહે, 'ઈસકું પંથ હમ તોડનેકું જાતે હે. ને અબ સો જાવ, બોત રાત ગઈ હે.' ત્યારે તે બાવો ગયો ને મહારાજ પોઢી ચાર બજે જાગી સૌને જગાડ્યા ને કહે, 'સવાર પડી ગયું છે ને બાવો આવીને ઓળખશે તો મારશે.'

પછી ઝટ તૈયાર થઈને સૌ ચાલ્યા, તે ગામને પાદર નદી ઊતરીને સામે કાંઠે ગયા. ને બાવો ઢોલિયો મેલવા ગયો હતો, તે મેલીને ચોકમાં આવ્યો. ત્યાં એક સુતાર પાદર ગયો હતો તે ભેળો થયો ને તે કહે, 'ઓ બાવાજી, કહાં ગયા હતા ?' ત્યારે કહે, 'હમે ત્યાં ગુલતાનકી ગાદીકું મહંત આયા થા, તે ઢોલિયો લાવ્યો'તો તે સોંપનેકું ગયો'તો.' ત્યારે સુતાર કહે, 'કેટલા હતા ?' ત્યારે કહે, 'છ જણ હતા.' ત્યારે (સુતાર) કહે , 'એ તો જીવનમુક્ત હતા.' 'કૈસે જાન્યો ?' ત્યારે સુતાર કહે, 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહેતા જતા (હતા.)' ત્યારે બાવો કહે, 'ઓ કાલે મોંઢેવાલે ! સારી રાત છાતી ખુંદ ખાઈ !'

એમ કહીને પોતાની જાયગામાં આવ્યો. ને પોતાના સેવક જે ખરાબદાસ, જમદાસિયો, કંગાલદાસ, કલંકદાસ તથા ઈન્દ્રિદાસ તથા જમદ્વારદાસ – એ આદિક સર્વે પોતાના સેવક ધોકા લઈને વાંસે ચાલ્યા, તે ખેતર એક સિમાડો છેટે રહ્યો ત્યાં સુધી વાંસે આવ્યા.

ત્યારે મહારાજ કહે, 'મેં વાર્યા હતા જે, કોઈ સ્વામિનારાયણ કહેશો નહિ, પણ તમે રહી ન શક્યા. હવે કેમ કરીશું ?' ત્યારે ભગુજી કહે, 'મહારાજ તમે સર્વે ચાલો ને હું બંધૂક લઈને ઊભો છું.' ત્યારે સર્વે ચાલ્યા ને ભગુજી ઊભા રહ્યા. ત્યાં બાવા ઢૂંકડા આવ્યા. ત્યારે ભગુજી કહે, 'એટલે રહેજો, નહિ તો ગોળીએ દઈશ.' ત્યારે બાવા

ઊભા રહીને પાછા ગયા ને ભગુજી મહારાજ ભેગા થયા. એવી રીતે મહારાજે લીલા કરી. ॥ મહારાજની લીલા ॥૧૦૨॥

૧૦૩. હળવદ તથા ધ્રાંગધ્રામાં કરેલી લીલા

એક સમે મહારાજ હળવદ પધાર્યા. ત્યાં બ્રાહ્મણ નાતા'તા. તેને જોઈને ગેહેરે સ્વરે વેદસ્તુતિ બોલતાં બોલતાં (મહારાજ) ચાલ્યા આવે. તેને સાંભળીને સર્વને એમ થયું જે, 'આ તે ઘણા બોલતા હોય ને શું ?!' એમ સાંભળીને પગે લાગવા ઊઠ્યા. ને સર્વને (મહારાજ) બહુ મોટા જણાયા. તેમાં કોઈકને શુક જેવા ને કોઈકને સનકાદિક જેવા જણાયા. પછી તે બ્રાહ્મણ મહારાજને કહે કે, 'આ શિવજીની જાયગા છે તથા ધર્મશાળા છે, ત્યાં ઊતરો.' ત્યારે મહારાજ કહે, 'અમે તો નારણજી બ્રાહ્મણને ઘેર ઊતરશું. કેમ કે તેણે ભગવાન સારુ અઢાર ઉપવાસ કર્યા છે. તે સારુ તેને ઘેર પધાર્યા છીએ.'

એમ કહીને નારણજીને ત્યાં પધાર્યા. પછી તેમણે પાટ ઉપર ચકમો પાથરી તે ઉપર મહારાજને પધરાવ્યા. પછી કહ્યું જે, 'આજ એકાદશી છે તે ફરાળ કરો.' ત્યારે મહારાજ કહે, 'તમે કરો તો અમે કરીએ.' ત્યારે નારણજીએ હા કહી, તેથી મહારાજે હા કહી. તેથી ફરાળમાં દૂધપેંડા ચાર લાવ્યા. તેમાંથી એક નારણજીને દીધો ને એક તેની માતાને આપ્યો, ને એક બીજાને આપ્યો ને એક મહારાજે રાખ્યો. પછી વાતુ બહુ ઝાઝી વાર સુધી કરી. ને પછી કહ્યું કે, 'કળિમાં આત્મઘાત ન કરવો તથા તેમ કળિમાં દેહ પણ ન ગળે.' એવી રીતે ઘણિક વાતુ કરી.

તે સાંભળીને બ્રાહ્મણ ઘણાક બેસવા આવ્યા હતા. તેમને મહારાજે વાતુ બહુ કરી, તેને સાંભળીને તે ઘણાક રાજી થયા.ને ઘણિક રાત ગયા પછી સર્વે ઘેર ગયા. પછી નારણજીને સમાધિ કરાવીને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવીને પછી પોઢ્યા. તે રાતના પાંચ વાગે જાગ્યા ને બે જણ નાવા ચાલ્યા. ને નારણજીની માતા નાહીને રસોઈ કરવા લાગ્યાં. ને મહારાજને નારણજી નાવા આઘા ગયા, ને મહારાજ ધ્રાંગધ્રાને માર્ગે

ચાલ્યા. તે (પાછા) વાળવા સારુ ઘણો દાખડો કર્યો, પણ વળ્યા નહિ ને હાથમાં પથરા લઈ કહ્યું જે, 'નહિ વળીએ.'

પછી કોક બ્રાહ્મણનું ગાડું જાતું'તું તેને નારણજીએ ભલામણ કરીને કહ્યું જે, 'આ બ્રહ્મચારીજીએ પારણાં નથી કર્યાં; તે તમે કાંઈક જમવાનું હોય તો તે આપજો.' ત્યારે પલાળેલ બાજરો હતો તે આપ્યો ને ગાડે બેસાર્યા, ને નારણજી ઘરે આવ્યા. ને મહારાજ **ધ્રાંગધ્રે** પધાર્યા, ને ત્યાં એક વાણિયાને ઘરે ગયા. તે શેઠે બાજરાનો રોટલો ને બાજરાનું ધાન જમાડ્યું; તે જમ્યા. તે પછી શેઠે કહ્યું જે, 'આ ગામમાં ભારત વંચાય છે, તે સાંભળવા જાશું ?' ત્યારે મહારાજ કહે, 'ચાલો.' પછી ત્યાં ગયા. ત્યાં જઈને બેઠા.

ત્યારે મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, 'નિર્બીજ સાંખ્ય તે શું ? ને નિર્બીજ યોગ તે શું ? તથા સબીજ સાંખ્ય તે કહો ને સબીજ યોગ તે કહો.' ત્યારે પુરાણીથી ઉત્તર ન થયો ને કહે, 'આવું અટપટું પૂછવાનું તારે શું કામ છે ?' એમ કહીને ખીજ્યો ને બહુ અકળાયો ને કથા કરતો ઊઠી ગયો.

પછી મહારાજ ચાલી નીકળ્યા ને મેથાણને માર્ગે ચાલ્યા. ને તે ગામમાં **લક્ષવાળાં**[૧] **ભક્ત**[૨] હતાં. તેમણે મહારાજને આવતા દેખ્યા, તેથી રસોઈ કરીને અસવાર સાથે જમવાનું મોકલ્યું. તે મહારાજ જમ્યા ને પછી ત્યાંથી ગઢડે આવ્યા. ॥ મહારાજની લીલા ॥૧૦૩॥

૧૦૪. શિયાળ ગામના શેઠે પરાણે જમાડ્યા પછી તેનું આખ્યાન કહ્યું

શ્રીજીમહારાજ શ્રીગઢડેથી સંત-હરિભક્ત સહિત શ્રીઅમદાવાદ સમૈયો કરવા માટે ચાલ્યા. તે બોટાદ રાત રહ્યા ને પછી બીજી રાત લિંબડીએ રહ્યા. ત્યાંથી શિયાળ ગામ પધાર્યા ને ત્યાં વણિક પ્રેમીભક્ત તે સામા આવ્યા. ને ગાજતે વાજતે બહુ જ હેતે પોતાના ઘેર પધરાવ્યા.

૧.સમાધિવાળાં ૨.જીજીબા

પછી ઢોલિયા ઉપર ગાદલું પાથરી તે ઉપર મહારાજને પધરાવ્યા.

પછી હાથ જોડી બહુ વિનંતી કરીને કહેવા લાગ્યા કે, 'મહારાજ, રસોઈ કરવાની આજ્ઞા આપો.' પછી મહારાજ કહે, 'બહુ સારું.' એમ કહીને સાધુ-બ્રહ્મચારીને આજ્ઞા કરી કે, 'શેઠ રસોઈ કરવાનું કહે છે તે કરો.' ત્યારે તે ભક્ત કહે, 'મારી પ્રાર્થના એમ છે કે સંઘ સર્વેની હા પાડો.' ત્યારે મહારાજ કહે, 'બધા સંઘની હા ન કહેવાય. એ તો સૌ-સૌનાં ભાતાં જમશે.' પછી તે હરિભક્ત કહે, 'તમારે પ્રતાપે મારે વહેવારે બહુ ઠીક છે; માટે કોઈ રીતે સીધાં-સામાનની ખોટ નથી, માટે હા કહો.' તોપણ મહારાજે હા ન કહી.

પછી સાધુ-બ્રહ્મચારીને સીધું બમણું આપીને રસોઈ કરાવી ને મહારાજનો થાળ તૈયાર થયો. પછી મહારાજ થાળ જમ્યા ને જળપાન કર્યું ને મુખવાસ જમ્યા. પછી સાધુ-બ્રહ્મચારી સર્વે જમ્યા ને બેય **ચોકે**[૧] સામાન વધ્યો. પછી સાધુ-બ્રહ્મચારીએ કહ્યું કે, 'મહારાજ, રસોઈ રાંધેલી બેય ચોકે વધી છે.' ત્યારે મહારાજ કહે, 'હરિભક્તોએ એમનું ધાર્યું કર્યું, માટે હવે તો સર્વે સંઘને જમાડો.' ત્યારે સર્વે હરિભક્ત જમ્યા. ને સભા થઈ ત્યારે મહારાજે વાર્તા કરી કે, 'પૂર્વે કાશીમાં તુલાધાર શેઠ જે હતા તે આ ભક્ત છે. ને પૂર્વે જાંજલિ ઋષિના તપનું ફળ નાશ થયું'તું, તે આ શેઠને વચને પાછું પ્રાપ્ત થયું'તું. માટે આપણે તેમને દર્શન દેવા આવ્યા છીએ.'

પછી મહારાજ જાંજલિ ઋષિનું આખ્યાન સભામાં કહેવા લાગ્યા કે, "આથમણી દિશે તપ કરતા'તા ને સમાધિમાં બહુ રહેતા. પછી કાનમાં સુગરીએ માળા બાંધ્યા ને માંહી ઈંડાં મેલ્યાં. પછી જાગીને જોયું ત્યાં તો **પોટાં**[૨] ભાળ્યાં તેથી દયા આવી. ત્યારે પાછા ધ્યાનમાં જતા રહ્યા. પછી કેટલાક દિવસે જાગ્યા ને જોયું તો જનાવર ઊડી ગયાં. ત્યારે પોતે ઠેકડા મારવા માંડ્યા. ત્યારે આકાશવાણી થઈ કે, 'તમારે તપની **ખખા**[૩] આવી, તેથી તમારું તપ નાશ થઈ ગયું.' પછી બળતરા

૧.રસોડે ૨.બચ્ચાં ૩.ઘમંડાઈ

થઈ ત્યારે વળી પાછી આકાશવાણીએ કહ્યું કે, 'તમે કાશીએ જાવ ને ત્યાં શેઠ તુલાધાર છે, તેના સત્સંગથી સારું થાશે.'

પછી તે ત્યાંથી ચાલ્યા તે એક ઝાડી આવી, ને પોતે થાક્યા ત્યારે ત્યાં એક છાપરી દીઠી, ત્યાં જઈને બેઠા. ત્યારે આકાશથી ભોજનની થાળી આવી ને પાણીનું ભરેલું મોરિયું આવ્યું. પછી એક પુરુષ ભાળ્યો. તેણે કહ્યું કે, 'ઋષિ, તમે જમો તેવું તે છે ને દેવ આપી ગયા છે.' પછી ઋષિ જમ્યા ને વધ્યું તે તેને આપ્યું, તે તેણે ખાધું.

પછી તેણે પોતાની વાત કરી દેખાડી કે, "હું પૂર્વ જન્મે કોળી હતો ને બહુ કુકર્મી હતો, પણ એક બ્રાહ્મણ એકાદશીની કથા વાંચતો હતો તેમાં એમ મહિમા આવ્યો કે, **એકાદશી રહે તો સર્વ પાપ બળી જાય ને દેવલોકને પામે.** ત્યારે હું એકાદશી રહ્યો. પછી બારસને દિવસે (બ્રાહ્મણને) સીધું આપ્યું, તે તેમણે લાલજીને થાળ કરીને ધર્યો પણ પાપીનું ધન તે ઠાકોરજી ન જમ્યા. તે નિત્યે જમતા પણ તે દી અવળું મુખ કરીને બેઠા. ત્યારે બ્રાહ્મણે બહુ વિનંતી કરી ત્યારે મૂર્તિએ કહ્યું કે, 'અધમનું અન્ન રાંધી ધરે છે, તે શી રીતે જમીએ ?' પછી બ્રાહ્મણ અતિ દિલગીર થયો. પછી ભગવાન જમ્યા તે પુણ્ય મુને આવ્યું.

પછી હું તે દેહ મેલીને જમપુરીમાં ગયો ને ધર્મરાજા આગળ મુને ઊભો રાખ્યો. ત્યારે ધર્મરાજા કહે, 'આ તો મહાપાપી છે. તેને તો ભૂતનો દેહ આવશે; પણ એકાદશી રહ્યો છે ને ભગવાન તેનું અન્ન જમ્યા છે, તે પુણ્યે કરીને દેવ તેને એક વખત જમવાનું આપી જાશે." એમ ભૂતે ઋષિને કહ્યું ને કહે, 'એક રાજા તમને સંભાર્યા કરે છે. તેને તમે મોક્ષનો રસ્તો બતાવો.' ત્યારે ઋષિ કહે, 'મેં ચલાય નહિ.' ત્યારે ભૂત કહે, 'હું તેડીને પહોંચાડું ?' ત્યારે હા કહી, ત્યારે ભૂતે પહોંચાડ્યા. પછી રાજાને મોક્ષનો માર્ગ બતાવ્યો તેથી બહુ સુખી થયો. પછી ઋષિએ રજા માંગી ને પાદર આવ્યા. ત્યાં ભૂત આવ્યો ને ઋષિને કાશીએ પહોંચાડ્યા.

પછી તુલાધારને ઘરે ગયા ત્યારે શેઠ રાજી થયા, ને બથમાં ઘાલીને મળ્યા ને આસને બેસાડ્યા. પછી જળ આપ્યું. ને ઋષિએ હાથ-પગ ધોયા. પછી શેઠે રસોઈનો સામાન સર્વ આપ્યો ને કહે, 'સારી રસોઈ કરીને જમો ને મારે તો આજ ભાજી જમવાની છે.' ત્યારે ઋષિ કહે, 'એમ કેમ બોલો છો ?' ત્યારે શેઠ કહે, 'મારે નીમ છે જે વીસમો ભાગ ભગવાનને અર્થે કાઢું છું, તે આજ મારે ભાગ ભાજી લઉં તેટલો ભાગ આવ્યો છે.'

પછી ઋષિના મનમાં એમ થયું જે, 'આની આગળ મારું તપ શા લેખામાં ?' તેણે કરીને નિર્માનીપણું આવ્યું. પછી રસોઈ કરીને બેય જમ્યા. ને પછી ભગવાનના મહિમાની બહુ વાતુ કરી. તેથી ઋષિને એમ થયું જે, 'શેઠને ભગવાનમાં હેત ઘણું છે.' પછી રાત ઘણી ગઈ જાણીને સૂતા ને સવારે નાવા ગયા. ત્યાં ગંગામાં નાતાં નાતાં આકાશવાણીએ કહ્યું કે, 'ઋષિ, તમારા તપનું ફળ આવ્યું." આ વાત ગામ શિયાળમાં શ્રીજીમહારાજે કરી ને સર્વેને કહે, 'આ તુલાધાર કાશીવાળા છે એમ જાણજો.' પછી મહારાજ પોઢ્યા. ને સવારે ચાલ્યા તે અમદાવાદ પધાર્યા. ને ત્યાં સમૈયો કરીને ગઢડે આવ્યા. ॥ મહારાજની લીલા ॥૧૦૪॥

ગોપાળાનંદમુનિ કૃત

મહારાજની લીલા સંપૂર્ણ.





પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની
પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પુસ્તક....

૧. **વચનામૃત** *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૨. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૩. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૪. કીર્તન દીપાવલી ભાગ-૧
૧૫. શિક્ષાપત્રી
૧૬. હરિસ્મૃતિ
૧૭. હરિરસામૃત
૧૮. નિત્યનિયમ
૧૯. શાંતિપાઠ
૨૦. સંત આખ્યાન
૨૧. ભક્ત આખ્યાન
૨૨. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૨૩. સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળવાતો
૨૪. સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૨૫. સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ગ્રંથો
૨૬. સદ્.શ્રીનિર્ગુણદાસસ્વામીની વાતો
૨૭. સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ
૨૮. સદ્.શ્રીભૂમાનંદસ્વામી કૃત શ્રીહરિલીલામૃતગ્રંથ
૨૯. સદ્.શ્રીઅક્ષરાનંદસ્વામીની વાતો
૩૦. પ.ભ.શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો
૩૧. પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ
૩૨. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૩૩. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૩૪. શ્રીપુરુષોત્તમલીલા
૩૫. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૩૬. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૩૭. સાગર સાર ભાગ : ૧ થી ૪

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्ति निर्णय *(गुजराती अनुवाद के साथ)*

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી
વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ

ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ચોવીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમદ્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www.swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે. તેમજ ઘેર બેઠા જ પોતાના પ્રદેશમાં આવતી ચેનલોના માધ્યમે પણ અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્‌ગ્રંથો તથા "સત્સંગ સેવક" નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં

વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદ્દુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.



સમર્પણ

જેમણે સર્વાત્મા શ્રીહરિને જેવા છે તેવા સર્વોપરી જાણ્યા તથા માણ્યા છે. જેમના દ્વારા પૂર્ણ પુરુષોત્તમે પોતાનો સર્વાધિક પ્રબળ પ્રતાપ વહાવ્યો છે. જેઓ શ્રીહરિની આજ્ઞા, મરજી અને અનુવૃત્તિને સંપૂર્ણપણે પાળી પુરુષોત્તમના પ્રાણપ્યારા બન્યા છે. જેમણે સર્વોત્કૃષ્ટ પરાભક્તિથી પુરુષોત્તમને અખંડ વશ કર્યા છે. જેઓ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય તથા વિરામની સર્વોત્તમ સ્થિતિએ કરીને મહારાજના સ્વરૂપમાં અખંડ નિમગ્ન જ રહે છે અને જેમના આકારે રહી સર્વોપરી શ્રીહરિએ અનંત જીવોનાં આત્યંતિક કલ્યાણ કર્યાં છે. જેઓ સ્વામિનારાયણ ભગવાનના સર્વ સંતોમાં શિરમોડ, સંતશિરોમણિ હતા. એટલું જ નહિ, પરંતુ સ્વયં શ્રીહરિએ જેમના હાથમાં બન્ને આચાર્યોનાં કાંડાં સોંપી, તેમના ઉપરી બનાવી સર્વ કોઈને તેમની આજ્ઞામાં વર્તવાની આજ્ઞા કરી હતી. એવા મારા આદિગુરુ અનાદિમુક્તરાજ સ.ગુ.શ્રીગોપાળાનંદસ્વામીના સમર્થ ચરણોમાં તેમની જ કૃતિ આ 'મહારાજની લીલા' અર્પણ કરી કૃતાર્થતા અનુભવું છું.

– દાસાનુદાસ જ્ઞાનજીવનના
અનંત પ્રણામ સહ જયશ્રી સ્વામિનારાયણ



પ્રકાશક :

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ
તથા કારેલીબાગ-વડોદરા

www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com

ISBN 978-93-83456-02-4



9 789383 456024